અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૯૧ |
| પાઉન્ડ | ૧૦૯.૫૯ |
| યુરો | ૯૩.૩૧ |
| સઉદી રિયાલ | ૨૨.૩૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૩,૯૪૦ |
| ચાંદી (૧ કિલો) | ૯૨,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૨૪ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### પટનામાં ટ્રેન સેવા, વાહનવ્યવહારને અસર, દેખાવકારો પર પોલીસનો લાઠીચાર્જ

# ભારત બંધને પગલે હિંસાના છૂટાછવાયા બનાવો સિવાય શાંતિપૂર્ણ પ્રદર્શન

## પેટા-વર્ગીકરણના સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે દલિતો, આદિવાસીઓનું વિરોધ પ્રદર્શન

## વિવિધ વિરોધ પક્ષોએ દલિત-આદિવાસી સંગઠનોના બંધને સજ્જડ સમર્થન

## કેટલાક રાજ્યોમાં પરિવહન સેવાઓને અસર, હોસ્પિટલો અને બેંકો સહિતની ઈમરજન્સી સેવાઓ નિર્ધારીત રીતે ચાલુ રહી



(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

બુધવારે દલિત અને આદિવાસી સંગઠનો દ્વારા પછાત સમુદાયો માટે પ્રતિનિધિત્વ અને રક્ષણની માંગને લઈને ભારત બંધના આહ્‌વાન દરમિયાન હિંસાની કેટલીક ઘટનાઓ સાથે મોટે ભાગે બંધ શાંતિપૂર્ણ રહ્યો હતો. ઝારખંડ મુક્તિ મોરચા (JMM), કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળે જાહેરાત કરી કે, તેઓ અનુસૂચિત જાતિ (SC) આરક્ષણ પર સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાના જવાબમાં વિવિધ સંગઠનો દ્વારા આપવામાં આવેલા ભારત બંધના એલાનને સમર્થન આપશે. ડાબેરી પક્ષોએ પણ આ હડતાળના એલાનને સમર્થન આપ્યું હતું. નેશનલ કોન્ફેડરેશન ઓફ દલિત એન્ડ આદિવાસી ઓર્ગેનાઈઝેશન્સ (NACDAOR)એ સાત જજની બેન્ચ દ્વારા તાજેતરના સુપ્રીમ કોર્ટના ચુકાદાનો વિરોધ કર્યો છે. ક્વોટા અંગે કેન્દ્રએ સ્પષ્ટતા કરી છે, વિપક્ષ આ મુદ્દે રાજકારણ કરી રહ્યો છે. પૂર્વ કેન્દ્રીય પ્રધાન અને ભાજપના અગ્રણી આદિવાસી નેતા ફગ્ગનસિંહ કુલસ્તેએ વિપક્ષ પર અનુસૂચિત જાતિમાં પેટા-વર્ગીકરણ અંગેના સુપ્રીમ કોર્ટના ચુકાદાનું રાજનીતિકરણ કરવાનો આરોપ મૂકતા કહ્યું કે, કેન્દ્રએ તેના પર પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. મધ્યપ્રદેશની મંડલા (ST) લોકસભા બેઠકના સાંસદે કહ્યું કે, ન્યાયધીશોએ તેમનો અભિપ્રાય આપ્યો છે. હું વ્યક્તિગત રીતે ૬૦-૭૦ સાંસદો સાથે આ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યો હતો. તેઓએ અમને કહ્યું કે, ક્રીમી લેયર જોગવાઈ (પેટા વર્ગીકરણ) SC અને ST પર લાગુ કરવામાં આવશે નહીં. કેન્દ્રીય કેબિનેટે એ પણ નિર્ણય લીધો છે કે, અદાલતનો અભિપ્રાય લાગુ કરવામાં આવશે નહીં.

બુધવારે સમગ્ર ભારતમાં વિરોધ જોવા મળ્યો હતો કારણ કે, ૨૧ સંગઠનોએ રાષ્ટ્રવ્યાપી ભારત બંધનું એલાન કર્યું હતું જેને ઈન્ડિયા બ્લોક પાર્ટીઓ અને બહુજન સમાજ પાર્ટી (BSP)ના વડા માયાવતીએ સમર્થન આપ્યું હતું.

ભારતના સર્વોચ્ચ અદાલતના તાજેતરના ચુકાદામાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST)ના વિવિધ સ્તરોમાં પછાતપણાના આધારે પેટા વર્ગીકરણને મંજૂરી આપવામાં આવી છે. આ ચુકાદાથી દલિત અને આદિવાસી સમુદાયોમાં તેમના બંધારણીય અધિકારોના સંભવિત ઉલ્લંઘન અંગે ભય ફેલાયો છે. આ બંધમાં વિવિધ રાજ્યોના વિવિધ જૂથો અને સંગઠનોની વ્યાપક ભાગીદારી જોવા મળી હતી, જેમાં બિહાર, ઓડિશા અને રાજસ્થાન સહિત અન્ય રાજ્યોમાં બંધની અસર જોવા મળી હતી. બિહારમાં આ ચુકાદાને પગલે શાસક ભાજપ-જેડીયુ ગઠબંધન પહેલેથી જ દબાણમાં છે અને પોલીસે વિરોધીઓ પર લાઠીચાર્જનો આશરો લેતા પરિસ્થિતિ વધુ વણસી ગઈ છે.

આરક્ષણ બચાવો સંઘર્ષ સમિતિના સભ્યોએ જહાનાબાદમાં નેશનલ હાઈવે ૮૩ને બ્લોક કર્યો હતો અને પટનામાં પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ રાજ્યના અન્ય ભાગોમાં ફેલાઈ ગયો હતો, જેનાથી સામાન્ય જીવન થંભી ગયું હતું. ઓડિશામાં ભૂવનેશ્વર રેલવે સ્ટેશન પર રેલ સેવાઓમાં વિક્ષેપ થયો હતો, જ્યાં વિરોધીઓએ લાંબા અંતરની ટ્રેનોના ટ્રેક બ્લોક કરી દીધા હતા.

ઉત્તરપ્રદેશમાં આગ્રા સહિત વિવિધ શહેરોમાં બંધ પાળવામાં આવ્યો હતો, જ્યાં BSPના જિલ્લા એકમના નેતૃત્વમાં દલિત કાર્યકરોએ સરકારી ઈમારતો પર BSPનો ધ્વજ ફરકાવ્યો હતો, જે સર્વોચ્ચ અદાલતના ચુકાદાની અવગણનાનો સંકેત આપે છે. આઝાદ સમાજ પાર્ટીના વડા ચંદ્રશેખર આઝાદ પણ બંધના સમર્થનમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા.

બસપાના વડા માયાવતીએ પણ આ આંદોલનને સમર્થન આપવાનું વચન આપ્યું હતું. આજે BSP કાર્યકરો મોટી સંખ્યામાં વિરોધમાં જોડાયા છે. એ જ રીતે જયપુરમાં મોટી સંખ્યામાં એસસી/એસટી સમુદાયો ન્યાયિક નિર્ણય સામે પ્રદર્શન કરવા રોડ પર આવી ગયા હતા.

સુપ્રીમ કોર્ટના ચુકાદા અંગે મિશ્ર પ્રતિક્રિયાઓ મળી હતી. આ ચુકાદાને કેટલાક લોકો દ્વારા અનામતના લાભોના સમાન વિતરણ તરફના પગલા તરીકે જોવામાં આવે છે, ત્યારે દલિત અને આદિવાસી નેતાઓ પોતાની ચિંતા વ્યક્ત કરી હતી. નેશનલ કોન્ફેડરેશન ઓફ દલિત એન્ડ આદિવાસી ઓર્ગેનાઈઝેશન્સ (એનએસીડીએઓઆર)એ જોરદાર વિરોધ વ્યક્ત કર્યો હતો અને એવી દલીલ કરી હતી કે, આ ચુકાદો SC/ST સમુદાયો વચ્ચેની એકતાને ખંડિત કરવા ઈચ્છે છે.

આ સંગઠને માંગ કરી છે કે, મોદી સરકારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો (ઓબીસી)ના અનામત અધિકારોની સુરક્ષા માટે નવો કાયદો ઘડવો જોઈએ અને તેમને બંધારણની નવમી અનુસૂચિમાં સામેલ કરીને ન્યાયિક ચકાસણીથી મુક્ત કરવો જોઈએ. નોંધનીય છે કે, એસસી/એસટી જૂથોની આગેવાની હેઠળના ભારત બંધને વિપક્ષી નેતાઓનો નોંધપાત્ર ટેકો મળ્યો હતો.

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે પણ આ વિરોધને સમર્થન આપ્યું અને તેમને અનામત અધિકારોના રક્ષણ માટે 'સકારાત્મક પ્રયાસ' ગણાવતા કહ્યું કે, આ ચળવળ શોષિત અને વંચિતોમાં નવી ચેતના જગાડશે અને અનામત સાથે કોઈપણ ફેરફાર સામે ઢાલ તરીકે કામ કરશે. શાંતિપૂર્ણ વિરોધ એ લોકશાહી અધિકાર છે. તેમણે કહ્યું કે, જ્યારે સત્તામાં રહેલા લોકો બંધારણને નબળો પાડવાનો પ્રયાસ કરે છે ત્યારે જનતાએ તેમના અધિકારોની રક્ષા કરવા માટે ઊભા થવું જોઈએ.

કેન્દ્રીય મંત્રી જયંતસિંહ ચૌધરીએ કહ્યું કે, સુપ્રીમ કોર્ટે તેની ટિપ્પણી કરી છે અને કાયદા મંત્રીએ સંસદમાં સરકારના વલણની સ્પષ્ટતા કરી દીધી છે. કેબિનેટે પણ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે, તેથી ચર્ચા કરવા માટે હવે કંઈ બાકી નથી.

જો કે, રાજકીય નિરીક્ષકો માને છે કે, ભારે પોલીસની હાજરી અને સરકારની ખાતરીઓ હોવા છતાં આ વિરોધે વંચિત સમુદાયોમાં અધિકારોના સંભવિત ઉલ્લંઘન અંગેની ચિંતા દર્શાવે છે. શાસક ભાજપ બેકફૂટ પર આવી ગયું છે અને વિરોધ પક્ષો આ મુદ્દે વિરોધ કરી રહ્યા છે, ત્યારે આવતા અઠવાડિયામાં વધુ રાજકીય દાવપેચ અને સંભવિત વધુ વિરોધ જોવા મળે તેવી શક્યતા છે અને પેટા વર્ગીકરણ અને અનામત અંગેની ચર્ચા વધુ તીવ્ર બનશે એવી શક્યતા છે. આ બંધની અસરને લીધે ટ્રેન સેવાઓ, માર્ગ વાહનવ્યવહાર ખોરવાયો છે અને પટનામાં પ્રદર્શનકારીઓ પર પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. આ બંધ અત્યાર સુધી શાંતિપૂર્ણ હોવા છતાં અધિકારીઓએ દિવસભર જાહેર સલામતી અને વ્યવસ્થા જાળવવા માટે સતર્ક છે. બુધવારે દલિત અને આદિવાસી જૂથો દ્વારા ભારત બંધને દેશભરમાં વિવિધ પ્રતિક્રિયાઓ મળી રહી છે. કેટલાક પ્રદેશોમાં નોંધપાત્ર વિક્ષેપો જોવા મળ્યો અને અન્ય વિસ્તારો મોટાભાગે અપ્રભાવિત રહ્યા હતા, આ બંધને વિવિધ રાજકીય અને સામાજિક સંગઠનો તરફથી મિશ્ર સમર્થન પ્રાપ્ત થયું છે. બિહારમાં બંધને કારણે કેટલાક જિલ્લાઓમાં વાહનવ્યવહાર થોડા સમય માટે ખોરવાઈ ગયો હતો. વિરોધીઓએ દરભંગા અને બક્સર રેલવે સ્ટેશનો પર ટ્રેનની અવરજવરને વિક્ષેપિત કરી હતી, ત્યારે પોલીસે વિરોધીઓ પર લાઠીચાર્જનો આશરો લીધો હતો. પટના, હાજીપુર, દરભંગા, જહાનાબાદ અને બેગુસરાય જિલ્લામાં કેટલાક સ્થળોએ કેટલાક રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત રસ્તાઓ પર ટ્રાફિકને અવરોધિત કર્યો હતો.

યુપીમાં રાજ્યના ભાગોમાં દલિત જૂથો અને રાજકીય પક્ષોએ વિરોધ માર્ચ યોજી હતી અને આ બંધને લીધે સામાન્ય જીવન પર કોઈ વધુ અસર થઈ ન હતી. રાજ્યભરમાં સુરક્ષા ચુસ્ત રહી હતી અને દુકાનો ખુલ્લી હતી અને ધંધા-રોજગાર રાબેતા મુજબ ચાલુ હતા. લખનૌ, પ્રયાગરાજ અને આગ્રામાં બસપાના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનથી વાહનવ્યવહાર ખોરવાયો હતો. દેખાવકારો આગરામાં કલેક્ટર કચેરીના ગેટ પર ચઢી ગયા હતા અને સૂત્રોચ્ચાર કર્યા હતા. ઓડિશામાં રેલ અને માર્ગ સેવાઓમાં આંશિક વિક્ષેપો જોવા મળ્યો હતો. આંદોલનકારીઓએ ભૂવનેશ્વર અને સંબલપુર ખાતે ટ્રેનો રોકી હતી. સરકારી કચેરીઓ, બેંકો અને શૈક્ષણિક સંસ્થાઓ સામાન્ય રીતે કામ કરતી હતી. રાજ્યભરમાં ખાસ કરીને સચિવાલય અને અન્ય મહત્ત્વની સરકારી ઈમારતોમાં સુરક્ષા વધારી દેવામાં આવી હતી. રાજસ્થાનમાં કેટલાક જિલ્લાઓમાં લગભગ કુલ શટડાઉન જોવા મળ્યું હતું, અન્ય વિસ્તારોમાં માત્ર આંશિક અસર જોવા મળી હતી, જેમાં આવશ્યક સેવાઓ મોટાભાગે અવિરત ચાલુ રહી હતી.

# બદલાપુરની ચોંકાવનારી ઘટના બાદ હવે અકોલાના શિક્ષકની પોર્ન વીડિયો બતાવીને ૬ છોકરીઓની છેડતી કરવા બદલ ધરપકડ

(એજન્સી) તા.૨૧

કોલકાતા દુષ્કર્મ અને હત્યા કેસમાં તેમજ બદલાપુરમાં ૨ બાળકી સાથે યૌન શોષણ થયું છે. ત્યાં વધુ એક શર્મજનક ઘટના સામે આવી છે. જેમાં આરોપી બીજું કોઈ નહિ પરંતુ શાળાનો શિક્ષક છે. અકોલામાં એક શિક્ષક પર ૬ બાળકીઓ સાથે છેડતી કરવાનો આરોપ છે. શાળાની વિદ્યાર્થિનીઓએ શિક્ષક પર ગંભીર આરોપ લગાવ્યો છે તેમજ આ મામલે શિક્ષકની ધરપકડ કરી લેવામાં આવી છે. આરોપી શિક્ષકનું નામ પ્રમોદ મનોહર સરદાર છે. જે કાજીખેડ સ્થિત શાળાનો શિક્ષક છે. આરોપી શિક્ષક પર વિદ્યાર્થિનીઓને પોર્ન ફિલ્મ તેમજ છેડતીનો આરોપ છે. પોલિસે શિક્ષક વિરૂદ્ધ તપાસ શરૂ કરી છે. પોલીસ મુજબ આરોપી શિક્ષક વિરૂદ્ધ POSCO એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ૨૦ ઓગસ્ટના રોજ પીડિત વિદ્યાર્થિનીઓનું નિવેદન લેવામાં આવ્યું હતું. અકોલાના એસપી બચ્ચન સિંહે જણાવ્યું કે, ૨૦ ઓગસ્ટના રોજ બાલ કલ્યાણ સમિતિના સભ્ય મનોજ જેસવાલની ફરિયાદ અમને મળી હતી. જેમાં કાજીખેડ જિલ્લાના એક શાળાના શિક્ષક પર ૬ વિદ્યાર્થીનીઓની છેડતીનો આરોપ છે. આ જાણકારી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પીડિતાની ફરિયાદ પર ૨૯૨/૨૪, BNSની કલમ ૭૪,૭૫ અને POCSO હેઠળ કેસ દાખલ કરી તેની ધરપકડ કરવામાં આવી છે. આ સમગ્ર કેસની આગળની તપાસ મહિલા પોલીસ કરી રહી છે. કોલકાતાની ઘટનાથી આખે આખો દેશ હચમચી ઉઠ્યો છે. ૯ ઓગસ્ટના રોજ રાત્રે ૩ વાગ્યે કોલકાતાની RG કર મેડિકલ કોલેજમાં એક જુનિયર ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી, તાલીમાર્થી ડૉક્ટર પર કથિત રેપ અને હત્યાના વિરોધમાં દેશવ્યાપી વિરોધ થઈ રહ્યો છે. દેશભરના ડોક્ટરો અને સેલિબ્રિટીઓ રેપ અને હત્યા સામે અવાજ ઉઠાવી રહ્યા છે. કોલકાતા પોલીસે આ ઘટનામાં આરોપી તરીકે સંજય રોય નામના નાગરિક સ્વયંસેવકની ધરપકડ કરવામાં આવી છે.

# બદલાપુર જાતીય સતામણીનો મામલો : ૩૦૦ FIR નોંધાઈ, ભારે વિરોધ બાદ ૪૦થી વધુની ધરપકડ

(એજન્સી) બદલાપુર, તા.૨૧

મહારાષ્ટ્રના બદલાપુરમાં સ્કૂલમાં બે બાળકીઓના જાતીય શોષણની ઘટના બાદ ખળભળાટ મચી ગયો છે. ઘટના બાદ લોકો રોષે ભરાયા હતા અને રેલવે ટ્રેક બ્લોક કરી દીધો હતો. શાળામાં તોડફોડ કરવામાં આવી હતી, ત્યારબાદ પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. ઈન્ટરનેટ બંધ કરાયુ હતું.

આ સમગ્ર મામલે વિરોધ પ્રદર્શન કરી રહેલા લગભગ ૩૦૦ લોકો વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. આ પછી પોલીસે ૪૦થી વધુ લોકોની ધરપકડ કરી છે. થાણે પોલીસનું કહેવું છે કે, ધરપકડ કરાયેલા લોકોને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. આ ઘટના અંગે સેન્ટ્રલ રેલવે જીઆરપીના ડીસીપી મનોજ પાટીલે કહ્યું કે, સ્થિતિ સામાન્ય છે. રેલવેની અવરજવર પણ સામાન્ય છે. હવે કોઈ કલમ લાગુ કરવામાં આવી નથી. ઈન્ટરનેટ સેવાઓ થોડા દિવસો માટે સ્થગિત રહેશે, જેથી અફવાઓ ન ફેલાય. પોલીસના જણાવ્યા અનુસાર ૧૩ ઓગસ્ટે શાળાના ટોઈલેટમાં સફાઈ કર્મચારીએ બે બાળકીઓનું જાતીય શોષણ કર્યું હતું. એક પીડિતાએ તેના માતા-પિતાને ૧૬ ઓગસ્ટે આ ઘટના વિશે જણાવી ત્યારે તેનો ખુલાસો થયો હતો. આરોપી અક્ષય શિંદેની ૧૭ ઓગસ્ટે ધરપકડ કરવામાં આવી હતી. જાતીય સતામણી કેસમાં આરોપી અક્ષય શિંદેને કલ્યાણ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, તે દરમિયાન મીડિયાને કોર્ટ પરિસરમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

NCP (SCP) સાંસદ સુપ્રિયા સુલેએ પાર્ટીના કાર્યકરો સાથે બદલાપુર ઘટનાને લઈને મહારાષ્ટ્ર સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઘટનાની જાણ થતાં મંગળવારે હજારો લોકો બદલાપુર રેલવે સ્ટેશન પર એકઠા થયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેના કારણે ૧૨ એક્સપ્રેસ અને મેલ ટ્રેનોના રૂટ બદલવા પડ્યા હતા. ૩૦ લોકલ ટ્રેનોને આંશિક રીતે રદ કરવી પડી હતી અને કેટલીક લાંબા અંતરની ટ્રેનોના રૂટ પણ બદલવામાં આવ્યા હતા. બદલાપુરમાં વિરોધ હિંસક બન્યો હતો અને ગુસ્સે થયેલા લોકોએ પથ્થરમારો કર્યો અને શાળામાં તોડફોડ કરી હતી. પોલીસે નવ કલાક પછી લાઠીચાર્જ કરીને ટોળાને વિખેર્યું હતું. પીડિત બાળકીઓના માતા-પિતાનો આરોપ છે કે, પોલીસે ૧૨ કલાક પછી તેમની ફરિયાદ નોંધી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું કે, સ્કૂલમાં લાગેલા સીસીટીવી કામ કરી રહ્યા નથી. આ ઘટના બાદ સ્કૂલ મેનેજમેન્ટે પ્રિન્સિપાલ, ક્લાસ ટીચર અને એક મહિલા કર્મચારીને સસ્પેન્ડ કરી દીધા છે. આરોપી અક્ષય શિંદેની નિમણૂક ૧ ઓગસ્ટના રોજ કોન્ટ્રાક્ટ પર કરવામાં આવી હતી. આ કેસની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર સરકારે આ મામલાની તપાસ માટે વરિષ્ઠ IPS અધિકારી આરતીસિંહની અધ્યક્ષતામાં SITની રચના કરવાનો આદેશ આપ્યો છે.

**ન્યુઝ GT પોઈન્ટ**

**પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની સરકાર વિરોધ પ્રદર્શન કરનાર સામે બળ વાપરી રોકવાના પ્રયત્ન કરે તો રાજ્ય સરકારને 'ક્રૂર' કહેવામાં આવે છે પરંતુ એ જ કામ પોલીસ મહારાષ્ટ્રમાં કરે તો મીડિયા 'મૌન વ્રત' રાખે !**



CELEBRATING EXCELLENCE
34 years
GT

**ક્યા બાત હૈ ?!**

સાહેબ, તેઓ પંદરેક દિવસ જીવી જાય એવું કંઈક કરોને ! હાલમાં અમે તેમની અંતિમ-વિધિ કરી શકવાની સ્થિતિમાં નથી !



- જામી

# બદલાપુર વિરોધ રાજકીય રીતે પ્રેરિત હતો; મોટાભાગના દેખાવકારો બહારથી આવેલા હતા : CM શિંદે

**ન્યુઝ GT પોઈન્ટ**

**...... અને કોલકાતામાં વિરોધ પ્રદર્શન થાય છે એ રાજકીય નથી ? શું ગુનાના વિરોધમાંય રાજકારણ આવી ગયો ?**

(એજન્સી) મુંબઈ, તા.૨૧

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ બુધવારે એવો દાવો કર્યો હતો કે, થાણે જિલ્લાના બદલાપુરમાં બે કિન્ડર ગાર્ટનમાં ભણતી છોકરીઓના કથિત જાતીય શોષણ અંગે કરવામાં આવેલો હિંસક વિરોધ રાજકીય રીતે પ્રેરિત હતો અને તેનો હેતુ રાજ્ય સરકારને બદનામ કરવાનો હતો. તેમણે એમ પણ કહ્યું કે, મોટાભાગના દેખાવકારો બહારના હતા. પત્રકારો સાથે વાત કરતા શિંદેએ વિપક્ષ પર નિશાન સાધતા કહ્યું કે, આ ઘટના પર રાજકારણ કરનારાઓને શરમ આવવી જોઈએ. બદલાપુર શહેરમાં મંગળવારે એક વિશાળ જનવિરોધ ફાટી નીકળ્યો હતો કારણ કે, ગુસ્સે થયેલા માતા-પિતા, સ્થાનિક રહેવાસીઓ અને અન્ય લોકોએ રેલવે ટ્રેક બ્લોક કરી દીધા હતા અને શાળામાં તોડફોડ કરી હતી જ્યાં ગયા અઠવાડિયે એક પુરૂષ કર્મચારી દ્વારા કિન્ડર ગાર્ટનમાં બે વિદ્યાર્થિનીઓનું જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. એકનાથ શિંદેએ આ મુદ્દે બોલતાં બુધવારે કહ્યું હતું કે, વિરોધ રાજકીય રીતે પ્રેરિત હતો, કારણ કે, વિરોધીઓ સ્થાનિક રહેવાસીઓ નહોતા. વિરોધમાં સહભાગી થયેલા સ્થાનિક લોકો આંગળીના વેઢે ગણી શકાય એટલા જ હતા, એવો દાવો કરતાં એકનાથ શિંદએ કહ્યું હતું કે, રાજ્યના પ્રધાન ગિરીશ મહાજન દેખાવકારોની તમામ માગણીઓ સાથે સંમત થયા હોવા છતાં તેઓ મત છોડવા તૈયાર નહોતા. આનો અર્થ એ છે કે, તેઓ માત્ર સરકારને બદનામ કરવા માંગતા હતા, એમ પણ તેમણે કહ્યું હતું. તેમના જણાવ્યા મુજબ કેટલાક વિરોધીઓ મહિલાઓ માટે તેમની સરકારની મુખ્ય નાણાકીય સહાય યોજના 'લાડકી બહિન યોજના'નો ઉલ્લેખ કરતા પ્લેકાર્ડ લઈને સહભાગી થયા હતા. પ્લેકાર્ડ્સમાં એમ કહેવાયું હતું કે, તેઓ માસિક રૂા.૧૫૦૦ નહીં પરંતુ તેમની છોકરીઓ માટે સુરક્ષા ઈચ્છે છે.

### બદલાપુર જાતીય સતામણીનો મામલો : મહારાષ્ટ્ર વિકાસ અઘાડીએ ૨૪ ઓગસ્ટે બંધનું આહ્‌વાન કર્યું; સંજય રાઉતની જાહેરાત

(એજન્સી) બદલાપુર, તા.૨૧

બદલાપુરમાં સગીર છોકરીઓની જાતીય સતામણી સામે મંગળવારે ભારે વિરોધ પ્રદર્શન બાદ મહારાષ્ટ્રમાં વિરોધ પક્ષો બુધવારે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. મહા વિકાસ અઘાડી (MVA)એ હવે વધુ આક્રમક વલણ અપનાવ્યું છે અને શનિવારે ૨૪ ઓગસ્ટે મહારાષ્ટ્ર બંધની જાહેરાત કરી છે, શિવસેના (UBT) નેતા સંજય રાઉતે આ અંગે એલાન કર્યું હતું. રાઉતે કહ્યું, અમે આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે બેઠક વહેંચણી પર ચર્ચા કરવાના હતા. તેના બદલે અમે બદલાપુરની ઘટના પછી રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા પર ચર્ચા કરીશું.

# બદલાપુર કેસ : કોંગ્રેસે ઉજ્જવલ નિકમની સરકારી વકીલ તરીકેની નિમણૂકનો વિરોધ કર્યો

(એજન્સી) બદલાપુર, તા.૨૧

આતંકવાદ અને બળાત્કાર જેવા ગંભીર કેસમાં અત્યાર સુધીમાં ૬૨૮ આરોપીઓને આજીવન કેદ અને ૩૭ને મૃત્યુદંડની સજા સંભળાવનારા પ્રખ્યાત વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમ બદલાપુર કેસમાં સરકારી વકીલ તરીકે હાજર થશે. આ જાહેરાત ખુદ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કરી છે. ટ્વિટર પર પોસ્ટ કરતા નાયબ મુખ્યમંત્રી કાર્યાલયે જણાવ્યું હતું કે, નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, બદલાપુરમાં દુર્ભાગ્યપૂર્ણ ઘટનાની તપાસ ઝડપથી હાથ ધરવામાં આવશે અને મામલો ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં જશે. આ માટે વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમની વિશેષ સરકારી વકીલ તરીકે નિમણૂક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉજ્જવલ નિકમે આ પહેલાં પોતાની જોરદાર દલીલોથી ઘણા હાઈ-પ્રોફાઈલ કેસમાં સફળતા હાંસલ કરી છે. તેણે ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલામાં પકડાયેલા એકમાત્ર આતંકવાદી અજમલ કસાબને ફાંસી આપી. લશ્કર-એ-તૈયબાના સભ્ય કસાબને નવેમ્બર ૨૦૧૨માં પુણેની યરવડા જેલમાં ફાંસી આપવામાં આવી હતી. મુંબઈ કોંગ્રેસ યુનિટે બુધવારે મહારાષ્ટ્રના બદલાપુરની એક શાળામાં કિન્ડર ગાર્ટનના બે વિદ્યાર્થીઓ સાથે દુર્વ્યવહાર સાથે સંકળાયેલા કેસ માટે વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમની વિશેષ સરકારી વકીલ તરીકે નિમણૂકનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસના નેતાઓએ દલીલ કરી હતી કે, નિકમે અગાઉ ભાજપની ટિકિટ પર સંસદીય ચૂંટણી લડી હતી અને આક્ષેપ કર્યો હતો કે, શાળાનું સંચાલન પણ ભાજપ સાથેના સંબંધો ધરાવતા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે છે. તે ભાજપની ટિકિટ પર ચૂંટણી લડ્યા હતા જ્યારે તે કેસનું પ્રતિનિધિત્વ કરે છે અને શાળા ચલાવતા લોકો ભાજપ સાથે જોડાયેલા હોય ત્યારે ન્યાયની અપેક્ષા કેવી રીતે રાખી શકાય ? તેમ મુંબઈ કોંગ્રેસના પ્રમુખ વર્ષા ગાયકવાડે જણાવ્યું હતું.

# પટનામાં લાઠીચાર્જ દરમિયાન પોલીસે ભૂલથી SDM પર લાઠીચાર્જ કર્યો

(એજન્સી) તા.૨૧

બિહારના પટણામાં ભારત બંધ દરમિયાન વિરોધીઓ પર લાઠીચાર્જ કરતી વખતે એક પોલીસે ભૂલથી સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટને લાઠી ફટકારી હતી. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક વીડિયોમા બિહારના પટણામાં ભારત બંધ દરમિયાન વિરોધીઓ પર લાઠી વડે ચાર્જ કરતી વખતે એક પોલીસે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટને ભૂલથી લાઠી ફટકારી દીધી હતી. આ વીડિયોમાં દેખાય છે કે અંધાધૂંધી વચ્ચે, પોલીસે એસડીએમને લાઠી ફટકારી અને ઘટનાસ્થળે હાજર અન્ય પોલીસકર્મીઓએ તેને ઝડપથી અટકાવ્યો અને જવાનને સમજાવ્યું કે તે વ્યક્તિ કોણ છે. આ ડંડો માર્યા બાદ એસડીએમ ઉશ્કેરાયેલા જોવા મળ્યા હતા. અહેવાલો અનુસાર, આ ઘટના પટનાના ડાક બંગલા ક્રોસિંગ પર બની હતી. SC/ST અનામત પર સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાના વિરોધમાં દેશભરમાં "ભારત બંધ" સાથે દેશવ્યાપી હડતાલ ચાલી રહી છે. આરક્ષણ બચાવો સંઘર્ષ સમિતિએ SC/ST આરક્ષણો પર SCના ચુકાદાના વિરોધમાં ભારત બંધની જાહેરાત કરી હતી. SCના તાજેતરના ચુકાદા સામે બુધવારે એક દિવસીય 'ભારત બંધ'ના સમર્થનમાં વિરોધ કરી રહેલા લોકો પર પટણા પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. આ બંધ દરમિયાન મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. આ મુસાફરોને અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો કારણ કે આંદોલનકારીઓએ અનુસૂચિત જાતિ (SCs)ના પેટા-વર્ગીકરણ અંગેના સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાના વિરોધમાં આરક્ષણ બચાવો સંઘર્ષ સમિતિ (ABSS)દ્વારા દેશવ્યાપી હડતાલ ભારત બંધના સમર્થનમાં ઘણા રસ્તાઓ અને રેલવે ટ્રેક બ્લોક કરી દીધા હતા. દેખાવકારોએ દરભંગા-નવી દિલ્હી સંપર્કક્રાંતિ





સુપરફાસ્ટ એક્સપ્રેસને દરભંગા રેલવે સ્ટેશન પર અવરોધિત કરી હતી. ભીમ આર્મીના સભ્યો, પોસ્ટરો અને બેનરો સાથે, રેલ્વે ટ્રેક પર આવી ગયા અને ટ્રેનના એન્જીન પર પણ ચઢી ગયા હતા. વિરોધીઓએ દલીલ કરી હતી કે SC અને ST સમુદાયોને બંધારણ દ્વારા તેમને આપવામાં આવેલા અધિકારોથી વંચિત રાખવાનું આ ઈરાદાપૂર્વકનું કાવતરૂં છે. જહાનાબાદમાં આંદોલનકારીઓએ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮૩ને અવરોધિત કર્યો હતો, જે એક નિર્ણાયક માર્ગ છે જે પટનાથી ગયા અને આગળ ડોભીને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૯ પર જોડે છે, રાજ્યની રાજધાની પટના સહિત અનેક શહેરોમાં સામાન્ય જીવન ખોરવાઈ ગયું છે. લોકો પેસેન્જર વાહનોની રાહ જોતા જોવા મળ્યા હતા. પટનામાં ઘણી ખાનગી શાળાઓ બંધ રહી. કેટલીક શાળાઓ, જે ખુલ્લી હતી, તેણે દિવસ માટે બસ સેવાઓ સ્થગિત કરી દીધી છે, જેનાથી વાલીઓ માટે પડકારો વધી ગયા છે. ભીમ આર્મીના સભ્યોના એક જૂથે ઔરંગાબાદ જિલ્લાના રફીગંજ બ્લોકમાં મંગળવારે મોડી રાત્રે એક સરઘસનું આયોજન કરીને સુપ્રીમ કોર્ટના તાજેતરના આદેશનો વિરોધ કર્યો હતો. આ બંધને રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને વિકાસશીલ ઈન્સાન પાર્ટી સહિત INDIA બ્લોકના જોડાણ ભાગીદારો તરફથી સમર્થન મળ્યું હતું. તાજેતરના સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં એવું સૂચવીને નોંધપાત્ર ચર્ચા જગાવી છે કે તમામ અનુસૂચિત જાતિ (SCs) અને અનુસૂચિત જનજાતિ (STs) સમુદાયો સમાન રીતે વંચિત નથી. સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકારોને એસસી અને એસટીનું પેટા-વર્ગીકરણ કરવાની અને વધુ વંચિત ગણાતા જૂથો માટે સંભવિત રીતે અલગ ક્વોટા સ્થાપિત કરવાની મંજૂરી આપી હતી. ભારત બંધ પહેલા, પટના જિલ્લા મેજિસ્ટ્રેટ ચંદ્રશેખર સિંહે વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા સામે ચેતવણી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આંદોલનો, માર્ગ અવરોધો અથવા ખાનગી અથવા સરકારી મિલકતોને નુકસાન પહોંચાડનાર કોઈપણ વ્યક્તિને કાયદાકીય પરિણામોનો સામનો કરવો પડશે.

# ભાજપ દ્વારા વરિષ્ઠ એડવોકેટ એવા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રમુખ મનન મિશ્રાની બિહાર માટે રાજ્યસભાના ઉમેદવાર તરીકે પસંદગી

**પટનાના વરિષ્ઠ વકીલ અને ગોપાલગંજ જિલ્લાના વતની મનન મિશ્રાની પસંદગી બિહારના ૩૫ સંભવિત ઉમેદવારો પર ચર્ચા કર્યા પછી કરવામાં આવી હતી, જેમાં ઋતુરાજ સિન્હા, પ્રેમ રંજન પટેલ, અરવિંદકુમાર સિંહ, નિખિલ આનંદ અને પૂર્વ યુનિયન મંત્રી આર.કે. સિંઘ જેવા અગ્રણી વ્યક્તિઓનો સમાવેશ થાય છે**

(એજન્સી) પટના, તા.૨૧

ભાજપે આગામી રાજ્યસભા ચૂંટણી માટે મનન મિશ્રાને તેમના ઉમેદવાર તરીકે ફાઈનલ કરી દીધા છે. બિહારના નાયબ મુખ્યપ્રધાન સમ્રાટ ચૌધરીએ તેની પુષ્ટિ કરી અને મનન મિશ્રાને તેમની શુભેચ્છાઓ પણ આપી. પક્ષના એમએલસી અને મુખ્ય પ્રવક્તા સંજય મયુખે ઉમેદવારોની સત્તાવાર યાદી શેર કરી, જેમાં બિહારમાંથી ભાજપની પસંદગી તરીકે મનન મિશ્રાના નામની પુષ્ટિ થઈ.



કરી અને ૧૯૮૨માં વકીલ તરીકે પ્રેક્ટિસ કરવાનું શરૂ કર્યું. તે પટના યુનિવર્સિટીના સુવર્ણ ચંદ્રક વિજેતા છે. વર્ષોથી તેમણે પોતાની જાતને પટના હાઈકોર્ટમાં સૌથી વરિષ્ઠ અને આદરણીય વકીલોમાંના એક તરીકે સ્થાપિત કરી છે. મિશ્રા તેમના જીવનના પ્રારંભિક તબક્કાથી જ ભાજપ સાથે જોડાયેલા છે અને બાર કાઉન્સિલના પ્રમુખ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે પણ લાંબા સમયથી જોડાયેલા છે.

**ન્યુઝ પોઈન્ટ**

**તા.૧૭/૦૪/૨૦૧૨થી ૧૬/૦૪/૨૦૧૪ સુધી અને ત્યારબાદ તા.૦૯/૧૧/૨૦૧૪થી આજ સુધી બી.સી.આઈ. પ્રમુખે તા.૦૩/૦૩/૨૦૧૪ના રોજ સુપ્રીમ કોર્ટમાં વડાપ્રધાન પદના ઉમેદવાર શ્રી નરેન્દ્ર મોદીને મહાત્મા ગાંધીનો અવતાર સંબોધેલ. તે વખતે સુપ્રીમ કોર્ટના મુખ્ય જસ્ટિસ દીપક મિશ્રાએ તેમને સલાહ આપી કે, પોલિટિક્સથી દૂર રહો. તા.૦૫/૦૪/૨૦૧૪ જ્યારે વડાપ્રધાન મોદી હજુ ચૂંટણી જીત્યા ન હતા તે વખતે પણ બી.સી.આઈ. પ્રમુખ મનન મિશ્રાએ ટેકો જાહેર કરેલ તા.૦૩/૧૦/૨૦૧૬ના રોજ વડાપ્રધાનને પત્ર લખી ભારતમાં વિદેશી લૉ ફાર્મને અટકાવેલ, પરંતુ તે જ પત્રમાં તેમણે વડાપ્રધાન મોદીને 'માય લોર્ડ, અમારા ગાઈડ, અમારા માં-બાપ કહી સંબોધેલ. અગાઉ રામ મંદિરના ઉદ્‌ઘાટન બાદ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હાલના રામ રાજ્યનું વિજન ધરાવનાર તરીકે સંબોધેલ.'**

**મનન મિશ્રા વિશે :** પટનાના વરિષ્ઠ વકીલ અને ગોપાલગંજ જિલ્લાના વતની મનન મિશ્રાની પસંદગી બિહારના ૩૫ સંભવિત ઉમેદવારો પર ચર્ચા કર્યા પછી કરવામાં આવી હતી, જેમાં ઋતુરાજ સિન્હા, પ્રેમ રંજન પટેલ, અરવિંદકુમાર સિંહ, નિખિલ આનંદ અને પૂર્વ યુનિયન મંત્રી આર.કે. સિંઘ જેવા અગ્રણી વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

મિશ્રાને નામાંકિત કરવાનો નિર્ણય ભાજપના બિહાર એકમમાં ઘણા લોકો માટે આશ્ચર્યજનક છે. સમ્રાટ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી વિજયકુમાર સિન્હા અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ દિલીપ જયસ્વાલ સહિતના વરિષ્ઠ ભાજપના નેતાઓ આ પસંદગી માટે ચર્ચા કરવા માટે નવી દિલ્હીમાં હતા. પટના યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી મનન મિશ્રાએ કાયદાની ડિગ્રી પૂર્ણ

એનડીએ પહેલાથી જ ઉપેન્દ્ર કુશવાહાને રાજ્યસભાના અન્ય ઉમેદવાર તરીકે પસંદ કરી ચૂક્યું છે. બિહારમાંથી રાજ્યસભાની બે બેઠકો આરજેડીના મીસા ભારતી અને ભાજપના વિવેક ઠાકુરે પદ પરથી રાજીનામું આપ્યા બાદ ખાલી પડી હતી. તેઓ અનુક્રમે પાટલીપુત્ર અને નવાદામાંથી તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભા ચૂંટણીમાં સાંસદ તરીકે ચૂંટાયા હતા.

# SC/STના પેટા-વર્ગીકરણ પર સુપ્રીમ કોર્ટના ચુકાદાના વિરોધમાં ભારત બંધને BSPએ સમર્થન આપ્યું

**બસપાએ ભાજપ અને કોંગ્રેસ પર અનામત ખતમ કરવા માટે ગઠબંધન કરવાનો આરોપ લગાવ્યો છે, પક્ષે કહ્યું છે કે આ પક્ષો અને અન્ય લોકોએ અનામતની આવશ્યકતા સમજવી જોઈએ અને તેની સાથે રમત ન કરવી જોઈએ**

(એજન્સી) લખનૌ, તા.૨૧

બહુજનસમાજ પાર્ટીએ બુધવારે દલિત અને આદિવાસી જૂથો દ્વારા અનુસૂચિત જાતિ (SCs)ના પેટા વર્ગીકરણ અંગેના સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાના વિરોધમાં ભારત બંધને સમર્થન આપ્યું હતું. પાર્ટીએ ભાજપ અને કોંગ્રેસ પર અનામત ખતમ કરવા માટે ગઠબંધન કરવાનો આરોપ પણ લગાવ્યો. તેમાં કહેવામાં આવ્યું છે કે આ પક્ષો અને અન્ય લોકોએ અનામતની આવશ્યકતા સમજવી જોઈએ અને તેની સાથે રમત ન કરવી જોઈએ.

બસપા પ્રમુખ માયાવતીએ ઠ પર હિન્દીમાં એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, BSP ભારત બંધને સમર્થન આપે છે કારણ કે SC/STના પેટા-વર્ગીકરણ અંગે સુપ્રીમ કોર્ટના ૧ ઓગસ્ટના નિર્ણય સામે ગુસ્સો અને નારાજગી છે અને ભાજપ અને કોંગ્રેસ જેવા પક્ષો દ્વારા આરક્ષણ વિરૂદ્ધના કાવતરા દ્વારા સાથે મળીને અનામત ખતમ કરવા ઈચ્છે છે. આ સંદર્ભમાં આ વર્ગના લોકો ભારત બંધના ભાગરૂપે આજે સરકારને એક મેમોરેન્ડમ સબમિટ કરશે અને માંગ કરશે કે અનામતમાં કરાયેલા ફેરફારોને બંધારણીય સુધારા દ્વારા નાબૂદ કરવામાં આવે.

ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને એ પણ જણાવ્યું હતું કે SC અને STની સાથે OBC સમુદાયને આપવામાં આવેલ અનામતનો બંધારણીય અધિકાર બી આર આંબેડકરના સતત સંઘર્ષનું પરિણામ છે. ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષોએ તેની જરૂરિયાત અને સંવેદનશીલતાને સમજવી જોઈએ અને તેની સાથે રમત ન કરવી જોઈએ.

દેશભરમાં એકવીસ સંગઠનોએ સુપ્રીમ કોર્ટના આદેશ વિરૂદ્ધ ભારત બંધનું આહ્‌વાન કર્યું છે. ૧ ઓગસ્ટના રોજ એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે રાજ્યોને બંધારણીય રીતે અનુસૂચિત જાતિઓમાં પેટા-વર્ગીકરણ કરવાની સત્તા આપવામાં આવી છે, જે તેમની વચ્ચે સામાજિક અને શૈક્ષણિક રીતે વધુ પછાત જાતિઓના ઉત્થાન માટે અનામત આપવા માટે છે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું કે રાજ્યોએ પછાતપણું અને સરકારી નોકરીઓમાં પ્રતિનિધિત્વના અમુક માત્રાપાત્ર અને દર્શાવી શકાય તેવા ડેટાના આધારે પેટા-વર્ગીકરણ કરવું જોઈએ અને તે રાજકીય અનુકૂળતા મુજબ ન હોવું જોઈએ.

## ભારત બંધ : દલિત-આદિવાસી વિરોધની અસર ઓડિશાના વાહનવ્યવહાર પર પડી

(એજન્સી) ભુવનેશ્વર, તા.૨૧

એસસી પેટા વર્ગીકરણ પર સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાના વિરોધમાં દલિત અને આદિવાસી જૂથો દ્વારા બોલાવવામાં આવેલા ભારત બંધને સમગ્ર ઓડિશામાં પરિવહનને અસર કરી હતી. જ્યારે સરકારી કામગીરી સામાન્ય રીતે ચાલુ રહી હતી અને બીજી તરફ ટ્રેનો અને બસોમાં વ્યાપક અવરોધ નોંધાયો હતો જેના કારણે સમગ્ર રાજ્યમાં મોટા નાકાબંધી અને દેખાવો થયા હતા. સુપ્રીમ કોર્ટના ચુકાદાને પગલે બુધવારે દલિત અને આદિવાસી જૂથો દ્વારા ભારત બંધને કારણે ઓડિશામાં અસર દેખાઈ હતી. પોલીસ અહેવાલો અનુસાર વિક્ષેપ હોવા છતાં સરકારી કચેરીઓ, બેંકો અને શૈક્ષણિક સંસ્થાઓએ સામાન્ય કામગીરી જાળવી રહેવા પામી હતી. ભૂવનેશ્વર અને સંબલપુરમાં ટ્રેનો અટકાવાઈ હતી. દેખાવો અને રસ્તા રોકોથી રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત વિવિધ વિસ્તારોને અસર થઈ હતી. ભૂવનેશ્વર ખાતે વિશાખા એક્સપ્રેસ અને સંબલપુર રેલવે લાઈન પરની ટ્રેનોને અસ્થાયી સ્ટોપેજનો સામનો કરવો પડ્યો હતો. પોલીસની દરમિયાનગીરી બાદ સામાન્ય ટ્રેનનું સંચાલન સામાન્ય થયું હતું. કટક અને કેઓંઝાર સહિત અનેક જિલ્લાઓમાં વધુ માર્ગો પર નાકાબંધી દેખાઈ હતી.

## ઉત્તરપ્રદેશ : અનામત મુદ્દાને લઈને આગ્રામાં વિરોધ પ્રદર્શન, દલિત યુવાનો વાદળી ઝંડા સાથે રસ્તા પર ઊતર્યા; સૂત્રોચ્ચાર કરીને વિરોધ વ્યક્ત કર્યો

(એજન્સી) તા.૨૧

ઉત્તર પ્રદેશના આગ્રામાં બુધવારે પેટા વર્ગીકરણ અનામતને લઈને જોરદાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પેટા વર્ગીકરણ અનામતના વિરોધમાં યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને તેઓએ તેમની માંગણીઓને લઈને સૂત્રોચ્ચાર કર્યા હતા. આ દરમિયાન હજારો દલિત યુવાનોએ હાથમાં વાદળી ઝંડા લઈને પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ દરમિયાન ભારત બંધનું એલાન પણ આપવામાં આવ્યું હતું. ભારત બંધને લઈને પોલીસ હાઈ એલર્ટ છે. ટ્રાન્સ યમુના પોલીસ સ્ટેશન વિસ્તારના તેરીબગીયા, પંચકુઈયા ચારરસ્તા સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં યુવાનોએ પ્રદર્શન કર્યું હતું.

૨ એપ્રિલ ૨૦૧૮ના રોજ દલિતોએ અનામતને લઈને રસ્તા રોક્યા હતા. આ વખતે બસપા સુપ્રીમો માયાવતીએ પણ ભારત બંધના એલાનને સમર્થન આપ્યું છે. આગ્રામાં વિવિધ સ્થળોએ અનામત બચાવોના નારા સાથે દેખાવો કરવામાં આવ્યા હતા.

## આંધ્રપ્રદેશની ફાર્મા કંપનીમાં વિસ્ફોટમાં ત્રણનાં મોત, ૨૫થી વધુ ઘાયલ

(એજન્સી) વિશાખાપટ્ટનમ, તા.૨૧

બુધવારની બપોરે અનાકાપલ્લે જિલ્લાના રામબિલ્લી મંડલના અચ્યુતાપુરમ SEZમાં આવેલી ઈસાયન્શિયા એડવાન્સ સાયન્સિસ પ્રાઈવેટ લિમિટેડ ફેક્ટરીમાં મોટી આગ ફાટી નીકળતાં ત્રણ લોકોનાં મોત થયા હતા અને અન્ય ૨૫ લોકો ઘાયલ થયા હતા.

પ્રારંભિક અહેવાલો અનુસાર આગ ફેક્ટરીમાં રિએક્ટરમાં બ્લાસ્ટ થવાથી લાગી હતી. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને તાત્કાલિક સારવાર માટે અનાકપલ્લી અને અચ્યુતાપુરમની નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. કથિત રીતે વિસ્ફોટ બપોરના સમયે થયો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી.

મીડિયાને સંબોધતા શ્રમ, કારખાનાઓ, બોઈલર્સ અને વીમા તબીબી સેવાઓના મંત્રી, વાસમસેટ્ટી સુભાષે કહ્યું, જિલ્લા કલેક્ટર અને અન્ય અધિકારીઓ સ્થળ પર છે, તે સુનિશ્ચિત કરે છે કે, ઘાયલોને હોસ્પિટલોમાં ખસેડવામાં આવી રહ્યા છે અને બચાવ કામગીરી અસરકારક રીતે હાથ ધરવામાં આવે છે. ફેક્ટરીમાં જાડા ધુમાડાને કારણે હજુ સુધી ઓળખાયેલી ત્રણ જાનહાનિ સિવાય, અમે અકસ્માત દરમિયાન સ્થળ પર હાજર રહેલા કર્મચારીઓની સંખ્યા નક્કી કરવા માટે પણ કામ કરી રહ્યા છીએ.

સુભાષે વધુમાં જણાવ્યું કે, ગંભીર રીતે ઘાયલ વ્યક્તિઓમાંથી એકને લાઈફ સપોર્ટ પર રાખવામાં આવ્યો છે. આ અકસ્માત ફેક્ટરીના સત્તાવાળાઓની બેદરકારીને કારણે થયો હતો કે, પર્યાપ્ત ફાયર સેફ્ટીના પગલાંના અભાવે થયો હતો તે જાણવા માટે તપાસ ચાલી રહી છે.

આ ઘટનાના જવાબમાં ગૃહમંત્રી વાંગલાપુડી અનિથાએ અનાકાપલ્લે જિલ્લા કલેક્ટરને બોલાવ્યા અને અધિકારીઓને ખાતરી કરવા કહ્યું કે, ઘાયલોને યોગ્ય તબીબી સહાય મળે અને પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવે.

## ઈઝરાયેલ હવાઈ હુમલા : હિઝબુલ્લાહે ચાર સભ્યોનાં મોતની જાહેરાત કરી

(એજન્સી) તા.૨૧

હિઝબુલ્લાહ સમૂહે જાહેરાત કરી છે કે, બુધવારે વહેલી સવારે દક્ષિણ લેબેનોનના માતમોરામાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં તેના ચાર આતંકવાદીઓ મૃત્યુ પામ્યા છે.

લેબેનોન સ્થિત આતંકવાદી સમૂહે એક નિવેદનમાં જણાવ્યું કે, તેના ચાર સભ્યો 'જેરૂસલેમના માર્ગમાં' મૃત્યુ પામ્યા. ઈઝરાયેલી હુમલામાં મૃત્યુ પામેલા તેના કાર્યકરો. હિઝબુલ્લાહે જણાવ્યું કે, ઈઝરાયેલના હવાઈ હુમલામાં તેના કાર્યકરોના સેલને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ ચાર મૃત્યુ સાથે ગાઝા પટ્ટીમાં યુદ્ધની શરૂઆતથી મૃત્યુ પામેલા હિઝબુલ્લાહ લડાકુઓની સંખ્યા ૪૧૯ પર પહોંચી ગઈ છે, એમ સમૂહે જણાવ્યું હતું.

દરમિયાન લેબેનોનના આરોગ્ય મંત્રાલયે બુધવારે સવારે એક નિવેદનમાં જણાવ્યું કે, દેશના પૂર્વ ભાગમાં ઈઝરાયેલના હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે અને અન્ય ૧૯ લોકો ઘાયલ થયા છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, બેકા ખીણ પર ઈઝરાયેલના દુશ્મનના હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય ૧૯ લોકો ઘાયલ થયા છે. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF)એ અગાઉ એક નિવેદનમાં જણાવ્યું કે, તેણે બાલબેક વિસ્તારમાં હિઝબુલ્લાહ શસ્ત્રોના સંગ્રહસ્થાનો પર હુમલો કર્યો હતો. IDFએ જણાવ્યું કે, આ હુમલો ઉત્તર ઈઝરાયેલમાં હિઝબુલ્લાહ ડ્રોન હુમલાના જવાબમાં કરવામાં આવ્યો હતો. લેબેનીઝ મીડિયાએ બુધવારે સવારે પૂર્વી લેબેનોનના બાલબેક જિલ્લામાં બહુવિધ ઈઝરાયેલી હવાઈ હુમલાઓની જાણ કરી હતી. અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે, ઈઝરાયેલી યુદ્ધ વિમાનો વિસ્તારની ઉપરથી ઉડાન ભરી રહ્યા હતા ત્યારે વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. યાદ કરો કે હિઝબુલ્લાહના પ્રમુખ હસન નસરાલ્લાહે તેના લશ્કરી વડા ફુઆદ શુક્રની હત્યા પછી ૩૦ જુલાઈએ ઈઝરાયેલ પર મોટા હુમલાની જાહેરાત કરી હતી. ફુઆદ શુક્ર હસન નસરાલ્લાહનો સૌથી નજીકનો સાથી હતો અને ઈઝરાયેલે જાહેરાત કરી છે કે, તે ઉત્તર ઈઝરાયેલના ગોલાન હાઈટ્સમાં એક શાળાના રમતના મેદાન પર હિઝબુલ્લાહ મિસાઈલ હુમલા માટે જવાબદાર હતો, જેમાં ૧૨ બાળકો મૃત્યુ પામ્યા હતા. ફુઆદ શુક્રની હત્યા તેહરાનમાં હમાસના રાજકીય પ્રમુખ ઈસ્માઈલ હાનિયાહની હત્યાના કલાકો પહેલા થઈ હતી. જો કે, ઈઝરાયેલે હાનિયાહની હત્યાની જવાબદારી સ્વીકારી નથી.

# મણિપુર સરકારનો દાવો : હિંસામાં સીએમ બિરેન સિંહની સંડોવણી, શસ્ત્રોના દુરૂપયોગનો ઓડિયો 'છેડખાની કરેલ'

**બિરેન સિંહના એક કથિત ઓડિયોને ટાંકીને સમાચાર અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ઓડિયો મણિપુર હિંસા દરમિયાન બોમ્બના ઉપયોગ અંગે મુખ્યમંત્રીની કથિત સૂચનાઓ અને હજારો શસ્ત્રો સાથે લૂંટારાઓને બચાવવામાં તેમની ભૂમિકાની વિગતો આપે છે**

(એજન્સી) ગુવાહાટી, તા.૨૧

મણિપુર સરકારે કહ્યું કે મુખ્ય પ્રધાન એન બિરેન સિંહનો કથિત અવાજ ધરાવતી 'છેડખાની કરેલ' ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર અમુક વર્ગો દ્વારા સાંપ્રદાયિક હિંસા ભડકાવવા અથવા 'શાંતિની પ્રક્રિયાને પાટા પરથી ઉતારવા' માટે બહુવિધ સ્તરે 'દુર્ભાવનાપૂર્ણ પ્રયાસ' સાથે ફેલાવવામાં આવી રહી છે. તાજેતરમાં મીડિયા દ્વારા પ્રકાશિત ત્રણ ભાગના સમાચાર અહેવાલના જવાબમાં સરકારની ટિપ્પણી આવી છે. મણિપુરના માહિતી અને જનસંપર્ક નિર્દેશાલયે મીડિયાના સમાચાર અહેવાલના જવાબમાં એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'અમારૂં સોશિયલ મીડિયા વિશ્લેષણ સૂચવે છે કે એક સંકલિત અને લક્ષિત ઝુંબેશ ચાલી રહી છે જે અસંખ્ય X (અગાઉ ટ્વિટર) એકાઉન્ટ્‌સ દ્વારા સમાન કૅપ્શન્સ સાથે ઑડિયો શેર કરે છે.' તેણે એમ પણ જણાવ્યું હતું કે મણિપુર પોલીસ આ બાબતની તપાસ કરી રહી છે અને આ 'બદનક્ષીભર્યા અભિયાન'ના મૂળને શોધી કાઢવા માટે પ્રતિબદ્ધ છે. સરકારે ચેતવણી આપી છે કે ષડયંત્રમાં સામેલ તમામ વ્યક્તિઓ અને સંગઠનો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. 'અમે જાહેર જનતાને જાગ્રત રહેવા અને વણચકાસાયેલ માહિતી શેર કરવાથી દૂર રહેવા વિનંતી કરીએ છીએ. આપણાં સમુદાયો વચ્ચે શાંતિ અને સંવાદિતાની પુનઃસ્થાપના પહેલા કરતા પણ વધુ આ સમયે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, રાજ્ય સરકાર કોઈપણ પગલાને સહન કરશે નહીં જે શાંતિ પ્રક્રિયાને ખલેલ પહોંચાડે.' અગાઉ, જ્યારે ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર સામે આવી ત્યારે ઇમ્ફાલમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી હતી. મેઈટીસ અને કુકી વચ્ચેની વંશીય હિંસા, જે ગયા વર્ષે ૩ મેના રોજ ફાટી નીકળી હતી, તેમાં ઓછામાં ઓછા ૨૨૬ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૬૦,૦૦૦ અન્ય લોકો વિસ્થાપિત થયા હતા.

**રિપોર્ટ શું કહે છે ?**

મીડિયા દ્વારા ૧૯ ઓગસ્ટના રોજ પ્રકાશિત થયેલા સમાચાર અહેવાલમાં ૩ મે, ૨૦૨૩ના





**AAPની ધ વાયરના 'મણિપુર ટેપ્સ' અહેવાલો પછી સીએમ બિરેન સિંહના રાજીનામાની માંગ**

રોજ રાજ્યમાં ફાટી નીકળેલી વંશીય હિંસામાં મણિપુરના મુખ્યમંત્રીની કથિત ભૂમિકા હોવાનું ધ્યાન દોર્યું હતું. અહેવાલમાં મુખ્યપ્રધાન એન બિરેન સિંહના કથિત રેકોર્ડિંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેની મીડિયાએ સ્વતંત્ર રીતે ચકાસણી કરી નથી. તે ઉમેરે છે કે મણિપુર હિંસાની તપાસ માટે ગૃહ મંત્રાલય (MHA) દ્વારા રચવામાં આવેલ તપાસ પંચ (CoI)ને પણ ઓડિયો ફાઈલ પ્રાપ્ત થઈ છે, જે હિંસામાં મુખ્યમંત્રીની 'સત્તાવાર સંડોવણી' પર પ્રકાશ પાડે છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, 'મીડિયાને ૪૮-મિનિટના રેકોર્ડિંગના કથિત નિર્માતાઓ દ્વારા જાણ કરવામાં આવી હતી કે તે એક મીટિંગમાં રૂબરૂમાં કરવામાં આવી હતી જ્યાં મુખ્યમંત્રીએ નિઃશંકપણે ચાલુ હિંસામાં તેમની પક્ષપાતી ભાગીદારીનો સંકેત આપ્યો હતો.' સમાચાર અહેવાલમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, 'મીટિંગમાં સહભાગી હોવાનો દાવો કરનારા કેટલાક લોકો દાવો કરે છે કે અવાજ ખરેખર મુખ્ય પ્રધાન બિરેન સિંહનો છે અને તેમણે તેમની હાજરીમાં રેકોર્ડિંગમાં બધી બાબતો કહી હતી.' મીડિયાના અહેવાલ મુજબ 'આજે અમે જે રેકોર્ડિંગ પ્રકાશિત કરી રહ્યા છીએ તેમાં એવા અવાજને પકડવામાં આવ્યો છે કે મુખ્યપ્રધાન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની મજાક ઉડાવતા હતા, રાજ્યમાં 'બોમ્બ'ના ઉપયોગની ચર્ચા કરી રહ્યા હતા અને શાહના આદેશને અવગણતા હતા અને રાજ્ય પોલીસ શસ્ત્રાગારમાંથી હજારો ઘાતક શસ્ત્રો લેનારાઓને બચાવતા હતા.'

સમાચાર અહેવાલમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કથિત ઓડિયો ક્લિપમાં ગયા વર્ષે રાજ્યના ભાગોમાં ઘાતક વિનાશક દારૂગોળાના ઉપયોગને પણ સમર્થન આપવામાં આવ્યું હતું. રિપોર્ટમાં ઓડિયો ક્લિપને ટાંકીને આરોપ લગાવવામાં આવ્યો છે કે મે ૨૦૨૩માં તેમની મુલાકાત દરમિયાન અમિત શાહે બોમ્બના ઉપયોગ અંગે મુખ્યમંત્રીને કથિત રીતે સવાલ કર્યા હતા અને તેમને તેનો ઉપયોગ ન કરવા સૂચના આપી હતી. જો કે, શાહના ગયા પછી, સિંહે કથિત રીતે નિર્દેશ આપ્યો કે બોમ્બનો ઉપયોગ ખુલ્લેઆમ કરવાને બદલે છૂપી રીતે કરવો જોઈએ. મીડિયાના અહેવાલમાં સિંઘ પર રાજ્ય પોલીસના શસ્ત્રાગારમાંથી હજારો હથિયારો લૂંટી ચૂકેલા લોકોને બચાવવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો. રેકોર્ડિંગમાંનો અવાજ કથિત રીતે દાવો કરે છે કે લૂંટાયેલા શસ્ત્રો માટે કોઈ ધરપકડ કરવામાં આવી નથી અને જો કોઈની ધરપકડ કરવામાં આવશે, તો પરિસ્થિતિ શાંત થયા પછી તેમની મુક્તિ સુરક્ષિત કરવા દરમિયાનગીરી કરવામાં આવશે. અહેવાલમાં 'વિશ્વસનીય સૂત્રો'ને ટાંકવામાં આવ્યું હતું કે કેન્દ્ર સરકારના દબાણ હોવા છતાં, જેમાં એક વીડિયો કોન્ફરન્સનો સમાવેશ થાય છે, જેમાં શાહે સિંહને જો હથિયારો ન મળે તો તેની રાજકીય કારકિર્દી પર શું અસર પડશે તેની ચેતવણી આપી હતી, સિંહ લૂંટાયેલા શસ્ત્રોનો નોંધપાત્ર જથ્થો પાછો મેળવવામાં નિષ્ફળ રહ્યા હતા. સૂત્રોને ટાંકીને અહેવાલ જણાવે છે કે સંપૂર્ણ ઓડિયો ક્લિપ ગૌહાટી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ (નિવૃત્ત) અજય લાંબાના નેતૃત્વ હેઠળના MHAના CoIને સબમિટ કરવામાં આવી છે. મણિપુર હિંસાની તપાસ માટે ગૃહ મંત્રાલય દ્વારા સ્થાપવામાં આવેલ તપાસપંચને ધ વાયર દ્વારા પૂરી પાડવામાં આવેલ ત્રણ ભાગની 'મણિપુર ટેપ્સ' નામની ઓડિયો ફાઈલ મુદ્દે આમ આદમી પાર્ટી (AAP)એ મંગળવાર (૨૦ ઓગસ્ટ)ના રોજ મણિપુરના મુખ્ય પ્રધાન એન.બિરેન સિંહના રાજીનામાની માંગ કરી હતી.

# ભારત યુક્રેન સંઘર્ષના વહેલા અંતની આશા રાખે છે : વડાપ્રધાન મોદી

(એજન્સી) તા.૨૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જણાવ્યું કે તેઓ ૨૩ ઓગસ્ટે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથેની વાતચીત દરમિયાન તેમના દેશમાં ચાલી રહેલા સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ પર તેમના મંતવ્યો શેર કરશે. તેમણે જણાવ્યું કે 'હું દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવા અને યુક્રેનના ચાલી રહેલા સંઘર્ષના શાંતિપૂર્ણ નિરાકરણ પર પરિપ્રેક્ષ્ય શેર કરવા માટે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે અગાઉની મંત્રણાઓ પર આગળ વધવા માટે આતુર છું, ' તેમણે પોલેન્ડ અને યુક્રેનની ત્રણ દિવસની મુલાકાતે જતા પહેલા એક નિવેદનમાં જણાવ્યું કે તક માટે, એક મિત્ર અને ભાગીદાર તરીકે, અમે આ પ્રદેશમાં શાંતિ અને સ્થિરતાની વહેલી તકે પાછા ફરવાની આશા રાખીએ છીએ.' મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ મુલાકાત બંને દેશો સાથેના ભારતના વ્યાપક સંપર્કોનું સ્વાભાવિક ક્રમ હશે અને આવનારા વર્ષોમાં વધુ મજબૂત અને વધુ ગતિશીલ સંબંધોનો પાયો નાખવામાં મદદ કરશે અમારા રાજદ્વારી સંબંધોની ૭૦મી વર્ષગાંઠ છે અને લોકશાહી





અને બહુલતા માટે અમારી પરસ્પર પ્રતિબદ્ધતા અમારા સંબંધોને વધુ મજબૂત બનાવે છે,'' મોદીએ જણાવ્યું કે, મિત્રો પોલેન્ડના વડા પ્રધાન ડોનાલ્ડ ટસ્ક અને પ્રેસિડેન્ટ એન્દ્રેજ ડુડાને મળવા માટે ઉત્સુક છે. તેમણે કહ્યું કે તેઓ પોલેન્ડમાં રહેતા વાઈબ્રન્ટ ભારતીય સમુદાયના સભ્યોને પણ મળશે. તેમણે જણાવ્યું કે, 'પોલેન્ડથી હું રાષ્ટ્રપતિ ઝેલેન્સકીના આમંત્રણ પર યુક્રેન જઈ રહ્યો છું. કોઈ ભારતીય વડાપ્રધાનની યુક્રેનની આ પ્રથમ મુલાકાત છે.' યુક્રેનની વડા પ્રધાનની મુલાકાતને યુદ્ધગ્રસ્ત દેશ સાથેના તેમના સંબંધોને સંતુલિત કરવાના ભારતના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે, મોસ્કોની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને ગળે લગાવવા બદલ કિવ દ્વારા તેમની ટીકા કર્યાના અઠવાડિયા પછી.

# પીએમ મોદીએ ઝાકીર નાઈકનો મુદ્દો ન ઉઠાવ્યો મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહીમ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહીમએ જણાવ્યું હતું કે ઈસ્લામી ધાર્મિક વક્તા અને આલી ડોક્ટર ઝાકીર નાઈકનું પ્રત્યાર પણ કરવાનો મુદ્દો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેઠકમાં ઉઠાવ્યો નહોતો. મોદી સાથેની બેઠક અંગે પત્રકારોએ પૂછેલા પ્રશ્નોના જવાબમાં અનવર ઈબ્રાહીમ દ્વારા ઉપર મુજબ સ્પષ્ટતા કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે ડોક્ટર નાયકનો બંને દેશો વચ્ચે સંબંધો વધુ આગળ લઈ જવાના માર્ગમાં વિઘ્ન રૂપ ન બનવો જોઈએ ભડકાઓ ભાષણો અને નાણાની ઉચાપત તથા હેરાફેરીના આરોપસર ડોક્ટર નાઈક ભારતમાં વોન્ટેડ છે તેઓ ૨૦૧૬માં ભારત છોડી ગયા હતા. મલેશિયાની મહાથીર મોહમ્મદની સરકાર સમયે ડોક્ટર નાઈકને મલેશિયામાં કાયમી નાગરિકતા આપવામાં આવી હતી મલેશિયાના વડાપ્રધાને પત્રકારો સમક્ષ જણાવ્યું હતું કે મારી સાથેની વાતચીતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મુદ્દો ઉઠાવ્યો નહોતો એ પહેલી વાત. કેટલાક વર્ષો પહેલા તેમણે આ મુદ્દો ઉઠાવ્યો હતો પણ હું અત્યારે જે મુદ્દાની વાત કરૂં છું એ એક વ્યક્તિનો મુદ્દો નથી હું કટરવાદની લાગણી, તેમજ કોઈ વ્યક્તિ કે જૂથ યાતો કોઈ ફિરકા કે પક્ષો દ્વારા સાચવવામાં આવતા અત્યાચારોના પુરાવા અને તેના કેસ અંગેની વાત કરી રહ્યો છું ત્રાસવાદ સામે અમારૂં વલણ સ્પષ્ટ છે જો કોઈ પણ પૂરાવા રજૂ કરવામાં આવે તો મારી સરકાર કોઈપણ પ્રકારના નવા વિચારો માટે અને પગલા માટે તૈયાર છે અમે આવા ઘણા મુદ્દાઓ ઉપર ભારતની સાથે રહીને કામ કરી રહ્યા છે અને અમે એ બાબતમાં કડક છીએ. તેમણે કહ્યું હતું કે માત્ર આ એક કેસ



દ્વિપક્ષી સહયોગ વધારવા અને મૈત્રીને આગળ લઈ જવા માટે અવરોધ રૂપ બની ન શકે તે બનવું ન જોઈએ ૨૦૨૨ માં વડાપ્રધાન બન્યા બાદ અનવર ઈબ્રાહીમની આ પ્રથમ ભારત મુલાકાત છે મલેશિયાના વડાપ્રધાને ભારતીય નેતાઓ સાથેની વાતચીતમાં ગાજા ઉપરના ઈઝરાયેલી આક્રમણની ટીકા કરી હતી અને જણાવ્યું હતું કે પશ્ચિમી જગત દંભ કરી રહ્યું છે ઈઝરાયેલની આર્મી ગાઝવામાં અત્યાચારો કરી રહી છે જેના કારણે ચાલીસ હજાર લોકો મારી ગયા છે યુક્રેનની હિંસાની પશ્ચિમની દુનિયા ટીકા કરે છે પણ ગાજામાં જે ચાલી રહ્યું છે અને જે હત્યાઓ થઈ રહી છે તેની ટીકા થતી નથી આવા દંભનો અંત આવવો જોઈએ

# અદાણી જૂથ ઈજારો ઊભો કરી રહ્યું હતું ત્યારે CCI જેવી સંસ્થાઓ કેમ 'નિષ્ક્રિય' રહી : કોંગ્રેસનો અણિયાળો સવાલ

## જયરામ રમેશે એમ પણ જણાવ્યું હતું કે ભારતીય સ્પર્ધા પંચે અહેવાલમાં એવી ચિંતા વ્યક્ત કરી છે કે પ્રસ્તાવિત રિલાયન્સ-ડિઝની મર્જર સ્પર્ધાને દબાવી શકે છે

(એજન્સી) તા.૨૧

કોંગ્રેસે કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયાને અદાણી ગ્રૂપ દ્વારા તમામ એક્વિઝિશનની મંજૂરી અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો અને પૂછ્યું હતું કે આવી સંસ્થાઓ શા માટે ''નિષ્ક્રિય રહી'' જ્યારે સમૂહ દ્વારા નિર્ણાયક ગ્રાહકોના ખર્ચે ભાવમાં વધારો કરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોમાં ''એકાધિકાર'' બનાવવામા આવી રહ્યો હતો. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે જણાવ્યું હતું કે કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI)એ ચિંતા વ્યક્ત કરી છે કે પ્રસ્તાવિત રિલાયન્સ-ડિઝની મર્જર સ્પર્ધાને અટકાવી શકે છે.

તેમણે X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''કેવી રીતે બિનજૈવિક વડાપ્રધાનના અન્ય મનપસંદ બિઝનેસ સમૂહ કંપનીઓને હસ્તગત કરી રહી છે અને વિવિધ ઉદ્યોગોમાં સ્પર્ધામાં ઘટાડો કરી રહી છે તે અંગે સીસીઆઈ પાસે પણ કેવી રીતે હિંમત હોવી જોઈએ તે અંગે વિચાર કરવાનો આ સારો સમય છે.''

"CCIએ ચોક્કસ મર્યાદા કરતાં વધુ મર્જર અને એક્વિઝિશનને મંજૂર કરવાની કાયદેસર રીતે આવશ્યકતા છે. તેમણે આક્ષેપ કર્યો. કે, તેમ છતાં અદાણી ગ્રૂપ દ્વારા તમામ એક્વિઝિશનને મંજૂરી આપવામાં આવી છે, ઘણીવાર ધમકીઓ અને દાબ દબાણ દ્વારા કે જેને સત્તાધીશોનું પીઠબળ હોય છે પાછી ભલે કંપની બંદરો, એરપોર્ટ્સ, પાવર અને સિમેન્ટ જેવા ઉદ્યોગ ક્ષેત્રોમાં ઈજારો બનાવે. રમેશે જણાવ્યું હતું કે, તાજેતરના વર્ષોમાં CCI વર્ચસ્વના કથિત દુરૂપયોગ માટે સ્થાનિક અને વૈશ્વિક કંપનીઓ પર દંડ લાદવામાં ખચકાઈ નથી.

તેમણે કહ્યું '' નીતિ આયોગ અને નાણા મંત્રાલય તરફથી વાંધો ઉઠાવવામાં આવ્યો હતો તેમ છતાં, લખનૌ અને મેંગલોર એરપોર્ટ પર મુસાફરો દ્વારા ચૂકવવામાં આવતી યુઝર ડેવલપમેન્ટ ફી (UDF)માં પાંચ ગણો વધારો કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. કંપનીની તરફેણમાં નિયમોમાં ફેરફાર કર્યા પછી, અદાણીને આપવામાં આવેલા છમાં આ એરપોર્ટનો સમાવેશ થાય છે.'' એ જ રીતે હરિયાણા, ઝારખંડ અને ગુજરાત જેવા રાજ્યોમાં વીજળીના ભાવમાં અદાણી સમૂહની નીતિઓ



અને પગલાંને કારણે તીવ્ર વધારો થયો હોવાનો રમેશે દાવો કર્યો હતો.

રમેશે પૂછ્યું, ''સેબી સહિતની ભારતની નિયમનકારી સંસ્થાઓ, જ્યારે બિન-જૈવિક વડાપ્રધાનના સૌથી નજીકના મિત્રને સંડોવતા હોય ત્યારે શા માટે અદશ્ય થઈ જાય છે ? શા માટે આ સામાન્ય રીતે સક્રિય સંસ્થાઓ નિષ્ક્રિય રહી છે કારણ કે આ મિત્રએ નિર્ણાયક માળખાકીય ક્ષેત્રોમાં એકાધિકાર બનાવ્યો છે, ગ્રાહકોના ભોગે ભાવો વધાર્યા છે. ?''

અદાણી ગ્રૂપને ફાયદો કરાવવા માટે વિવિધ ક્ષેત્રોમાં કથિત રીતે ઈજારો ઊભો કરવા માટે કોંગ્રેસ સરકાર પર પ્રહારો કરી રહી છે.

હિંડનબર્ગ રિસર્ચ દ્વારા માર્કેટ રેગ્યુલેટર સેબીના ચેરપર્સન માધાબી બૂચ સામે નવેસરથી પ્રહારો કર્યા બાદ વિરોધ પક્ષે પણ સરકાર પર હુમલો વધાર્યો છે અને આરોપ લગાવ્યો છે કે અદાણી મની સિફનિંગ કૌભાંડમાં અસ્પષ્ટ ઓફશોર ફંડમાં તેનો અને તેના પતિનો હિસ્સો છે.

સેબીના ચેરમેન બૂચ અને તેમના પતિએ તેમના પર લાગેલા આરોપોને પાયાવિહોણા ગણાવીને નકારી કાઢ્યા છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે તેમની નાણાકીય બાબતો ખુલ્લી ચોપડી છે. અદાણી ગ્રૂપે હિંડનબર્ગ રિસર્ચના તાજેતરના આક્ષેપોને મલીન ઈરાદાવાળા અને પસંદગીની જાહેર માહિતી સાથે ચેડાં કરનાર ગણાવ્યા છે અને કહ્યું છે કે સેબીના ચેરપર્સન અથવા તેમના પતિ સાથે તેનો કોઈ વ્યવસાયિક સંબંધ નથી.

# આંધ્રમાં જગન વિરૂદ્ધ સીએમ નાયડુના ઘર્ષણમાં 'રૂા.૩.૬ કરોડના એગ પફ' બિલ સૌથી નવો ગરમાગરમ મુદ્દો

## પૂર્વ મુખ્યપ્રધાન જગન મોહન રેડ્ડીના કથિત ઉડાઉ ખર્ચને લઈને સોશિયલ મીડિયા પર આંધ્ર પ્રદેશની સત્તાધારી ટીડીપી અને વિપક્ષ YSRCP વચ્ચે ગરમાગરમી થઈ છે, ટીડીપીએ રેડ્ડીના મુખ્યપ્રધાન કાર્યાલય (સીએમઓ) પર પાંચ વર્ષમાં ઈંડા પફ પર ૩.૬૨ કરોડ રૂપિયા ખર્ચ કરવાનો આરોપ મૂક્યો છે, YSRCPએ આરોપોને ''બનાવટી સમાચાર'' તરીકે ફગાવી દેતા આ દાવાએ વિવાદ ઊભો કર્યો છે

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૧

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન જગન મોહન રેડ્ડીએ કરેલા કથિત ખર્ચને લઈને શાસક ટીડીપી અને વાયએસઆરસીપી વચ્ચે શબ્દોનું યુદ્ધ ફાટી નીકળ્યું છે. ટીડીપીએ આરોપ લગાવ્યો છે કે રેડ્ડીના કાર્યકાળ દરમિયાન મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ)એ છેલ્લા પાંચ વર્ષમાં ઈંડા પફ પર આશ્ચર્યજનક INR ૩.૬૨ કરોડનો ખર્ચ કર્યો હતો. YSRCP દ્વારા આરોપોને સખત રીતે નકારી કાઢવામાં આવ્યા છે અને કહ્યું છે કે તે ''બનાવટી સમાચાર'' છે.

આરોપ પરના મીડિયા અહેવાલ પર પ્રતિક્રિયા આપતા, ટીડીપીએ માઈક્રોબ્લોગિંગ સાઈટ ઠ પર પોસ્ટ કર્યું હતું અને આ નાસ્તા પર જગન રેડ્ડીના કથિત વાર્ષિક ખર્ચ પર ટીકા કરી હતી.

જો કે, YSRCP દ્વારા આ આરોપોને ''બનાવટી પ્રચાર'' ગણાવીને ફગાવી દેવામાં આવ્યા છે. વાયએસઆરસીપીના સમર્થકોએ તાજેતરના વિવાદને 'ફેક ન્યૂઝ' તરીકે ગણાવ્યો હતો અને અગાઉના કાર્યકાળમાં ટીડીપી સરકાર પર



ભ્રષ્ટાચારનો આક્ષેપ કર્યો હતો.

ટીડીપીએ ઝડપથી જવાબ આપતા વાયએસઆરસીપીના આરોપોને પાયાવિહોણા અને બનાવટી ગણાવ્યા. TDPની સોશિયલ મીડિયા વિંગે દાવાઓને નકારી કાઢવા માટે વિવિધ પ્લેટફોર્મનો સહારો લીધો અને YSRCP પર જગન મોહન રેડ્ડીના કથિત નાણાકીય ગેરવહીવટના વાસ્તવિક મુદ્દાથી ધ્યાન ભટકાવવા માટે નકલી સમાચાર ફેલાવવાનો આરોપ લગાવ્યો.

# વડાપ્રધાન મોદી બે દિવસની ઐતિહાસિક પોલેન્ડ મુલાકાત માટે વોર્સો પહોંચ્યા, વિધિપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની બે દિવસીય ઐતિહાસિક મુલાકાતે પોલેન્ડ પહોંચ્યા હતા

(એજન્સી) તા.૨૧

વોર્સો : વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગઈકાલે પોલેન્ડની રાજધાની વોર્સો તેમની બે દિવસીય સત્તાવાર મુલાકાતે પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૪૫ વર્ષમાં કોઈ ભારતીય વડાપ્રધાનની પોલેન્ડની આ પ્રથમ મુલાકાત છે. વડાપ્રધાન મોદીનું વોર્સો મિલિટરી એરપોર્ટ પર ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મુલાકાત એવા સમયે આવી છે જ્યારે નવી દિલ્હી અને વોર્સો ૨૦૨૪માં રાજદ્વારી સંબંધોની સ્થાપનાની ૭૦મી વર્ષગાંઠ નિમિત્તે છે. વોર્સો જતા પહેલા વડાપ્રધાને મોદીએ ટ્વિટ કર્યું હતું કે, 'વોર્સો માટે રવાના થઈ રહ્યા છીએ. પોલેન્ડની આ મુલાકાત ખાસ સમયે આવી રહી છે - જ્યારે અમે અમારા રાષ્ટ્રો વચ્ચેના રાજદ્વારી સંબંધોને ૭૦ વર્ષ ઉજવી રહ્યા છીએ, જે લોકશાહી અને બહુલતા પ્રત્યેની પ્રતિબદ્ધતા દ્વારા વધુ મજબૂત બનશે.'

પોલેન્ડ મુલાકાતના પ્રથમ દિવસે પીએમ મોદીનું શેડ્યૂલ :

વડાપ્રધાન ગઈ કાલે સવારે (IST) પોલેન્ડની બે દિવસીય મુલાકાતે ગયા હતા. બાદમાં સાંજે વડાપ્રધાન મોદી વોર્સો પહોંચ્યા જ્યાં તેમનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું.

નવાનગર સ્મારકના જામ સાહેબને પુષ્પાંજલિ અર્પણ મોન્ટે કેસિનો અને કોલ્હાપુર મેમોરિયલના યુદ્ધના સ્મારક પર પુષ્પાંજલિ આપશે. કોમ્યુનિટી ઈવેન્ટ, જેમા ભારતીય ડાયસ્પોરામાંથી લગભગ ૬૦૦ લોકો આ કાર્યક્રમમાં હાજરી આપશે. પોલેન્ડ પ્રવાસ દરમિયાન પીએમ મોદી પોલેન્ડના સમકક્ષ, રાષ્ટ્રપતિ સાથે બેઠક કરશે અને ભારતીય સમુદાય સાથે પણ પોલેન્ડ વચ્ચે લાંબા સમયથી સાંસ્કૃતિક સંબંધો છે, તેમજ યોગ અને આયુર્વેદ સહિત ભારતીય સંસ્કૃતિ અને નીતિઓ પ્રત્યે આદર છે. વોર્સોમાં, વડા પ્રધાન મોદીનું ઔપચારિક સ્વાગત કરવામાં આવશે. પીએમ ડોનાલ્ડ ટસ્ક સાથે વાતચીત





વાતચીત કરશે. એમઈએ સચિવ (પશ્ચિમ) તન્મય લાલે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડોનાલ્ડ ટસ્કના આમંત્રણ પર પોલેન્ડની સત્તાવાર મુલાકાત લીધી હતી. આ એક સીમાચિહ્નરૂપ મુલાકાત છે કારણ કે ભારતીય વડાપ્રધાન ૪૫ વર્ષ પછી પોલેન્ડની મુલાકાતે છે. આ મુલાકાત અમારા રાજદ્વારી સંબંધોની સ્થાપનાની ૭૦મી વર્ષગાંઠને પણ ચિહ્નિત કરીએ છીએ.' લાલે કહ્યું હતું કે, 'ભારત અને ઉપરાંત, મોદી રાષ્ટ્રપતિ આંદ્રેજ ડુડા સાથે પણ મુલાકાત કરશે, વડાપ્રધાન મોદી ભારતીય સમુદાય, બિઝનેસ લીડર્સ અને અગ્રણી એન્ડોલોજિસ્ટ્સ સાથે વાતચીત કરશે.' પોલેન્ડની મુલાકાત પછી, વડા પ્રધાન રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીના આમંત્રણ પર યુક્રેન જશે. ૧૯૯૨માં બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થાપિત થયા બાદ ભારતીય પીએમની યુક્રેનની આ પ્રથમ મુલાકાત હશે.

# બુધવારે ભારત બંધનું એલાન : બિહારના જહાનાબાદમાં પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ

## દલિત અને આદિવાસી સમુદાયોનું પ્રતિનિધિત્વ કરતા સંગઠનોએ ૨૧ ઓગસ્ટે 'ભારત બંધ'નું આહ્‌વાન કર્યું છે, આ સંગઠનોએ પછાત સમુદાયો માટે મજબૂત પ્રતિનિધિત્વ અને રક્ષણની તેમની માંગને લઈને બંધનું આહ્‌વાન કર્યું હતું

(એજન્સી) પટના, તા.૨૧

બિહારના જહાનાબાદમાં બુધવારે ભારત બંધના સમર્થકો અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ હતી. બંધના સમર્થકોએ જહાનાબાદના ઉંટામાં NH ૮૩ને બ્લોક કરી દીધો હતો. દરભંગા-દિલ્હી બિહાર સંપર્ક એક્સપ્રેસ ટ્રેનને બિહારના દરભંગા રેલવે સ્ટેશન પર ભારત બંધના વિરોધીઓએ રોકી હતી. દલિત અને આદિવાસી સમુદાયોનું પ્રતિનિધિત્વ કરતા સંગઠનોએ ૨૧ ઓગસ્ટે 'ભારત બંધ'નું આહ્‌વાન કર્યું છે. સંગઠનોએ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો માટે મજબૂત પ્રતિનિધિત્વ અને રક્ષણની તેમની માંગને લઈને બંધનું આહ્‌વાન કર્યું હતું. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, આરજેડીએ આ ભારત બંધને સમર્થન આપ્યું હતું.

રાષ્ટ્રીય જનતા દળે ભારત બંધને સમર્થન આપ્યું છે. આરજેડીના પ્રવક્તા ચિતરંજન ગગને મંગળવારે જણાવ્યું હતું કે, અમારી પાર્ટી બુધવારે ભારત બંધના એલાનને સંપૂર્ણ સમર્થન આપે છે. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે બુધવારના ભારત બંધને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે આ જાહેર ચળવળ બેલગામ સરકાર પર અંકુશ મૂકે છે. અનામત બચાવવા માટેનું જન આંદોલન એક સકારાત્મક પ્રયાસ છે. તે શોષિત અને વંચિતોમાં નવી ચેતના જગાડશે અને અનામત સાથે કોઈપણ પ્રકારની ચેડા સામે લોક શક્તિની ઢાલ સાબિત થશે. શાંતિપૂર્ણ આંદોલન



એ લોકશાહી અધિકાર છે. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરે પહેલેથી જ ચેતવણી આપી હતી કે બંધારણ ત્યારે જ કામ કરશે જો તેનો અમલ કરનારાઓના ઈરાદા સાચા હશે. સત્તામાં રહેલી સરકારો છેતરપિંડી અને કૌભાંડો દ્વારા બંધારણ અને તેના દ્વારા આપવામાં આવેલા અધિકારો સાથે છેડછાડ કરશે, ત્યારે જનતાને નુકસાન થશે. આવ જાહેર આંદોલનો નિરંકુશ સરકાર પર અંકુશ લગાવે છે.

# આ વ્યક્તિ એક સમયે વાળંદ હતો, હવે રોલ્સ રોયસ ઘોસ્ટ, મર્સિડીઝ મેબેક અને ભવ્ય કારનો માલિક છે, તેની કુલ સંપત્તિ ૧૨૦૦ કરોડ રૂપિયા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

યુએસ અને ચીન પછી તરત જ ભારત હાલમાં અબજોપતિઓની યાદીમાં ત્રીજા સ્થાને છે. ભારતના આ અબજોપતિઓ સમૃદ્ધ વ્યવસાયોનું સંચાલન કરે છે અને ભવ્ય ઘરો, મોંઘા ખાનગી વિમાનો, ભવ્ય જહાજોની માલિકી ધરાવે છે અને તેમાંથી એક અબજોપતિ જેણે વાળંદ તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી, વર્ષોથી ઘણા પ્રયત્નો કર્યા અને જીવનમાં સફળ થવાના પોતાના સંકલ્પમાં અડીખમ રહ્યો. છેલ્લા ત્રણ દાયકાઓમાં તેણે એક સમૃદ્ધ સામ્રાજ્ય બનાવ્યું છે અને હવે તે ૪૦૦થી વધુ વાહનોની માલિકી ધરાવે છે, જેમાં રોલ્સ રોયસ ઘોસ્ટ, મર્સિડીઝ મેબેક અને ઘણી જેમ કે જગુઆર, BMW, ઔડી, ફોર્ડ મસ્ટાંગ જીટી જેવા અત્યંત ભવ્ય વાહનોનો કાફલો છે. રમેશ બાબુની પ્રેરક વાર્તા, દેશના અબજોપતિ કે જેમની પાસે સૌથી વધુ કાર છે, તે આ લેખનો મુખ્ય વિષય છે. બેંગ્લુરૂમાં ભારતીય અબજોપતિ એક સમૃદ્ધ કાર ભાડે આપતી કંપની ચલાવે છે. ૧૯૯૩માં તેણે મારૂતિ ઓમ્ની ખરીદી અને વધારાની રોકડ ઊભી કરવા માટે તેને ભાડે આપવાનું શરૂ કર્યું. આ કંપનીની શરૂઆત હતી. હાલમાં તેની પાસે બહુવિધ હાઈ-એન્ડ કાર છે અને તેમના ગ્રાહકોમાં અમિતાભ બચ્ચન અને



સચિન તેંડુલકર જેવી હસ્તીઓનો સમાવેશ થાય છે.

તેમના પરિવારને મદદ કરવા માટે ૧૩ વર્ષના રમેશ બાબુએ અખબારો પહોંચાડવા અને દૂધની સપ્લાય સહિત અનેક નોકરીઓ કરવાનું શરૂ કર્યું. પોતાના અભ્યાસ પર ધ્યાન રાખતી વખતે તેણે તેના પિતાના સલૂનનું નિયંત્રણ પણ સંભાળ્યું. રમેશ બાબુ રોજના લગભગ સોળ કલાક કામમાં લગાવતો હતો, જેમાં મોડી રાત્રે તેમના પિતાની દુકાનની સંભાળ અને સવારે લેક્ચરમાં હાજરી આપવાનો સમાવેશ થતો હતો. તેણે આર્થિક રીતે સંઘર્ષ કર્યો, પરંતુ તેણે તેનો ઈલેક્ટ્રોનિક્સ ડિપ્લોમા પૂર્ણ કર્યો.

તેના કાકાની મદદથી રમેશ બાબુએ તેમના પિતાના સલૂનની દેખરેખના વર્ષો પછી તેમની બચતનો ઉપયોગ મારૂતિ ઓમ્ની ખરીદવા માટે કર્યો. તેણે કાર ભાડે આપીને વધારાના પૈસા કમાવ્યા. તેણે તેના ભાડાની કારના કાફલામાં વધુ કાર ઉમેરી કારણ કે, તેનો રોકડ પ્રવાહ સુધર્યો છે. તે પહેલાં તો પોતે જ કાર ચલાવતો હતો, પરંતુ જેમ-જેમ ધંધો વિસ્તરતો ગયો તેમ-તેમ તેણે વધુ ડ્રાઈવરો રાખ્યા.

લગભગ ૩૮ લાખ રૂપિયામાં રમેશ બાબુએ ૨૦૦૪માં તેમની પ્રથમ ભવ્ય કાર, મર્સિડીઝ-બેન્ઝ ઈ-ક્લાસ સેડાન ખરીદી. મર્સિડીઝ મેબેકની કિંમત ૩ કરોડ રૂપિયાથી વધુ અને રોલ્સ રોયસ ઘોસ્ટની કિંમત આશરે ૩ કરોડ રૂપિયા છે. ન્યુઝ ૧૮ અનુસાર માર્ચ ૨૦૨૪માં તેણે તેના વ્યાપક સંગ્રહમાં ત્રણ તદ્દન નવી મર્સિડીઝ-બેન્ઝ ઈ-ક્લાસ સેડાન ઉમેર્યા.

અહેવાલમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, તે તેની કંપની રમેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો ઉપયોગ જાણીતા લોકો અને સેલિબ્રિટીઓને આ કાર ભાડે આપવા માટે કરે છે. ઝી ન્યુઝ અહેવાલ આપે છે કે, ભવ્ય લક્ઝરી વાહનો ઉપરાંત રમેશ બાબુના સંગ્રહમાં પોસાય તેવી કાર, વાન, મિનિબસ અને કેટલાક ક્લાસિક મોડલનો પણ સમાવેશ થાય છે. અહેવાલો મુજબ રમેશ બાબુની અંદાજિત કુલ સંપત્તિ આશરે ૧૨૦૦ કરોડ રૂપિયા છે.

# પેટ્રિશિયા નારાયણ જેણે અપમાનજનક લગ્ન છોડી દીધા, ૫૦ પૈસામાં કાર્ટ પર ચા વેચી, હવે ૧૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ છે, રોજના બે લાખ રૂપિયા કમાય છે

(એજન્સી તા.૨૧

સ્વ-નિર્મિત મહિલાઓ સૌથી પ્રેરણાદાયી લોકો છે કારણ કે, તેઓએ ઘણા અવરોધોને દૂર કર્યા છે તેમ છતાં જીવનમાં મહાન સફળતા પ્રાપ્ત કરવા માટે નિશ્ચય અને સખત મહેનત દર્શાવી છે આવી જ એક પ્રેરણાદાયી સફળતાની વાર્તા પેટ્રિશિયા નારાયણની છે, જેમણે સફળ વ્યવસાય બનાવવા માટે નિષ્ફળ લગ્નને વટાવી દીધા. સામ્રાજ્ય તે એક સ્વ-નિર્મિત ઉદ્યોગપતિ છે અને ચેન્નાઈમાં એક પરંપરાગત ખ્રિસ્તી પરિવારમાં જન્મેલી, પેટ્રિશિયા માત્ર ૧૭ વર્ષની હતી જ્યારે તેણીના લગ્ન નારાયણ નામના એક હિન્દુ બ્રાહ્મણ સાથે થયા હતા. થોડા મહિના પછી તેને ખબર પડી કે તેનો પતિ ડ્રગ્સનું સેવન કરે છે. લગ્નના એક વર્ષ પછી તેણે તેના બે બાળકો સાથે ઘર છોડવાનું નક્કી કર્યું. તે તેના પિતાના ઘરે પાછી આવી અને તેણે તેનો સ્વીકાર કર્યો. પેટ્રિશિયા પાછળથી ઘરની બહાર નીકળી ગઈ અને સ્વતંત્ર બની ગઈ.



પેટ્રિશિયાને રસોઈ બનાવવામાં ખૂબ જ રસ હતો, તેથી તેણે તેને પોતાની કારકિર્દી બનાવવાનું નક્કી કર્યું. તેની માતા પાસેથી નાણાકીય લોન લીધા પછી તેણે ઘરે અથાણું અને જામ રાંધ્યું. તેણે એક જ દિવસમાં બધું વેચી દીધું.

તેના વ્યવસાયને વિસ્તારવા માટે પેટ્રિશિયાએ ચેન્નાઈના સૌથી વ્યસ્ત જાહેર સ્થળોમાંના એક મરિના બીચ પાસે એક સ્ટોલ શરૂ કર્યો. શરૂઆતના દિવસોમાં તેણે એક કપ કોફી ૫૦ પૈસામાં વેચી. ત્યારબાદ તેણે તેના કિઓસ્કનું વિસ્તરણ કર્યું અને નાસ્તા, તાજા રસ, કોફી અને ચા વેચવા માટે બે અપંગ કર્મચારીઓને રાખ્યા. તેનું વેચાણ વધીને રૂા.૭૦૦ થયું. ૧૯૮૨થી ૨૦૦૩ સુધી તેણે કામ કરવાનું ચાલુ રાખ્યું અને તેના પરિવારનું ભરણપોષણ કરવા માટે પૂરતી કમાણી કરી.

એકવાર સ્લમ ક્લિયરિંગ બોર્ડના ચેરમેન તેમના ભોજનથી પ્રભાવિત થયા અને તેમને તેમની ઓફિસમાં કેન્ટીન શરૂ કરવા આમંત્રણ આપ્યું. આ પછી તેણે ચેન્નાઈની દરેક ઓફિસમાં નવી શાખાઓ ખોલી. ૧૯૯૮માં તે સંગીતા રેસ્ટોરન્ટ બિઝનેસમાં ભાગીદાર બની હતી.

૨૦૦૬માં પેટ્રિશિયા અને તેના પુત્રએ તેમની પ્રથમ રેસ્ટોરન્ટ સેન્ડિફાની સ્થાપના કરી, જે તેમની પુત્રીનું કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. ૧૪ સ્થાનો અને ૨૦૦થી વધુ કર્મચારીઓ સાથે સેન્ડિફા રેસ્ટોરન્ટની સાંકળ આજે સમૃદ્ધ છે.

તે દૈનિક રૂા.૨ લાખથી વધુની આવક પેદા કરે છે અને પેટ્રિશિયા નારાયણની કુલ સંપત્તિ રૂા.૧૦૦ કરોડની આસપાસ પહોંચી ગઈ છે.

### સુરત નવી સિવિલના તબીબોની ઉત્કૃષ્ટ કામગીરી

# કેન્સરથી બંધ થઈ ગયેલ દર્દીના મ્હોંને ૭ કલાકની જટિલ સર્જરી બાદ ખુલ્લું કર્યું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે વધુ એક કેન્સરના દર્દીની સફળ સર્જરી કરવામાં આવી છે. નવી સિવિલના કેન્સર અને પ્લાસ્ટિક સર્જરી વિભાગના નિષ્ણાંત તબીબોએ ઉત્તરપ્રદેશના વતની મુખના કેન્સરથી પીડિત ૪૪ વર્ષીય દર્દીની મોંની ૬ કલાકની જટિલ સફળ પ્લાસ્ટિક સર્જરી કરી તદ્દન બંધ થઈ ગયેલા મોંને ફરી ખૂલતું કર્યું છે. સિવિલના પ્લાસ્ટિક સર્જન ડૉ. નિશા કાલરાએ જણાવ્યું કે, ગત એપ્રિલ માસથી મોંના કેન્સરથી પીડાતા ઉત્તરપ્રદેશના ૪૪ વર્ષીય દર્દી સિવિલના લાયન્સ કેન્સર ડિટેકશન સેન્ટરમાં રેડિયેશન લઈ રહ્યા હતા. કેન્સરના કારણે મોઢું ખૂલતું તદ્દન બંધ થઈ ગયું હતું. જેથી તેઓ માત્ર પ્રવાહી ડાયેટ લઈ શકતા હતા. તેમજ કેન્સર મોંઢાથી જડબા સુધી પ્રસરી ગયું હોવાથી સર્જરીની શક્યતા ન જણાતા કેટલાક તબીબોએ સર્જરીની ના પાડી દીધી હતી. ડૉ. નિશા કાલરાએ વધુમાં કહ્યું કે, સિવિલમાં જ કામ કરતાં દર્દીના સગાએ નવી સિવિલમાં થતાં કેન્સર તેમજ પ્લાસ્ટિક સર્જરીના જટિલ ઓપરેશન વિષે દર્દીને જાણ કરી હતી. જેથી તેઓ સારવાર અર્થે સિવિલમાં ચેક અપ માટે આવ્યા હતા. કેન્સર વિભાગના ઓંક્રો સર્જન ડૉ.સોહમ પટેલ અને તેમની ટીમ તેમજ પ્લાસ્ટિક સર્જરી વિભાગમાંથી મેં અને મારી ટીમે તેમના કેસને યોગ્ય રીતે સમજી તા.૨૯ જુલાઈએ ઓપરેશન કરવાનું નક્કી કર્યું અને સતત ૬ કલાકની જટિલ સર્જરી દ્વારા ડૉ. સોહમ અને ટીમે દર્દીના ગાલ, જડબા અને ગળા સુધી પ્રસરેલી કેન્સરની ગાંઠને દૂર કરી હતી. ત્યારબાદ પ્લાસ્ટિક સર્જરી માટે મેં અને મારી ટીમે તેમના પગમાંથી જાડી ચામડીને ધમની રક્તવાહિનીઓ મોઢાના ભાગે પુનઃ પ્રસ્થાપિત કરી હતી. ઓપરેશન બાદ ૨ દિવસ આઈ.સી.યુ અને પાંચ દિવસ જનરલ વોર્ડમાં સારવાર આપ્યા બાદ દર્દીનું મોઢું દોઢ આંગળી જેટલું ખુલતું થયું હતું. જેથી તેઓ પ્રવાહીની જગ્યાએ ઢીલો ખોરાક ખાતા થયા હતા. ઓપરેશન બાદ દર્દીનો રિપોર્ટ કરાવતા તેઓ કેન્સર ફ્રી જણાયાં હતા. જેથી સફળ સારવાર બાદ દર્દીને રજા આપવામાં આવી હતી. હાલ તેઓ માત્ર રેડિયેશન લઈ રહ્યા છે, અને ખોરાક લેવાતો હોવાથી સ્વસ્થ અનુભવે છે. આર્થિક રીતે નબળા પરિવારમાંથી આવતા આ દર્દીનું પ્રાઈવેટ હોસ્પિટલમાં ૧.૫૦ લાખના ખર્ચે થનારૂ ઓપરેશન નવી સિવિલ હોસ્પિટલમાં નિઃશુલ્ક થતાં તેઓ આર્થિક ચિંતામાંથી મુક્ત થયા હતા. નવી સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ.ધારિત્રી પરમારના માર્ગદર્શન હેઠળ આ ઓપરેશનને સફળ બનાવવામાં એનેસ્થેટિસ્ટ ડૉ.નિતા કવિશ્વર, આસિ. ડૉ.સમર્થ જૈન અને નર્સિંગ સ્ટાફ સહિતની કેન્સર અને પ્લાસ્ટિક સર્જરી વિભાગની સમગ્ર ટીમે મહત્વનું યોગદાન આપ્યું હતું.

### સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લા પાસે યોજાયેલ પરેડમાં

# રાજ્યમાં પસંદ થયેલ બે વિદ્યાર્થિની પૈકી એક ઝોહા માધવાણી ડભોઈની

### બંને વિદ્યાર્થિનીઓ અટલ ઈનોવેશન મિશન પ્રોજેક્ટ હેઠળ રાષ્ટ્રીય કક્ષાએ ચોથા નંબરે આવ્યા હતા



ડભોઈ, તા.૨૧

૭૮ના સ્વતંત્ર્ય દિવસ નિમિત્તે દિલ્હી ખાતે લાલ કિલ્લા પર પરેડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતમાંથી વિવિધ ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ પોતાનું પ્રદાન આપનાર ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું એમાં ગુજરાતમાંથી બે વિદ્યાર્થિની સુરતમાંથી પસંદ થઇ હતી જેમાંની એક ઝોહા માધવાણી અને બીજી અવિરા ખેની પસંદ થઇ હતી આ બંને વિદ્યાર્થિનીઓ અટલ ઈનોવેશન મિશન પ્રોજેક્ટ હેઠળ જે રાષ્ટ્રીય કક્ષાએ ચોથા નંબરે આવ્યા હતા. દિલ્હી ખાતે ત્રણ દિવસના પ્રોગ્રામમાં વૈજ્ઞાનિકો વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો તથા મંત્રીઓ સાથે મુલાકાત થઇ હતી. ગુજરાતમાંથી પસંદ થયેલ બે વિદ્યાર્થિનીઓ પૈકી ઝોહા માધવાણી ડભોઇ ખાતે નોબલ ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂટના પ્રમુખએ એ માધવાણીની દીકરી છે જે અનેક પ્રોજેક્ટમાં રાજ્યકક્ષાએ ભાગલીધેલ છે.

### મર્હૂમ અહેમદ પટેલની જન્મજયંતી નિમિત્તે

# અંકલેશ્વરની સરદાર પટેલ હોસ્પિટલ ખાતે ત્રિદિવસીય મેડિકલ કેમ્પનો પ્રારંભ : અનેક દર્દીઓએ લાભ લીધો

### મર્હૂમ અહેમદ પટેલની સુપુત્રી મુમતાઝ પટેલની ઉપસ્થિતિમાં મેડિકલ કેમ્પનો પ્રારંભ



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વરની સરદાર પટેલ હોસ્પિટલ ખાતે મર્હૂમ અહેમદ પટેલની જન્મજયંતી નિમિત્તે ત્રણ દિવસીય મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મર્હૂમ અહેમદ પટેલની સુપુત્રી મુમતાઝબેન પટેલની ઉપસ્થિતિમાં આજથી ૨૩ ઓગષ્ટ સુધી ચાલનારા મેડિકલ કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મર્હૂમ અહેમદ પટેલની ૭૫મી જન્મજયંતી નિમિત્તે અંકલેશ્વરની સરદાર પટેલ હોસ્પિટલ અને હાર્ટ ઈન્સ્ટિટ્યુટ ખાતે તારીખ ૨૧ ઓગષ્ટથી ૨૩ ઓગસ્ટ સુધી એક વિશેષ ત્રણ દિવસીય મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મર્હૂમ અહેમદ પટેલની સુપુત્રી મુમતાઝબેન પટેલની ઉપસ્થિતિમાં આજથી મેડિકલ કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં કાર્ડિયોલોજી, યુરોસર્જરી, જનરલ મેડિસિન, સ્પાઇન સર્જરી, ગાયનેકોલોજી, ન્યુરોસર્જરી, ન્યુરોલોજી, ઓર્થોપેડિક અને જોઇન્ટ રિપ્લેસમેન્ટ, ત્વચારોગ વિજ્ઞાન, બાળરોગ, મનોચિકિત્સા,જનરલ સર્જરી, ફિઝિયોથેરાપ. સહિત વિવિધ વિશેષતાઓમાં મફત ઓપીડી પરામર્શ ઓફર કરવામાં આવી હતી. વધુમાં, હોસ્પિટલ દ્વારા પ્રથમ ૭૫ સર્જરીઓ માટે સર્જનનો ચાર્જ અને હોસ્પિટલનો ચાર્જ લેવામાં આવશે નહીં, તે સિવાય ૭૫ મોતિયાની સર્જરી એચ એમ પી ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે કરવામાં આવશે તેમજ રેડિયોલોજી અને પેથોલોજી સેવાઓ પર ૫૦ ટકા ડિસ્કાઉન્ટની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ પ્રસંગે જયેશ પટેલ, ચંદ્રેશ શાહ, વસીમ રાજા, સરદાર હોસ્પિટલ ટ્રસ્ટી, આગેવાનો અને હોસ્પિટલ ના વિવિધ રોગોના નિષ્ણાત તબીબો ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ દિવસે ૩૫૦થી વધુ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. આ પ્રસંગે મર્હૂમ અહેમદ પટેલના સુપુત્રી મુમતાઝબેન પટેલે અંકલેશ્વર-ભરૂચમાં કાર્ડિયોલોજિસ્ટ હોસ્પિટલ શરૂ કરવાનો વિચાર પોતાના પિતાને કેમ આવ્યો તે અંગે વર્ણન જણાવ્યું હતું કે મારા દાદા મર્હૂમ મોહમ્મદ ઈસાકજી પટેલને જે તે સમયે હાર્ટ-એટેકનો હુમલો થતાં અંકલેશ્વર–ભરૂચ ખાતે કાર્ડિઓલોજિસ્ટ હોસ્પિટલની સુવિધા ના હોવાથી વડોદરા લઈ જતાં જતાં તેઓનું દુઃખદ અવસાન થયું હતું જેને લઈ મર્હૂમ અહેમદભાઈ પટેલે ભરૂચ–અંકલેશ્વર ખાતે એક સારી મલ્ટિસ્પેશિયાલિટી કાર્ડિયોલોજિસ્ટ હોસ્પિટલ શરૂ કરવાનું વિચાર આવ્યો હતો અને સ્થાનિક લોકોને સારવાર માટે વડોદરા, સુરત યા અમદાવાદ સુધી જવું ના પડે અને પોતાના શહેરમાં જ સારી સુવિધા સાથે સારવાર મળે તે માટે એમનું સ્વપ્ન સાકાર કર્યું હતું.

### સફાઈ કામગીરી બાબતે પાલિકા નિષ્ફળ સાબિત થઈ

# ડીસામાં ખદબદતી ગંદકીથી રોગચાળો ફેલાવાની ભીતિ

ડીસા, તા.૨૧

ડીસા નગરપાલિકા દ્વારા ડોર ટુ ડોર કચરો એકઠો કરવાની યોજના સહિત અન્ય સફાઈ કામદારો રોકી ડીસા શહેરને ચોખ્ખું રાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેમાં પાલિકા દ્વારા પણ ડોર ટુ ડોર કચરો એકઠો કરવા કમ્પનીને વાર્ષિક ત્રણ કરોડ જેટલી માતબર રકમ પણ ફાળવવામાં આવે છે તેમ છતાં પણ ડીસામાં ઠેર ઠેર જગ્યાએ કચરાના ઢગ ખડકાઈ ચૂક્યા છે.શહેરમાં ચોમાસાની સિઝનમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે જોકે પાલિકા દ્વારા સફાઈ કરવામાં બેદરકારી દાખવવામાં આવતી હોવાની પણ બૂમો ડીસા વાસીઓમાં ઉઠવા પામી છે. જોકે હાલમાં કોલેરા, તાવ, ડેન્ગ્યુ જેવી બિમારીઓએ માથું ઉંચક્યું હોવા છતાં પણ સફાઈ બાબતે પાલિકા દ્વારા બેદરકારી દાખવવામાં આવતા લોકોમાં પણ રોષ વ્યાપી જવા પામ્યો છે. આ બાબતે પાલિકા સેનિટેશન વિભાગનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું અગાઉ નવા કરાર માટે ટેન્ડરિંગ કરવામાં આવ્યું હતું પરંતુ જે તે સમયે કોઈ અન્ય કોન્ટ્રાકર દ્વારા ટેન્ડર ભરી બાદમાં કામના રાખતા ડોર ટુ ડોરનો કોન્ટ્રાકટ જૂની કંપનીને ચાલુ રાખવામાં આવ્યો છે અને આગામી એક માસમાં આ કોન્ટ્રાકટ માટે નવું ટેન્ડરિંગ કરવામાં આવશે.જોકે હાલમાં ડીસાના સફાઈ કામમાં ડોર ટુ ડોર અને પાલિકા સેનિટેશન શાખા દ્વારા અનેક વાહનો પણ ફાળવાયા છે તેમ ઉમેર્યું હતું પરંતુ પાલિકા દ્વારા સમગ્ર શહેરમાં સફાઈ નિયમિતના થતા મોટા ભાગના વિસ્તારમાં સફાઈના અભાવે ગંદકીના ઢગ ખડકાયા છે. ચાલુ રાખવામાં આવ્યો છે અને આગામી એક માસમાં આ કોન્ટ્રાકટ માટે નવું ટેન્ડરિંગ કરવામાં આવશે.જોકે હાલમાં ડીસાના સફાઈ કામમાં ડોર ટુ ડોર અને પાલિકા સેનિટેશન શાખા દ્વારા અનેક વાહનો પણ ફાળવાયા છે તેમ ઉમેર્યું હતું પરંતુ પાલિકા દ્વારા સમગ્ર શહેરમાં સફાઈ નિયમિત ના થતા મોટા ભાગના વિસ્તારમાં સફાઈના અભાવે ગંદકીના ઢગ ખડકાયા છે.

# ખેડા જિલ્લામાં આવેલી વિવિધ કોર્ટમાં ૧૪મી સપ્ટેમ્બરે નેશનલ લોક અદાલત યોજાશે

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૧

આગામી તા.૧૪/૦૯/૨૦૨૪ શનિવારના રોજ જિલ્લા ન્યાયાલય, નડિયાદ મુકામે આવેલ કોર્ટ સહિત ખેડા જિલ્લાના તમામ તાલુકા મથકે કાર્યરત તાલુકા કોર્ટ ખાતે નેશનલ લોક અદાલત યોજાશે. આ નેશનલ લોક અદાલતમાં મોટર વાહન અકસ્માત વળતરના કેસો, સમાધાનલાયક ફોજદારી કેસો, દીવાની દાવાઓ, કામદારના વળતરનાં કેસો, જમીન સંપાદન વળતરનાં કેસો, ગ્રાહક સેવા તકરારની બાબતોના કેસો, વીજ કંપનીના કેસો, મોબાઈલ કંપની સાથે વિવાદના કેસો, મની સ્યુટ, બેંકના લેણા કેસો, દરખાસ્તના કેસો, NI ACT ૧૩૮(નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮નાં ચેક રિટર્નના કેસો), લગ્ન સંબંધિત છૂટાછેડા, ખાધા-ખોરાકીને લગતા કેસો તથા બેંકના લોન (એન.પી.એ.) ખાતાઓની રિકવરી માટેનાં પ્રીલીટીગેશન કેસો સહિતના તમામ એવા કેસો કે જેમાં સમાધાન રાહે કેસોનો નિકાલ કરી શકાય તેવા કેસો હાથ ધરવામાં આવશે. કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય નડિયાદના ફુલ ટાઈમ સેક્રેટરી. ડી બી. જોષીએ જણાવ્યું હતું કે આ લોક અદાલતમાં ભાગ લેવા માંગતા હોય તેઓએ તેમની સંપૂર્ણ વિગતો સાથે જિલ્લા કક્ષાએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય નડિયાદ ખાતે તથા તાલુકા કક્ષાએ જે તે સંબંધિત કોર્ટનો સંપર્ક કરવા અપીલ છે.

### અગરિયા આગેવાનોએ મીટિંગમાં પોતાની વ્યથા ઠાલવી

# સરકાર અગરિયાઓની સાથે છે એવી સાંસદ અને ધારાસભ્યની હૈયાધારણ

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૧



સુરેન્દ્રનગર સાંસદ, દસાડા ધારાસભ્ય અને ધ્રાંગધ્રા ધારાસભ્ય સાથે અગરિયા આગેવાનોએ૧ મેરોથોન મિટિંગ યોજી પોતાની વ્યથા ઠાલવી હતી. જેમાં એકપણ અગરીયાને રણમાં મીઠું પકવવા જતા રોકવામાં નહીં આવે અને સરકાર મીઠું પકવતા અગારિયાની સાથે છે એવી હૈયાધારણા આપવામાં આવી હતી. સુરેન્દ્રનગર સાંસદ ચંદુભાઈ શિહોરા, દસાડા ધારાસભ્ય પી.કે.પરમાર અને ધ્રાંગધ્રા ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા સાથે અગરિયાઓ આગેવાનોએ મેરોથોન મિટિંગ યોજી પોતાની વ્યથા ઠાલવી હતી. જેમાં મીઠું પકવતા અગરિયાઓને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સાંસદ ચંદુભાઈ શિહોરા, દસાડા ધારાસભ્ય પી.કે.પરમાર અને ધ્રાંગધ્રા ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરાએ સરકાર મીઠું પકવતા અગારિયાની સાથે છે. માટે જ્યાં સુધી સરકારમાંથી અગરિયાના હકનો કાયમી પ્રશ્નનો હલ ના આવે ત્યાં સુધી રણમાં જઈને મીઠુ પકવીને ગુજરાન ચલાવતા અને રોજગારી મેળવતા અગરિયા ભાઈઓને રણમાં મીઠુ પકવવા જતા રોકવામાં આવશે નહી. સર્વે એન્ડ સેટલમેન્ટમાં રહી ગયેલા પેઢી દર પેઢીથી રણમાં જઈને મીઠુ પકવતા અને ગુજરાન ચલાવતા તમામ સાચા અગરિયાનું સર્વે કરી ફાઈલ તૈયાર કરી સરકારના તમામ વિભાગોમાં મોકલી એટલે કે, ગાંધીનગર મંજૂરી માટે અને ત્યારબાદ કેન્દ્ર સરકારમાં મંજૂરી માટે મોકલી સાચા અગરિયાભાઈઓના હક માટેના આ પ્રશ્નનો કાયમી નિરાકરણ આવે તે માટે ચોક્કસ આયોજન કરવામાં આવશે અને આ કામ માટે સરકારના તમામ હોદ્દા પર રહેલા રાજકીય આગેવાનો પુરે પૂરો સહકાર આપશે એવી ખાત્રી આપી હતી અને જો જરૂર પડશે તો કચ્છના નાના રણના અગરીયા આગેવાનો સુરેન્દ્રનગરના સાંસદ ચંદુભાઈ શિહોરાને લઈને દિલ્હી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળીને પણ રજૂઆત કરવામાં આવશે.

### પર્યાવરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ

# વીએસએસએમના કાર્યકર તોહિદ શેખનું સ્વાતંત્ર્ય દિને મંત્રી ડીંડોરની હાજરીમાં સન્માન કરાયું



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

હિંમતનગર, તા.૨૧

vssm સંસ્થા વતી સાબરકાઠા જિલ્લાના અલગ અલગ તાલુકાના ગામડામાં વૃક્ષારોપણ કરી જેમાં ૩ વર્ષની જવાબદારી સાથે તાર ફેન્સીંગ.ડ્રીપ..રોપા લાવવા રોપા વાવવા અને દવા ખાતર સાથે વૃક્ષારોપણ કરેલ છે અને એક કેર ટેકર રાખીને દર મહીને રોપા દિઠ પગાર આપીને ૩ વર્ષ માટે નિમણૂક કરી છે. ગયા વર્ષે ૨૦૮૦૦ રોપા વાવ્યા છે અને ૩ વર્ષની જવાબદારી સાથે ઉછેર કરીયે છીએ જે બદલ VSSMના કાર્યકર તોહિદભાઈ શેખને ૧૫મી ઓગષ્ટ ૨૦૨૪ ના રોજ સા.કાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા વહીવટી તંત્ર, સાબરકાઠાં દ્વારા ગુજરાત સરકારના મંત્રી કુબેરભાઈ ડીંડોર, ધારાસભ્યો ગજેન્દ્રસિંહ પરમાર, વી.ડી.ઝાલા, રમણલાલ વોરા તેમજ SK. SP વિજયભાઈ પટેલની ઉપસ્થિતિમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી નિમિતે પર્યાવરણની ઉત્કુષ્ટ કામગીરી બદલ સન્માનપત્ર એનાયત કરવમાં આવ્યુ.

### દેશમાં એસસી-એસટી અનામતમાં ક્રિમિલેયર લાગુ કરવા સુપ્રીમના ચુકાદાના વિરોધમાં

# ખેડા જિલ્લામાં સમસ્ત અનુસૂચિત સમાજ દ્વારા નડિયાદ જિલ્લા કલેક્ટરને આવેદન

### એસસી-એસટી કેટેગરીમાં વર્ગીકરણ બાબતે સુપ્રીમના ચુકાદાને નિરસ્ત કરવા માંગ કરવામાં આવી

નડિયાદ, તા.૨૧



એસીસી-એસટી કેટેગરીના અનામતના લાભોમાં રાજ્ય સરકારને વર્ગીકરણની અનુમતિ આપતો ચૂકાદો સુપ્રીમ કોર્ટે તાજેતરમાં જ આપ્યો છે જેના પગલે એસસી એસટી કેટેગરીના લોકોમાં ભારે નારાજગી જોવા મળે છે. આ બાબતે સુપ્રીમના ચૂકાદાને નિરસ્ત કરી SC, STની અનામત વ્યવસ્થા પૂર્વવત ચાલુ રાખવા માંગ સાથે આજે ખેડા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. દેશભરમાં નેશનલ કોન્ફેડરેશન ઓફ દલિત એન્ડ ટ્રાઈબલ ઓર્ગેનાઈઝેશન (NACDAOR)ના નેતૃત્વમાં વિરોધ પ્રદર્શનો કરાઈ રહ્યા છે. ભારત બંધના એલાનમાં ગુજરાતના કેટલાક જિલ્લાઓ પણ સામેલ થયા છે. ત્યારે ખેડા જિલ્લામાં સમસ્ત અનુસુચિત સમાજ દ્વારા નડિયાદ કલેકટર કચેરીમાં આ મામલે આવેદનપત્ર આપવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિને સંબોધીને નડિયાદ કલેકટર કચેરીમાં અપાયેલા આવેદનપત્રમાં જણાવાયું છે કે, દેશની સર્વોચ્ચ અદાલત દ્વારા પહેલી ઓગસ્ટના રોજ પંજાબ સરકાર/રાજ્ય સરકારના સંદર્ભમાં આવેલ ચુકાદામાં રાજ્યોને SC, ST કેટેગરીના અનામતના લાભોમાં રાજ્ય સરકારને વર્ગીકરણની અનુમતિ આપતો ચૂકાદો આવેલ છે. આ ચુકાદાથી SC, ST કેટેગરીની જાતિઓમાં આર્થિક માપદંડ દાખલ કરી તેમની કેટેગરી બનાવવા અને તે પ્રમાણે/આર્થિક ધોરણે અનામત લાગુ કરવા રાજ્યોને જે પાવર આપવામાં આવ્યા છે તે બંધારણીય બેંચ દ્વારા SC, ST કેટેગરીને મળતી અનામતના માપદંડમાં ફેરફાર કરવા સમાન છે. આવેદનપત્રમાં વધુમાં જણાવ્યું છે કે અમારી માંગણી છે કે, SC, ST અનામત કેટેગંરી ક્ષેત્રમાં ઉપકોટા કરવા રાજ્યોને સત્તા આપતો ૧/૮/૨૦૨૪નો સુપ્રિમકોર્ટની સાત જજોની બેચનો ચૂકાદો નિરસ્ત કરવામાં આવે અને અગાઉની પાંચ જજોની બેંચના આ બાબતના ચૂકાદાને બહાલ કરવામાં આવે. SC, ST કેટેગરીમાં અનામતનો લાભ મેળવવા અસમર્થ રહેલી જાતિઓ કે જે ગરીબ રહી ગઇ છે. તેને અલગથી EWS જેવી સગવડ જનરલ કોટામાંથી આપવામાં આવે. SC, ST કેટેગરીની ગરીબ જ્ઞાતિઓ માટે સ્પેશ્યલ ફંડની અલાયદી વ્યવસ્થા કરી તેમના ઉત્થાન માટે બજેટમાં ખાસ જોગવાઈ કરવામાં આવે. SC ST ક્યોનન્ટ પ્લાનને કાનુની સ્વરૂપ આપવામાં આવે, રિઝર્વેશન એકટ બનાવવામાં આવે. રિઝર્વેશન ઈન પ્રમોશનનો કાયદો બનાવી તેની અમલવારીનું માળખુ તૈયાર કરવામાં આવે, જુની રોસ્ટર સિસ્ટમ દાખલ તાત્કાલીક ખબરથી અમલ કરવામાં આવે, સરકારી, અર્ધસરકારી જાહેર સાહસોનું ખાનગીકરણ/વેચાણ બંધ કરવામાં આવે, શિક્ષણ અને સરકારી સેવાનું ખાનગીકરણ બંધ કરવામાં આવે. પ્રાઈવેટ સેકટરમાં અનામત દાખલ કરવામાં આવે તે માટે સંસદમાં કાનુની પારિત કરવામાં આવે, હાઈકોર્ટ-સુપ્રિમકોર્ટમાં ભરતી પ્રક્રિયા જાહેર પરિક્ષા દ્વારા મેરીટથી કરવામાં આવે, કોલેજીયમ સિસ્ટમ નાબુદ કરવામાં આવે, ન્યાય વ્યવસ્થામાં પ્રતિનિધિત્વની ફરજીયાત જોગવાઈ કરવામાં આવે, લેટરલ એન્ટ્રી સિસ્ટમ ગેર બંધારણીય છે જેને નાબુદ કરવામાં આવે તેવી માંગણી કરી છે. 'સંવિધાન બચાવો દેશ બચાવો' સહિતના નારા સાથે કલેકટર કચેરીમાં અધિક ચીટનીશને આવેદનપત્ર આપી રજૂઆત કરી છે.

# આણંદ તાલુકા પંચાયત ખાતે રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૧

દેશનાં દિવંગત વડાપ્રધાન રાજીવ ગાંધીની ૮૦મી જન્મજયંતિ નિમિત્તે આણંદ જિલ્લા કોંગ્રેસ દ્વારા તાલુકા પંચાયત કચેરીનાં રાજીવ ગાંધી સભાગૃહમાં રાજીવ ગાંધીની પ્રતિમા પર પુષ્પાંજલી અર્પણ કરી દેશનાં ૨૧મી સદીનાં વિકાસમાં આપેલા યોગદાનને યાદ કર્યું હતું. આ પ્રસંગે ખેડા જિલ્લા મધ્યસ્થ બેંકનાં ડીરેક્ટર મહેન્દ્રસિંહ પરમાર, જિલ્લા કોંગ્રેસનાં ઉપપ્રમુખ મહેશ સોલંકી, ગામડીનાં ડેપ્યુટી સરપંચ ઈસ્માઈલભાઈ વ્હોરા, કાઉન્સિલર સલિમશા દિવાન સહિત અગ્રણીઓએ રાજીવ ગાંધીની પ્રતિમા પર પુષ્પાંજલી અર્પણ કરી હતી.

### જૂનાગઢના ખાડિયા વિસ્તારમાં બે ટપોરીઓનો આતંક

# કરિયાણું લેવા આવેલ જેઠાણી-દેરાણીને ગાળો આપી પેટ પર છરી મૂકી રોકડની લૂંટ ચલાવી

### બંનેએ સાસુને બોલાવતાં ટપોરીઓએ સાસુનું ગળું દબાવી હત્યાનો પ્રયાસ કર્યો બાદમાં શરીરે જાતે ઈજા કરી પોલીસને એટ્રોસિટી કેસમાં ફસાવી દેવાની ધમકી આપી

જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ શહેરના ખાડિયા વિસ્તારમાં બે લુખ્ખાઓએ આતંક મચાવી કરિયાણું લેવા આવેલ દેરાણી-જેઠાણીને ગાળો આપી, પેટ પર છરી મૂકી ૧૧૫૦ રૂપિયાની લૂંટ કરતા સાસુએ પોલીસને ફોન કરતા બંને મહિલાના સાસુનું ગળું દબાવી હત્યાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં પોલીસ પહોંચતા એક શખ્સે તેના સાથીદારના ગળા પર કાચ વડે હુમલો કરી ગાળડું વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર પંચેશ્વર રોડ બોર્ડીંગવાસમાં રહેતા જાગૃતિબેન અનિલભાઈ જાદવે સંદીપ ઉર્ફે કાલીયો સોલંકી અને જયેશ વઘેરા રહે. બંને જૂનાગઢવાળા વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદી તથા તેમના જેઠાણી દયાબેન ગઈકાલે બપોરના સમયે કરિયાણું લેવા ગયેલ. દરમ્યાન આરોપીઓ દુકાનનો સામાન ફેંકી દુકાન બંધ કરાવતા હોય જેથી ફરિયાદીએ આરોપીઓને સાઈડમાં જવાનું કહેતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ બંને મહિલાઓ સાથે ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરિયાદીએ મહિલા પેટ પર છરી રાખી રૂા.૧૧૫૦ રોકડ સાથેના પર્સની લૂંટ કરતા ફરિયાદીએ તેના સાસુ ધનીબેનને બોલાવતા ધનીબેને પોલીસને ફોન કરતા આરોપીઓએ ધનીબેનનું ગળું દબાવી જીવલેણ હુમલો કર્યો હતો. બાદમાં પોલીસ આવતા બંને આરોપીઓ બાજુમાં આવેલ ખંડેર જેવા મકાન પર ચડી ગયા હતા અને પોલીસે બંનેને નીચે આવી જવાનું કહેતા આરોપી સંદીપ ઉર્ફે કાલીયાએ પોતાના સાથી જયેશ વઘેરાના ગળે કાચ વડે ચેકો મારી તેમજ આરોપી સંદીપે પોતાના શરીર પર કાચથી ચેકાઓ મારી પોલીસને એટ્રોસિટીના ગુનામાં ફસાવી દેવાની ધમકી આપ્યાની ફરિયાદ એ ડિવિઝન પોલીસ મથકે નોંધાવતા પોલીસો બંને શખ્સો વિરૂદ્ધ લૂંટ, હત્યાનો પ્રયાસ, પોલીસને ધમકી આપવા સહિતની કલમ બીએનએસ ક. ૧૦૯ (૧), ૩૧૧, ૨૯૬ (બી), ૩૫૧ (૩), ૨૨૬, ૫૪, જીપીએક ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ એ ડિવિઝનનાં પીએસઆઈ એ.એ. પરમારે હાથ ધરી છે.

# અમાનવીય દમન : પેલેસ્ટીની કેદીને ટોઈલેટના પાણીમાં ડૂબાડી દેવાનો પ્રયાસ, જુલમની હદ વટાવી રહી છે યહૂદી આર્મી

## કબજાગ્રસ્ત વેસ્ટબેન્કની એક જેલમાં કેદીઓ પર થઈ રહેલા ભયાનક અત્યાચારની વધુ એક હૃદયદ્રાવક ગાથા

(એજન્સી) જેરૂસલેમ, તા.૨૧

ગાઝા અને વેસ્ટબેન્ક જેવા વિસ્તારોમાં પેલેસ્ટીની કેદીઓ સાથે કેવા કેવા ભયાનક જુલમ અને દમન કરવામાં ઈઝરાયેલી આર્મી તમામ હદો પાર કરી રહી છે તેની એક વધુ ચોંકાવી દેનારી વધુ એક ઘટના બહાર આવી છે. એક પેલેસ્ટીની કેદીએ સમાચાર એજન્સીને પોતાની આપવીતી દર્શાવી હતી. કેદીએ જૂલમની ગાથા કહેતા જણાવ્યું હતું કે, જેલમાં મને અવારનવાર ટોઈલેટના પાણીમાં ડૂબાવી દેવાનો પ્રયાસ કરવામાં આવતો હતો. ઢોરમાર મારવામાં આવતો હતો અને મારી સાથે અમાનવીય વર્તન કરવામાં આવતું હતું.



એજન્સીના જણાવ્યા મુજબ આર્મીએ હમાદ વિસ્તારમાંથી આ કેદીની ધરપકડ કરી હતી તેને બિલકુલ નિર્વસ્ત્ર કરી નાખ્યો હતો. આંખે પાટા બાંધી દીધા હતા અને ટ્રકમાં નાખીને મારતા મારતા મને લઈ જવાયો હતો. આના જેવા અનેક કેદીઓ છે જેમનાં પર કેદમાં ભયાનક અત્યાચારો કરવામાં આવી રહ્યા છે. એમને સતત મારમારીને અત્યાચારો કરવામાં આવે છે. જાતીય શોષણ કરવામાં આવે છે. કોઈ જાતની બેહોસીની દવા આપ્યા વિના બેરહેમીથી ઓપરેશનો કરવામાં આવે છે. આ વાતો અનેક પ્રકારના જુલમ થઈ રહ્યા છે. જેનાથી દુનિયા વાકેફ નથી.

# ગાઝામાં માર્કેટ અને શાળા પર ઈઝરાયેલના હવાઈ હુમલાથી ૨૦ જેટલા પેલેસ્ટીનીનાં મોત





(એજન્સી) તા.૨૧

જેરૂસલેમ તારીખ ૨૧ ઈઝરાયેલના કબજા હેઠળના ગાઝા વિસ્તારમાં ઈઝરાયેલી સેનાના વધુ એક ઘાતક હુમલામાં ૨૦ જેટલા પેલેસ્ટીનના નાગરિકો મૃત્યુ પામ્યા હતા. ગાઝાની એક માર્કેટ અને શાળા પર ભયાનક હવાઈ હુમલો થતાં વિનાશ વેરાયો હતો હુમલાથી સંખ્યાબંધ મહિલાઓ અને બાળકો પણ ઘાયલ થયા હોવાનું જાહેર થયું છે. મંગળવારે સેન્ટ્રલ ગાઝામાં આવેલ દર અલબેલા માર્કેટમાં હવાઈ હુમલો થતાં આઠ જેટલા પેલેસ્ટીનની માર્યા ગયા હતા. તેમ અલ-જઝીરા ચેનલના સૂત્રોએ જણાવ્યું હતું. ટીવી ચેનલના રિપોર્ટર હિન્દુ ખુદેરીએ જણાવ્યું હતું કે, આ માર્કેટ વિસ્તારમાં લોકોની ભારે અવરજવર રહે છે ટ્રાફિક પણ મોટા પાયે રહે છે એટલે જાનહાની વધુ થઈ છે હુમલામાં ઘણા બાળકોને પણ ઈજા થઈ છે અલકશા હોસ્પિટલથી ૧ કિ.મી. દૂર આવેલી આ માર્કેટ પર હુમલો થયો હતો. આઈસીયુમાં મેં કેટલાક બાળકો સહિત ૧૦ જેટલા નાગરિકોને જોયા હતા એ બધાની હાલત ગંભીર હોવાનું જાહેર થયું છે. માર્કેટ પર હુમલાના થોડાક કલાકો પહેલા જ એક શાળાને પણ ઈઝરાયેલની આર્મીએ નિશાન બનાવીને હુમલો કર્યો હતો જેમાં બાર લોકો મારે ગયા હતા અને બીજા અનેક ઘાયલ થયા હતા. આખી ઈમારત કાટમાળ બની ગઈ હતી જેમાંથી કોઈ જીવી જ હોય તો એ લોકોને શોધી કાઢવા માટે બચાવકારો મહેનત કરતા દેખાયા હતા. મુસ્તફા હાફિઝ સ્કૂલ પર હવાઈ હુમલો થયો હતો કાટમાળ હેઠળથી ૧૨ જેટલા મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા તેમ સિવિલ ડિફેન્સ એજન્સીના પ્રવક્તા મહેમુદ બાસલે જણાવ્યું હતું આ શાળામાં ૭૦૦ જેટલા પેલેસ્ટીની વિસ્થાપિતો આશરો લઈ રહ્યા હતા તેના ઉપર જ બોમ્બ વર્ષા કરવામાં આવી હતી. તમામ ઈજાગ્રસ્તોને અલ આલહી અરબ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ હુમલાના બચાવમાં ઈઝરાયેલની આર્મી એવો દાવો કર્યો હતો કે, આ શાળાનો પેલેસ્ટીનના લડાકુઓ દ્વારા કમાન્ડ સેન્ટર તરીકે ઉપયોગ થઈ રહ્યો હતો જો કે, શાળાઓ ઉપર જ્યારે પણ હુમલો થાય છે ત્યારે બચાવરૂપે ઈઝરાયેલની આર્મી આવા બહારના બતાવે છે પણ હજી સુધી એક પણ પુરાવા આપ્યા નથી. ઈઝરાયેલ દ્વારા ખૂબ જ પદ્ધતિસર રીતે શાળાઓ તેમજ હોસ્પિટલો અને ધાર્મિક જગ્યાઓને નિશાન બનાવવામાં આવી રહી છે અને હુમલા કરવામાં આવી રહ્યા છે આ રીતે ગાઝામા યુદ્ધનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે તેમ યુનો પણ સ્વીકારે છે યુનોની સલામતી સમિતિએ તાત્કાલિક રામ કરવા માટે ઠરાવ પસાર કર્યો હોવા છતાં યુદ્ધો ચાલુ રાખવામાં આવ્યું છે જેના કારણે અત્યાર સુધીમાં ૪૦,૦૦૦થી વધુ મહિલાઓ અને બાળકો સહિતની નાગરિકો માર્યા ગયા છે જ્યારે ૯૨ હજારથી વધુ ઘાયલ થયા છે.

# ડેમોક્રેટિક સંમેલનમાં ગાઝા યુદ્ધની વિરૂદ્ધ હજારો લોકોએ રેલી કાઢી

(એજન્સી) તા.૨૧

ગાઝા યુદ્ધમાં બાઈડેન વહીવટીતંત્રના સમર્થન અંગેના આક્રોશના પ્રદર્શનમાં સોમવારે શિકાગોમાં હજારો શાંતિપૂર્ણ પ્રો-પેલેસ્ટીની વિરોધીઓએ કૂચ કરી હતી, એક સાક્ષીએ જણાવ્યું કે, ઘણા કલાકો સુધી શાંતિપૂર્ણ પ્રદર્શનો થયા હતા દેખાવકારોએ સુરક્ષા વાડનો એક ભાગ તોડી નાખ્યો, જેના કારણે રમખાણ વિરોધી પોલીસને ઘટનાસ્થળે આવવાનું કહેવામાં આવ્યું.

ડી.એન.સી. યુ.એસ.ની સુરક્ષા ટીમે સમર્થન કર્યું કે, વિરોધીઓએ કોન્ફરન્સ સ્થળની નજીકની બાહ્ય પરિમિતિ વાડનો એક ભાગ તોડી નાખ્યો હતો, પરંતુ જણાવ્યું કે કાયદા અમલીકરણ કર્મચારીઓએ ઝડપથી પ્રતિક્રિયા આપી હતી અને ઉપસ્થિતોને કોઈ ખતરો નહોતો.

સાક્ષીઓએ ચાર લોકોને કસ્ટડીમાં લેવામાં આવતા અને હાથકડી પહેરાવતા જોયા હતા. શિકાગો પોલીસે પ્રેસ કોન્ફરન્સમાં સમર્થન કર્યું કે ધરપકડ કરવામાં આવી છે, પરંતુ કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી છે તે જણાવ્યું નથી.

વાડનો ભંગ કરવામાં આવે તે પહેલાં મંત્રોચ્ચાર વધુ જોરથી વધ્યો, કારણ કે વિરોધીઓ શિકાગોની વેસ્ટ સાઈડ પરના પાર્કમાં પહોંચ્યા અને યુદ્ધવિરામની તેમની માંગણીને વધુ અવાજ આપવા માટે રોકાયા. ઉત્સાહ વચ્ચે, ટોળાએ તેમનો ગુસ્સો ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ તરફ ફેરવ્યો અને ડેમોક્રેટિક ઉમેદવારને "કિલર કમલા" ગણાવ્યા.




શિકાગો પોલીસે પ્રદર્શનકારીઓને નિયંત્રણમાં લેવા માટે પાર્કની આસપાસ પગપાળા એક પરિમિતિ બનાવી હતી અને કેટલીક પોલીસ પણ બાઈક પર હતી.

તેમ છતાં, રાષ્ટ્રપતિ જો બાઈડેન સભાને સંબોધવાના કલાકો પહેલા, સંમેલન સ્થળની બહારના પાર્કમાં "માર્ચ ઓન ધ DNC" નામના જૂથના સમર્થકોની સંખ્યા અપેક્ષા કરતા ઓછી હતી. તેઓએ તે સ્થળની નજીક એક માઈલની કૂચ શરૂ કરી જ્યાં ડેમોક્રેટિક પ્રતિનિધિઓ નવેમ્બરની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પનો સામનો કરવા માટે હેરિસને તેમના નોમિની તરીકે નિયુક્ત કરશે.

આયોજકો હજારો વિરોધીઓની અપેક્ષા રાખતા હતા-પાર્ક અને કૂચના માર્ગને ભરવા માટે પૂરતા-ડીએનસીના પ્રવક્તા હેતમ અબુદૈયાએ સોમવારે સવારે જણાવ્યું હતું. જો કે, બપોર સુધીમાં કેટલાક હજાર વિરોધીઓ ભાષણો માટે એકઠા થયા હતા અને પાર્ક માત્ર અડધો ભરેલો હતો.

૨૦૦થી વધુ જૂથોના ગઠબંધનમાં પ્રજનન અધિકારોથી લઈને વંશીય ન્યાય સુધીના વિવિધ મુદ્દાઓની હિમાયત કરતા લોકોનો સમાવેશ થાય છે. આયોજકોએ ગયા અઠવાડિયે જણાવ્યું કે, ઈલિનોઈસ અને પડોશી રાજ્યોમાં પેલેસ્ટીની અને અરબ સમુદાયોમાંથી ઘણા લોકો આવી રહ્યા છે.

# મુસ્લિમ વર્લ્ડ લીગે ગાઝા શાળા-આશ્રયસ્થાન પર ઈઝરાયેલી હુમલાની ટીકા કરી જેમાં ઓછામાં ઓછા ૧૨ લોકો મૃત્યુ પામ્યા

(એજન્સી) તા.૨૧

મુસ્લિમ વર્લ્ડ લીગ (MWL)એ મંગળવારે ગાઝામાં એક શાળા-આશ્રયસ્થાન પર ઈઝરાયેલી હુમલાની ટીકા કરી, જેમાં ઓછામાં ઓછા ૧૨ લોકો મૃત્યુ પામ્યા. સઉદી પ્રેસ એજન્સી અનુસાર, સેક્રેટરી-જનરલ મોહમ્મદ બિન અબ્દુલકરીમ અલ-ઈસાએ 'નાગરિકો અને નાગરિક સુવિધાઓ સામે હિંસાની સતત અને ભયાનક ઘટનાઓની ટીકા કરી.' તેમણે જણાવ્યું કે 'આ કૃત્યો આંતરરાષ્ટ્રીય અને માનવતાવાદી કાયદાઓ અને ધોરણોનું ઘોર ઉલ્લંઘન છે.' અલ-ઈસાએ ભારપૂર્વક જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય સમુદાયે ઈઝરાયેલી સૈન્ય દ્વારા ચાલી રહેલી હત્યાઓને તાત્કાલિક અટકાવવા અને નિર્દોષ લોકો પર અત્યાચારનો અંત લાવવાનું આહ્વાન કરવું જોઈએ. ગાઝામાં સિવિલ ડિફેન્સ અનુસાર, ગાઝા પટ્ટીમાં ચાલી રહેલા ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચે હજારો વિસ્થાપિત પેલેસ્ટીનીનોએ આ શાળામાં આશરો લીધો હતો.



ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે શાળાને નિશાન બનાવવામાં આવી હતી કારણ કે તેમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર હતું.

# ગાઝામાં જે થઈ રહ્યું છે તે યુદ્ધ નથી પરંતુ ઝાયોનિસ્ટો દ્વારા કરવામાં આવેલ નરસંહાર છે

(એજન્સી) તા.૨૧

રાષ્ટ્રપતિ અબ્દુલમાદજીદ તેબ્બુને રવિવારે જણાવ્યું કે જો ઈજિપ્ત અને ગાઝા વચ્ચેની સરહદ ફરીથી ખોલવામાં આવે તો અલ્જિરિયા ગાઝામાં ત્રણ ક્ષેત્રીય હોસ્પિટલો બનાવવા માટે તૈયાર છે.૭ સપ્ટેમ્બરના રોજ પ્રમુખપદની ચૂંટણી પહેલા એક રેલીમાં બોલતા, ટેબ્બુને જણાવ્યું કે 'જો તેઓ ઈજિપ્ત અને ગાઝા વચ્ચેની સરહદો ખોલશે, તો અમને ખબર છે કે શું કરવું. સરહદો ચરાફા ક્રોસિંગ ખુલતાની સાથે જ સેના તૈયાર છે. અમે ૨૦ દિવસમાં ૩ હોસ્પિટલો બનાવીશું.' તેમણે તેમના સમર્થકોને જણાવ્યું કે તેઓ 'ગાઝામાં સેંકડો ડોકટરો મોકલવા અને ઝાયોનિસ્ટો દ્વારા નાશ પામેલા સ્થાનોને ફરીથી બનાવવામાં મદદ કરવા માટે પણ તૈયાર છે.' તેમણે જણાવ્યું કે ગાઝામાં જે થઈ રહ્યું છે તે 'સંસ્કારી યુદ્ધ નથી, પરંતુ ઝાયોનિસ્ટ કબજા દ્વારા કરવામાં આવેલ નરસંહાર છે.' તેમણે વધુમાં જણાવ્યું કે તેઓ



પેલેસ્ટીની મુદ્દાને 'પેલેસ્ટીનીને ખતમ કરીને હલ કરવા માંગે છે, જેને અમે સ્વીકારીશું નહીં.' વર્તમાન પ્રમુખ બે અન્ય ઉમેદવારો સાથે ચૂંટણી લડી રહ્યા છે - મૂવમેન્ટ ફોર સોસાયટી ફોર પીસ (એમએસપી)ના અબ્દુલાલી હસની ચેરીફ અને સોશ્યલિસ્ટ ફોર્સીસ ફ્રન્ટ (એફએફએસ)ના રાષ્ટ્રીય સચિવ યુસેફ ઓશીહ.

# યુકેના વકીલોએ ઈઝરાયેલમાં યુકેના શસ્ત્રોની નિકાસ રોકવા માટે પેલેસ્ટીની ત્રાસના પુરાવા રજૂ કર્યા

(એજન્સી) તા.૨૧

ઈઝરાયેલમાં યુકેના શસ્ત્રોની નિકાસને રોકવા માટે કોર્ટના આદેશની માંગ કરતા વકીલોએ લંડનની હાઈકોર્ટમાં પુરાવા રજૂ કર્યા છે જેમાં પેલેસ્ટીનીઓ પર અત્યાચાર ગુજારવામાં આવે છે, પર્યાપ્ત તબીબી સારવાર વગરના છોડી દેવામાં આવે છે અને ઈઝરાયેલી બોમ્બથી ગંભીર ધમકીઓનો સામનો કરવો પડે છે. ગાર્ડિયનના જણાવ્યા મુજબ, પુરાવાઓમાં ગાઝા હોસ્પિટલોમાં કામ કરતા પેલેસ્ટીની અને પશ્ચિમી ડોકટરોના ૧૦૦થી વધુ પાનાના ૧૪ વિગતવાર સાક્ષીઓના નિવેદનો તેમજ એમ્બ્યુલન્સ ડ્રાઈવરો, નાગરિક સુરક્ષા કાર્યકરો અને સહાય સંસ્થાઓની જુબાનીનો સમાવેશ થાય છે. અલ-હક, એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ, ઓક્સફેમ અને ગ્લોબલ લીગલ એક્શન નેટવર્ક (GLAN) સહિત સંખ્યાબંધ NGO દ્વારા કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. તેનો હેતુ કોર્ટના આદેશની વિનંતીને સમર્થન આપવાનો છે, જે દલીલ કરે છે કે આ શસ્ત્રોના ઉપયોગથી આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું ઉલ્લંઘન થઈ શકે છે તેવા સ્પષ્ટ જોખમ હોવા છતાં યુકે સરકારે શસ્ત્રોના વેચાણ પર પ્રતિબંધ મૂકવાનો ઈન્કાર કરીને અતાર્કિક રીતે કાર્ય કર્યું છે, જે છે શસ્ત્ર નિકાસ લાઈસન્સ જારી કરવું કે નહીં તે ધ્યાનમાં લેતી વખતે એક મહત્ત્વપૂર્ણ માપદંડ છે. લેબર સરકાર હાલમાં તેની શસ્ત્ર નિકાસ નીતિની સમીક્ષા કરી રહી છે. સાક્ષીઓએ કોર્ટમાં સહી કરેલી જુબાની પૂરી પાડી છે, જો કે બ્રિટિશ અખબારે ગાઝામાં પરિવારોની સુરક્ષા માટે માત્ર બે જ નામ આપ્યા છે. ન્યાયિક સમીક્ષા ૮થી ૧૦ ઓક્ટોબર સુધી સુનિશ્ચિત થયેલ છે. ૭ ઑક્ટોબર પછી બ્રિટિશ ન્યાયાધીશ સમક્ષ કથિત ઈઝરાયેલી યુદ્ધ અપરાધોના આવા ગ્રાફિક પુરાવા રજૂ કરવાનો આ




કેસ પ્રથમ પ્રયાસ છે. અગાઉની કન્ઝર્વેટિવ સરકારે શસ્ત્રોની નિકાસ લાયસન્સ ચાલુ રાખવાના તેના નિર્ણયનો બચાવ કર્યો હતો અને દલીલ કરી હતી કે બ્રિટિશ શસ્ત્રોનો યુદ્ધ ગુનાઓમાં ઉપયોગ થતો હોવાના પૂરતા પુરાવા નથી. કેનેડિયન કિડની સ્પેશિયાલિસ્ટ ડૉ. બેન થોમસન આ કેસના બે નામના સાક્ષીઓમાંથી એક છે. તેમણે એવા દર્દીની સારવાર કરવાનું વર્ણન કર્યું કે જેને ૪૮ કલાક સુધી ઊભા રહેવાની ફરજ પડી હતી, જેને તેની પગની એડી પર ત્વચાની જરૂર હતી. થોમસને કહ્યું, તેણે એક ૬૦ વર્ષીય વ્યક્તિની પણ સારવાર કરી કે જેને ઈઝરાયેલી દળો દ્વારા નગ્ન કરવામાં આવ્યો હતો, તેના કાંડાને ચુસ્તપણે બાંધવામાં આવ્યા હતા અને તેના કાંડાના હાડકાં ઉઝરડા ન થાય ત્યાં સુધી તેને ત્રણ દિવસ સુધી જમીન પર ઘસેડવામાં આવ્યો હતો. આરોગ્ય સંભાળ પ્રણાલીના દરેક ભાગને લક્ષિત અને નાશ કરવામાં આવ્યો છે અને હવે તે સંભાળ પૂરી પાડવામાં સંપૂર્ણપણે અસમર્થ છે. ઘણા લોકો એવી સમસ્યાઓથી મરી રહ્યા છે જે સંપૂર્ણપણે સારવાર કરી શકાય છે. તેમણે કહ્યું કે, તેમણે વ્યક્તિગત રીતે ત્રણ બાળકોની સારવાર કરી હતી, જેમને યોગ્ય દવાઓ મળી હોત તો બચાવી શકાયા હોત. બીજા નામના સાક્ષી, ડૉ.ખાલિદ દાવસ, યુનિવર્સિટી કોલેજ હોસ્પિટલ લંડનના કન્સલ્ટન્ટ સર્જન છે. તેમણે ગાઝાની હોસ્પિટલોની સ્થિતિને મધ્યયુગીન દવાની યાદ અપાવે તેવી ગણાવી. તેણે અહેવાલ આપ્યો કે, તેના ઘણાં દર્દીઓ સ્નાઈપર ફાયરનો ભોગ બન્યા હતા. હું સમજું છું કે ઈઝરાયેલ હોસ્પિટલો પર કબજો કરવામાં આવ્યો હોવાનો દાવો કરીને હોસ્પિટલો પરના તેના હુમલાઓને વાજબી ઠેરવે છે, પરંતુ અલ-અક્સા હોસ્પિટલમાં મારા ચાર અઠવાડિયામાં મેં વ્યક્તિગત રીતે આવો એક પણ હુમલો જોયો નથી. દાવસે કહ્યું કે, તેમની બીજી મુલાકાત વખતે તેમણે એક વિકલાંગ વ્યક્તિની સારવાર કરી જે હાથકડી, આંખે પાટા બાંધેલા અને ૩૦ દિવસ સુધી વ્હીલચેરમાં બંધ હતા. GLANનું પ્રતિનિધિત્વ કરતા બેરિસ્ટર ચાર્લોટ એન્ડ્રુઝ-બ્રિસ્કોના જણાવ્યા અનુસાર, જેમણે પુરાવાનું સંકલન કર્યું હતું અને રજૂ કર્યું હતું, સાક્ષીઓના નિવેદનો એકત્ર કરવામાં એકમાત્ર મર્યાદિત પરિબળ દુર્વ્યવહાર અને ગેરવર્તણૂકના કેસોની જબરજસ્ત સંખ્યા હતી.

# ઈઝરાયેલ ગાઝા કોરિડોર માંથી કોઈપણ સંજોગોમાં પીછેહઠ નહીં કરે : નેતાન્યાહુએ વચન આપ્યું

(એજન્સી) તા.૨૧

એનાદોલુ એજન્સીના અહેવાલો મુજબ વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ મંગળવારના રોજ જણાવ્યું હતું, ઈઝરાયેલ ગાઝા-ઈજિપ્ત સરહદ પરના ફિલાડેલ્ફી કોરિડોર અને નેત્ઝારીમ એક્સિસમાંથી કોઈપણ સંજોગોમાં પીછેહઠ નહીં કરે, જે ગાઝા પટ્ટીને બે ભાગોમાં વિભાજિત કરે છે. નેતાન્યાહુએ ઉમેર્યું, આ લશ્કરી અને રાજકીય બંને રીતે વ્યૂહાત્મક સિદ્ધાંતો છે. તેમની ટિપ્પણીઓ યુએસ પ્રમુખ, જો બાઈડેન અને તેમના સેક્રેટરી ઓફ સ્ટેટ, એન્ટોની બ્લિંકને જણાવ્યું હતું કે, ઈઝરાયેલના પ્રીમિયર તાજેતરમાં વોશિંગ્ટન દ્વારા રજૂ કરાયેલા યુદ્ધવિરામ અને કેદીઓની અદલાબદલીની દરખાસ્ત માટે સંમત થયા છે તેના કલાકો પછી આવી છે. કતારમાં ગાઝા યુદ્ધવિરામ વાટાઘાટો શુક્રવારના રોજ ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના અંતરને સંકુચિત કરતી દરખાસ્ત રજૂ કરીને સમાપ્ત થઈ હતી જે ૩૧ મેના રોજ બાઈડેન દ્વારા નિર્ધારિત સિદ્ધાંતો સાથે સુસંગત છે. બાઈડેને મે મહિનામાં કહ્યું હતું કે, ઈઝરાયેલે ત્રણ તબક્કાનો સોદો રજૂ કર્યો હતો જે ગાઝામાં દુશ્મનાવટનો અંત લાવશે અને દરિયાકાંઠાના પ્રદેશમાં બંધકોની મુક્તિ સુરક્ષિત કરશે. આ યોજનામાં યુદ્ધવિરામ, કેદીઓની અદલાબદલી અને ગાઝાના પુનઃનિર્માણનો સમાવેશ થાય છે. પરંતુ હમાસે રવિવારે નેતાન્યાહુ પર ગાઝા યુદ્ધવિરામ અને બંધક સ્વેપ પ્રસ્તાવમાં નવી શરતો સ્થાપિત કરવાનો આરોપ મૂક્યો હતો જે દોહા વાટાઘાટો દરમિયાન રજૂ કરવામાં આવ્યો હતો. હમાસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, નવો પ્રસ્તાવ નેતાન્યાહુની શરતો અને તેમની સાથેના તેમના સંકલનને પૂર્ણ કરે છે, ખાસ કરીને કાયમી યુદ્ધવિરામનો ઈન્કાર ગાઝા પટ્ટીમાંથી સંપૂર્ણ



પીછેહઠ કરવી અને નેત્ઝારીમ જંકશન (જે ઉત્તર અને દક્ષિણને જોડે છે. ગાઝા પટ્ટીને અલગ કરે છે), રફાહ ક્રોસિંગ અને ફિલાડેલ્ફિયા કોરિડોર (દક્ષિણ તરફ) પર કબજો ચાલુ રાખવાનો તેમનો આગ્રહ. તેમણે બંધક અદલાબદલી કરારમાં નવી શરતો પણ ઉમેરી અને અન્ય શરતોથી પીછેહઠ કરી, જે સોદો પૂર્ણ કરવામાં અવરોધ ઊભો કરે છે. મહિનાઓથી યુ.એસ., કતાર અને ઈજિપ્ત ઈઝરાયેલ અને હમાસ વચ્ચે કેદીઓનું વિનિમય અને યુદ્ધવિરામ સુનિશ્ચિત કરવા અને માનવતાવાદી સહાયને ગાઝામાં પ્રવેશવાની મંજૂરી આપવા માટે એક કરાર સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ નેતાન્યાહુએ યુદ્ધને રોકવાની હમાસની માગણીઓ પૂરી કરવાનો ઈન્કાર કરતાં મધ્યસ્થી પ્રયાસો અટકી ગયા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

**તંત્રીલેખ ...... ગુજરાત ટુડે**

# ટ્રેનમાં મુસાફરી કરતા યાત્રીઓ હવે કાયમી 'ખતરામાં'

આપણા દેશમાં જે રીતે ચોમાસામાં વરસાદ, શિયાળામાં ઠંડી અને ઉનાળામાં ગરમી પડે છે તે રીતે હવે ટ્રેન દુર્ઘટનાઓ પણ લગભગ કાયમી થઈ ગઈ છે. ઠંડી, ગરમી કે વરસાદ તો તેની સીઝન પ્રમાણે આવે છે પરંતુ રેલ અકસ્માતોની સીઝન તો બારમાસી થઈ ગઈ છે. પહેલા જ્યારે ટેકનોલોજી આટલી વિકસી ન હતી ત્યારે પણ ભારતીય રેલવેની મુસાફરી સૌથી સલામત ગણાતી હતી પરંતુ છેલ્લા કેટલાયે વરસોથી રેલવે મુસાફરી સાવ અસલામત બની ગઈ છે. એમાંયે મોદી ૩.૦માં તો રેલવેએ સાવ દાટ વાળી દીધો છે. છેલ્લા બે મહિનામાં ભાગ્યે જ એવું કોઈ અઠવાડિયું વીત્યું હશે કે જેમાં કોઈ ટ્રેન અકસ્માત થયો ના હોય. આ નિરંતર ટ્રેન અકસ્માતોની શ્રૃંખલામાં ગત શનિવારે રાત્રે સાબરમતી એક્સપ્રેસના એક સાથે ૨૨ ડબ્બા પાટા પરથી ખડી પડયા. ઉતારૂઓથી ખીચોખીચ ભરેલી આ ટ્રેનમાં સદ્ભાગ્યે કોઈ જાનહાનિ ન થઈ કારણ કે ટ્રેન ધીમી ગતિએ ત્યારે ચાલી રહી હતી. રાત્રે અઢી વાગ્યે આ બનાવ બન્યો ત્યારે મોટા ભાગના મુસાફરો સ્વાભાવિકપણે જ સૂઈ રહ્યા હતા. ટ્રેનના ચાલકનું કહેવું છે કે કોઈ મોટો પદાર્થ ટ્રેન સાથે ટકરાયો અને તે ગાડી રોકવાની કોશિષ કરે એ પહેલા તો ટ્રેન પાટા પરથી ખડી પડી હતી. અકસ્માત સ્થળે ટ્રેનના એન્જિનની હાલત જોતાં જ સ્પષ્ટ ખ્યાલ આવી જતો હતો કે તેની આગળ પ્રાણીઓ કે અન્ય કોઈ ટકરાય તો સલામતી માટે લગાવાયેલા લોખંડના મજબૂત કવરનો એક તરફનો ભાગ તૂટી ગયો હોત.. એવું કહેવાય છે કે એક મોટો પથ્થર ટ્રેનના પાટા પર મુકાયો હતો જેના ટકરાવાથી આ દુર્ઘટના ઘટી...જો કોઈ પથરાળ વિસ્તાર હોત કે પહાડી વિસ્તાર હોત તો એવું માની શકાત કે વરસાદ કે ભૂસ્ખલનને કારણે કોઈ ખડક કે પથ્થર ઉપરથી ખસીને ટ્રેક પર આવી ગયો હશે. પરંતુ અહીં તો એવું કશું નથી. એટલે કોઈએ આ મોટા પથ્થર જેવા પદાર્થને પાટા પર કોઈ બદઈરાદા સાથે મુકયો હતો કે કેમ એ સવાલ ઉઠયો છે. ખરેખર શું થયું છે એ તો યોગ્ય તપાસ બાદ જ ખબર પડશે પરંતુ મૂળ મુદ્દો તો એ જ છે કે ટ્રેનના મુસાફરોની સલામતીની કોઈ ગેરંટી નથી.

આમ તો ટ્રેનોના અકસ્માતોને અટકાવવા માટે સરકાર મોટા દાવાઓ કરે છે. કેન્દ્રીય રેલમંત્રી અકસ્માત થયા બાદ દોડી જાય છે અને સુફિયાણી વાતો કરે છે પરંતુ તેનાથી કોઈ અર્થ સરતો નથી. ટ્રેનો પરસ્પર ટકરાય નહીં એટલા માટે વર્તમાન સરકારે 'કવચ' નામનું ઉપકરણ વિકસીત કર્યાનો મોટા ઉપાડે ઢોલ પીટયો હતો. પરંતુ આ કવચ લગાવ્યા પછી અકસ્માતોનું પ્રમાણ ઘટવાને બદલે વધી ગયું છે. જ્યારે કેન્દ્ર સરકારે એવો દાવો કર્યો હતો કે 'કવચ' લગાવ્યા બાદ ટ્રેન અકસ્માતોની શકયતા શૂન્ય થઈ જશે. પરંતુ એવું થયું નથી.. વળી આ કહેવાતી કવચ સુરક્ષા પદ્ધતિ પણ માત્ર થોડા સ્થળોએ જ લાગી છે. એટલું મંથર ગતિએ તેનું કામ ચાલે છે કે સમગ્ર દેશમાં તેનો અમલ થતા કોને ખબર કેટલા વરસો લાગી જશે.

દેશમાં ઠેર-ઠેર થતાં ટ્રેન અકસ્માતો બાદ જુદા જુદા કારણો અને તારણો આપવામાં આવે છે. ટ્રેનોના કમ્પ્યુટરીકરણની પણ વાતો થાય છે. પરંતુ સંખ્યાબંધ ટ્રેન દુર્ઘટનાઓ બાદ ખબર પડી છે કે સિગ્નલ પ્રણાલિ જ બરાબર કામ કરતી ન હોવાના કારણે ટ્રેનો સામસામે ટકરાઈ હતી. તો કઈ ટ્રેન અકસ્માત ગાડીને ખોટા ટ્રેક પર રવાના કરવાથી થયો હતો તો આપણે ત્યાં તો એક જ ટ્રેક પર વિપરીત દિશાઓમાંથી આવતી બે ટ્રેનો સામસામે ટકરાવાના દાખલા છે ત્યારે આવી અક્ષમ્ય ભૂલોને કઈ રીતે ચલાવી લેવાય ? વાસ્તવમાં સરકારમાં રહેલા પક્ષો લોકપ્રિયતા મેળવવા માટે નવી નવી ગાડીઓ શરૂ કરી દે છે, તહેવારો ટાણે તેમજ ધર્મસ્થાનો ખાતે સ્પેશ્યલ ટ્રેનો દોડાવે છે. ઉપરાંત માલગાડીઓનું પ્રમાણ પણ વધારી દેવાયું છે જેના કારણે રેલ પરિવહન ખૂબ વધી ગયું છે અને રેલવેના પાટાથી માંડીને અન્ય નેટવર્ક જૂનવાણી રહ્યું છે જેના કારણે પાટાથી માંડીને સિગ્નલ સુધીમાં તૂટફૂટ કે ખામીઓ આવવી સ્વાભાવિક છે એટલે સરકાર રેલવેની માળખાકીય સુવિધા વધારવામાં નિષ્ફળ રહી છે એમ કહી શકાય. એમાંયે પાછી પ્રચારમાં રાચતી સરકાર એરપોર્ટ જેવા રેલવે સ્ટેશનો ચમકાવવામાં વ્યસ્ત છે અને અધૂરામાં પૂરૂં ખાનગીકરણ લઈ આવી છે. ટ્રેનો પણ ભાડે આપવા માંડી છે પરિણામે ખાનગી કંપનીઓ કમાવા ઉપર જ ભાર મુકે છે. આવા સંજોગોમાં મુસાફરોની સલામતીનું કોણ વિચારે છે. સરકારે આ પહેલા વિચારવું જોઈએ પરંતુ તે ખુદ ખાનગીકરણને રવાડે ચડી ગઈ છે. તો મુસાફરોની સલામતી તેની પ્રાથમિકતામાં કયાંથી હોય ? તેને તો બસ કમાણી વધારવામાં રસ છે. અગાઉની સરકારો મુસાફરોની સેવા અને સલામતી બાબતે પહેલાં વિચારતી જ્યારે વર્તમાન સરકાર નફાખોરીમાં માની રહી હોય તેમ જણાય છે. એટલે જ તો તેણે સિનિયર સિટીઝન્સ-વરિષ્ઠ નાગરિકોને મળનારી રાહત બંધ કરી દીધી છે. પ્લેટફોર્મ ટિકિટને પણ કમાણીનું સાધાન બનાવી દીધી છે, ટ્રેનોમાં મહિલાઓ સાથે દુષ્કર્મ, ચોરી, લૂટફાટ, હત્યાઓ જેવી ઘટનાઓ સતત બની રહી છે અને ટ્રેનોનું સમયસર ન પહોંચવું એ તો જાણે કાયમને માટે સ્વીકારી લેવાયું છે ત્યારે મુસાફરોને જ્યારે એ જ ભરોસો ના રહ્યો હોય કે પોતે જે ગાડીમાં બેઠા છે એ તેમને સહીસલામત પોતાના ઠેકાણે પહોંચાડશે કે કેમ ? તો આનાથી મોટી નિષ્ફળતા કેન્દ્ર સરકાર કે ખુદ રેલવે વિભાગ માટે બીજી કઈ હોઈ શકે ? પરંતુ અફસોસની વાત તો એ છે કે આટઆટલા અકસ્માતો થઈ રહ્યા છે, ટ્રેનોમાં અનિચ્છનીય ઘટનાઓ વધી રહી છે. છતાં સરકારના પેટનું પાણી હલતું નથી. રેલવેમંત્રી કે એમની સરકાર જાણે કંઈ બન્યું ન હોય કે કંઈ બનતું જ નથી એમ વર્તી રહ્યા છે. વાતો સૌથી ઝડપી ટ્રેનો-બુલેટ ટ્રેનોની કરવાની પરંતુ મુસાફરોની સલામતી અંગે મૌન બનીને તેની સાથે સતત બાંધછોડ કરતા રહેવાનું એ કઈ રીતે ચલાવી લેવાય ? પરંતુ આવું બધું જ ચાલી રહ્યું છે એને આપણી કમનસીબી ગણવી રહી.

# વક્ફ બિલ ૨૦૨૪ : સંસદની સંયુક્ત સમિતિ, વિપક્ષ અને ભારતના મુસ્લિમ સમુદાયોને ખુલ્લો પત્ર

યુનાઈટેડ વક્ફ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશિયન્સી એન્ડ ડેવલપમેન્ટ (UMEED) બિલ ૨૦૨૪, જે સત્તારૂઢ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું, તે હવે વધુ તપાસ માટે સંસદની સંયુક્ત સમિતિ (JCP)ને મોકલવામાં આવ્યું છે. આ ડ્રાફ્ટ બિલની સમીક્ષા કરતા અને વિપક્ષો, મીડિયા અને વિદ્વાનોની પ્રતિક્રિયાઓનું અવલોકન કરવાથી, તે સ્પષ્ટ થાય છે કે તેની રજૂઆતમાં એક નિર્ણાયક પાસું ખૂટે છે. મુસ્લિમ સંગઠનોના પ્રતિભાવો એક પરિચિત પેટર્નને અનુસરે છે કે: તેઓ ધાર્મિક બાબતો તરીકે ગણવામાં આવતા સુધારાનો સંપૂર્ણ અસ્વીકાર કરે છે, આ ક્ષેત્રોમાં સુધારણા કરવાના હેતુથી કોઈપણ રાજ્યના હસ્તક્ષેપ સામે તેઓ પ્રતિકાર કરે છે. મુસ્લિમ પર્સનલ લો, મુસ્લિમ યુનિવર્સિટી ગવર્નન્સ અને વક્ફ વહીવટ જેવા મુદ્દાઓ પર મુસ્લિમોનું આ લાક્ષણિક વલણ રહ્યું છે.

આ પ્રતિક્રિયા વ્યાપક પરિપ્રેક્ષ્ય માટે હસ્તક્ષેપની જરૂર છે.

**આ ખામીયુક્ત બિલનો અવકાશ**

સૂચિત વિધેયક દેખીતી રીતે વક્ફની મિલકતોના સંચાલન અને ગેરવહીવટને સંબોધિત કરે છે, અને એક સંસ્થા તરીકે વક્ફની ધર્મશાસ્ત્રીય અથવા ઐતિહાસિક કાયદેસરતાને ધ્યાનમાં લેવાને બદલે તે વક્ફ હેઠળ રાખવામાં આવેલી સંપત્તિઓ, તેમાંથી પેદા થતી આવક અને વક્ફ વહીવટમાં સતત ભ્રષ્ટાચાર અંગેની ચિંતાઓને દૂર કરવા માંગે છે. જો કે, કેટલાક વિપક્ષી નેતાઓ વક્ફ બિલ સાથે એવી જ રીતે વર્તે છે જે રીતે તેઓએ અન્ય ધાર્મિક બાબતો જેમ કે ૧૯૩૭નો શરીયત કાયદો અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (એએમયુ)ના શાસન સાથે વ્યવહાર કર્યો હતો.

અહીં એ સ્પષ્ટ કરવું અગત્યનું છે કે, AMUના લઘુમતી દરજ્જા પર સુપ્રીમ કોર્ટના આગામી ચુકાદાને ધ્યાનમાં લીધા વિના, AMUના શાસનમાં માળખાકીય સુધારાઓ વણઉકેલાયેલા રહેશે. દાખલા તરીકે, AMU પાસે હજુ પણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં આંતરિક શિક્ષકોની સદસ્યતા (૮૦%થી વધુ) હશે. આ તમામ કેસોમાં, તમામ મુસ્લિમ સમુદાયોમાં એવી વ્યાપક માન્યતા છે કે રાજ્યએ મુસ્લિમ સમુદાયમાં દખલ ન કરવી જોઈએ, અને સમુદાયની અંદરથી કોઈ સુધારા થવા જોઈએ નહીં, અને આ બાબતો અલ્લાહ દ્વારા નિર્ધારિત છે અને તેથી તે અપરિવર્તનશીલ છે. આ માન્યતા મુસ્લિમ અપવાદવાદ, વિશિષ્ટતા અને રાજ્યથી અલગતાની ભાવનાને કાયમી બનાવે છે.

સરકાર અને વિપક્ષ બંને ઓળખના આધારે પોતપોતાના મતવિસ્તારોને સંબોધિત કરીને સામાન્ય વોટ-બેંકની રાજનીતિમાં વ્યસ્ત હોય તેવું લાગે છે. આ અભિગમે ભારતના મુસ્લિમ સમુદાયોને પહેલાથી જ નોંધપાત્ર નુકસાન પહોંચાડયું છે, તેમની પોતાની સ્વ-સેવા કરતા ઉચ્ચ વર્ગ તેમજ દેશના શાસક અને બૌદ્ધિક ચુનંદા વર્ગના આ વિચિત્ર વલણને કારણે સામાન્ય મુસ્લિમોને તેમની ધર્મશાસ્ત્રીય અને બિનસાંપ્રદાયિક સંસ્થાઓ (જેમ કે દેવબંદ, નદવાહ, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, જામિયા મિલ્લિયા ઈસ્લામિયા અને MANU હૈદરાબાદ) દ્વારા જાણ કરવી મહત્વપૂર્ણ છે કે વક્ફ, એ દલીલપૂર્વક, સ્પષ્ટ કુર્આની અથવા શરિયતના આદેશો સાથે ચાલતું નથી. ઈમામ અબુ હનીફા (૬૯૯-૭૬૭)એ પણ તેને શરિયા દ્વારા નિર્વિવાદ અને સ્પષ્ટ રીતે મંજૂર સંસ્થા તરીકે નામંજૂર કર્યું હતું. વક્ફ-એ-આમ અને વક્ફ-એ-ઔલાદ (વક્ફના પ્રકાર) ઘણીવાર પરોપકાર અને દાન અને લોકકલ્યાણ કરતાં કુર્આની વારસાના નિયમોને અને વારસદારો વચ્ચે વિભાજન અટકાવવા વિશે વધુ કામમાં આવતા હોય છે. તે કુદરતી રીતે નિયુક્ત નથી.

**વક્ફનો ઐતિહાસિક સંદર્ભ**

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં, ભારતમાં વક્ફ ઓળખની રાજનીતિને ભંડોળ પૂરું પાડવાનું અને વસાહતી શાસન સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ સુરક્ષિત કરવાનું સાધન બની ગયું હતું. ગ્રેગરી કોઝલોવસ્કીનું ૧૯૮૫નું પુસ્તક, "મુસ્લિમ એન્ડોમેન્ટ્સ એન્ડ સોસાયટી ઈન બ્રિટિશ ઈન્ડિયા", આ અંગે હાઈલાઈટ કરે છે કે ભારતમાં મોટાભાગના વક્ફ આ સમયગાળા દરમિયાન સામે આવ્યા હતા જ્યારે વસાહતી રાજ્યએ જમીનને કોમોડિટીમાં ફેરવી હતી. સર સૈયદ અહમદ ખાન (૧૮૧૭-૧૮૯૮), એક મુસ્લિમ સ્વપ્નદ્રષ્ટા, વ્યવહારવાદી હતા અને તેઓ બ્રિટિશ ભારતીય ન્યાયાધીશોની વક્ફ-એ-ઓલાદ (વંશજો માટે વક્ફ) અને મુસ્લિમ જમીની કુલીન વર્ગના સ્વ-હિતો વિશે બંનેની ચિંતાઓથી વાકેફ હતા. બ્રિટિશ ન્યાયાધીશોએ વક્ફ-એ-ઓલાદને કુર્આની વારસાના કાયદાની ક્ષતિ તરીકે જોયો અને તેમના ચુકાદાઓમાં આમાંના ઘણા વક્ફને અમાન્ય ઠેરવ્યા, કારણ કે તેમાં સખાવતી તત્વોનો અભાવ હતો. આથી જ તેઓ આવા અવકાફને અમાન્ય કરતા રહ્યા, વક્ફમાં ફેરવાઈ રહેલા મુસ્લિમ ભૂમિગત ભદ્ર વર્ગને હેરાન કરતા હતા.

તેથી સર સૈયદે મધ્યમ માર્ગની દરખાસ્ત કરી હતી. ૧૮૭૯માં-વાઈસરોયની લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય તરીકે તેમણે એક ડ્રાફ્ટ બિલ રજૂ કર્યું હતું જેમાં વક્ફની મિલકતોનો ઉપયોગ માત્ર મસ્જિદો અને મદ્રેસાઓ માટે જ નહીં, શિક્ષણ, આરોગ્યસંભાળ અને સામાજિક કલ્યાણ જેવા વધુ અર્થપૂર્ણ અને સખાવતી હેતુઓ માટે પણ કરવામાં આવે એવી રજૂઆત કરી હતી. તેમણે દલીલ કરી હતી કે જો યોગ્ય રીતે વ્યવસ્થાપન કરવામાં આવે તો, વક્ફ સામાજિક પરિવર્તન અને સમુદાયના વિકાસ માટે એક શક્તિશાળી સાધન બની શકે છે. સર સૈયદની આ દરખાસ્ત ૧૮૭૭માં તેમના સામયિક તહઝીબુલ અખ્લાકમાં પણ પ્રકાશિત કરવામાં આવી હતી, જેનું શીર્ષક હતું, 'એ પ્રપોઝલ ફોર સેલ્વેજિંગ મુસ્લિમ ફેમિલીઝ ફ્રોમ એક્સટીંક્શન એન્ડ ડિસ્ટ્રક્શન.' તેનો રૂઢિચુસ્ત મુસ્લિમો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો, જેમણે ધર્માદા અને જાહેર કલ્યાણના આગ્રહને નવીનતા (બિદઅત) તરીકે જોયો હતો. પરિણામે, સર સૈયદે આ રૂઢિચુસ્તો અને રૂઢિવાદીઓને વશ થઈને આ બિલ પાછું ખેંચ્યું હતું.

તેનાથી વિપરિત, મુહમ્મદ અલી ઝીણા, જેઓ એક અનુભવી રાજકારણી હતા, તેમણે ૧૯મી સદીના બીજા દાયકા સુધીમાં, ૧૯૧૩ના વક્ફ માન્યતા અધિનિયમની જરૂર પડે તેવા મુસ્લિમ ભૂમિગત ભદ્ર વર્ગના હિતોનું રક્ષણ કરવા માટે આગળ આવ્યા હતા. આ અધિનિયમ, સંસ્થાનવાદી રાજ્ય દ્વારા સમર્થિત, એક ઉદ્દેશ્ય સાથે હતું. વસાહતી-વિરોધી ચળવળ સામે સંભવિત સાથી તરીકે જોવામાં આવતા આ ચુનંદા વર્ગની જમીનની અસ્કયામતોનું રક્ષણ કરવા માટે તે રજૂ કરવામાં આવ્યું હતું. તે એક સ્વદેશી ચળવળ હતી જેમાં બંગાળના ધાર્મિક-સાંપ્રદાયિક ભાગલાનો વિરોધ કર્યો હતો, તેણે વસાહતી રાજ્યને ૧૯૧૧માં (બંગાળ) ભાગલાને રદ કરવા દબાણ કર્યું હતું, અને મુસ્લિમ સમર્થન મેળવવા માટે તેઓને રાજકીય વ્યવસ્થાની જરૂર હતી.




**કરન્ટ ટોપિક**

**- મોહમ્મદ સજ્જાદ**

જમીનની અસ્કયામતો પર એકાધિકારને સુરક્ષિત રાખવા માટે આવી રાજકીય વ્યવસ્થા ધર્મગુરુઓ અને તેમના સાથીઓ માટે પણ એટલી જ સાચી છે. કમનસીબે ધર્મગુરુઓ અને તેમની ખાનકાહ આ સંસ્થા ખેડૂત અને કૃષિ સંબંધોના ઈતિહાસકારો દ્વારા ધ્યાનમાં લેવામાં આવી નથી. પ્રકાશ ઝાની ફિલ્મ મૃત્યુદંડ (૧૯૯૭) આવી સંસ્થાના કેટલાક અધોગતિશીલ પાસાઓને દર્શાવવાનો પ્રયાસ કરે છે, પરંતુ તે આખરે એક મેલોડ્રામેટિક મૂવીમાં ફેરવાઈ ગઈ હતી.

મહંતોના મઠની આ હિંદુ સંસ્થાને સુધારવા માટે આવું બિલ લાવવાનો ભાજપનો કોઈ ઈરાદો નથી? તેથી આ એક વધારાનું કારણ છે કે મુસ્લિમ સમુદાયો આ સૂચિત બિલને ચિંતાજનક રીતે જુએ છે, કારણ કે તે ભેદભાવપૂર્ણ વર્તન સાથે માત્ર મુસ્લિમોને લક્ષ્ય બનાવવાની છાપ ઉભી કરે છે. એક વધુ આશંકા એ છે કે, જ્યાં વક્ફ અને મસ્જિદોના લેખિત દસ્તાવેજો ઉપલબ્ધ નથી તેવા નાના ગામો અને મોહલ્લાઓમાં સ્થાનિક બહુમતીવાદી દળો અને સંગઠનો દ્વારા મુસ્લિમોને હેરાન કરવાના સાધન તરીકે આ બિલને ગણવામાં આવે છે.

**વક્ફની પ્રકૃતિ : ન તો કુદરતી છે અને ન તો અપરિવર્તનશીલ છે**

વક્ફ એ "ખ્રિસ્તી" પશ્ચિમમાં સખાવતી દેણગીની સમકક્ષ નથી. ઘણા કિસ્સાઓમાં, તે કુર્આની વારસાના નિયમોને અટકાવવાનું એક સાધન છે. જેમ કોમ્યુનિટીના ચુનંદા લોકોએ અન્ય લોકોને શરિયતની રીતે નિર્ધારિત માનીને લોકોને ગેરમાર્ગે દોર્યા છે, તેવી જ રીતે વક્ફને પણ અપરિવર્તનશીલ, ઈશ્વરીય રીતે મંજૂર સંસ્થા તરીકે દર્શાવવામાં આવી છે. આ છેતરપિંડી વધુ સામાન્ય લોકોના ભલા માટે સામે લાવવાની જરૂર છે.

તદુપરાંત, વક્ફ સંપત્તિઓની લૂંટ અને તેના પર અતિક્રમણ એ ૭મી સદીથી સમગ્ર ઈસ્લામિક વિશ્વમાં વારંવાર ઊભો થતો મુદ્દો છે. ખલીફા ઉમર (ર.અ.)ના સમય દરમિયાન ખૈબર અને સવાદ (ઈરાક) જેવા પ્રારંભિક અગ્રણી વક્ફ સાથે આ ગેરવ્યવસ્થા થઈ હતી, અને ઈ.સ. ૯૧૨માં ફાયક નામની વ્યક્તિ દ્વારા રુમલાહ (પેલેસ્ટીન) વક્ફની સ્થાપના કરવામાં આવી હતી (જેમાં સૌથી પહેલો હયાત લેખિત પથ્થરનો શિલાલેખ છે). આ ત્રણેય "પ્રથમ" વક્ફ વસાહતો ત્યારથી અસ્તિત્વમાં નથી, કારણ કે તેમની સંપત્તિ લશ્કરી અને અન્ય ઉચ્ચ વર્ગ દ્વારા લૂંટવામાં આવી હતી!

**વક્ફનો ગેરવહીવટ અને લૂંટ**

વક્ફની મિલકતોની થતી લૂંટ પણ લગભગ આ સંસ્થા જેટલી જ જૂની છે. ભારતમાં, એક સર્વસંમતિ છે કે વક્ફ મિલકતોમાં ઘોર ગેરવહીવટ થાય છે અને તે લૂંટનો ભોગ બને છે. તેના માટે અસંખ્ય કાયદાઓ હોવા છતાં, આ લૂંટ અવિરત ચાલુ રહી છે. તેથી, હાલના કાયદાઓની સંપૂર્ણ પુનઃસમીક્ષા કરવાની જરૂર છે. કમનસીબે, ન તો સત્તાધારી પક્ષ કે વિપક્ષે લોકસભામાં, મીડિયામાં કે શૈક્ષણિક ચર્ચાઓમાં આ સર્વસંમતિને જાહેર કરી નથી. આ બાબતે AMU અને JMI જેવી સંસ્થાઓના શિક્ષણવિદોનું મૌન ખાસ કરીને નોંધનીય અને ચિંતાજનક છે.

"મુસ્લિમ-મૈત્રીપૂર્ણ" અને "ધર્મનિરપેક્ષ" ગણવામાં આવતો વિપક્ષ વક્ફની આ લૂંટ અંગે ઉલ્લેખ કરવાનું ટાળે છે કારણ કે આમ કરવાથી આ બિલની જરૂરિયાતને ન્યાયી ઠેરવવામાં આવશે. આ એ પણ સમજાવે છે કે શા માટે લોકસભામાં તેમની દરમિયાનગીરીઓ ઉપરછલ્લી અને માત્ર રેટરિકલ છે. વિપક્ષ નિખાલસપણે આવી લૂંટ કે ગેરવહીવટ અને જણાવશે નહીં કે વક્ફ એ કોઈ કુદરતી આદેશ નથી અને તેની લૂંટ અટકાવવા માટે અને તેને મુસ્લિમ સમુદાયોના કલ્યાણ અને સશક્તિકરણ માટે રીડાયરેક્ટ કરવા માટે સુધારણા માટે માનવ હસ્તક્ષેપની જરૂર છે.

વિદ્વાનો, ધર્મશાસ્ત્રીઓ અને અન્ય જ્ઞાની વર્ગોએ હસ્તક્ષેપ કર્યો છે પણ તેઓએ તેના માટે જરૂરી કામ કર્યું નથી. તેઓએ આ પ્રસ્તાવિત બિલની અસરો વિશે ખાનગીમાં ચર્ચા કરેલી ચિંતાઓ અને આશંકાઓ જાહેરમાં વ્યક્ત કરી નથી. મુસ્લિમ સમુદાયે આ રાજકારણને સમજી લેવાની જરૂર છે, કે માત્ર રાજકારણીઓની જ નહીં, પરંતુ તેમના પોતાના જાણકાર અને બૌદ્ધિક વર્ગ પણ શા માટે આ વિદ્વાનો ધારાસભ્યો અને સમુદાયને આ મુદ્દાને સર્વગ્રાહી રીતે સમજવામાં મદદ કરતા નથી ?

આ ખરડા દ્વારા મૂળ ખતરો મુસ્લિમ સમુદાયના ઉચ્ચ વર્ગ માટે છે. આ પ્રસ્તાવિત બિલ ૧૯૯૫ના વક્ફ એક્ટના સેક્શન/ક્લોઝ ૧૪ દ્વારા ફરજિયાત વક્ફ બોર્ડમાં વિશિષ્ટ મુસ્લિમ પ્રતિનિધિત્વને પડકારે છે. આ વિભાગ, જે બોર્ડ એક્ઝિક્યુટિવ્સની સામાજિક રચના સાથે સંબંધિત છે, તેના પર નવા બિલમાં પ્રશ્ન ઉઠાવવામાં આવી રહ્યો છે. વક્ફ પ્રતિનિધિત્વમાં મુસ્લિમ-વિશિષ્ટ વિશેષાધિકારો માટેની જોગવાઈ દૂર કરવામાં આવી રહી છે, જે ચિંતા અને વિવાદનો નોંધપાત્ર મુદ્દો છે. બીજી ચિંતાજનક ચિંતા વક્ફ એક્ટ, ૧૯૯૫ની કલમ ૪૦માં સમાવિષ્ટ સક્ષમ જોગવાઈઓને દૂર કરવાની દરખાસ્ત છે. તે બોર્ડને મિલકત હસ્તગત કરવા, નોટિસ જારી કરવાની અથવા તેની માલિકી અંગે તપાસ કરવાની સત્તા આપે છે.

**આ બિલના પ્રસ્તાવિત સુધારા**

જો કે આ સૂચિત બિલમાં અનેક ખામીઓ દેખાય છે, ત્યારે તેના વિરોધીઓ દ્વારા વિગતવાર સ્પષ્ટીકરણનો અભાવ રચનાત્મક ચર્ચાને અવરોધે છે. ઐતિહાસિક રીતે, રાજ્યની દખલગીરીએ કેટલીકવાર હકારાત્મક પરિણામો પણ આપ્યા છે, જેમ કે હુગલીના મોહસીન વક્ફમાં જોવા મળે છે, જ્યાં બ્રિટિશ સંસ્થાનવાદી રાજ્યએ ૧૮૩૬માં મોહસીન હુગલી કોલેજની સ્થાપના કરી હતી, જે મૂળ વક્ફની મૂળ શરતોથી અલગ હતી. ૨૦૨૪ના વક્ફ બિલમાં આવા પ્રગતિશીલ પગલાંનો સ્પષ્ટપણે સમાવેશ થવો જોઈએ. વક્ફ બોર્ડસમાન લાભદાયી પગલાં લે તેની ખાતરી કરવા સંસદે કાયદો ઘડવો જોઈએ.

મુસ્લિમ સમુદાયોએ તેમનો સામૂહિક દંભ છોડી દેવો જોઈએ. દાખલા તરીકે, ઈન્સ્ટન્ટ ટ્રિપલ તલાક (ITT) જેવી પ્રથાઓ બિન-કુર્આનીક છે છતાં પણ તેઓ રાજ્યના હસ્તક્ષેપનો વિરોધ કરે છે અને આ હઠ સાથે પોતાને સુધારવાનો ઈન્કાર કરે છે. તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીને અલી મિયાં નદવીની ખાતરી હોવા છતાં, AIMPLB છૂટાછેડા લીધેલી મુસ્લિમ મહિલાઓને ભરણપોષણ આપવાનો ઈન્કાર કરે છે. તેઓ આ મામલે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો વિરોધ કરતા રહે છે. તેવી જ રીતે, કુર્આન દ્વારા બાળકને દત્તક લેવા પર પ્રતિબંધ નથી (તે માત્ર દત્તક લીધેલા બાળકના જૈવિક પિતૃત્વને છુપાવવા પર પ્રતિબંધ મૂકે છે) અને કસ્ટડી સંપૂર્ણપણે માન્ય છે જેમ કે પયગંબર મુહમ્મદ(સ.અ.વ.)ના દત્તક પુત્ર ઝૈદના કિસ્સામાં તે બન્યું હતું. તેમ છતાં, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB) તેમાં સુધારો કરવાનો ઈન્કાર કરે છે. તેમની આ જીદને એએમયુ અને જેએમઆઈ જેવી આધુનિક સંસ્થાઓના મોટા ભાગના શિક્ષણવિદો દ્વારા સમર્થન મળે છે. અખિલેશ યાદવ, અસદુદ્દીન ઓવૈસી અને ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB) જેવા રાજકીય નેતાઓએ આ મુદ્દે સ્પષ્ટ વલણ અપનાવવું જોઈએ.

**વક્ફ બિલ ૨૦૨૪ માટે કેટલીક ભલામણો**

**૧. વક્ફ ટ્રિબ્યુનલની રચના :** વક્ફના કેસોના નિરાકરણ માટે વિશિષ્ટ સંસ્થા તરીકે હાઈકોર્ટના ન્યાયાધીશોના દરજ્જાના ન્યાયાધીશોનો સમાવેશ કરતી ટ્રિબ્યુનલની સ્થાપના કરવી જોઈએ, જેમાં સુપ્રીમ કોર્ટ એપેલેટ ઓથોરિટી તરીકે રહેશે.

**૨. ઉન્નત જમીન સર્વેક્ષણ :** જમીન સર્વેક્ષણ કમિશનર દરેક બોર્ડમાં ઓછામાં ઓછા ત્રણ અધિકારીઓનો સમાવેશ થવો જોઈએ.

**૩. ફરજિયાત લિંગ અને જાતિનું પ્રતિનિધિત્વ :** વક્ફ બોર્ડની રચના વૈવિધ્યસભર હોવી જોઈએ અને તેને ફરજિયાત બનાવવી જોઈએ (સભ્ય તરીકે તમામ જાતિના મુસ્લિમો અને મહિલાઓ હોવી જોઈએ)

**૪. ડિજીટલ પારદર્શિતા :** વક્ફની અસ્કયામતો, ખત અને રિયલ એસ્ટેટના રેકોર્ડનું ડિજિટાઈઝેશન કરવું જોઈએ અને પારદર્શિતા અને તકેદારી માટે સાર્વજનિક રૂપે ઓનલાઈન સુલભ બનાવવા જોઈએ.

**૫. ચેરિટેબલ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન :** આ બિલમાં એ ફરજિયાત હોવું જોઈએ કે બંધારણની કલમ ૩૦ હેઠળ આધુનિક શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ, ખાસ કરીને ગુણવત્તાયુક્ત નિવાસી શાળાઓની સ્થાપના માટે વક્ફ મિલકતોનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે.

**૬. ગેરવહીવટ માટે સખત દંડ :** વક્ફ મિલકતો પડાવી લેનારા, હડપ કરી લેનારા અથવા ગેરવ્યવસ્થાપન કરનારાઓ માટેના દંડને હળવો ન કરવો જોઈએ અને સખત કેદની સજા લાગુ કરવી જોઈએ.

**૭. વક્ફ સર્જકોનું સ્મારકીકરણ :** વક્ફ સર્જકો (વકીફ)ને યોગ્ય રીતે યાદ કરવા જોઈએ, સન્માનિત કરવા જોઈએ અને તેમના કાર્યોને ડિજિટાઈઝ કરીને જાહેરમાં ઉપલબ્ધ કરાવવા જોઈએ.

**૮. મુતવલ્લીઓ માટે નિર્ધારિત ભૂમિકા :** મુતવલ્લી (વક્ફ સંચાલકો)ની ભૂમિકા સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત થવી જોઈએ, જેમાં ૩-૫ વર્ષનો નિશ્ચિત કાર્યકાળ હોવો જોઈએ. તેમની નિમણૂક માટે યોગ્યતાના માપદંડો નક્કી કરવા જોઈએ.

**૯. જવાબદારીનું મિકેનિઝમ :** મુતવલ્લી અને વક્ફ બોર્ડ બંને માટે એક મજબૂત ચેક અને બેલેન્સ મિકેનિઝમ લાગુ થવું જોઈએ.

**૧૦. ફરજિયાત વાર્ષિક** ઓડિટ, અને વક્ફ બોર્ડની આવક જાહેર તકેદારી માટે ઉપલબ્ધ કરાવવી જોઈએ.

આશા છે કે, હોદ્દેદારો મારા ઉપરોક્ત શબ્દો પર ધ્યાન આપશે!

**(લેખક અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના ઈતિહાસના પ્રોફેસર છે)**

# ભારતના સ્ટાર્ટઅપ્સમાં ઓછામાં ઓછા ૮૦૦૦ લોકોએ નોકરીઓ ગુમાવી; મોટી ટેક્નોલોજી કંપનીઓ AI અને નફા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે

રીઅલ-ટાઈમ લેઓફ ટ્રેકર layoffs.fyi અનુસાર આ વર્ષના ઓગસ્ટ સુધીમાં સમગ્ર ભારતમાં ૩૨ કંપનીઓ દ્વારા ઓછામાં ઓછા ૮૦૦૦ લોકોને છૂટા કરવામાં આવ્યા છે. આમાંની મોટાભાગની કંપનીઓ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (IT) સેક્ટરમાં સ્ટાર્ટઅપ્સ કંપનીઓ છે. આ વર્ષે છટણીની મહત્તમ સંખ્યા Paytmમાં છે, જેણે જૂનમાં ઓછામાં ઓછા ૩૫૦૦ કર્મચારીઓને છૂટા કર્યા હતા. સમગ્ર વિશ્વમાં આ વર્ષે ૧.૩૦ લાખથી વધુ છટણી થઈ છે, જેમાં મોટાભાગે બિગ ટેક કંપનીઓનો સમાવેશ થાય છે. ૧ ઓગસ્ટના રોજ ઈન્ટેલે ૧૫,૦૦૦ કર્મચારીઓને છૂટા કર્યા જે તેના કર્મચારીઓના ૧૫ ટકા જેટલા છે. ટેક સેક્ટરમાં છટણી ચાલુ હોવા છતાં એકંદરે ભરતીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જૂન ૨૦૨૪ના અહેવાલ મુજબ વ્હાઈટ કોલર હાયરિંગમાં ગયા વર્ષની સરખામણીમાં ૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. તાજેતરમાં ધ ઈકોનોમિક ટાઈમ્સના એક અહેવાલ મુજબ રિલાયન્સ ઈન્ડિયા લિમિટેડ (RIL)એ નાણાકીય વર્ષ ૨૪માં ખર્ચ-કાર્યક્ષમતા માપદંડ તરીકે તેના કર્મચારીઓના ૧૧ ટકા અથવા ૪૨,૦૦૦ કર્મચારીઓને કાઢી નાખ્યા હતા. શા માટે કંપનીઓ કર્મચારીઓની છટણી કરી રહી છે ? શું વિદેશમાં ટેક્નિકલ છટણીની ભારત પર અસર પડે છે ? અને શું ઓછી ભરતી એ ચિંતાજનક વલણ છે ? કર્મચારીઓની છટણી કરનાર ૩૨ કંપનીઓમાંથી ૨૦ બેંગ્લુરૂ સ્થિત સ્ટાર્ટઅપ્સ છે અને તેમાં અનએકેડેમી, બાયજુ, ઓલા, લિશિયસ, સ્વિગી, સિમ્પલ જેવા લોકપ્રિય નામોનો સમાવેશ થાય છે. ઓલ ઈન્ડિયા આઈટી અને આઈટીઈએસ એમ્પ્લોઈઝ યુનિયન (એઆઈઆઈટીઈયુ)ના જનરલ સેક્રેટરી સૌભિક ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, આ છટણીઓનું કારણ ખર્ચમાં ઘટાડો કરવાનો છે.

**એડટેક સેક્ટર :** ગયા મહિને બેંગ્લુરૂ સ્થિત અનએકેડેમીએ ૨૫૦ કર્મચારીઓની છટણી કરી હતી. આ સ્ટાર્ટઅપ બે વર્ષથી વધુ સમયથી ખર્ચમાં ઘટાડો કરી રહ્યું છે અને ૨૦૨૨થી ઓછામાં ઓછા ૨૦૦૦



## સમગ્ર વિશ્વમાં આ વર્ષે ૧.૩૦ લાખથી વધુ નોકરિયાતોને છૂટા કરવામાં આવ્યા છે

કર્મચારીઓને છોડી દીધા છે. આ સેક્ટરે રોગચાળા દરમિયાન રેકોર્ડ વૃદ્ધિ નોંધાવી હતી, જ્યારે રોગચાળા દરમિયાન શાળા શિક્ષણ ઓનલાઈન મોડમાં ફેરવાઈ ગયું હતું. જો કે, શાળાઓ ફરી ખુલ્યા પછી આ સેક્ટરમાં સ્ટાર્ટઅપ્સ સંઘર્ષ કરી રહ્યા છે. હવે રોકડની તંગીને લીધે બાયજુએ આ વર્ષે એપ્રિલમાં ઓછામાં ઓછા ૫૦૦ કર્મચારીઓને છોડી દીધા છે. તેણે ગયા વર્ષે ઓક્ટોબરથી નવેમ્બર વચ્ચે લગભગ ૩૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા હતા. દરમિયાન અપસ્કિલિંગ અને જોબ સર્ચ પ્લેટફોર્મ બ્લુલેર્ને જુલાઈમાં કામગીરી બંધ કરી દીધી હતી. તેમના LinkedIn પેજ મુજબ બેંગ્લુરૂ સ્થિત સ્ટાર્ટઅપમાં ૫૦ જેટલા કર્મચારીઓ હતા. જૂન ૨૦૨૪ના અહેવાલ મુજબ શિક્ષણ ક્ષેત્રમાં ભરતીમાં પણ ગયા વર્ષની સરખામણીમાં ૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

**મીડિયા સેક્ટર :** સોશિયલ મીડિયા કંપની શેરચેટમાં આ મહિનાની શરૂઆતમાં ૩૦ કર્મચારીઓની છટણી કરવામાં આવી હતી, કંપનીના પ્રવક્તાએ કહ્યું કે, આ પર્ફોર્મન્સ સાથે જોડાયેલા એક્ઝિટ હતા. અમે દર વર્ષે જુલાઈ-ઓગસ્ટમાં મધ્ય-વર્ષના પ્રદર્શનનું મૂલ્યાંકન કરીએ છીએ અને પર્ફોર્મર્સને સુધારણા યોજના પર અમલ કરવા અથવા છોડી દેવા માટે કહેવામાં આવે છે. આ એક સામાન્ય પ્રથા છે અને અમારા કર્મચારીઓના ૫% કરતા પણ ઓછા છે. દરમિયાન માઈક્રોબ્લોગિંગ સ્ટાર્ટઅપ કૂ જેણે પોતાની જાતને એલોન મસ્કના એક્સ (અગાઉ ટ્વિટર)ના સ્પર્ધક તરીકે સ્થાન આપ્યું હતું, ડેઈલીહન્ટ સાથે સંપાદન વાટાઘાટો નિષ્ફળ થયા પછી જુલાઈમાં કામગીરી બંધ કરી દીધી હતી. ધ હિન્દુ બિઝનેસ લાઈનના અહેવાલ મુજબ કૂ પાસે એપ્રિલ ૨૦૨૩ સુધીમાં ૨૬૦ અને આ વર્ષે એપ્રિલ સુધીમાં ૬૦-૭૦ કર્મચારીઓ હતા. ઓડિયો-સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ PocketFMએ આ વર્ષે માર્ચમાં ૧૦.૩૦ કરોડ ડૉલર (રૂા.૮૬૦ કરોડથી વધુ)નું ભંડોળ ઊભું કર્યું હોવા છતાં પણ લગભગ ૨૦૦ લેખકોને છૂટા કર્યા. IIT કાનપુરના પૂર્વ વિદ્યાર્થી અને ગ્લોબલ IIT એલ્યુમની સપોર્ટ ગ્રુપના સ્થાપક ધીરજ સિંઘે જણાવ્યું હતું કે, આ સ્ટાર્ટઅપે રોકાણકારો પાસેથી નવેસરથી ભંડોળ મેળવ્યું હોવાથી ઓપરેશનલ ખર્ચમાં ઘટાડો કરવાની સ્થિતિ હોઈ શકે છે.

**ફિનટેક :** રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તેની સહયોગી પેટીએમ (PPBL)ને બિન-પાલન મુદ્દાઓને ટાંકીને સેવાઓ પ્રદાન કરવા પર પ્રતિબંધ મૂક્યા પછી Paytmએ માર્ચ ૨૦૨૪ સુધીમાં ૩૫૦૦ કર્મચારીઓને છૂટા કર્યા. આ પ્રતિબંધને પગલે Paytmએ આ વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં રૂા.૫૫૦ કરોડની ખોટ નોંધાવી હતી. Paytmએ ગયા વર્ષે ડિસેમ્બરમાં પણ ૧૦૦૦ કર્મચારીઓને કાઢી મૂક્યા હતા.

**છૂટક, ફિટનેસ, ખોરાક :** વોલમાર્ટની માલિકીની ફ્લિપકાર્ટે આ વર્ષે જાન્યુઆરીમાં ૧૧૦૦-૧૫૦૦ કર્મચારીઓની છટણી કરી હોવાથી તેના કર્મચારીઓની સંખ્યા ૫-૭ ટકા ઓછી કરી છે. ઝોમેટો અને ટાટા ડિજિટલ દ્વારા સમર્થિત ફિટનેસ સ્ટાર્ટઅપ Cult.fitએ જાન્યુઆરી ૨૦૨૪માં ૧૦૦-૧૨૦ કર્મચારીઓને છૂટા કર્યા હતા. આ નિર્ણયનો ઉદ્દેશ્ય ઉત્પાદકતામાં સુધારો કરવા અને નાણાકીય વર્ષ ૨૫માં સંપૂર્ણ નફાકારકતા માટે અમને સુયોજિત કરવાનો હતો. ફૂડ એન્ડ ગ્રોસરી ડિલિવરી પ્લેટફોર્મ સ્વિગીએ આ વર્ષે જાન્યુઆરીમાં લગભગ ૩૫૦-૪૦૦ કર્મચારીઓની છટણી કરતાં તેના કર્મચારીઓની સંખ્યા ૬ ટકા ઓછી કરી હતી. મીટ ડિલિવરી પ્લેટફોર્મ Liciousએ આ વર્ષે ફેબ્રુઆરીમાં ૮૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી નાખ્યા હતા. કેબ-હેલિંગ એપ ઓલાએ પણ એપ્રિલમાં ૧૮૦ કર્મચારીઓની છટણી કરી હતી. કાયદા દ્વારા રાજ્ય અને કેન્દ્ર સરકારોએ આવી પ્રથાઓ પર નજર રાખવાની અને જો કંપનીમાં ૩૦૦થી વધુ કર્મચારીઓ હોય તો તેમાં હસ્તક્ષેપ કરવાની જરૂર છે. પરંતુ તેઓએ આંખ આડા કાન કર્યા હોય તેવું લાગે છે. હકીકતમાં કેટલીક સરકારી નીતિઓ આ શોષણમાં વધારો કરી રહી છે. સમગ્ર વિશ્વમાં પણ ટેક કંપનીઓ વધુ નફાકારકતા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના એકીકરણ તરફ લક્ષ્ય રાખીને સ્ટાફને છૂટા કરે છે. ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ ડેલ ૨૦,૦૦૦ નોકરીઓમાં કાપ મૂકે તેવી શક્યતા છે. ડેલે ૨૦૨૩માં ૧૩,૦૦૦ કર્મચારીઓને કાઢી મૂક્યા હતા.

સિસ્કોએ આ વર્ષે ફેબ્રુઆરીમાં ૪૨૫૦ કર્મચારીઓની છટણી કરી હતી. આ મહિનાની શરૂઆતમાં ઈન્ટેલે ૧૫,૦૦૦ કર્મચારીઓ અથવા તેના કર્મચારીઓના ૧૫ ટકા કર્મચારીમાં ઘટાડો કર્યો હતો. Googleએ જાન્યુઆરીમાં ઓછામાં ઓછા એક હજાર કર્મચારીઓને બરતરફ કર્યા હતા. એમેઝોને ગયા વર્ષે ૨૭,૦૦૦થી વધુ નોકરીઓમાં કાપ મૂક્યા પછી જાન્યુઆરીમાં કેટલાક કર્મચારીઓની છટણી કરી હતી. SAPએ જાન્યુઆરીમાં ૮૦૦૦ કર્મચારીઓની છટણી કરી હતી. માઈક્રોસોફ્ટે જાન્યુઆરીમાં તેના ગેમિંગ વિભાગમાંથી ૧૯૦૦ કર્મચારીઓને કાઢી મૂક્યા હતા. ટેસ્લાએ આ વર્ષે એપ્રિલમાં ૧૪,૦૦૦ નોકરીઓમાં કાપ મૂક્યો હતો.

**- આકૃતિ હાંડા (સૌ.: ધ ક્વિન્ટ.કોમ)**

**હદીસ બોધ**

મુશ્કેલીના સમયે ધીરજ શ્રેષ્ઠ માર્ગ છે. - હદીસ બોધ

**બોધ વચન**

પાગલ માણસને જ્યારે ખબર પડે છે કે તે પાગલ છે, ત્યારે તે સમજણની નિકટ હોય છે.

**આજની આરસી**

૨૨ ઓગસ્ટ ગુરૂવાર ૨૦૨૪
૧૬ સફર હિજરી ૧૪૪૬
શ્રાવણ વદ ત્રીજ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૫૬
ખત્મે ઝવાલ ૧૨-૪૩
તુલુએ આફતાબ (સૂર્યોદય) ૬-૧૯
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૦૭

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમને ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# જય શાહ ICC અધ્યક્ષ તરીકે ગ્રેગ બાર્કલેનું સ્થાન લેશે : રિપોર્ટ

## વર્તમાન અધ્યક્ષ ગ્રેગ બાર્કલેએ સૂચિત કરી દીધું કે તે ત્રીજા કાર્યકાળ માટે દાવેદારી રજૂ કરશે નહીં

## જગમોહન દાલમિયા, શરદ પવાર, એન.શ્રીનિવાસન અને શશાંક મનોહર બાદ જય શાહ આઈસીસી પર રાજ કરનાર પાંચમા ભારતીય બની જશે

નવી દિલ્હી, તા.૨૧

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના સચિવ જય શાહને લઈ મોટા સમાચાર છે તે હાલના ગ્રેગ બાર્કલેના સ્થાને આઈસીસીના નવા અધ્યક્ષ બની શકે છે. બાર્કલેએ ઓસ્ટ્રેલિયાના અધ્યક્ષ માઈક બેયર્ડ સહિત આઈસીસી નિર્દેશકોને એક વીડિયો કોન્ફરન્સ દરમ્યાન જણાવ્યું કે તેમનો ત્રીજવાર આ પદ માટે ચૂંટણી લડવાનો કોઈ ઈરાદો નથી. જય શાહના તેમના સ્થાને નવેમ્બરમાં ચૂંટણી લડવાના ઈરાદા વિશે સૂચિત કરાયા બાદ તેમણે આ નિર્ણય લીધો છે. શાહને ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા ક્રિકેટ બોર્ડનું સમર્થન પ્રાપ્ત છે. આઈસીસીના પ્રમુખના રૂપમાં તાજ પહેરવા માટે તેમની પાસે પર્યાપ્ત સંખ્યા છે. એનડી ટીવીનો રિપોર્ટ માનીએ તો જય શાહે પણ પૂરી રીતે તૈયારી કરી લીધી છે. આઈસીસીના પ્રવક્તાએ ધ એજને જણાવ્યું કે આઈસીસીના અધ્યક્ષ ગ્રેગ બાર્કલેએ બોર્ડને સૂચિત કર્યું છે કે તે ત્રીજા કાર્યકાળ માટે દાવેદારી રજૂ કરશે નહીં. નવેમ્બરના અંતમાં પોતાનો વર્તમાન કાર્યકાળ સમાપ્ત થવા પર પદેથી હટી જશે. બાર્કલેને નવેમ્બર ૨૦૨૦માં સ્વતંત્ર આઈસીસી અધ્યક્ષના રૂપમાં નિયુક્ત કરાયા હતા. ત્યારબાદ ૨૦૨૨માં તેમની ફરીથી પસંદગી કરવામાં આવી. તેમણે કહ્યું કે વર્તમાન ડાયરેક્ટર્સને હવે ૨૭ ઓગસ્ટ ૨૦૨૪ સુધી આગામી અધ્યક્ષ માટે નામાંકન રજૂ કરવાનું રહેશે અને જો એકથી વધારે ઉમેદવાર છે તો ચૂંટણી થશે અને નવા અધ્યક્ષનો કાર્યકાળ પહેલી ડિસેમ્બર ૨૦૨૪થી શરૂ થશે. આઈસીસીના નિયમ અનુસાર અધ્યક્ષની ચૂંટણીમાં ૧૬ વોટ હોય છે અને વિજેતા માટે નવ વોટની બહુમતી આવશ્યક છે. ૧૬ મતદાન સભ્યોમાંથી મોટાભાગના સાથે તેમના સારા સંબંધ છે. ૩૫ વર્ષની ઉંમરમાં તે આઈસીસીના ઈતિહાસમાં સૌથી નાની ઉંમરના અધ્યક્ષ બની જશે. તેમના પહેલા જગમોહન દાલમિયા (૧૯૯૭થી ૨૦૦૦) અને શરદ પવાર (૨૦૧૦-૨૦૧૨) અધ્યક્ષ રહ્યા જ્યારે એન. શ્રીનિવાસન (૨૦૧૪-૨૦૧૫) અને શશાંક મનોહર (૨૦૧૫-૨૦૨૦) ચેરમેન રહ્યા છે. આ રીતે તે ઓવરઓલ આઈસીસી પર રાજ કરનારા કુલ પાંચમા ભારતીય બની જશે.

# નિર્દોષો દલિત હોવાનું દર્દ ભોગવી રહ્યા છે, સરકારી શાળામાં દલિત બાળકો સાથે ભેદભાવનો વીડિયો વાયરલ થયો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

આઝાદીના ૭૮ વર્ષ પછી પણ ભેદભાવના કિસ્સાઓ અટકી રહ્યા નથી. દેશમાં અસ્પૃશ્યતા સામે કડક કાયદાઓ બન્યા હોવા છતાં સમાનતા માટે સરકારના લાખ પ્રયત્નો છતાં આજે પણ ગ્રામીણ વિસ્તારોમાં જાતિ ભેદભાવ અટકતો નથી. આવો જ એક કિસ્સો બાડમેર જિલ્લાની એક સરકારી શાળામાં સામે આવ્યો છે. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. સરકારી શાળામાં દલિત બાળકો સાથેના ભેદભાવનો વીડિયો બાડમેર જિલ્લાના રાજસ્થાન સરકારના મંત્રી કે.કે વિશ્નોઈના વિધાનસભા મત વિસ્તાર ગુડામલાનીની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા ધોલી નદીનો છે. જેમાં શાળાના બાળકોનો પૌષ્ટિક ખોરાક ખાવા માટેના વાસણો પણ અલગથી રાખવામાં આવી રહ્યા છે. બાળકો અને તેમના પરિવારજનોનું કહેવું



છે કે દલિત સમાજના બાળકોને છેલ્લાં ૧ વર્ષથી હેરાન કરવામાં આવી રહ્યા છે. સ્વતંત્રતા દિવસે પણ દલિત બાળકોને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. સ્વતંત્રતા દિવસ પર શાળામાં તૈયાર કરવામાં આવેલો ખોરાક પણ દલિત શાળાના બાળકોને ખવડાવવામાં આવ્યો ન હતો. ભેદભાવનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ શિક્ષણ વિભાગ અને વહીવટીતંત્રમાં દોડધામ મચી ગઈ છે. વીડિયો અંગે સ્પષ્ટતા આપતા, બાડમેર પોલીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર પોસ્ટ કરીને કહ્યું, SDM, તહસીલદાર, CBEO ગુડામલાની, પટવારી અને સરપંચ શાળામાં હાજર છે. શાળામાં પૌષ્ટિક આહાર તૈયાર કરવામાં આવી રહ્યો છે, તમામ બાળકોને એકસાથે બેસાડીને ખવડાવવામાં આવશે. સાથે સાથે અરજદાર રૌરામ મેઘવાલે આ સમગ્ર મામલે ધોરીમાણા પોલીસ સ્ટેશનના અધિકારીને લેખિત જાણ કરી હતી, જે અંગે પોલીસ સ્ટેશનના અધિકારીને જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. સરકારી શાળામાં ભેદભાવની ઘટના બાદ શિક્ષણ વિભાગ પણ એક્શનમાં આવ્યું હતું અને આ મામલાને ગંભીરતાથી લઈને ગુડામલાણી સીબીઈઓને ઘટનાસ્થળે મોકલી સમગ્ર મામલાની તપાસના આદેશ આપ્યા હતા. મુખ્ય જિલ્લા શિક્ષણ અધિકારી મુરલીધર યાદવે જણાવ્યું હતું કે તપાસમાં દોષિતો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# હાથરસમાં બંધક : ૪ વર્ષ પછી પણ દલિત પીડિત પરિવાર હજુ પણ સ્થળાંતર અને ન્યાયની રાહ જોઈ રહ્યો છે

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૧

ઠાકુર પ્રભુત્વ ધરાવતા ગામમાં રહેતા, આશાના પરિવારે ૨૦૨૦માં તેના બળજબરીથી અગ્નિસંસ્કાર કર્યા પછી રક્ષણ અને સ્થળાંતરની માંગ કરી હતી. તે સુરક્ષા હવે બેધારી તલવાર બની ગઈ છે. કપડાના એક ખૂણામાં માટીનો વાસણ પાછળ ધકેલી દેવામાં આવ્યો છે. તેમાં આશાની રાખ છે, જે તેના કપડા અને નેઈલ પોલીશની સૂકી બોટલો પાછળ છુપાયેલી છે. તેની માતાએ કહ્યું, જ્યાં સુધી અમને ન્યાય ન મળે ત્યાં સુધી અમે તેના અંતિમ સંસ્કાર કરવા માંગતા નથી. હાથરસ ગેંગરેપ અને મર્ડર કેસને ચાર વર્ષ થઈ ગયા છે. સપ્ટેમ્બર ૨૦૨૦માં ૧૯ વર્ષીય દલિત છોકરી આશા તેના ઘરથી માત્ર મીટર દૂર અર્ધ નગ્ન, લોહી વહેતી અને ભાગ્યે



જ જીવિત મળી આવી હતી. તે બે અઠવાડિયા પછી હોસ્પિટલમાં મૃત્યુ પામી. ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા તેના મૃતદેહનો બળજબરીપૂર્વક અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો હતો. આશાના મૃત્યુના ચાર વર્ષ પછી ત્રણ આરોપીઓ ગામમાં પાછા ફર્યા છે અને તેમના પરિવારના પાડોશી તરીકે રહે છે. દરમિયાન તેનો પોતાનો પરિવાર તેમના પોતાના ઘરની અંદર પાંજરામાં બંદી જેવું જીવન જીવી રહ્યા છે. જુલાઈ ૨૦૨૪માં આશાના પરિવારે અલ્હાબાદ હાઈકોર્ટને જાણ કરી હતી કે તેઓને સ્થાનાંતરિત કરીને નોકરી આપવામાં આવવાની હતી, તેમ છતાં તે બન્યું ન હતું. તેઓએ કોર્ટને એમ પણ કહ્યું કે, સુરક્ષા વ્યવસ્થા તેમના માટે આસપાસ ફરવું મુશ્કેલ બનાવી રહી છે. કોર્ટે ઉત્તરપ્રદેશ સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. જુલાઈની શરૂઆતમાં, ગુનાના ચાર વર્ષ પછી, ન્યૂઝલોન્ડ્રીએ આશાના ઘરની મુલાકાત લીધી. સીઆરપીએફના જવાનો તેના ઘરની બહાર કુલરની હવામાં બેસતા હતા. કામચલાઉ બંકરની અંદર, ચાર કર્મચારીઓ નીચે પડેલા હતા. પચાસ મીટર દૂર, બીજા બંકરમાં, પાંચ સીઆરપીએફ જવાનો આરામ કરી રહ્યા હતા, જ્યારે એક ભેંસ તેમની બાજુમાં ઉભી હતી, ચરી રહી હતી. કર્મચારીઓનું બીજું જૂથ તેમની બંદૂકો સાથે ઘરની આસપાસ ઊભું હતું. કેટલાક તેમના ફોન પર સ્ક્રોલ કરી રહ્યા હતા અને કેટલાક સૂઈ રહ્યા હતા. આઠ સીસીટીવી કેમેરા દરેક સમયે પરિવાર પર નજર રાખતા હતા. ઘરમાં પ્રવેશતા કે બહાર નીકળતા કોઈપણ વ્યક્તિએ સીઆરપીએફ દ્વારા જાળવવામાં આવતી રજિસ્ટ્રીમાં તેમની વિગતો દાખલ કરવાની હતી.

# પાંચ મહિનાથી પેન્શન નહીં, તમિલનાડુમાં જાતીય અત્યાચારનો ભોગ બનેલા પરિવારો મુશ્કેલીમાં છે

(એજન્સી) ચેન્નાઈ, તા.૨૧

સેંકડો દલિત પરિવારો જેમના સંબંધીઓ જાતિ અત્યાચારના કેસમાં માર્યા ગયા હતા, તેમને છેલ્લાં પાંચ મહિનાથી ૭,૫૦૦ રૂપિયા માસિક પેન્શન મળ્યું નથી. સૂત્રોએ જણાવ્યું, તમિલનાડુ સરકારે નવેમ્બર ૨૦૨૩થી આ પરિવારો માટે ઉન્નત પેન્શન આપવાનું શરૂ કર્યું હતું. દલિત લિબરેશન મૂવમેન્ટ (DLM)ના રાજ્ય સચિવ સી કરૂપિયાના જણાવ્યા અનુસાર, રાજ્યભરમાં આશરે ૫૦૬ લાભાર્થી પરિવારોને આ વર્ષે માર્ચથી રકમ મળી નથી. આદિ દ્રવિડર કલ્યાણ વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, મદુરાઈમાં લગભગ ૪૯ પરિવારો, ડિંડીગુલમાં ૨૯ પરિવારો અને તિરૂપુરમાં કેટલાય પરિવારોને તેમનું પેન્શન મળ્યું નથી. મદુરાઈમાં વિભાગના અધિકારીએ જણાવ્યું હતું, પેન્શન સ્કીમ રદ કરવામાં આવી નથી. ફંડ ફાળવણીના મુદ્દાઓને કારણે માસિક ચૂકવણીના વિતરણમાં વિલંબ થાય છે. તે ટૂંક સમયમાં ઉકેલાઈ જશે. TNIE સાથે વાત કરતા, કરૂપિયાએ કહ્યું, આ કોઈ અલગ કેસ નથી. આશરે ૫૦૬ લાભાર્થી પરિવારો છેલ્લા પાંચ મહિનાથી પીડાઈ રહ્યા છે. લગભગ તમામ પરિવારો ગરીબ છે અને તેમાંથી કેટલાકમાં કોઈ પુરુષ સભ્ય નથી કારણ કે પતિ અને પુત્રો જાતિના અથડામણમાં મૃત્યુ પામ્યા હતા. ડિંડીગુલના ૫૧ વર્ષીય કે.મુરૂગમ્બલએ જણાવ્યું હતું કે, મારો પુત્ર દિનેશ ૧૧મા ધોરણમાં અભ્યાસ કરતો હતો જ્યારે ૨૦૧૦માં સંબંધની શંકામાં છોકરીના ભાઈ અને તેના મિત્રોએ તેની હત્યા કરી નાખી હતી. SC/ST એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો અને આરોપીઓને ડીંડીગુલ સબ-કોર્ટ દ્વારા દોષિત ઠેરવવામાં આવ્યા હતા. મને ૭૫,૦૦૦ રૂપિયાનું વળતર મળ્યું અને SC/ST એક્ટ હેઠળ ફેમિલી પેન્શન તરીકે દર મહિને ૧,૦૦૦ રૂપિયાનું વચન આપવામાં આવ્યું. પરંતુ પૈસા ચૂકવ્યા ન હતા. ૨૦૨૧માં મને કુલ પેન્શનના એરિયર્સ તરીકે ૧ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. નવેમ્બર ૨૦૨૩માં દર મહિને ૭,૫૦૦ રૂપિયાનું કુટુંબ પેન્શન ઓફર કરવામાં આવ્યું હતું. પરંતુ ચાર મહિના પછી પેન્શનની રકમ બંધ થઈ ગઈ. મદુરાઈના એસ થાનીકોડીએ કહ્યું, મારી બહેન લક્ષ્મીની હત્યા ૨૦૦૭માં મદુરાઈના થોટ્ટમપટ્ટી ગામમાં એક પ્રભાવશાળી સમુદાયના યુવકે કરી હતી. ખૂબ વિલંબ અને ન્યાયાધીશની ચેતવણી પછી ગુનેગારની ધરપકડ કરવામાં આવી અને SC/ST એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો. આરોપીને ૨૦૧૮માં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. અમને ૭૫,૦૦૦ રૂપિયાનું વળતર મળ્યું હતું. ૨૦૨૧માં અમને વળતરની બાકી રકમ તરીકે ૧ લાખ રૂપિયા મળ્યા. નવેમ્બર ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪ વચ્ચેના ચાર મહિના માટે અમને ૭,૫૦૦ રૂપિયા માસિક પેન્શન મળ્યું, પરંતુ તે પછીથી બંધ કરી દેવામાં આવ્યું. આદિ દ્રવિદર કલ્યાણ વિભાગના સચિવ જી લક્ષ્મી પ્રિયાનો તેમની ટિપ્પણી માટે સંપર્ક થઈ શક્યો ન હતો.

# ચેમ્પિયન્સ ટ્રોફીની આ કેવી તૈયારી, ભારત આ વર્ષે ફક્ત ત્રણ વન-ડે રમશે

## આ દરમ્યાન પાકિસ્તાન પાંચ ગણી અને ઓસ્ટ્રેલિયા ચાર ગણી વધારે વન-ડે રમશે

નવી દિલ્હી, તા.૨૧

રોહિત શર્માના નેતૃત્વમાં ભારતે ટી-૨૦ વર્લ્ડકપ તો જીતી લીધો. હવે આગામી તૈયારી ચેમ્પિયન્સ ટ્રોફીની હોવી જોઈએ. જે આગામી વર્ષે ફેબ્રુઆરી ૨૦૨૫માં રમાશે પણ લાગે છે કે, ટીમ ઈન્ડિયા આઈસીસીની આગામી ટુર્નામેન્ટ માટે સીરિયસ નથી. વર્ષ ૨૦૨૪માં ભારતના શિડ્યુલમાં ફક્ત ત્રણ વન-ડે મેચ હતી. જે તેણે શ્રીલંકા વિરુદ્ધ રમી લીધી. આ વર્ષ ૧૯૭૯ બાદ કોઈ એક કેલેન્ડર વર્ષમાં ભારતીય ટીમની સૌથી ઓછી વન-ડે મેચ હતી. આવામાં ભારતીય ટીમના કાર્યક્રમ પર સવાલ ઊઠવા સ્વાભાવિક છે. વાસ્તવમાં શ્રીલંકા વિરુદ્ધ ભારતની વન-ડે સિરીઝ સાત ઓગસ્ટે સમાપ્ત થઈ હતી. તેના ૪૨ દિવસ બાદ ટીમને આગામી ઈન્ટરનેશનલ મેચ ૧૯ સપ્ટેમ્બરે બાંગ્લાદેશ વિરુદ્ધ ટેસ્ટ સિરીઝ રમવાની છે. અહિંયાથી આગામી ચાર મહિનામાં ભારતના શિડ્યુલમાં ૧૦ ટેસ્ટ અને સાત ટી-૨૦ મેચ છે પણ એકપણ વન-ડે નથી. ભારતને આગામી વન-ડે સીધી ૬ ફેબ્રુઆરી, ૨૦૨૫એ ઈંગ્લેન્ડ વિરુદ્ધ ઘરઆંગણે જ રમવાની છે. તે ત્રણ વન-ડેની સિરીઝ હશે. જેના સમાપ્ત થવાના સપ્તાહ બાદ જ ચેમ્પિયન્સ ટ્રોફીની શરૂઆત થશે. ફેબ્રુઆરીમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ સિરીઝ મળી ચેમ્પિયન્સ ટ્રોફીની તૈયારી માટે ભારત પાસે ફક્ત ત્રણ વન-ડે બચી છે. જ્યારે પાકિસ્તાન આ દરમ્યાન લગભગ પાંચ ગણી અને ઓસ્ટ્રેલિયા ચાર ગણી વધારે વન-ડે રમશે. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં પાકિસ્તાનની ટીમ ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ઝિમ્બાબ્વે અને દ.આફ્રિકા સામે ત્રણ-ત્રણ મેચની સિરીઝ રમશે. આ જ રીતે ઈંગ્લેન્ડ આઠ અને ન્યુઝીલેન્ડ ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં ઓછામાં ઓછી ૧૩ વન-ડે મેચની સિરીઝ રમશે.

## વન-ડે ઈતિહાસના ફક્ત ચાર ખેલાડી જેમણે

# એક જ મેચમાં સદી ફટકારી અને પાંચ વિકેટ પણ ઝડપી

નવી દિલ્હી, તા.૨૧ : ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ૧૯૭૧માં મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર પ્રથમ વન-ડે રમાઈ હતી. ૧૯૭૫થી વર્લ્ડકપની શરૂઆત થઈ. અત્યાર સુધી ૪૫૦૦થી વધારે વન-ડે મેચ રમાઈ ચૂકી છે. ૫૦૦૦થી વધારે ખેલાડી વન-ડે ક્રિકેટ રમી ચૂક્યા છે. તેમ છતાં પણ અત્યાર સુધી ચાર જ એવા ખેલાડી છે જેમણે એક જ મેચમાં સદી બનાવવાની સાથે પાંચ વિકેટ લેવાની સિદ્ધિ મેળવી છે.

● **વિવિયન રિચર્ડ્સ - ૧૧૯ રન અને પાંચ વિકેટ :** વેસ્ટઈન્ડિઝના મહાન વિવિયન રિચર્ડ્સ એક જ વન-ડેમાં સદી ફટકારવાની સાથે જ પાંચ વિકેટ લેનાર વિશ્વના પ્રથમ ખેલાડી હતા. ૧૯૮૭માં રિચર્ડ્સે આ સિદ્ધિ મેળવી હતી. તેમણે ન્યુઝીલેન્ડ વિરુદ્ધ ૧૧૩ બોલમાં ૧૧૯ રન બનાવ્યા હતા. બોલિંગમાં ૪૧ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી.

● **પોલ કોલિંગવૂડ - ૧૧૨ રન અને ૬ વિકેટ :** ઈંગ્લેન્ડના પોલ કોલિંગવૂડ એકમાત્ર ખેલાડી છે. જેમણે સદી બનાવવા ઉપરાંત મેચમાં ૬ વિકેટ ઝડપી છે. ૨૦૦૫માં નોટિંઘમમાં ઈંગ્લેન્ડ અને બાંગ્લાદેશ વચ્ચે મેચ રમાઈ હતી. ૮૬ બોલમાં કોલિંગવૂડે અણનમ ૧૧૨ રન બનાવ્યા હતા. બોલિંગ દરમ્યાન ફક્ત ૩૧ રન આપી ૬ વિકેટ ઝડપી હતી.

● **રોહન મુસ્તફા - ૧૦૯ રન અને પાંચ વિકેટ :** લિસ્ટમાં ત્રીજું નામ યુએઈના પૂર્વ કપ્તાન રોહન મુસ્તફાનું છે. પાકિસ્તાનમાં જન્મેલા મુસ્તફાએ ૨૦૧૭માં પીએનજી વિરુદ્ધ આ કમાલ કર્યો હતો. ઓપનિંગ કરતા તેમણે ૧૦૯ રનની ઈનિંગ રમી હતી. બોલિંગ દરમ્યાન મુસ્તફાએ ૮.૨ ઓવરમાં ફક્ત ૨૫ રન આપી પાંચ વિકેટ ઝડપી હતી.

● **બાસ ડે લીડ - ૧૨૩ રન અને પાંચ વિકેટ :** નેધરલેન્ડના બાસ ડે લીડે સ્કોટલેન્ડ વિરુદ્ધ વર્લ્ડકપ ક્વોલિફાયરમાં ૫૨ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી. ત્યારબાદ બેટિંગ દરમ્યાન ચોથા નંબરે આવી ૯૨ બોલમાં ૧૨૩ રન ફટકાર્યા હતા.

# ભારત સતત ત્રીજીવાર વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલ રમી શકે

## જો કે, રોહિત શર્મા એન્ડ કંપની સામે ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાનો મોટો પડકાર

નવી દિલ્હી, તા.૨૧

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ૨૦૨૩-૨૫ના ચક્રમાં હાલ ભારતીય ટીમ મજબૂત સ્થિતિમાં છે. હાલના WTC પોઈન્ટ ટેબલમાં રોહિત શર્મા એન્ડ કંપની ૬૮.૫૧ ટકા પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે. આ ચક્રમાં ભારતે હાલ ત્રણ સિરીઝ રમી છે અને આ ત્રણેય સિરીઝ પોતાના નામે કરી છે. જો કે, ટીમે આ દરમ્યાન વેસ્ટઈન્ડિઝ વિરુદ્ધ એક મેચ ડ્રો રમી અને ઈંગ્લેન્ડ વિરુદ્ધ એક મેચ ગુમાવી છે. જે આવનાર સમયમાં ભારતને નડી શકે છે. ભારતને આ ચક્રમાં વધુ ત્રણ સિરીઝ રમવાની છે. ટીમ ઈન્ડિયા માટે સારી વાત એ છે કે, આમાંથી બે સિરીઝ ઘરઆંગણે રમવાની છે. આવામાં ટીમ ઈન્ડિયા ઘરેલુ કન્ડિશનનો ફાયદો ઊઠાવી પોતાની સ્થિતિ વધારે મજબૂત કરી શકે છે. ટીમ ઈન્ડિયા સતત ત્રીજીવાર વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં પહોંચી શકે છે. જો ગત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપના ચક્ર પર નજર કરીએ તો ઓસ્ટ્રેલિયાએ ૬૬.૬૭ તો ભારતે ૫૮.૮૦ ટકા પોઈન્ટ સાથે ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. આવામાં ૬૫ ટકા પોઈન્ટને એક-એક પોઝિશન માની શકાય છે અને કહી શકાય કે આટલા પોઈન્ટવાળી ટીમ ફાઈનલમાં સ્થાન મેળવી શકે છે. જો ભારત અંતિમ સિરીઝ સુધી આટલા જ પોઈન્ટ જાળવી રાખશે તો ટીમ ઈન્ડિયા ત્રીજીવાર ફાઈનલ રમશે. ટીમ ઈન્ડિયાને ૧૯ સપ્ટેમ્બરથી બે મેચની ટેસ્ટ સિરીઝ ઘરઆંગણે બાંગ્લાદેશ વિરુદ્ધ રમવાની છે અને ત્યારબાદ ભારત ત્રણ મેચની ટેસ્ટ સિરીઝ માટે ન્યુઝીલેન્ડની યજમાની કરશે. ભારત છેલ્લા ૧૨ વર્ષથી ઘરઆંગણે કોઈ સિરીઝ હાર્યું નથી. જ્યારે આ દરમ્યાન ટીમે ફક્ત ચાર ટેસ્ટ જ ગુમાવી છે. આવામાં અંદાજ લગાવી શકાય છે કે, ભારત પોતાનું વર્ચસ્વ જાળવી રાખતા પાંચેય ટેસ્ટ જીતી શકે છે. ન્યુઝીલેન્ડનો પડકાર થોડો કઠિન હોઈ શકે છે પણ કીવી ટીમે ભારતમાં અત્યાર સુધી કોઈ ટેસ્ટ સિરીઝ જીતી નથી. આવામાં ભારત ઘરઆંગણે પોતાની પાંચેય ટેસ્ટ જીતવામાં સફળ રહેશે તો તેના ૭૯.૭૬ ટકા પોઈન્ટ થઈ જશે અને ઓસ્ટ્રેલિયા પ્રવાસે તેને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડશે નહીં. જો ભારત ઘરઆંગણે પાંચેય ટેસ્ટ જીત્યા બાદ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ટેસ્ટ સિરીઝ ૨-૩થી હારશે તો પણ તેના ખાતામાં ૬૯.૨૯ ટકા પોઈન્ટ રહેશે. આવામાં તેની ફાઈનલમાં રમવાની તક વધારે હશે. જો ભારત ત્રણથી વધારે મેચ હારશે તો મુશ્કેલી ઊભી થશે. જો ઓસ્ટ્રેલિયા ભારતને ૪-૧થી હરાવશે તો ભારતના ૬૪.૦૪ ટકા પોઈન્ટ રહી જશે. આવામાં તેને બીજી ટીમોના રિઝલ્ટ પર નિર્ભર રહેવું પડશે. ભારતે જો ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર વધારે ગણતરી ના કરવી હોય તો સૌથી પહેલાં તેને ઘરઆંગણે પાંચેય ટેસ્ટ જીતવી પડશે.

# નસીમ શાહ પોતાના પિતાને ક્રિકેટ મેચ કેમ જોવા દેતો નથી ?

## મારા પિતાને હેલ્થ સમસ્યા છે, જ્યારે અમે હારીએ છીએ તો દુ:ખી થઈ જાય છે, એટલા માટે ડર લાગે છે કે, તબિયત બગડી ના જાય, આ પ્રેશર એવું છે જેવું કે હું એક સાથે બે મેચ રમી રહ્યો છું : નસીમ

કરાચી, તા.૨૧

પાકિસ્તાનના સ્ટાર ઝડપી બોલર નસીમ શાહે એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. નસીમે કહ્યું કે, તે પોતાના પિતાને ક્રિકેટ જોવા દેતો નથી. કારણ કે, તેમને અમુક હેલ્થ સમસ્યા છે. ૨૧ વર્ષીય બોલરનું કહેવું છે કે, જો મોટી મેચ હોય તો તે પિતાને બિલકુલ જોવા દેતો નથી. નસીમે નવેમ્બર ૨૦૧૯માં ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યુ કર્યું હતું. નસીમ પાકિસ્તાનના સૌથી પ્રતિભાશાળી બોલરોમાંથી એક છે. તેણે ઓછા સમયમાં પોતાની એક અલગ ઓળખ બનાવી છે. તે બધા ફોર્મેટમાં નિયમિત રૂપથી રમે છે. નસીમે ક્રિકબઝને કહ્યું કે, ક્રિકેટરના જીવનમાં પરદા પાછળ ઘણું બધું ચાલી રહ્યું હોય છે, જેના વિશે લોકો જાણતા નથી. ક્યારેક-ક્યારેક તમે બસ ખુશીની નાની-નાની ક્ષણો શોધી રહ્યા હોવ છો. મારા પિતાની અમુક હેલ્થ સમસ્યા છે. એક સમય હતો જ્યારે તેમને ક્રિકેટ વિશે કંઈપણ ખબર ન હતી પણ હવે તે દરેક બોલ જુએ છે અને જ્યારે અમે હારીએ છીએ તો તે દુ:ખી થઈ જાય છે. એટલા માટે દરેક મોટી મેચ પહેલાં હું પોતાના ભાઈઓને ફોન કરી સુનિશ્ચિત કરૂં છું કે, અમારા પિતા તે મેચ ના જુવે. મને ડર છે કે, આનાથી અમુક મોટા હેલ્થ કોમ્પ્લિકેશન્સ થઈ શકે છે. આ પ્રેશર કંઈક એવું છે જેવું કે હું એક સાથે બે મેચ રમી રહ્યો છું.


**હરાજી વેચાણ નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**
CIN: U67100MH2007PLC174759
**રજિ. કાર્યાલય :** એડલવાઈસ હાઉસ, પહેલો માળ ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮.

**નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ, ૨૦૦૨ના અમલ હેઠળ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટેની ઈ-ઓક્શન વેચાણ નોટિસ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ("નિયમો")ના નિયમ ૮(૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વાંચો**

નીચે દર્શાવેલ **વિવિધ વેચાણ સંસ્થાઓ**ની નાણાકીય સુવિધાઓ (ત્યારબાદ "સોંપનાર" તરીકે ઓળખવામાં આવે છે) એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે જે તેની ક્ષમતામાં **વિવિધ ટ્રસ્ટીઓ**ના ટ્રસ્ટીઓ તરીકે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઈનમેન્ટના અનુસંધાનમાં, EARCએ અસાઈનરના અધિકારોમાં પ્રવેશ કર્યો અને સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે EARC, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટના ૧૩(૪) અને ત્યાંના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.

**૩૦ દિવસની સૂચના** આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને દેણદાર(રો) અને બાંયધરી આપનાર(રો)ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો સિક્યોર્ડ લેણદારની તરફેણમાં ગીરો છે, જેનો ભૌતિક કબજો સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તે રકમની વસૂલાત માટે **"જેમ છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે છે તે"** આધારે વેચવામાં આવશે. ઉધાર લેનાર અને બાંયધરી આપનાર પાસેથી EARC દ્વારા મેળવેલા કોઈપણ નાણાં માટે વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચાઓ/ખર્ચો સાથે EARCને લીધે નીચે ઉલ્લેખ કર્યો છે. દરેક મિલકત માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે ઉલ્લેખિત છે.

**ઈ-હરાજીમાં મૂકવા માટેની સલામત મિલકતની વિગતો :**

| લોન એકા. નં./વેચાણની સંસ્થા | દેણદાર અને સહ-દેણદારના નામ | ટ્રસ્ટનું નામ | બેંકનું નામ અને શાખા, એકા.નં. અને IFSC કોડ | ૨૦-૦૮-૨૦૨૪ના રોજ કુલ બાકી દેવા ભા.રૂ. | અનામત રકમ (ભા.રૂ.) | ઈએમડી (ભા.રૂ.) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|---|
| X0HLAME000289894/ ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટસ અને ફાઈનાન્સ કંપની લિ. | ૧. હિરેન શરદભાઈ મિસ્ત્રી ("દેણદાર") દિપીકાબેન શરદ મિસ્ત્રી ("સહ-દેણદાર") | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૮૧ | આઈસીઆઈસીઆઈ બેંક લિ., નરીમાન પોઈન્ટ : ૦૦૦૪૦૫૧૩૫૩૦૭; આઈસીઆઈસી ૦૦૦૦૦૦૪ | રૂ. ૨૨,૫૬,૭૦૦.૬૧/- | રૂ. ૧૬,૦૦,૦૦૦/- | રૂ. ૧,૬૦,૦૦૦/- | ૨૬-૦૯-૨૦૨૪ અને સવારે ૧૧:૦૦ વાગે | ભૌતિક |

**મિલકતનું વર્ણન :** મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા ફલેટ નં.એચ-૧૦૩ ક્ષેત્રફળ લગભગ ૮૫ ચો.વાર અને શાલીન હાઈટ્સ-૩માં સ્થિત જમીન ધરાવતા સર્વે નં.૫૬/૨/૨, (જૂના સર્વે. નં.૫૬/૨/૧), ૫૭/૧ ટીપીએસ નં.૭૩, એફપી ૨૫/૩/૨, ૨૬/૧, સબ પ્લોટ નં.૨ મોજે વિંઝોલ, તા. વટવા, જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૧૧ (અસલાલી) ખૂંટ તરફ : ઉત્તર : ફલેટ નં.એચ-૧૦૪, દક્ષિણ : ફલેટ નં. એચ-૧૦૨, પૂર્વ : સોસાયટી રોડ અને બ્લોક નં.૧, પશ્ચિમ : નિસરણી અને બ્લોક નં.જી

**હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી :**

| | | |
|---|---|---|
| 1. | બધા ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) ઉપર જણાવ્યા મુજબ ટ્રસ્ટના નામની તરફેણમાં અને મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર રહેશે. | |
| 2. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના ૧ દિવસ પહેલા પ્રાપ્ત |
| 3. | બિડ્સ સબમિશન માટેનું સ્થળ | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮ |
| 4. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઈટ) | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 5. | સંપર્ક વિગતો | ૧૮૦૦ ૨૬૬ ૬૫૪૦ |
| 6. | મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય | અગાઉની એપોઈન્ટમેન્ટ મુજબ |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.inમાં આપેલી લિંકનો સંદર્ભ લો.

**તારીખ : ૨૦-૦૮-૨૦૨૪** **(અધિકૃત અધિકારી)**
**સ્થળ : મુંબઈ** **વતી, એડલવાઈસ એસેટ રિકન્ટ્રકશન કંપની લિમિટેડ**

Edelweiss Asset Reconstruction



**કબજા નોટિસ** (સ્થાવર મિલકત માટે)
**(સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૧) સાથે વાંચેલા પરિશિષ્ટ IV મુજબ)**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**
રિટેલ સેન્ટ્રલ અને રજિસ્ટર્ડ કાર્યાલય : એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮

જ્યારે, મૂળ ધિરાણકર્તાઓએ નીચેની નાણાકીય અસ્કયામતો **એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**ને સોંપી છે જે નીચે દર્શાવેલ વિવિધ ટ્રસ્ટીઓ **(EARC)** તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરી રહી છે. અસાઈનમેન્ટ કરારો અનુસાર, **SARFAESI** એક્ટ, ૨૦૦૨ની કલમ ૫ હેઠળ, **EARC** એ અસાઈનરના કાર્યક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે અને અંતર્ગત સુરક્ષા હિતો, બાંયધરી, વચનો સહિત નાણાકીય અસ્કયામતોના સંદર્ભમાં અસાઈનરના તમામ હક્ક, ટાઈટલ અને હિતો. દેણદારો દ્વારા લેવામાં આવતી નાણાકીય સહાયના સંદર્ભમાં **EARC**માં નિહિત છે અને **EARC** સુરક્ષિત લેણદાર તરીકે તેના તમામ અધિકારોનો ઉપયોગ કરે છે. **EARC**ના અધિકૃત અધિકારી, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (અધિનિયમ), ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમોના (નિયમ ૩) સાથે વાંચેલા સેક્શન ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ માટે, ૨૦૦૨ એ નીચે દર્શાવેલ ડિમાન્ડ નોટિસ જારી કરીને દેણદાર(રો)ને નોટિસમાં દર્શાવેલ રકમની ચુકવણી નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર કરવા માટે આહ્વાન કર્યું હતું. દેણદારો રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, આથી દેણદારો અને સામાન્ય રીતે લોકોને નોટિસ આપવામાં આવે છે કે **એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**ના અધિકૃત અધિકારી હોવાના કારણે નીચે હસ્તાક્ષરિત વ્યક્તિએ આપેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતોનો **ભૌતિક કબજો** લઈ લીધો છે. તેને અધિનિયમની કલમ ૧૩ ની પેટા-કલમ (૪) હેઠળ દરેક મિલકત સામે ઉલ્લેખિત તારીખે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચો. દેણદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે. ખાસ કરીને દેણદારને અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી સાવચેતી આપવામાં આવે છે કે તે મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજ માટે એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડના ચાર્જને આધીન રહેશે.

| અસાઈનરનું નામ | ટ્રસ્ટનું નામ | લોન એકા. નં. | દેણદાર અને સહ-દેણદાર(રો)ના નામ | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટસ અને ફાઈનાન્સ કંપની લિમિટેડ | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૮૧ | X0HLMES 0000251 0628 | ૧) દયાજી જગુજી ઠાકોર (દેણદાર) અને ૨) મંગુબેન દયાજી ઠાકોર (સહ-દેણદાર) | રૂ.૨૦,૭૦,૭૩૨.૫૫/- (ફક્ત રૂ. વીસ લાખ સીત્તેર હજાર સાતસો બત્રીસ અને પંચાવન પૈસા) ૨૦.૧૧.૨૦૨૩ અને ૨૮.૧૧.૨૦૨૩ મુજબ | ૧૮.૦૮.૨૦૨૪ | ભૌતિક કબજો |

**સલામત મિલકતનું વર્ણન - શિડ્યુલ મિલકત-** મિલકતના તે તમામ હક્ક, ટાઈટલ અને હિત ધરાવતા પ્લોટ નં.૨૩૫ ગાયત્રીનગરના સ્થિત સર્વે નં.૭૨૨ પૈકી, સિટી સર્વે નં.૨૮૦૦ પી, શીટ નં.૮૩, હારીજ સીમ, તા. હારીજ અને જિ. પાટણ, ક્ષેત્રફળ ૭૪.૦૭.૦૦ ચો.મી. નીચે મુજબ ખૂંટો : ઉત્તર : પ્લોટ નં.૨૩૬, પૂર્વ : રોડ, પશ્ચિમ : પ્લોટ નં.૨૩૦, દક્ષિણ : પ્લોટ નં.૨૩૪

| અસાઈનરનું નામ | ટ્રસ્ટનું નામ | લોન એકા. નં. | દેણદાર અને સહ-દેણદાર(રો)ના નામ | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટસ અને ફાઈનાન્સ કંપની લિમિટેડ | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૮૧ | X0HLMES 0000235 9203 | ૧) દિપકકુમાર અસનદાસ સિંધી ઠક્કર (દેણદાર) અને ૨) અસનદાસ ધીરૂભાઈ સિંધી ઠક્કર અને મમતાબેન અસનદાસ સિંધી ઠક્કર (સહ-દેણદાર) | રૂ.૨૩,૯૧,૧૦૪.૫૨/- (ફક્ત રૂ. તેવીસ લાખ એકાણું હજાર એકસો ચાર અને બાવન પૈસા) ૨૧.૧૧.૨૦૨૩ અને ૨૮.૧૧.૨૦૨૩ મુજબ | ૧૮.૦૮.૨૦૨૪ | ભૌતિક કબજો |

**સલામત મિલકતનું વર્ણન - શિડ્યુલ મિલકત-** સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા ઉત્તર ભાગના પ્લોટ નં.૪૦ પૈકી ગાયત્રીનગર સ્થિત અત્રે સર્વે નં.૭૨૨પી, સિટી સર્વે નં.૨૮૦૦પી, શીટ નં.૮૩, હારીજ સીમ, તા. હારીજ, જિ. પાટણ, ક્ષેત્રફળ ૫૧.૭૫.૦૦ ચો.મી. જેની નીચે મુજબ ખૂંટો : ઉત્તર : પ્લોટ નં.૩૯, દક્ષિણ : પ્લોટ નં.૪૦ પૈકી, પૂર્વ : પ્લોટ નં.૪૧ પૈકી, પશ્ચિમ : આંતરિક રોડ

| અસાઈનરનું નામ | ટ્રસ્ટનું નામ | લોન એકા. નં. | દેણદાર અને સહ-દેણદાર(રો)ના નામ | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટસ અને ફાઈનાન્સ કંપની લિમિટેડ | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૮૧ | X0HLMES 0000247 1545 | ૧) રાકેશ કુમાર તલાસીભાઈ પટેલ (દેણદાર) અને ૨) માલતીબેન રાકેશ કુમાર પટેલ (સહ-દેણદાર) | રૂ.૧૭,૬૫,૬૮૫.૧૭/- (ફક્ત રૂ. સત્તર લાખ પાસઠ હજાર છસ્સો પંચ્યાસી અને સત્તર પૈસા) ૦૭.૧૨.૨૦૨૩ અને ૧૧.૧૨.૨૦૨૩ મુજબ | ૧૮.૦૮.૨૦૨૪ | ભૌતિક કબજો |

**સલામત મિલકતનું વર્ણન - શિડ્યુલ મિલકત-** મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા પ્લોટ નં.૪૧ પૈકી ઉત્તર તરફ ગાયત્રીનગર સોસાયટી, જલયાના ગ્રીન સોસાયટી પાસે, હારીજ બેચરાજી રોડ, અત્રે હારીજ, તા. હારીજ, જિ. પાટણ, ખૂંટ તરફ : પૂર્વ : આંતરિક રોડ, પશ્ચિમ : પ્લોટ નં.૪૦ પૈકી, ઉત્તર : પ્લોટ નં.૪૨, દક્ષિણ : પ્લોટ નં.૪૧ પૈકી અન્ય રોડ

**તારીખ : ૨૨.૦૮.૨૦૨૪** **અધિકૃત અધિકારી**
**સ્થળ : ગુજરાત** **એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

Edelweiss Asset Reconstruction

# શેખ હસીનાના રાજકીય પતન બાદ ભારતમાં મુસ્લિમો વિરોધી ભડકાઉ ભાષણોમાં ઉછાળો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

ભારતીય મુસ્લિમોને દૈત્ય તરીકે ચિતરવાની કોઈપણ તક જમણેરી હિન્દુ કટ્ટરવાદીઓ ચૂકતા નથી. કયારેક તો હદ વટાવીને મુસ્લિમોના નરસહારનું જાહેરમાં એલાન કરતા હોય છે. બાંગ્લાદેશમાં શેખ હસીનાના રાજકીય પતન અને એ પછી ભળકી ઉઠેલી હિન્દુ વિરોધી હિંસાથી ભારતમાં અફવાઓ ચગાવવા માટે હિન્દુ કટરવાદીઓએ મોટી તક મળી ગઈ છે. શેખ હસીના તો બાંગ્લાદેશ છોડી ગયા છે પણ ભારતમાં આ જમણેરી તત્ત્વને બાંગ્લાદેશમાં હિન્દુ વિરોધી હિંસા થઈ રહ્યાની અફવા ફેલાવવાનો મોકો મળી ગયો છે અને આ તત્ત્વો બાંગ્લાદેશમાં ''ભાઈઓ'' માટે બદલો લેવા હથિયાર હાથમાં લેવાની ભારતના હિન્દુઓની ઉશ્કેરણી કરી રહ્યા છે. એમનો કહેવાતો દાવો હિંદુત્વને બચાવવાનો છે અને મનોકલ્પત ગઝવાએ હિન્દથી દેશને બચાવવાનો છે. રાજસ્થાનના સાંચોર વિસ્તારમાં જમણેરી સાધુએ યુદ્ધનો નાદ જગાવ્યો અને મુસ્લિમોને નરસંહાર કરવાનો ખુલ્લે આમ એલાન કરીને કાયદો અને વ્યવસ્થાને સીધો પડકાર ફેંકવાની હિંમત કરી છે. આ સાધુએ ત્યાં સુધી કહી નાખ્યું કે, અમારો ખુલ્લો પડકાર છે કે, જો બાંગ્લાદેશમાં એક હિન્દુ મર્યો તો અમે ૧૦૦ મુસ્લિમોને મારી નાખીશું. અમે એમના ઘરમાં ઘૂસીને એમની કતલ કરીશું. આ જ રીતે અન્ય હિન્દુઓ પણ બકવાસ કરી રહ્યા છે અને મુસ્લિમો સામે હથિયાર ઉઠાવવા એલાન કરીને કાયદો અને વ્યવસ્થાની ઠેકડી ઉડાવી



રહ્યા છે અને કાયદાના તંત્રને પડકાર કરી રહ્યા છે. હિન્દુ કટ્ટરવાદીનો લવારો બિલકુલ અર્થ વગરનો છે. એમના દાવા સાવ ખોટા છે. અલ જઝીરા ચેનલે પુરી જવાબદારીથી અહેવાલ આપ્યો છે કે, હસીનાની વિદાય બાદ થયેલી હિંસામાં માત્ર બે હિન્દુ માર્યા ગયા હતા. જેમાં એક પોલીસ અધિકારી હતો અને બીજો હસીનાની પાર્ટીનો જ કાર્યકર હતો.

# આર.જી. કરના પૂર્વ પ્રિન્સિપાલે 'મૃતદેહો વેચ્યા હતા' : કોલકાતા રેપ-મર્ડર કેસમાં વિસ્ફોટક દાવા

(એજન્સી) કોલકાતા, તા. ૨૧

કોલકાતા બળાત્કાર અને હત્યા કેસમાં નવા ઘટનાક્રમમાં આરજી કર મેડિકલ કોલેજના પૂર્વ ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટે કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ સંદિપ ઘોષ પર કેટલાક વિસ્ફોટક આરોપો મૂક્યા છે અને દાવો કર્યો છે કે તે ''માફિયા'' છે. ઓળખ વગરના મૃતદેહોને તેમણે વેચ્યા હતા.'' ઘોષે ૮-૯ ઑગસ્ટની મધ્યમાં રાત્રે એક રેસિડેન્ટ ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા પછી રાજીનામું આપ્યું હતું તેની આ કેસના સંબંધમાં સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને તેનું લાઈ-ડિટેક્ટર ટેસ્ટ કરવામાં આવી શકે છે. હવે એક ભૂતપૂર્વ કર્મચારી અખ્તર અલીએ આરોપ મૂક્યો છે કે પૂર્વ પ્રિન્સિપાલે મૃતદેહો વેચી દીધા હતા અને તમામ રેકોર્ડ્સ કાઢી નાખ્યા હતા જેથી કોઈને તેના કાળા કારનામા વિશે ખબર ન પડે. અલીએ જણાવ્યું કે, ''તે એક ગુનેગાર છે, ડૉક્ટર નથી. તેણે ઘણા વિદ્યાર્થીઓના જીવન બરબાદ કર્યા છે. તે માફિયા રાજ ચલાવે છે. તેણે ઘણા લોકોના જીવન બરબાદ કર્યા છે, વિદ્યાર્થીઓને દારૂ પીવાનું શીખવ્યું છે અને તેણે દાવા વગરના મૃતદેહો પણ વેચ્યા છે અને મૃત્યુના રજીસ્ટર રેકોર્ડ સાથે ચેડાં કર્યા છે અને તેને દૂર કર્યા છે. જેથી કોઈને તેના વિશે ખબર ન પડે.''

**ઘોષને એક્સપોઝ કરવા બદલ ટ્રાન્સફર કરવામાં આવી**

૨૦૨૩ સુધી આરજી કર હોસ્પિટલમાં ફરજ બજાવનારા અખ્તર અલીએ જણાવ્યું હતું કે તેમણે રાજ્ય તકેદારી આયોગ સમક્ષ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ વિશે ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે તપાસમાં તેમને દોષિત જાહેર કરવા છતાં ભૂતપૂર્વ આચાર્ય સામે કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી. અલીએ દાવો કર્યો હતો કે તેણે રાજ્યના આરોગ્ય વિભાગને ડૉ. ઘોષ વિરૂદ્ધ તપાસ અહેવાલ સુપરત કર્યો હતો પરંતુ તે જ દિવસે તેને આરજી કર હોસ્પિટલમાંથી ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું




હતું કે, ''જ્યારે મેં તેને અગાઉ ખુલ્લા પાડ્યા હતા ત્યારે મારી બદલી કરવામાં આવી હતી અને કોઈ ન્યાય થયો ન હતો.''

**સંદિપ ઘોષનું લાઈ-ડિટેક્ટર ટેસ્ટ થશે**

દરમિયાન, રેપ અને હત્યા કેસનીતપાસ કરનાર સીબીઆઈએ ઘોષની પૂછપરછ કરી અને તેના પર પોલીગ્રાફ ટેસ્ટ (લાઈ-ડિટેક્ટર ટેસ્ટ) કરાવી શકે છે. આ ઘટના અંગે એજન્સી દ્વારા ઘોષને ઘણી વખત પૂછપરછ કરવામાં આવી છે પરંતુ હવે તેઓ ઘટનાઓની સાંકળનું ચોક્કસ ચિત્ર મેળવવા માટે 'વૈજ્ઞાનિક' પદ્ધતિ પર વિચાર કરી શકે છે. અધિકારીએ જણાવ્યું કે, અમે આ વિકલ્પ પર વિચાર કરી રહ્યા છીએ. ઉલ્લેખનીય છે કે, ભારતીય કાયદાઓ અનુસાર, આ પરીક્ષણો માટે સંમતિ હોવી જરૂરી છે અને કોર્ટમાં પુરાવા તરીકે રજૂ કરી શકાતી નથી. જો કે, ૨૦૧૦ના સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં દર્શાવ્યા મુજબ આવી કબૂલાતના પરિણામે કેસમાં કોઈપણ અનુગામી ઘટસ્ફોટ સ્વીકાર્ય છે.

# શા માટે ૨૦૦ જેટલા મ્યાનમારના શરણાર્થીઓ તેમની જેલની સજા ભોગવીને ભારતીય જેલોમાં બંધ છે ?

## મણિપુર જેલના અધિકારીઓએ મીડિયાને જણાવ્યું કે, તેઓ કેન્દ્ર તરફથી જવાની રાહ જોઈ રહ્યા છે

(એજન્સી) તા.૨૧

કો ઝોના કાકા નોકરીની શોધમાં ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યા પછી મણિપુરની જેલમાં છે. ઝોએ કહ્યું કે, મ્યાનમારમાં રોજગારીની કોઈ સ્થિર તકો નથી, તેથી તેમણે અહીં વધુ સારૂં જીવન માંગ્યું. મૂળ મ્યાનમારના સાગિંગ પ્રદેશના ૪૫ વર્ષીયને મણિપુર પોલીસે ૨૦૨૧માં સરહદ પારથી ગેરકાયદેસર વસાહતીઓની તપાસ કરવા માટેના અભિયાન દરમિયાન ધરપકડ કરી હતી. તેને ફોરેનર્સ એક્ટ હેઠળ છ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી હતી. તેની જેલની મુદ્દત પૂરી થયાના ત્રણ વર્ષ બાદ પણ તે જેલમાં છે. ઝોએ કહ્યું કે, અમે ભારત સરકારને મારા કાકાને મુક્ત કરવા વિનંતી કરીએ છીએ, કારણ કે, તેઓ પહેલેથી જ તેમની જેલની મુદત પૂરી કરી ચૂક્યા છે. તેના પરિવારના તમામ સભ્યો ગ્રામીણ વિસ્તારોમાં રહે છે, ખાસ કરીને સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં. કાર્યકરો, પરિવારના સભ્યો અને વકીલોનું પ્રતિનિધિત્વ કરતા વકીલોએ મીડિયાને જણાવ્યું હતું કે, કો ઝોના કાકા એકલા નથી. ૨૦૦ જેટલા મ્યાનમાર શરણાર્થીઓ તેમની જેલની મુદ્દત પૂરી કરી હોવા છતાં અને તેમની મુક્તિ માટે દંડ ચૂકવ્યા હોવા છતાં હાલમાં મણિપુર અને આસામના અટકાયત કેન્દ્રોમાં છે. તેઓ મ્યાનમાર પાછા ફરવા માંગે છે અથવા મિઝોરમમાં શિફ્ટ થવા માંગે છે, જ્યાં ચિન રાજ્યમાંથી કુકી-ઝોસનો મોટો સમુદાય રહે છે. આસામ અને મણિપુરના જેલ અધિકારીઓના જણાવ્યા અનુસાર નવજાત શિશુ સહિત ૨૭ મ્યાનમારના નાગરિકો, ગુવાહાટીમાં વિદેશીઓના અટકાયત કેન્દ્રમાં અટકાયત હેઠળ છે અને પાંચ નવજાત શિશુઓ સહિત ૨૦૯ મ્યાનમારના નાગરિકોને ઈમ્ફાલની બે જેલમાં નજરકેદ રાખવામાં આવ્યા છે. તમામ અટકાયતીઓ મ્યાનમારના એવા પ્રદેશોમાંથી છે જે દેશમાં ૨૦૨૧ના બળવાથી સંઘર્ષના ક્ષેત્ર બની ગયા છે. જેમ કે ચિન રાજ્ય, સાગાઈંગ અને મેગવે પ્રદેશો. શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્રના ઉચ્ચ કમિશનર પાસેથી રક્ષણ મેળવવા માટે નવી દિલ્હીની મુસાફરી કરતી વખતે કેટલાક મ્યાનમાર શરણાર્થી અટકાયતીઓની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અન્યને મણિપુર અને આસામમાં શરણાર્થીઓને લક્ષ્ય બનાવવાની કામગીરી દરમિયાન પકડવામાં આવ્યા હતા.

**જામીન છતાં જેલ :** ૭ જુલાઈના રોજ એડવોકેટ ડેવિડ જે વાઈફેઈએ રાષ્ટ્રીય માનવાધિકાર આયોગને પત્ર લખ્યો, જેમાં મણિપુરના ઈમ્ફાલની જેલમાં બિનદસ્તાવેજીકૃત સ્થળાંતર કરનારાઓના આવા જ એક જૂથના અનિશ્ચિત ભાવિ તરફ ધ્યાન દોર્યું હતું. જેલ સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, જામીન અને મુક્તિના આદેશો છતાં શરણાર્થીઓના જૂથને મુક્ત કરવાનો ઈન્કાર કર્યો હતો. મીડિયાએ એ પત્રની નકલ જોઈ છે. મણિપુરમાં શરણાર્થીઓને કાનૂની સહાય પૂરી પાડવા માટે મણિપુર રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા નિયુક્ત કરાયેલા પાંચ વકીલોમાં મોરેહ સ્થિત વકીલ હતા. તેમની ફરિયાદમાં મ્યાનમારના તામુ નગરના ૫૧ વર્ષીય કીશિંગના કેસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેને પોલીસે ગયા વર્ષે જાન્યુઆરીમાં ૩૦ અન્ય શરણાર્થીઓ સાથે મોરેહમાં અટકાયતમાં લીધી હતી. તેઓ બધાને ફોરેનર્સ એક્ટની કલમ ૧૪ હેઠળ પકડવામાં આવ્યા હતા. ડિસેમ્બરમાં મણિપુરની મ્યાનમારની સરહદ પર આવેલા શહેર મોરેહની એક અદાલતે મણિપુર સેન્ટ્રલ જેલના અધિક્ષક તેમજ સાજીવા સેન્ટ્રલ જેલની અંદર વિદેશીઓના અટકાયત કેન્દ્રના સત્તાવાળાઓને કીશિંગ અને તેના જૂથના અન્ય લોકોને મુક્ત કરવા નિર્દેશ આપ્યો હતો. મીડિયાએ એ રિલીઝ ઓર્ડર જોયો છે. શરણાર્થીઓને ઈમ્ફાલની બે જેલમાં રાખવામાં આવ્યા છે. મણિપુર સેન્ટ્રલ જેલમાં મહિલાઓ અને બાળકો છે જ્યારે પુરૂષો સાજીવા અટકાયત કેન્દ્રમાં છે. વાઈફેઈએ મીડિયાને કહ્યું, અમે કોર્ટનો સંપર્ક કર્યો અને ૩૦-૩૫ શરણાર્થીઓને જામીન આપવામાં આવ્યા. પરંતુ જામીનના આદેશ હોવા છતાં જેલ સત્તાવાળાઓએ તેમને મુક્ત કરવાનો ઈન્કાર કર્યો, કારણ કે, તેઓ મ્યાનમારના કુકી છે, તેમને મુસાફરી કરવા દેવા માટે સુરક્ષા જોખમ છે. ગયા વર્ષે મે મહિનાથી મણિપુર ભીષણ વંશીય સંઘર્ષની પકડમાં છે, જેમાં બહુમતી મેઈતેઈઓ હિંસા માટે જવાબદાર મ્યાનમારના ગેરકાયદેસર કુકી ઈમિગ્રન્ટ્સ અને આતંકવાદીઓનો 'કથિત પ્રવાહ' ધરાવે છે. રાષ્ટ્રીય માનવાધિકાર પંચે ઈમ્ફાલ સત્તાવાળાઓને આઠ સપ્તાહની અંદર યોગ્ય પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. એ જ રીતે ૧૮ નવેમ્બરના રોજ મોરેહની સમાન અદાલતે ૧૪ મ્યાનમાર નાગરિકોને જામીન આપ્યા હતા



જ્યારે કોર્ટે નોંધ્યું હતું કે, સત્તાવાળાઓ તેમની ધરપકડના ૧૨૦ દિવસમાં ચાર્જશીટ દાખલ કરવામાં નિષ્ફળ ગયા હતા. મીડિયા દ્વારા જોવામાં આવેલા કોર્ટના આદેશમાં કહેવામાં આવ્યું છે કે, ૨૯૫ દિવસથી વધુ સમય વીતી ગયો છે પરંતુ કોઈ ચાર્જશીટ દાખલ કરવામાં આવી નથી. આદેશમાં જણાવ્યું હતું કે, તેથી ડિફોલ્ટ જામીનનો અવિશ્વસનીય અધિકાર આરોપીની તરફેણમાં ઉપાર્જિત થયો છે અને તે ભારતના બંધારણની કલમ ૨૧ હેઠળ ડિફોલ્ટ જામીન માટે હકદાર છે. મ્યાનમારના શરણાર્થીઓ માટે કામ કરતા જૂથ ઈન્ડિયા ફોર મ્યાનમારના સ્થાપક સલાઈ દોખારે મીડિયાને જણાવ્યું હતું કે, આઠ મહિના પછી જો કે, તેઓ અટકાયત કેન્દ્રોમાં જ છે. મણિપુર જેલના એક વરિષ્ઠ અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે, શરણાર્થીઓએ તેમની સજા પૂરી કરી લીધી હોવા છતાં જ્યાં સુધી કેન્દ્રીય ગૃહ મંત્રાલય તેમની મુક્તિનો આદેશ ન આપે ત્યાં સુધી તેમને પાછા મોકલી શકાય નહીં. અધિકારીએ કહ્યું, અમે તેમને મુક્ત કરવા અથવા દેશનિકાલ કરવા માટે અધિકૃત નથી. તેમણે કહ્યું કે, અમે પહેલેથી જ કેન્દ્રને જાણ કરી દીધી છે અને નિર્દેશોની રાહ જોઈ રહ્યા છીએ. તેમણે કહ્યું કે, કેટલાક કિસ્સાઓમાં મંત્રાલયે તેમને બિનદસ્તાવેજીકૃત સ્થળાંતર કરનારાઓને મુક્ત કરવા કહ્યું હતું પરંતુ મ્યાનમાર સરકાર તેમને સ્વીકારવા તૈયાર નથી.

**ઉથલપાથલનો દેશ :** ૨૦૨૧થી એક સૈન્ય બળવાથી મ્યાનમાર અરાજકતામાં સપડાઈ ગયો છે, જેનાથી ભારતીય સરહદમાં અને ખાસ કરીને મુખ્યત્વે મિઝોરમ અને મણિપુરમાં હિંસાથી ભાગી રહેલા શરણાર્થીઓના ધાડાઓ ઉમટી પડ્યા છે. ભારતમાં અટકાયત કરાયેલા કેટલાક - જેમ કે ઝોના કાકા - બળવા પહેલાં આવ્યા હતા, જ્યારે અન્ય કેટલાક મ્યાનમારના નાગરિકો છે જે ચાલુ સશસ્ત્ર સંઘર્ષમાંથી બચવાનો પ્રયાસ કરી રહ્યા છે. ડોખારે કહ્યું, પ્રથમ જૂથ સ્વદેશ પરત ફરવા માંગે છે અને જો ભારત તેમને લશ્કરી શાસનને સોંપે તો તેઓ ઠીક છે. પરંતુ જેઓ ૨૦૨૧ પછી આવ્યા હતા, લગભગ ૭૦ જેટલા લોકો, તેઓ ભારતમાં તાત્કાલિક મુક્તિ ઈચ્છે છે. ડોખારે ઉમેર્યું હતું કે, તેઓ મિઝોરમમાં અથવા ભારત-મ્યાનમાર સરહદે મુક્ત થવા માંગે છે જેથી તેઓ મ્યાનમારની સેનાથી બચીને પોતાના સલામત માધ્યમો દ્વારા મ્યાનમાર પરત ફરી શકે. જો સરકાર તેમને મુક્ત નહીં કરે તો અટકાયતીઓના પરિવારોએ કહ્યું કે, તેમને ઓછામાં ઓછા ઈમ્ફાલમાંથી ખસેડવા જોઈએ. વાપેઈએ કહ્યું કે, રાજ્યમાં સુરક્ષાની સ્થિતિને કારણે ઘણા શરણાર્થીઓ મિઝોરમમાં શિફ્ટ થવા ઈચ્છે છે. મિઝોરમે મ્યાનમાર અને બાંગ્લાદેશના લગભગ ૫૦,૦૦૦ કુકી-ચીન શરણાર્થીઓને આશ્રય આપ્યો છે જેઓ અત્યાચારોથી તેમના વતનથી ભાગી ગયા છે. મણિપુરથી વિપરીત, મિઝોરમે શરણાર્થીઓને અટકાયત કેન્દ્રમાં રાખ્યા ન હતા, પરંતુ તેમને રાહત શિબિરોમાં રાખ્યા હતા કારણ કે, તેઓ મિઝો અને કુકી સાથે વંશીય સંબંધો ધરાવે છે, જેઓ કુકી-ચીન-ઝો આદિવાસીઓના એક છત્ર જૂથનો ભાગ છે. કાર્યકર્તાએ કહ્યું કે, ઈમ્ફાલ મ્યાનમારના શરણાર્થીઓ માટે સલામત નથી કારણ કે, તેઓ કુકી સાથેના તેમના નજીકના સંબંધોને કારણે ભેદભાવનો સામનો કરે છે, મણિપુરના એક કાર્યકર્તા કે જે મ્યાનમારના શરણાર્થીઓને માનવતાવાદી સહાય પૂરી પાડી રહ્યા છે તેમણે કહ્યું કે, તેમને ચુરાચંદપુર અથવા મિઝોરમ જવાની મંજૂરી આપવી જોઈએ. કાર્યકર્તાએ આક્ષેપ કર્યો હતો કે, મ્યાનમારના શરણાર્થીઓ ભયંકર જીવનનિર્વાહ, સ્વચ્છ પાણીની અછત અને જે જેલમાં કે જેમાં અટકાયત કેન્દ્રો રાખવામાં આવ્યા છે તેના કેદીઓ તરફથી દુશ્મનાવટનો સામનો કરવો પડે છે. મેઈતેઈ એડવોકેટે ઉમેર્યું, મુખ્યમંત્રી રાજકીય હેતુ સાથે વિદેશીઓ અને ગેરકાયદેસર વસાહતીઓ સામે કડક પગલાં લઈ રહ્યા છે. ઈમ્ફાલમાં કટ્ટરપંથી જૂથો પણ એટલા અસ્થિર છે કે, તેમના માટે હવે શેરીમાં ફરવું સલામત નથી.

**ભૂખ હડતાળ :** મે મહિનામાં માનવાધિકાર જૂથોની વિનંતીઓ છતાં ૩૮ મ્યાનમાર શરણાર્થીઓને મણિપુરમાંથી દેશનિકાલ કરવામાં આવ્યા હતા અને ૧૧ જૂનના રોજ સમાન સંખ્યામાં પાછા મોકલવામાં આવ્યા હતા. મણિપુરના સીએમ એન બિરેનસિંહે કહ્યું કે, ચાલો આપણી સરહદો અને દેશને સુરક્ષિત રાખીએ. સોંપણીને કારણે ભારતમાં અટકાયતીઓમાં ભારે ચિંતા જોવા મળી હતી. સ્થળાંતર કરનારાઓની બીજી બેચને પરત મોકલ્યાના પાંચ દિવસ પછી સંખ્યાબંધ મ્યાનમાર શરણાર્થીઓએ સાજીવા જેલની અંદર વિદેશીઓના અટકાયત કેન્દ્રની અંદર ભૂખ હડતાળ શરૂ કરી, મ્યાનમારના શરણાર્થીઓના દેશનિકાલનો અંત લાવવા, ભારતમાં તેમની તાત્કાલિક મુક્તિ અને સુરક્ષિત માધ્યમો દ્વારા મ્યાનમાર પરત ફરવા તેમને મંજૂરી આપવાની માગણી કરી. મ્યાનમારના કુલ ૬૬ શરણાર્થીઓ ૧૬ જૂનથી ૧૭ દિવસ સુધી ઈમ્ફાલની સેન્ટ્રલ જેલમાં ભૂખ હડતાળ પર હતા. રાષ્ટ્રીય માનવાધિકાર આયોગને વાઈફેની ફરિયાદમાં લખ્યું હતું કે, ભૂખ હડતાળ હોવા છતાં કોઈ તેમને મળવા નહોતું ગયું, તેના બદલે પોલીસે તેમના પર ગોળીબાર કર્યો (રબરની ગોળીઓ) અને બે કે ત્રણ વ્યક્તિને ઘાયલ કર્યા. તેમની ઈજાની સ્થિતિ અજાણ છે. એક વરિષ્ઠ જેલ અધિકારીએ જો કે, મીડિયાને કહ્યું કે, ત્યાં કોઈ ગોળીબાર થયો નથી અને કહ્યું કે, વાઈફેઈના દાવા ખોટા છે. ડોખારે આક્ષેપ પણ કર્યો હતો કે, ડિસેમ્બરમાં, મણિપુર સેન્ટ્રલ જેલમાં સમાન ભૂખ હડતાળને કારણે મણિપુર પોલીસ દ્વારા અટકાયતીઓ પર હિંસા થઈ હતી.

**'આશ્રય શોધનારાઓ, ગેરકાયદેસર સ્થળાંતર કરનારા નથી' :** જેઓ પાછા ફરવા માંગતા નથી તેવા મ્યાનમારના શરણાર્થીઓની કાનૂની સ્થિતિ અસ્પષ્ટ છે. મેઈતેઈ એડવોકેટ કે જેમને કાનૂની સહાય પૂરી પાડવા માટે પણ સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા તેમણે મીડિયાને જણાવ્યું કે, મણિપુર હાઈકોર્ટે તેઓને એમ કહીને અગાઉ રક્ષણ આપ્યું છે કે, તેઓ ગેરકાયદેસર સ્થળાંતર કરનારા નથી પરંતુ આશ્રય શોધનારા છે. તેઓ મે ૨૦૨૧માં નંદિતા હક્સર વિ મણિપુર રાજ્યમાં ઉચ્ચ અદાલતના આદેશનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જેમાં કહેવામાં આવ્યું હતું કે, બિન-રિફ્યુલમેન્ટનો સિદ્ધાંત ભારતીય બંધારણની કલમ ૨૧નો એક ભાગ છે. આંતરરાષ્ટ્રીય માનવાધિકાર કાયદા હેઠળ, બિન-રિફ્યુલમેન્ટનો સિદ્ધાંત બાંયધરી આપે છે કે, કોઈપણ વ્યક્તિને એવા દેશમાં પાછા ફરવા માટે દબાણ ન કરવું જોઈએ જ્યાં તેમને ત્રાસ, ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અથવા સજા અને અન્ય ન ભરવાપાત્ર નુકસાનનો સામનો કરવો પડે. પરિણામે કોર્ટે જણાવ્યું હતું કે, સાત મ્યાનમારના શરણાર્થીઓને તેમના દેશમાં પાછા મોકલી શકાતા નથી, જ્યાં તેમના જીવનને જોખમ હોઈ શકે છે. મેઈતેઈ એડવોકેટે કહ્યું કે, મણિપુર સરકાર તે કેસમાં ન્યાયિક અર્થઘટન પ્રત્યે અજાણ છે. મેઈતેઈ એડવોકેટે જણાવ્યું હતું કે, પરંતુ કેન્દ્રએ આ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો, જેણે ૨૦૨૨માં આદેશ પર સ્ટે મૂક્યો હતો. તેઓએ તેને પડકાર્યો હતો અને તેને ગૂંચવી નાખ્યો હતો. તેથી અમે હવે કાનૂની દરજ્જો શું છે તે વિશે સ્પષ્ટ નથી. એડવોકેટે જણાવ્યું હતું કે, મ્યાનમારના શરણાર્થીઓને પાછા ફરવા માટે દબાણ કરવાને બદલે મણિપુર સરકાર અન્ય માર્ગ શોધી શકે છે. તેમને મ્યાનમારને બદલે મિઝોરમમાં મૂકવા જોઈએ, તે રીતે તેઓ વધુ સુરક્ષિત હોઈ શકે છે. તે રાજ્યમાં તેમની સામે કોઈ દુશ્મનાવટ નથી. તેથી માનવાધિકાર અને માનવતાવાદી દૃષ્ટિકોણથી તે સૌથી સુરક્ષિત રસ્તો લાગે છે. **(સૌ.: સ્ક્રોલ.ઈન)**

### કેન્દ્ર સરકારે નક્કર પગલાંની જાહેરાત કરી ન હોવાથી હાલ આંદોલન સમેટી ના શકાય

# કોલકાતા ડોક્ટર કેસ : IMAએ કહ્યું, ટાસ્ક ફોર્સ ''મોટી રાહત'' પરંતુ વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે

## ગુરૂવારે સુપ્રીમ કોર્ટ સંપૂર્ણ ચુકાદો નહીં આપે ત્યાં સુધી વિવિધ મેડિકલ સંસ્થાઓ હડતાળ સમેટવા માંગતી નથી, જ્યાં સુધી સેન્ટ્રલ પ્રોટેક્શન એક્ટ (સીપીએ) લાગુ નહીં થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૧

ભારતની સર્વોચ્ચ અદાલતે મંગળવારે સમગ્ર દેશમાં તબીબી વ્યાવસાયિકોની સલામતી સુનિશ્ચિત કરવા માર્ગદર્શિકા ઘડવા માટે એક રાષ્ટ્રીય ટાસ્ક ફોર્સની સ્થાપના કરી હતી. સુપ્રીમ કોર્ટની ૧૦ સભ્યોની ટાસ્ક ફોર્સ કોલકાતામાં એક ચિકિત્સકની બળાત્કાર અને હત્યાના પગલે તેમના માટે સલામતી અને સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે એક રાષ્ટ્રીય પ્રોટોકોલ ઘડશે. જો કે, આ પગલાથી રેસિડેન્ટ ડોકટરો દ્વારા ચાલી રહેલા વિરોધને કાબૂમાં લેવાયો નથી જેઓ સેન્ટ્રલ પ્રોટેક્શન એક્ટ (CPA)ના અમલીકરણ અને તાલીમાર્થી ડોક્ટર માટે ન્યાયની માંગણી ચાલુ રાખી છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) જે ૪૦૦,૦૦૦થી વધુ તબીબી વ્યાવસાયિકોની સભ્યપદ ધરાવે છે તેણે સુપ્રીમ કોર્ટના નિર્ણયને સમર્થન આપ્યું છે પરંતુ ખાતરી આપી હતી કે CPA માટે તેમનો વિરોધ ચાલુ રહેશે. IMAના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. આર.વી. અશોકને કોર્ટના આદેશને ''મોટી રાહત'' તરીકે આવકાર્યો હતો પરંતુ ભારપૂર્વક જણાવ્યું હતું કે વ્યાપક રાષ્ટ્રીય નીતિની માંગ અધૂરી રહી છે.

અમારી બે માંગણીઓ છે જેમાં તબીબી વ્યાવસાયિકો માટે સુરક્ષા અને રહેવાસીઓ માટે સલામત અને પ્રતિષ્ઠિત સ્થિતિ સુનિશ્ચિત કરવી જે સુપ્રીમ કોર્ટ દ્વારા સંબોધવામાં આવી છે. જો કે, અમે એક નીતિ વિષયક મુદ્દાની માંગ કરી રહ્યા છીએ જેનો કેન્દ્ર સરકારે જવાબ આપવો જોઈએ. અમે રાષ્ટ્રીય સ્તરે અમારી માંગ છોડીશું નહીં અને જ્યાં સુધી CPA લાગુ નહીં થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રાખીશું'' તેમ આઈએમએના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. અસોકને જણાવ્યું હતું. અહેવાલ અનુસાર ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન (FAIMA), નિવાસી ડોકટરોની અગ્રણી સંસ્થા છે તેણે તેમની હડતાલ ચાલુ રાખવાની જાહેરાત કરનાર પ્રથમ સંસ્થા હતી. FAIMAના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. રોહન ક્રિષ્નને જાહેર કર્યું કે જ્યાં સુધી CPA વટહુકમ દ્વારા અમલમાં ન આવે ત્યાં સુધી તેમનો વિરોધ ચાલુ રહેશે. અમે સમગ્ર ભારતમાં લગભગ ૭૦ રેસિડેન્ટ ડોકટરોના સંગઠનો સાથે બેઠક યોજી હતી અને સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો કે જ્યાં સુધી CPA લાગુ ન થાય ત્યાં સુધી અમે અમારી હડતાળ ચાલુ રાખીશું. અમે સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સ્વાગત કરીએ છીએ પરંતુ સરકાર,




સત્તાવાળાઓ કે અધિકારીઓમાં કોઈ વિશ્વાસ નથી. તેથી અમે નિર્ણય લીધો છે કે વિરોધ ચાલુ રહેશે. ઓપીડી અને વૈકલ્પિક સર્જરી બંધ રહેશે'' તેમ FAIMAના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. રોહન કૃષ્ણને જણાવ્યું હતું. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન-જુનિયર ડૉક્ટર્સ નેટવર્ક (IMA-JDN)ના રાષ્ટ્રીય પરિષદના સંયોજક ડૉ. ધ્રુવ ચૌહાણે રેસિડેન્ટ ડૉક્ટરો દ્વારા ચાલી રહેલી રાષ્ટ્રવ્યાપી હડતાળ પર પ્રકાશ પાડતા આ લાગણીઓનો પડઘો પાડ્યો હતો. માત્ર એક સુનાવણી સાથે સુપ્રીમ કોર્ટે દેશભરના ડોકટરોને ખાતરી આપી છે કે જ્યારે સરકારે અમારા મુદ્દાઓ પ્રત્યે કોઈ સક્રિય અભિગમ દાખવ્યો નથી ત્યારે NTFની રચનાની જાહેરાત કરીને તેમની સુનાવણી કરવામાં આવી રહી છે. જ્યારે અમે સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સન્માન કરીએ છીએ, અમે પીડિતા માટે ન્યાય અને ડૉક્ટરો માટે કેન્દ્રીય સંરક્ષણ અધિનિયમ માટે શરૂઆતથી જ લડી રહ્યા છીએ. તેમ IMA-JDNના રાષ્ટ્રીય પરિષદ સંયોજક ડૉ ધ્રુવ ચૌહાણે જણાવ્યું હતું. યુનાઈટેડ ડોક્ટર્સ ફ્રન્ટ એસોસિએશન (યુડીએફએ) એ પણ તેમની રાષ્ટ્રવ્યાપી હડતાલ ચાલુ રહેશે તેની નોંધ લેતા, વધુ તબીબી સમુદાય સાથે સમર્થન વ્યક્ત કર્યું હતું. અહેવાલો અનુસાર, એક આહવાનમાં પશ્ચિમ બંગાળ જુનિયર ડૉક્ટર્સ ફ્રન્ટ આરજી કર એમસીએચ પ્રકરણના નિવાસી ડૉક્ટરોએ જાહેર કર્યું કે જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ ૨૨ ઑગસ્ટ ગુરૂવારે તેનો ચુકાદો નહીં આપે ત્યાં સુધી તેમની હડતાળ ચાલુ રહેશે.

# મુંબઈમાં ઈઝરાયેલ ફિલ્મ ફેસ્ટિવલ રદબાતલ કરવાની એનએફડીસીને ફરજ પડી, દેશના પ્રસિદ્ધ કલાકારો, ચળવળકારો તેમજ જાગૃત નાગરિકોની સહી ઝુંબેશ બાદ ફેસ્ટિવલ પડતો મૂકાયો

(એજન્સી) તા.૨૧

મુંબઈ તારીખ ૨૧ નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એનએફડીસી દ્વારા મુંબઈમાં યોજાનાર ઈઝરાયેલી ફિલ્મોનો ફેસ્ટિવલ રદ કરવાની આ ફિલ્મી સંસ્થાને ફરજ પડી છે. દેશના સેંકડો અગ્રણી કલાકારો તેમજ ચળવળકારો અને જાગૃત નાગરિકો દ્વારા સહી ઝુંબેશ કરવામાં આવ્યા બાદ ઈઝરાયેલનો ફિલ્મ ફેસ્ટિવલ રદ કરવાની એનએફડીસીને ફરજ પડી છે. મુંબઈમાં ૨૧ અને ૨૨ ઓગસ્ટે આ ફેસ્ટિવલનું આયોજન કરનારૂં હતું પરંતુ ૧,૦૦૦ જેટલા કલાકારો તેમજ ચળવળ કરો અને જાગૃત નાગરિકોની સંયુક્ત સહી સાથેના એક જાહેર નિવેદનને પગલે ફેસ્ટિવલ રદ કરવામાં આવ્યો છે ઈન્ડિયા પેલેસ્ટીન સોલિડરિટી ફોરમ દ્વારા ગાઝપટ્ટી પર ચાલી રહેલા ભયાનક નરસંહાર પ્રતિ જાગૃતિ લાવવા માટે ફેસ્ટિવલ રદ કરવાનું જાહેર એલાન કરવામાં આવ્યું હતું. કલાકારો અને જાગૃત નાગરિકોના નિવેદનમાં જણાવ્યું હતું કે ઈઝરાયેલ મોટાપાયે નર સંહાર કરી રહ્યું છે અને ગાઝવામાં ફીલીસ્તીની નાગરિકોની કટલે આમ કરી રહ્યું છે આખી દુનિયા આ જોઈ રહી છે ત્યારે nfdc દ્વારા બેશરમ બનીને આવા ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે ઈઝરાયેલની અ માનવીય રીતે રાક્ષસી ઢબે જે રીતે ફીલીસ્તિઓની કતલ કરવામાં આવી રહી છે એ દુનિયા જોઈ રહી છે આપણે રોજે રોજ મોબાઈલ પર અને ટીવીના પરદા પર ભયાનક દશ્યો જોઈ રહ્યા છીએ. આ સંયુક્ત નિવેદન પર જાણીતા કલાકારો નસીરુદ્દીન શાહ, રત્ના પાઠક તેમજ જાણીતા માનવ અધિકાર ધારાશાસ્ત્રી મિહિર દેસાઈ તેમજ



ઈરફાન એન્જિનિયર અને દસ્તાવેજી ફિલ્મ નિર્માતા આનંદ પટવર્ધન સહિતના જાણીતા કલાકારોએ હસ્તાક્ષર કર્યા છે. નિવેદન ઉમેરે છે કે ઈઝરાયેલી લશ્કર દ્વારા અત્યાર સુધીમાં ૧,૮૬,૦૦૦થી વધુ પેલેસ્ટીની નાગરિકોને મારી નાખવામાં આવ્યા છે જેમાં ૭૦% મહિલાઓ અને બાળકો છે આ આંકડો વધીને બે લાખ થઈ શકે છે તેનો અર્થ એ થયો કે ગાજા વિસ્તારની ૨૩ લાખની વસ્તીમાંથી આઠ ટકા વસ્તીને ખતમ કરી નાખવામાં આવી છે આ મોટો નરસહાર છે તેનાથી ઓછો શબ્દો વાપરી શકાય નહીં તમામ કલાકારોએ ઈઝરાયેલનો ફેસ્ટિવલ રદ કરી દેવા માટે અપીલ કરી હતી. નિવેદન ઉમેરે છે કે એનએફડીસી અને એનએમઆઈસીને એ ખયાલ હોવો જોઈએ કે ભારત સરકારે યુદ્ધવિરામ માટે સતત મત આપ્યો છે આપણી સરકારે પેલેસ્ટીનને રાષ્ટ્ર તરીકે મંજૂરી પણ આપી છે એ જ રીતે વિશ્વના અનેક દેશો પેલેસ્ટીનને અલગ રાષ્ટ્ર તરીકે માન્યતા આપી ચૂક્યા છે. આવા સમયે આ બે સંસ્થાઓ ઈઝરાયેલનો ફિલ્મ ફેસ્ટિવલ યોજે. એ બિલકુલ અનૈતિક છે અને અ તાર્કિક છે અને ન્યાયની મશ્કરી કરવા સમાન પગલું કહેવાય. જ્યાં સુધી ઈઝરાયેલ આંતરરાષ્ટ્રીય કાયદાને માન ન આપે અને અન્ય સભ્ય દેશોની જેમ કાયદાને અનુસરે ત્યાં સુધી ઈઝરાયેલની ફિલ્મોનું પ્રસારણ થવું ન જોઈએ અને આવું કરવાથી આવી સંસ્થાઓએ દૂર રહેવું જોઈએ. નિવેદન દર્શાવે છે કે દક્ષિણ આફ્રિકાના માનવ અધિકાર વકીલોના જૂથે ઈઝરાયેલના અપરાધોના પુરાવા ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં રજૂ કર્યા છે જે સાફ દર્શાવે છે કે અને અદાલતે પણ સ્વીકાર્યું છે કે ઈઝરાયેલ નરસંહાર કરવા માટે દોષિત છે આંતરરાષ્ટ્રીય અદાલત તો ઈઝરાયેલના વડાપ્રધાન વિરૂદ્ધ ધરપકડ વોરંટ પણ બહાર પડનાર છે અને આંતરરાષ્ટ્રીય અદાલતમાં યુદ્ધના અપરાધો બદલ વડાપ્રધાન સામે ખાટલો પણ ચાલી શકે છે. ઈન્ડિયા પેલેસ્ટીન સોલિડરિટી ફોરમના ફિરોઝ મીઠી બોર વાલાએ જણાવ્યું હતું કે એનએફડીસી દ્વારા ઈઝરાયેલનો ફિલ્મ ફેસ્ટિવલ અમારી જાહેર ઝુંબેશ બાદ રદ જાહેર કરવામાં આવ્યો છે. આ હકીકતનું સમર્થન એનએમઆઈસી દ્વારા પણ કરવામાં આવ્યું છે.

# ભરૂચમાં શાકભાજી-ફ્રૂટનો ધંધો કરતા શ્રમિકનું વીજ કરંટથી કરૂણ મોત

## વીજ કંપનીની બેદરકારીથી સલીમ પઠાણનું મોત થયું હોવાનો સ્થાનિક લોકોનો આક્ષેપ





(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૨૧

ભરૂચના તુલસીધામ શાકમાર્કેટમાં શાકભાજીનો ધંધો કરતા સલીમ પઠાણને વીજ કરંટ લાગતા તેનું ઘટના સ્થળ મોત નીપજ્યું હતું. ભરૂચના તુલસીધામ શાકમાર્કેટમાં લારી ઉપર શાકભાજી અને ફ્રૂટનો ધંધો કરતા સલીમ પઠાણ કે જેઓ મકતમપુર સૈયદવાડ નજીક આવેલા જહાનિયા પાર્કમાં રહે છે અને વર્ષોથી લારી ઉપર શાકભાજીને ફ્રુટનો ધંધો કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે તેમના પરિવારમાં પત્ની અને બે બાળકો છે ત્યારે ગઈકાલે સાંજના સમયે તુલસીધામ શાકમાર્કેટમાં રાબેતા મુજબ શાકભાજી અને ફ્રૂટની લારી ઉપરથી સાંજના સમયે નજીકમાં આવેલી દુકાનમાં પોતાનો સામાન મુકવા માટે સટલ ઊંચું કરવા જતા શટલમાંથી વીજ કરંટ લાગતા તેઓ શટલ સાથે જ ચોંટી ગયા હતા જેને લઈને આજુબાજુના દુકાનદારો અને લારી વાળો બૂમા બૂમ કરતા લોકો દોડી આવીને લાકડીથી તેઓને વીજ કરંટથી છોડવાનો પ્રયાસ કર્યો હતો જોકે આ દરમિયાન સલીમ પઠાણએ પોતાનો જીવ છોડી દીધો હતો જેમતેમ કરીને શટલથી છૂટા પડેલા સલીમભાઈને વેપારીઓ અને સાથી લારીવાળા ૧૦૮ બોલાવીને સારવાર માટે ખસેડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ૧૦૮ના સ્ટાફે સલીમ પઠાણનું મોત થયું હોવાનું જણાવતા જ તેમના પરિવારજનોના માથે આભ તૂટી પડ્યું હતું અને તાત્કાલિક ધોરણે ભરૂચ શહેર પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટના સ્થળે આવીને મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક લોકોના કહેવા મુજબ વીજ કંપનીની બેદરકારી હોવાના કારણે વીજ કરંટ દુકાન ઉપર ઊતર્યો હોવાનું કહેવાય રહ્યું છે આ ઘટના બની ત્યારબાદ વીજ કંપની વાળા દોડી આવ્યા હતા સપ્લાય બંધ કર્યો હતો જો કે સ્થાનિકોના જણાવ્યા મુજબ અહીં વારંવાર વીજ ફોલ્ટ થતો હોય છે પરંતુ તેનું કાયમી નિરાકરણ લાવતા નથી જ્યારે સાંજે બનેલી આ ઘટનામાં બે બાળકો અને પત્નીએ તેમના આધાર સ્તંભ ગુમાવ્યો છે અને તેની પાછળ વીજ કંપનીને જવાબદાર ઠેરવી રહ્યા છે આ મામલે હવે શહેર સી ડિવિઝન પોલીસ દ્વારા હાલ તો અકસ્માત મોત અંગે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# ભરૂચની ઈકરા આઈસીટી કેમ્પસમાં વૃક્ષારોપણની ઝુંબેશ હાથ ધરાઈ



(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૨૧

ભરૂચની ઈકરા આઈ.ટી. સી. દહેજ રોડ, દહેગામે સફળ વૃક્ષારોપણની ઝુંબેશ સાથે ગ્રીન ઈનિશિયેટિવની શરૂઆત કરી છે. આ ઈવેન્ટ, જેમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સ્ટાફની ભાગીદારી જોવા મળી હતી, જેમાં સમગ્ર કેમ્પસમાં ૧૦૦ વૃક્ષો વાવવાનો સમાવેશ થતો હતો. વૃક્ષારોપણ માટે પસંદ કરાયેલા વૃક્ષોની વિવિધ શ્રેણીમાં સ્થાનિક પ્રજાતિઓનો સમાવેશ થાય છે જે સ્થાનિક ઈકોસિસ્ટમને વધારશે, હવાની ગુણવત્તામાં સુધારો કરશે અને છાંયો આપશે.

અબ્દુલ્લાહ ભાઈ અને શહેબાઝ ભાઈને ડ્રાઈવના મહત્ત્વ પર ભાર મૂક્તા કહ્યુ કે, "અમારો ધ્યેય આપણા સમુદાયમાં પર્યાવરણીય કારભારીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો છે. અમારા વિદ્યાર્થીઓ અને સ્ટાફને આ પહેલમાં સામેલ કરીને, અમે અમારા કેમ્પસને માત્ર સુંદર જ નથી બનાવી રહ્યા પરંતુ એક સ્વસ્થ ગ્રહમાં પણ યોગદાન આપી રહ્યા છીએ."વૃક્ષારોપણ અભિયાન આ વર્ષ માટે આયોજિત પર્યાવરણીય પ્રવૃત્તિઓની વ્યાપક શ્રેણીનો એક ભાગ હતો, જેમાં ટકાઉ જીવન અને કચરા વ્યવસ્થાપન પર વર્કશોપનો સમાવેશ થાય છે. ઈકરા એજ્યુકેશન કેમ્પસ આ પ્રયાસો ચાલુ રાખવા માટે સમર્પિત છે.

# ડભોઈ એસ.ટી. ડેપોમાં પણ બંધની અસર જોવા મળી



ડભોઈ, તા.૨૧

ડભોઈ એસટી ડેપોમાં પણ બંધની અસર જોવા મળી હતી. એસટી ડેપોમાં બસ ઓછી હોય અને હાલમાં શ્રાવણ માસ દરમિયાન તહેવાર પણ ચાલી રહ્યો છે જેને લઈને ડેપોમાં ભીડ જોવા મળી હતી. એક જ બસમાં આશરે ૭૦થી ૮૦ પેસેન્જર બેસાડવાની નોબત આવી હતી. ઓછીએસટી બસની સંખ્યા હોય તહેવારો પણ હોયને બંધનું એલાન હોવાથી મુસાફરો પરેશાન થઈ ગયા હતા. બેથી ત્રણ કલાક બસ ડેપોમાં ઊભા રહેવાનો વારો આવ્યો હતો ત્યારબાદ તેઓને બસ મળી રહેતી હતી જ્યારે કે તહેવારો હોવા છતાં પણ એસટી ડેપો દ્વારા કોઈ વધારાની બસોના મુકતા મુસાફરોની હોહા મચી ગઈ હતી. એક તરફ ગુજરાત સરકાર દાવા કરી રહી છે એસટી વિભાગ દ્વારા પૂરતી સુવિધાઓ છે માત્ર મોટી-મોટી જાહેરાતો અને ટીવીમાં જ આ સારી લાગે એવું લાગી રહ્યું છે ડભોઈ એસટી ડેપોની હાલત પેસેન્જરથી ખીચા-ખીચ એસટી ડેપો બસ આવે તો ધક્કા મુક્કી થઈ રહી છે પૂરતી કોઈ સુવિધા ના હોય જેને લઈને પેસેન્જર હલ્લાબોલ કર્યો હતો ડભોઈ એસટી ડેપોમાં વિવિધ ગામોમાં એસટી જવા માટે આજે બંધનું એલાન હતુ.

# ઉમરાળા કોર્ટે વીજ શોકથી મૃત્યુ પામેલ યુવાનના વાલીને ૨૩.૮૧ લાખ ચૂકવવા હુકમ કર્યો

ભાવનગર, તા.૨૧

ભાવનગર જિલ્લાના ઉમરાળા કોર્ટે ચાર વર્ષ પહેલા વીજ કંપનીની બેદરકારીના કારણે વીજ શોક લાગતા યુવાનના થયેલા મોત મામલે યુવાનના પિતાએ વીજ કંપની સામે વળતર માટે દાખલ કરેલ દાવો કોર્ટે ગ્રાહ્ય રાખીને રૂા.૨૩.૮૧ લાખ ચૂકવી દેવા હુકમ કર્યો હતો.

મળતી વિગત મુજબ ઉમરાળા ખાતે રહેતા વશરામ નારણભાઈ ડાંગરનો પુત્ર સુમિત ગત તા. ૧૯-૬-૨૦૧૯ના રોજ ઉમરાળામાં ખેતીની જમીનમાં વૃંદાવન હોટલનું બાંધકામ ચાલુ હોય ત્યાં પાણીનો છટકાવ કરતો હતો ત્યારે વીજ લાઈનના લુઝ અને નબળા પડી ગયેલા વાયરોને અકસ્માતે અડી જતા વીજ શોક લગતા સુમિતનું મોત થયું હતું. આ બનાવ અંગે સુમિતના પિતા વશરામભાઈ ડાંગરે પીજીવીસીએલ રાજકોટના ચેરમેન, અધિક્ષક ઈજનેર બોટાદ, કાર્યપાલક ઈજનેર બોટાદ તથા નાયબ કાર્યપાલક ઈજનેર ઢસા વિરૂદ્ધ અપકૃત્ય કાયદા તળે રૂા. ૨૦ લાખના વળતર માટે ઉમરાળા કોર્ટમાં દાવો દાખલ કરેલ જેમાં આધાર પુરાવા તથા જુબાનીના આધારે ઉમરાળાના પ્રિન્સિપાલ સિવિલ જજએ દાવો મંજૂર રાખી રૂા. ૨૩.૮૧ લાખ ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

# ડીસામાં રાજીવ ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ



દેશના પૂર્વ વડાપ્રધાન ભારતરત્ન દિવંગત રાજીવ ગાંધીની જન્મ જયંતી નિમિત્તે ડીસા શહેરમાં કોંગ્રેસ દ્વારા તેઓની પ્રતિમાને ફૂલહાર પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ડીસામાં જલારામ મંદિરથી બગીચા સર્કલ રોડ પર આવેલા મુખ્ય બટાટા સંશોધન કેન્દ્રની આગળ આવેલી રાજીવ ગાંધીની પ્રતિમા આગળ કોંગ્રેસી કાર્યકરો એકત્રિત થઈ તેઓની પ્રતિમાને ફુલહાર કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત કોંગ્રેસ સેવાદળના અગ્રણી પી .પી. ભરતિયા, ડીસા તાલુકા કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ સોલંકી, ડીસા પાલિકાના કોર્પોરેટર જગદીશચંદ્ર મોદી, બનાસકાંઠા જિલ્લા પંચાયતના સદસ્ય અજમલજી ઠાકોર સહિત કોંગ્રેસી કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

# પાનોલી GIDCમાંથી જતી NCTL લાઈનમાં લિકેજને લીધે અસંખ્ય માછલીઓનાં મોત



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૨૧

પાનોલી GIDCમાંથી પસાર થતી NCTLમાં જતી પીરામણ ગામની હદમાં આવેલા સર્વે નંબર ૭૧ પાસે લાઈનના લીકેજને કારણે તળાવમાં કેમિકલ યુક્ત કાળું પાણી ભરાઈ ગયું છે, જેના પરિણામે મત્સ્ય ઉછેરતા ખેડૂત ઈકરામ ઈકવાલ શેખના તળાવમાં અનેક માછલીઓના મોત થયા છે. જાગૃત નાગરિક જુનેદ પંચભાયાએ આ ઘટના અંગે GPCBને જાણ કરી છે. તેમણે GPCBને તાત્કાલિક અને યોગ્ય કાર્યવાહી કરવા માટે અનુરોધ કર્યો છે, જેથી આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય અને ખેડૂતોને ભવિષ્યમાં આવા નુકસાનમાંથી બચાવી શકાય. GPCB તરફથી આ અંગેની તપાસ શરૂ કરાઈ છે અને તેઓ જવાબદાર તત્ત્વો સામે યોગ્ય પગલાં લેશે તેવી અપેક્ષા છે

# આજે જામનગરમાં વિનામૂલ્યે આંખનો નિદાન કેમ્પ યોજાશે

જામનગર, તા.૨૧

જામનગર ખાતે ગુરૂવાર તા.૨૨/૦૮/૨૦૨૪ સવારના ૮ વાગ્યે આંખનો વિના મુલ્યે કેમ્પ રંગુનવાલા સાર્વજનિક ટ્રસ્ટ-જામનગર-રણછોડદાસ બાપુ આશ્રમ-રાજકોટ તથા જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી-જામનગરના સહયોગથી રંગુનવાલા હોસ્પિટલમાં યોજવામાં આવેલ છે. આ કેમ્પમાં આંખના દર્દીઓને ચેક કરી યોગ્ય દવા-ટીપા આપવામાં આવશે અને મોતિયાના દર્દીઓને શ્રી રણછોડદાસ આશ્રમ હોસ્પિટલ-રાજકોટ બસમાં લઈ જવામાં આવશે ત્યાં આંખનું ઓપરેશન ફેકો પદ્ધતિથી (ટાંકા વગર) કરી બસમાં પરત જામનગર મુકી જવામાં આવશે. આ તમામ પ્રકારની વ્યવસ્થા વિનામુલ્યે કેમ્પ આયોજક તરફથી કરવામાં આવેલ છે.

# નવસારી જિલ્લા યુવા ઉત્સવ અંતર્ગત આયોજિત તાલુકા કક્ષાની સ્પર્ધાઓનો કાર્યક્રમ



નવસારી, તા.૨૧

નવસારી જિલ્લા યુવા ઉત્સવ : ૨૦૨૪-૨૫ અંતર્ગત તાલુકા કક્ષાએ આયોજિત થનાર વિવિધ સ્પર્ધાઓના કાર્યક્રમમાં સ્પર્ધકોએ સમયસર સ્પર્ધાના સ્થળે પહોચવા જણાવવામાં આવ્યું છે. નવસારી જિલ્લામાં તાલુકા કક્ષાના યુવા ઉત્સવ : ૨૦૨૪-૨૫ અન્વયે તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ ગણદેવી તાલુકા કક્ષાની સ્પર્ધાઓ અસ્પી કન્યા વિદ્યાલય, આંતલિયા ખાતે, તા.૨૭/૦૮/૨૦૨૪ના રોજ વાંસદા તાલુકા કક્ષાની સ્પર્ધાઓ ગુરૂકૂળ વિદ્યાલય રાણીફળિયા ખાતે, તા.૨૮/૦૮/૨૦૨૪ના રોજ ચીખલી તાલુકાકક્ષાની સ્પર્ધાઓ એમ.જી.વશી. સાર્વ. વિદ્યાલય, પીપલગભાણ ખાતે, તા.૨૯/૦૮/૨૦૨૪ના રોજ ખેરગામ તાલુકા કક્ષાની સ્પર્ધાઓ જનતા માધ્યમિક શાળા, ખેરગામ ખાતે તથા તા.૩૦/૦૮/૨૦૨૪ના રોજ નવસારી તાલુકા કક્ષાની સ્પર્ધાઓ સર સી.જે.એન.ઝેડ. મદ્રેસા હાઈસ્કૂલ, નવસારી ખાતે યોજાશે. આ સ્પર્ધાઓમાં સ્પર્ધકો રીપોર્ટીંગ સમય: સવારે ૦૮:૩૦ કલાકે હાજર રહેવા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી નવસારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ભાવનગરમાં મોડી રાત્રે બસમાં લાગી વિકરાળ આગ

ભાવનગર, તા.૨૧

શહેરના રાજકોટ રોડ પર પાર્ક કરેલી એક ખાનગી બસમાં મોડીરાત્રીના કોઈ કારણોસર એકાએક આ ભભૂકી ઊઠી હતી. મળતી વિગત મુજબ મહવીર ટ્રાવેલ્સની બસ મોડી રાત્રે શહેરના આખલોલ જકાતનાકા પાસે મહાપાલિકાની પશ્ચિમ ઝોનલ કચેરી પાસે પાર્ક કરી હતી અને ચાલકે ઘરે સૂવા માટે ગયેલ ત્યારે તેમની બસમાં આગ લાગયાની જાણ મોબાઈલ ફોન પર મળી હતી, આથી સ્થળ પર દોડી આવેલ આ સમયે બસનો આગળનો ભાગ વિકરાળ આગની ઝપેટમાં આવી ગયો હતો અને ફાયર બ્રિગેડનો સ્ટાફ પાણીનો છંટકાવ કરી આગને કાબૂમાં લેવા પ્રયાસ કરી રહ્યો હતો. મહાવીર ટ્રાવેલ્સના શિવભદ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે બસમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગ્યાનું પ્રાથમિક દષ્ટિએ જણાતું નથી, તેમજ બસના પ્રથમ સોફા પર પાંચ લીટરનું એક કેન બળેલી હાલતમાં મળી આવ્યું છે આથી સંભવ છે કે કોઈએ જ્વલનશીલ પ્રવાહી છાંટીને બસમાં આગ લગાડી હોઈ શકે. આ અંગે પોલીસમાં ફરિયાદ આપી છે.

### ભારત બંધના એલાનના પગલે

# સુરેન્દ્રનગરના ગણપતિ ફાટસર વિસ્તારમાં મહિલાઓએ ટ્રેન રોકતા તંત્રમાં દોડધામ

## મહિલાઓએ ટ્રેન રોકી વિરોધ પ્રદર્શન કરતા રેલવે અધિકારીઓ, પોલીસ અધિકારીઓ દોડી આવ્યા



સુરેન્દ્રનગર, તા.૨૧

સુપ્રીમ કોર્ટના જજની બેચ દ્વારા દેશમાં એસ.સી.એસટી અનામતમાં ક્રિમીલેયર લાગુ કરવા સુપ્રીમ કોર્ટના ચુકાદા સાથે અનુ. જાતિ જનજાતિ દ્વારા આજરોજ ભારત બંધનુ એલાન આપવામાં આવ્યુ હતું. જેમા સુરેન્દ્રનગરના ગણપતિ ફાટસર વિસ્તારમાં મહિલાઓએ ટ્રેન રોકી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યુ હતુ જેથી પોલીસ તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

સુરેન્દ્રનગર શહેરમાં મોટી માત્રામાં અનુસૂચિત જાતિના લોકોએ જોડાઈ અને મોટી માત્રામાં વિરોધ કર્યો છે ત્યારે શહેરના વઢવાણ ગણપતિ ફાટસર વિસ્તારમાં અનુસૂચિત જાતિના લોકોનો મોટા વસવાટ છે ત્યારે આજે સુરેન્દ્રનગરમાં અનામત વર્ગીકરણના મુદ્દાને લઈ રજૂઆત કરવામાં આવી રહી છે વઢવાણના ગણપતિ ફાટસર વિસ્તારની મહિલાઓએ પસાર થતી ટ્રેનને રોકી અને કાયદાનો વિરોધ દર્શાવ્યો હતો ગણપતિ ફાટસર વિસ્તારમાં મહિલાઓ રેલવે ટ્રેક ઉપર બેસી અને કાયદાનો વિરોધ દર્શાવી અને કાયદો રદ કરવા માટેની માગણી કરવામાં આવી હતી ફાટસર વિસ્તારમાં ટ્રેન રોકવામાં આવતા તાત્કાલિક અસરે રેલવે વિભાગના અધિકારીઓ પણ દોડી આવ્યા હતા અને પોલીસ તંત્ર પણ દોડી આવ્યુ હતું. સમગ્ર ભારતમાં આ કાયદાને રદ કરાઈ તેવી મહિલાઓ દ્વારા સૂત્રોચ્ચાર સાથે માગણી કરવામાં આવી હતી.

### એસ.સી. / એસ.ટી. અનામતમાં વર્ગીકરણ મુદ્દે

# સુરેન્દ્રનગરમાં અનુ. જાતિ સમાજના લોકોએ રેલી કાઢી : બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ



સુરેન્દ્રનગર, તા.૨૧

ભારત બંધના એલાનને સુરેન્દ્રનગર શહેરમાં વઢવાણ રતનપર જોરાવનગર વિસ્તારમાં મિશ્ર પ્રતિસાદ મળ્યો છે શહેરના ૬૦ ફૂટ રોડ ઉપરથી આવેલા ભક્તિ નંદન સર્કલ પાસેથી અજરામાં ટાવર સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરેન્દ્રનગર શહેરમાં રેલીનો પ્રારંભ થયો હતો જેમાં મોટી માત્રામાં અનુસૂચિત જાતિના લોકો જોડાયા હતા અને વિરોધ દર્શાવ્યો હતો બેનરો સાથે સૂત્રોચ્ચાર કરી રેલીનું પ્રસ્થાન કરાયુ હતું. સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પાટડી દસાડા તાલુકાના પૂર્વ ધારાસભ્ય નવસાદભાઈ સોલંકીની આગેવાની હેઠળ અનેક લોકો રેલીમાં જોડાયા હતા. ત્યારે આ રેલીમાં મોટી માત્રામાં અનુસૂચિત જાતિના લોકો જોડાયા છે સુરેન્દ્રનગર શહેરમાં વઢવાણ બી ડિવિઝન તેમજ સુરેન્દ્રનગરએ ડિવિઝન પોલીસે ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે રેલીનું ભવ્ય આયોજન કરાયુ હતું

# વડોદરામાં ઢોરવાડા હટાવવાની ઝુંબેશ જારી, વધુ ૪૦ ઢોરવાડા હટાવાતા ઘર્ષણ



(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં રક્ષાબંધનના તહેવાર અગાઉ ૫૦ જેટલા ગેરકાયદે ઢોરવાડાનો સફાયો કરાયા બાદ પાલિકાની ટીમ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આજે વોર્ડ નં.૯-૧૦મા છેલ્લા કેટલાય વખતથી બનેલા ૪૦ ગેરકાયદે ઢોરવાડાનો સફાયો કરવામાં આવ્યો હતો. શહેરના પશ્ચિમ વિસ્તારમાં અનેક ઢોરવાડા વોર્ડ નં.૯-૧૦માં કેટલાય સમય અગાઉ થઈ ગયા હોવાની ફરિયાદો પણ પાલિકા તંત્રને મળી હતી. આ ગેરકાયદે ઢોરવાડાના કારણે રખડતા ઢોરથી સ્થાનિક રહીશો પરેશાન થઈ ગયા હતા અને ઢોરવાડાના કારણે ગંદકીથી સ્થાનિક રહીશો હેરાન થવા સહિત મચ્છરોથી ત્રાહિમામ થઈ ગયા હોવાની ફરિયાદો મળી હતી. પરિણામે પાલિકા તંત્ર દ્વારા આ ગેરકાયદે ઢોરવાડાનો સફાયો કરવાનું નક્કી કર્યું હતું. જેથી વોર્ડ ૯-૧૦ના ઢોરવાડા હટાવવાના ઈરાદે પાલિકા તંત્રની ઢોર પાર્ટીની ટીમ આજે આ વિસ્તારમાં પહોંચી ગઈ હતી. જ્યાં ગોત્રી પોલીસના બંદોબસ્ત સાથે તાત્કાલિક ધોરણે વિસ્તારની જુદી જુદી સોસાયટીઓમાં ગેરકાયદે બનાવાયેલા તમામ ૧૦ જેટલા ઢોરવાડાનો સફાયો કરાયો હતો. આ કામગીરી વખતે ગૌ પાલકોને પાલિકા ઢોર પાર્ટીની ટીમ સાથે તું તું મેં મેં થવા સહિત રકઝક પણ થઈ હતી. પરંતુ પોલીસે દરમિયાનગીરી કરીને મામલો થાળે પાડ્યો હતો. પશ્ચિમ વિસ્તારમાં વોર્ડ ૯-૧૦માં ગેરકાયદે ઢોરવાડા તોડવાની ચાલતી કામગીરી દરમિયાન પાલિકાની ઢોર પાર્ટીએ ઢોર વાળામાં બાંધેલા કેટલાક ઢોર પણ કબજે કર્યા હતા. આ તમામ ઢોરને પાંજરાપોળમાં મૂકાયા છે. વોર્ડ નંબર ૯ માંથી આઠ ઢોરવાડા તોડવામાં આવેલ છે તથા વોર્ડ નંબર ૧૦ મા એક ઢોર વાડાને નોટિસ આપી ૧૦૦૦ રૂપિયા દંડ વસૂલાત કર્યો હતો.


**નામ બદલેલ છે.**

મારૂ જુનું નામ- ભરોડા મહંમદ જાવીદ સબ્બીર એહમદ હતું જે બદલીને નવું નામ- ભરોડાવાલા મોહમદ જાવીદ શબ્બીર એહમદ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

લી. ભરોડાવાલા મોહમદ જાવીદ શબ્બીર એહમદ સરનામું:- કાગદીવાડ, દરગાહ ની પાસે, અંકલેશ્વર -૩૯૩૦૦૧, જી. ભરૂચ. મો.- ૯૯૯૮૦ ૬૫૯૩૩

**CHANGE OF NAME-SURNAME-SPELLING**

I HAVE CHANGE MY NAME-SURNAME SPELLING FROM **KOTHIA RASIDA ILYAS** TO NEW NAME-SURNAME SPELLING **KOTHIYA RASHIDABEN ILYAS** I WILL BE KNOWN AS NEW NAME-SURAME SPELLING WHICH PLEASE NOTE.

ADD:- 37, BHALAJI KHADKI AT&PO. SAROD. TAL. JAMBUSAR. DIST. BHARUCH. PIN. 392180 GUJARAT.

**CHANGE OF NAME-SURNAME-SPELLING**

I HAVE CHANGE MY NAME-SURNAME SPELLING FROM **KOTHIA ILYAS ABDULLAH ISMAIL** TO NEW NAME-SURNAME SPLLING **KOTHIYA ILYAS ABDULLAH** I WILL BE KNOWN AS NEW NAME-SURNAME SPELLING WHICH PLEASE NOTE.

ADD :- 37, BHALAJI KHADKI AT&PO. SAROD. TAL. JAMBUSAR. DIST. BHARUCH. PIN. 392180 GUJARAT.

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળ:**

શુક્રવાર, 23 ઓગસ્ટ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ એક્સપ્રેસ રેસીડેન્સી, અલકાપુરી, વડોદરા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: અશ્વિની જોષી, મોબાઈલ : 63548 38986.

શુક્રવાર, 23 ઓગસ્ટ 2024; સાંજે 7:00 થી રાત્રે 9:00 વાગ્યા સુધી.
સિલ્વર લીફ હોટેલ, વાલિયા રોડ, અંકલેશ્વર – 393 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: દીપક ચૌહાણ, મોબાઈલ : 94089 75787.

શનિવાર, 24 ઓગસ્ટ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
સિલ્વરક્લાઉડ હોટેલ એન્ડ બેન્કવેટ્સ, 726 અને 727, આશ્રમ રોડ, ગાંધી આશ્રમ અને દાંડી બ્રિજની સામે, જૂના વાડજ, અમદાવાદ – 380 027, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: યોગેશ યાદવ, મોબાઈલ : 95108 90039.

શનિવાર, 24 ઓગસ્ટ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
શ્રીજી પાર્ટી પ્લોટ, જ્ઞાનાનંદ ગ્રીન્સની સામે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગર ગૃહ (કોર્પોરેશન હોલ), નેહરુ ચાચા નગર, ચોકડી, વડોદરા – 390 019, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: અશ્વિની જોષી, મોબાઈલ : 81609 01639.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે.
વોક-ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav | HDFC MUTUAL FUND BHAROSA APNO KA

An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેવડદેવડ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોએ એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

# "જો ૨૦૧૯ના પુલવામા હુમલા પાછળના લોકો સામે કાર્યવાહી કરવા જવાનો હડતાળ કરશે તો ડોક્ટરોની શું પ્રતિક્રિયા હશે" : તૃણમૂલ નેતાનો ડોક્ટરોને પુલવામા સાથે જોડતો પ્રશ્ન

(એજન્સી) કોલકાતા, તા. ૨૧

તૃણમૂલ કોંગ્રેસના નેતાએ પૂછ્યું છે કે જો ૨૦૧૯ના પુલવામા હુમલા પાછળના લોકો સામે કાર્યવાહીની માંગ કરવા માટે સુરક્ષા દળો હડતાળ પર ઉતરશે તો ચિકિત્સકોની શું પ્રતિક્રિયા હશે. તેમણે એક એક્સ પોસ્ટમાં જણાવ્યું કે, ''ડોક્ટરોને તેમની હડતાળ સમાપ્ત કરવાની વિનંતી સાથે મારો એક પ્રશ્ન છે. પુલવામા કેસમાં કોઈ ન્યાય થયો નથી. તેથી જો જવાનો સરહદો છોડીને 'અમને ન્યાય જોઈએ' તેમ કહીને હડતાલ શરૂ કરે તો તેઓ તેને કેવી રીતે જોશે?'' તૃણમૂલના વરિષ્ઠ નેતા કુણાલ ઘોષે બળાત્કાર-હત્યાની ભયાનક ઘટના પછી પક્ષની સ્થિતિ સ્પષ્ટ કરતાં આ પ્રશ્ન કર્યો હતો. ૧૪ ફેબ્રુઆરીએ જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના ૪૦ જવાનો શહીદ થયા હતા જ્યારે વિસ્ફોટકોથી ભરેલું વાહન સુરક્ષા કર્મચારીઓને જઈ રહેલા વાહનોના કાફલા સાથે અથડાયું હતું. બે અઠવાડિયા કરતાં ઓછા સમય પછી ભારતીય વાયુસેનાના જેટ્સે પાકિસ્તાનના બાલાકોટમાં હવાઈ હુમલો કર્યો અને જૈશ-એ-મોહમ્મદના તાલીમ શિબિરને નિશાન બનાવ્યું હતું. તૃણમૂલ કોંગ્રેસે આ ઘટનાની ટીકાનો જવાબ આપ્યો છે કે સીબીઆઈએ તપાસ સંભાળ્યા પછી શું પ્રગતિ કરી છે. કોલકાતામાં ૩૧ વર્ષીય ડૉક્ટરની



બળાત્કાર અને હત્યાના પગલે દેશવ્યાપી ડોકટરોના વિરોધ વચ્ચે તૃણમૂલ કોંગ્રેસના નેતાએ આ પ્રશ્ન કર્યો છે. કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ૯ ઓગસ્ટના રોજ ૩૧ વર્ષીય અનુસ્નાતક તાલીમાર્થી સાથે થયેલા બળાત્કાર અને હત્યા સામે છેલ્લા ૧૦ દિવસથી દેશભરના તબીબો વિરોધ કરી રહ્યા છે. ગઈકાલે આ મામલાની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે ૧૦મી ઓગસ્ટે ૩૧ વર્ષીય પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઈનીની હત્યા ટીકા કરી હતી. ૧૦-સદસ્યની રાષ્ટ્રીય ટાસ્ક ફોર્સ, આરોગ્યસંભાળ વ્યવસાયિકો માટે હિંસા અટકાવવા અને સલામત કાર્યની સ્થિતિ સુનિશ્ચિત કરવા પગલાંની ભલામણ કરી હતી. સુપ્રીમે કહ્યું હતું કે, ''તબીબી વ્યાવસાયિકો - ડોકટરો, નર્સો અને પેરામેડિક સ્ટાફ - ચોવીસ કલાક કામ કરે છે. આરોગ્યસંભાળ સંસ્થાઓના દરેક ભાગમાં અનિયંત્રિત પ્રવેશે આરોગ્યસંભાળ વ્યાવસાયિકોને હિંસા માટે સંવેદનશીલ બનાવ્યા છે.'' તૃણમૂલ નેતાની ટીપ્પણી એવા સમયે આવી છે જ્યારે મમતા બેનર્જીની આગેવાની હેઠળની પાર્ટી તેના જઘન્ય અપરાધના સંચાલનને લઈને તણાવમાં છે.

# અમેરિકામાં ભારતીય ડૉક્ટરની ૨ વર્ષની ઉંમરના બાળકોથી માંડી પુખ્ત વયનાની નગ્ન તસવીરો લેવા બદલ ધરપકડ

**ઓમૈર એજાઝે કથિત રૂપે બાથરૂમ, વિવિધ વિસ્તારો, હોસ્પિટલના રૂમો અને પોતાના ઘરના વિવિધ સેટિંગ્સમાં છૂપાયેલા કેમેરા મૂક્યા હતા જ્યાં તે ૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કપડાં ઉતારવાના દૃશ્યોને રેકોર્ડ કરતો હતો, ૪૦ વર્ષીય ઉમૈર એજાઝ પર બહુવિધ સેક્સ અપરાધનો આરોપ છે**

(એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧

મીડિયા અહેવાલો અનુસાર ૪૦ વર્ષીય ભારતીય ડૉક્ટરને કેટલાક વર્ષોમાં બાળકો અને મહિલાઓની સેંકડો નગ્ન તસવીરો અને વીડિયો રેકોર્ડ કરવા બદલ બહુવિધ સેક્સ અપરાધોનો આરોપ લગાવ્યા બાદ યુએસની જેલમાં ૨૦ લાખ યુએસ ડોલરના બોન્ડ પર રાખવામાં આવ્યો હતો.

ઓમૈર એજાઝની અગાઉ ૮ ઓગસ્ટના રોજ ધરપકડ કરવામાં આવી હતી કારણ કે તેણે કથિત રૂપે બાથરૂમ વિવિધ જગ્યાઓ, હોસ્પિટલના રૂમ અને પોતાના ઘરના વિવિધ સેટિંગમાં છૂપાયેલા કેમેરા મૂક્યા હતા જ્યાં તે ૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કપડાં ઉતારવાના દૃશ્યોને રેકોર્ડ કરતો હોવાનું મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

તેની પત્ની વાંધાજનક સામગ્રી સાથે આગળ આવી તે પછી અધિકારીઓને તેના ગુનાની જાણ થઈ.

તેની ધરપકડ પહેલા તેનો કોઈ ગુનાહિત ઈતિહાસ નહોતો. ઓકલેન્ડ કાઉન્ટી શેરિફે જણાવ્યું હતું કે, તેણે અસંખ્ય મહિલાઓ સાથે કથિત રીતે જાતીય એન્કાઉન્ટર પણ રેકોર્ડ કર્યા હતા જેઓ બેભાન અથવા ઊંઘમાં હતી. એજાઝના ગુનાઓની તીવ્રતા હાલમાં જાણીતી નથી, પરંતુ શેરિફ માઈક બાઉચાર્ડે જણાવ્યું હતું કે સંપૂર્ણ તપાસમાં મહિનાઓ લાગશે. અધિકારીઓને શંકા છે કે ઘણા પીડિતો હોઈ શકે છે કારણ કે તપાસકર્તાઓએ યુ.એસ. મિશિગન રાજ્યમાં ઓકલેન્ડ કાઉન્ટીના શહેર રોચેસ્ટર હિલ્સમાં તેના ઘરે મળી આવેલા હજારો વીડિયોની સમીક્ષા કરી છે અને તેની આસપાસ શિકંજો કસવાનું શરૂ કર્યું છે.

''ઘણા સ્તરો પર ખલેલજનક છે. ''તેમણે ગુનાહિતતાના માપને લેરી નાસર સાથે સરખાવી હતી, જે બદનામ સ્પોર્ટ્સ ડૉક્ટર છે જે તેની દેખરેખ હેઠળની



ડઝનેક યુવતીઓ સાથે દુર્વ્યવહાર કરવા માટે દોષિત છે.

એજાઝની ૮ ઓગસ્ટે તેના ઘરેથી ધરપકડ કરવામાં આવી ત્યારથી અનેક સર્ચ વોરંટ આપવામાં આવ્યા છે. તેમાં કમ્પ્યુટર, ફોન અને ૧૫ બાહ્ય ઉપકરણોનો સમાવેશ થાય છે.

બૌચાર્ડે જણાવ્યું હતું કે એક જ હાર્ડ ડ્રાઈવમાં તેના પર ૧૩,૦૦૦ વીડિયો છે. તેણે ક્લાઉડ સ્ટોરેજમાં પણ વીડિયો અપલોડ કર્યા હશે.

એજાઝ પર ૧૩ ઓગસ્ટના રોજ બાળ લૈંગિક અપમાનજનક પ્રવૃત્તિની એક ગણતરી, વસ્ત્ર વગરની વ્યક્તિની છબી કેપ્ચર કરવાના ચાર ગુનાઓ અને અપરાધ કરવા માટે કમ્પ્યુટરનો ઉપયોગ કરવાના પાંચ ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને તેને ઓકલેન્ડ કાઉન્ટી જેલમાં USD ૨૦ લાખ બોન્ડ પર રાખવામાં આવ્યો હતો.

ઓકલેન્ડ કાઉન્ટી પ્રોસીક્યુટર કેરેન મેકડોનાલ્ડે જણાવ્યું હતું કે એજાઝની પત્નીએ આ મહિનાની શરૂઆતમાં એવી સામગ્રી તૈયાર કરી હતી જે આ સંબંધિત હતી અને શેરિફ ઓફિસે તરત જ સર્ચ વોરંટ ચલાવ્યું હતું અને વધુ ઉપકરણો જપ્ત કર્યા હતા. તેણે જણાવ્યું હતું કે તપાસકર્તાઓએ ''ખરેખર આઘાતજનક, ચિંતાજનક છબીઓ મેળવી છે'' અને તેમ કરવાનું ચાલુ રાખ્યું છે. મેકડોનાલ્ડે જણાવ્યું હતું કે એજાઝે સારી પ્રતિષ્ઠિત સંસ્થાઓ અને હોસ્પિટલોનો પણ પોતાની શિકાર બનાવી હતી જે તેની સાથે સંકળાયેલ હતી.

૨૦૨૩માં ગોલ્ડફિશ સ્વિમિંગ ક્લબમાં ચેન્જિંગ રૂમની અંદર એજાઝ કથિત રીતે માતા અને તેના બાળકોનું રેકોર્ડિંગ કરતા ઘણા આરોપો છે. જો કે, તેણે હોસ્પિટલના રૂમમાં દર્દીઓ પર હુમલો કર્યો હોવાનું પણ માનવામાં આવે છે. ''આ બધી સ્વિમ સ્કૂલના બાળકો અને તેમની માતાઓ હતી.''

''તેઓ તેમના બાળકોને તરવાનું શીખવવા માટે ત્યાં આવતી હતી કારણ કે તેનાથી તેમના બાળકોને આનંદ આવતો હતો અને તેઓ ઈચ્છતી હતી કે તેમના બાળકો પાણીની આસપાસ સુરક્ષિત રહે. તેઓ સમુદાયમાં વિશ્વાસ ધરાવતા વ્યક્તિ-એક તબીબી ડૉક્ટર દ્વારા ભોગ બન્યા હતા. ''તેમનો કાર્ય ઈતિહાસ બતાવે છે કે તે ક્લિન્ટન ટાઉનશીપની હેનરી ફોર્ડ મેકોમ્બ હોસ્પિટલમાં અને ગ્રાન્ડ બ્લેન્કમાં એસેન્શન જેનેસીસ હોસ્પિટલમાં નોકરી કરતો હતો.

તેમની વર્તમાન રોજગાર એક કંપની સાથે કરાર કરાયેલા ચિકિત્સક તરીકે હતી જે તેમને વિવિધ હોસ્પિટલોમાં મોકલતી હતી.

તે પહેલા તે ૨૦૧૧માં ભારતથી વર્ક વિઝા પર યુએસ ગયો હતો જ્યાં તે એક નાગરિક છે. અલાબામામાં સમય વિતાવતા પહેલા તેમનું રહેઠાણ સિનાઈ ગ્રેસ હોસ્પિટલમાં હતું. તે ૨૦૧૮માં મિશિગન પાછો ફર્યો. પીડિતોની સંખ્યા અને તેમને ઓળખવામાં મુશ્કેલી હોવાને કારણે પોલીસે એક ઈ-મેઈલ પ્રદાન કર્યો છે જેનો ઉપયોગ લોકો અધિકારીઓનો સંપર્ક કરવા માટે કરી શકે છે.

# UNના અહેવાલમાં આરોપ : બાંગ્લાદેશના વિરોધ દરમિયાન અતિશય બળ અને માનવાધિકારનું ભયજનક ઉલ્લંઘન

(એજન્સી) તા.૨૧

યુનાઈટેડ નેશન્સે બાંગ્લાદેશના ક્વોટા સુધારણા ચળવળ સાથે સંકળાયેલા વિરોધ અને પ્રદર્શનોના પ્રતિભાવમાં કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા 'બિનજરૂરી' અને 'અતિશય' બળના ઉપયોગના ગંભીર આરોપોને પ્રકાશિત કરતો અહેવાલ પ્રકાશિત કર્યો છે. 'બાંગ્લાદેશમાં તાજેતરના વિરોધ અને અશાંતિનું પ્રારંભિક વિશ્લેષણ' શીર્ષક ધરાવતા અહેવાલને જિનીવાથી સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકાર માટેના હાઈ કમિશનર (OHCHR)ના કાર્યાલય દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તે પોલીસ અને અર્ધલશ્કરી દળો દ્વારા લેવામાં આવેલી કાર્યવાહીની વિગતો આપે છે, જેમણે કથિત રીતે શાંતિપૂર્ણ વિરોધીઓ સામે અંધાધૂંધ બળનો ઉપયોગ કર્યો હતો અને હિંસાના કિસ્સામાં, ઘાતક શસ્ત્રો જેમ કે રબર બુલેટ્સ, સાઉન્ડ ગ્રેનેડ અને પક્ષીઓનો શિકાર કરતા હથિયારોનો ઉપયોગ કર્યો હતો. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ૧૬ જુલાઈથી ૧૧ ઓગસ્ટની વચ્ચે વિરોધ પ્રદર્શન અને ત્યારપછીની હિંસાના પરિણામે ઓછામાં ઓછા ૬૫૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. આ પ્રથમ વખત કોઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ બાંગ્લાદેશમાં આ સમયગાળા દરમિયાન પરિસ્થિતિનું મૂલ્યાંકન પ્રદાન કર્યું છે, જે સાડા ૧૫ વર્ષ સત્તામાં રહ્યા પછી પાંચ ઓગસ્ટના રોજ વડાંપ્રધાન શેખ હસીનાની સરકારના પતનમાં પરિણમ્યું હતું. યુએન હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટ્સ વોલ્કર તુર્કે વીડિયો સંદેશમાં પરિસ્થિતિ પર ટિપ્પણી કરી, ભારપૂર્વક જણાવ્યું કે, બાંગ્લાદેશને હવે માનવ અધિકારો અને કાયદાના શાસન પર આધારિત સરકાર સ્થાપિત કરવાની ઐતિહાસિક તકનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે માનવાધિકારના ઉલ્લંઘન માટે જવાબદાર લોકોની જવાબદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. અહેવાલમાં હિંસાના વધારાની વિગતો આપવામાં આવી છે, જે શરૂઆતમાં સરકારી નોકરીઓમાં ક્વોટા સિસ્ટમની પુનઃ સ્થાપના અંગે જૂનના મધ્યમાં શરૂ થયેલા શાંતિપૂર્ણ વિરોધથી ઉદ્ભવી હતી. આર્થિક દબાણ અને ઊંચા બેરોજગારી દરોએ આંદોલનને વેગ આપ્યો. યુએનના અહેવાલમાં વિરોધીઓ પર ગોળીબાર કરવા માટે હેલિકોપ્ટરની તૈનાત સહિત કાયદાના અમલીકરણ દ્વારા ઉપયોગમાં લેવાતા અતિશય બળના વિશ્વસનીય આરોપોનું વર્ણન કરવામાં આવ્યું છે. આઘાતજનક રીતે કેટલાક કાયદા અમલીકરણ વાહનો અને હેલિકોપ્ટરમાં યુએન લોગો હતા, જે યુએન પીસકીપિંગ ઓપરેશન્સમાં બાંગ્લાદેશી ટુકડીઓના સાધનોનો દુરૂપયોગ સૂચવે છે. મીડિયા અહેવાલો અને ચળવળ સાથે સંકળાયેલા લોકોની જુબાની પરથી હિંસાની ચરમસીમા દરમિયાન ૬૦૦થી વધુ મૃત્યુ નોંધાયા હતા, જેમાં સૌથી વધુ નોંધપાત્ર સંખ્યામાં મૃત્યુ ૧૯ જુલાઈ અને ૬ ઓગસ્ટની વચ્ચે થયા હતા. અહેવાલ નોંધે છે કે, વાસ્તવિક મૃત્યુઆંક વધુ હોઈ શકે છે. કર્ફ્યુ, ઈન્ટરનેટ શટડાઉન અને ડેટા એકત્રીકરણ પર સરકારના પ્રતિબંધોને કારણે. હોસ્પિટલો ઘાયલ વિરોધીઓથી ભરાઈ ગઈ હતી અને સરકારે કથિત રીતે હોસ્પિટલોને જાનહાનિની વિગતો શેર કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. અહેવાલમાં સરકારના પતનના દિવસે ગણ ભવન, મુખ્ય ન્યાયાધીશના નિવાસસ્થાન અને બંગબંધુ મ્યુઝિયમ સહિત નોંધપાત્ર રાષ્ટ્રીય સ્થળો પરના હુમલાઓનું પણ દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. વધુમાં ૫ અને ૬ ઓગસ્ટના રોજ હિંદુ સમુદાયના ૨૭ ઘરો અને સંસ્થાઓ પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. યુએનના અહેવાલમાં વિરોધ દરમિયાન થયેલા માનવાધિકાર ઉલ્લંઘનોની તાત્કાલિક, સ્વતંત્ર, નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી છે. તે જવાબદારોને જવાબદાર ઠેરવવા અને પીડિતો માટે અસરકારક નિવારણ સુનિશ્ચિત કરવાના મહત્ત્વ પર ભાર મૂકે છે.

**અભિવ્યક્તિની સ્વતંત્રતા પર નિયંત્રણો :** ક્વોટા સુધારણા ચળવળ દરમિયાન બાંગ્લાદેશની સરકારે સંચાર પર નોંધપાત્ર નિયંત્રણો લાદ્યા હતા, ખાસ કરીને ૧૮થી ૨૩ જુલાઈ અને ફરીથી ૪ અને ૫ ઓગસ્ટના રોજ ઈન્ટરનેટ સેવાઓ બંધ કરીને. આ શટડાઉનને કારણે અભિવ્યક્તિની સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ એકત્ર થવાના અધિકારને ગંભીર રીતે મર્યાદિત કરવામાં આવ્યું હતું, જેનાથી માનવ અધિકાર મૂળભૂત રીતે પ્રભાવિત થયું હતું.. સરકારે શરૂઆતમાં દાવો કર્યો હતો કે, આઉટેજ દેખાવકારો દ્વારા થતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને થયેલા નુકસાનને કારણે થયું હતું. જો કે, યુનાઈટેડ



નેશન્સ હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટ્સ (OHCHR)ના કાર્યાલયે શોધી કાઢ્યું હતું કે, માહિતીના પ્રસારને રોકવા અને વિરોધીઓ વચ્ચે સંકલનને વિક્ષેપિત કરવા માટે સરકારે પોતે ઈરાદાપૂર્વક ઈન્ટરનેટ સેવાઓને અક્ષમ કરી હતી. શટડાઉનને કારણે અખબારોની ઓનલાઈન આવૃત્તિઓ પણ બંધ થઈ ગઈ, અભિવ્યક્તિની સ્વતંત્રતા અને માહિતીના અધિકારમાં વધુ ઘટાડો થયો.

**મુક્ત ચળવળ માટે અવરોધ :** વિરોધ પ્રદર્શન દરમિયાન સમગ્ર બાંગ્લાદેશમાં કર્ફ્યુ લાદવામાં આવતા નાગરિકોની હિલચાલની સ્વતંત્રતા પર વધુ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, માનવ અધિકારની સાર્વત્રિક ઘોષણા (કલમ ૧૩) અને નાગરિક અને રાજકીય અધિકારો પરના આંતરરાષ્ટ્રીય કરાર (કલમ ૧૨) દ્વારા બાંયધરી આપવામાં આવેલ અધિકાર. આ કર્ફ્યુએ માત્ર ચળવળને મર્યાદિત જ નહીં પરંતુ અન્ય મૂળભૂત અધિકારોને પણ અસર કરી, રોજિંદા જીવન, વ્યવસાયિક પ્રવૃત્તિઓ અને આવશ્યક સેવાઓની એક્સેસને અવરોધ્યો હતો.

**ભલામણો**

**યુએનના અહેવાલમાં કટોકટીને સંબોધિત કરવાના હેતુથી ઘણી ભલામણો કરવામાં આવી છે :**

- રાજકીય પક્ષો માટે.
- વધુ જાનહાનિ અટકાવવા માટે ડી-એસ્કેલેશનને પ્રાથમિકતા આપો.
- રાજકીય વિરોધીઓનો જુલમ બંધ કરો.
- અભિવ્યક્તિની સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ સભાના અધિકારને જાળવી રાખો.
- લઘુમતી સમુદાયોની સુરક્ષા સુનિશ્ચિત કરો.
- ઉશ્કેરણીજનક વાણી અથવા ક્રિયાઓથી દૂર રહો.
- વચગાળાની સરકારને.
- માનવ અધિકાર આધારિત અભિગમ દ્વારા કાયદો અને વ્યવસ્થા પુનઃ સ્થાપિત કરો.
- બળના ઉપયોગને મર્યાદિત કરવા કાયદા અમલીકરણ એજન્સીઓને સ્પષ્ટ સૂચનાઓ.
- વિરોધ પ્રદર્શન અને જાહેર વ્યવસ્થાના સંચાલનમાં બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (BGB) અને રેપિડ એક્શન બટાલિયન (RAB)ને તૈનાત કરવાનું ટાળો.
- આ દળોની કામગીરી, આદેશ, નિયંત્રણ અને જવાબદારીની વ્યાપક સમીક્ષા કરો.
- લઘુમતી સમુદાયો સહિત પ્રતિશોધાત્મક હિંસાનું જોખમ ધરાવતા વ્યક્તિઓની સલામતીની ખાતરી કરો.
- આંતરરાષ્ટ્રીય સમુદાય માટે.
- માનવ અધિકારો અને મૂળભૂત અધિકારોને જાળવી રાખવામાં બાંગ્લાદેશને સહાય કરો.
- હિંસાનો ભોગ બનેલા લોકો માટે જવાબદારી સુનિશ્ચિત કરવા અને નિવારણ મેળવવાના ઉદ્દેશ્યને સમર્થન પહેલ.
- સંસ્થાકીય અને સુરક્ષા ક્ષેત્રના સુધારામાં સહાય.

અહેવાલમાં તાજેતરની ઘટનાઓની સ્વતંત્ર, નિષ્પક્ષ અને પારદર્શક તપાસની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે, જેમાં માનવ અધિકારોના ઉલ્લંઘન માટે જવાબદાર લોકો જવાબદાર છે. તેમાં મનસ્વી રીતે અટકાયત કરાયેલ વ્યક્તિઓને મુક્ત કરવા અને સીસીટીવી ફૂટેજ અને અન્ય રેકોર્ડ્સ સહિત તમામ સંબંધિત પુરાવાઓને સાચવવા માટે પણ કહેવામાં આવ્યું હતું.

**યુએન તપાસ :** સંયુક્ત રાષ્ટ્ર બાંગ્લાદેશમાં તાજેતરની ઘટનાઓમાં મૃત્યુ અને માનવાધિકાર ઉલ્લંઘન સહિતની ઘટનાઓની સ્વતંત્ર તપાસ કરવાની તૈયારી કરી રહ્યું છે. યુએન હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટ્સ વોલ્કર તુર્ક અને બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસ વચ્ચે ચર્ચા થઈ ચૂકી છે. OHCHRના એશિયા-પેસિફિક ક્ષેત્રના વડા રોરી મુંગોવેનની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની ટીમ પ્રારંભિક તપાસ અંગે ચર્ચા કરવા આવતા અઠવાડિયે બાંગ્લાદેશની મુલાકાત લે તેવી અપેક્ષા છે. આ મુલાકાત દરમિયાન તેઓ તપાસના કાર્યપ્રવાહ, પ્રક્રિયા અને શરતોને અંતિમ સ્વરૂપ આપવા માટે ઢાકામાં સંબંધિત હિતધારકો સાથે જોડાશે.

**રાજદ્વારી સ્ત્રોતોએ યુએનની તપાસ માટે ત્રણ સંભવિત માર્ગો દર્શાવ્યા છે :**

૧. માનવ અધિકાર માટે યુએન હાઈ કમિશનર કોઈપણ દેશમાં ગંભીર માનવાધિકાર ઉલ્લંઘનની તપાસ કરવા માટે ફેક્ટ-ફાઈન્ડિંગ ટીમ મોકલી શકે છે.

૨. એક પ્રભાવશાળી યુએન સભ્ય માનવ અધિકાર પરિષદ દ્વારા દેશમાં ફેક્ટ-ફાઈન્ડિંગ મિશન મોકલવાનો પ્રસ્તાવ આપી શકે છે, જે પછી મંજૂર થઈ શકે છે.

૩. ગંભીર માનવાધિકાર ઉલ્લંઘનોની તપાસમાં આંતરરાષ્ટ્રીય ધોરણો અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે કોઈ દેશ યુએનની મદદની વિનંતી કરી શકે છે, જે યુએનને ફેક્ટ-ફાઈન્ડિંગ મિશન મોકલવા માટે પ્રોત્સાહિત કરે છે. એક જાહેર નિવેદનમાં વોલ્કર તુર્કે માનવાધિકાર ઉલ્લંઘન અને પીડિતો માટે ન્યાયની જવાબદારી સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય સર્વસંમતિની આવશ્યકતા પર ભાર મૂક્યો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ધ્યેય માનવ અધિકારોના ઉલ્લંઘનના તમામ પ્રકારોથી મુક્ત સમાજ બનાવવાનો છે.

# પૂર્વ વાઈસ ચાન્સેલર અફઝલ વાનીએ ભારતમાં મસ્જિદોના રક્ષણ માટે ટાસ્ક ફોર્સ અને વ્યૂહાત્મક યોજના બનાવવા વિનંતી કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

ગુરૂગ્રામમાં IILM યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર પ્રો. અફઝલ વાની જેઓ ભારતના કાયદા કમિશનના પૂર્વ સભ્ય પણ છે, તેમણે ઈસ્લામિક સ્થળોના દસ્તાવેજીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના માટે હાકલ કરી છે અને મુસ્લિમ સમુદાયને ભારતમાં ઐતિહાસિક મસ્જિદો પરના જોખમોનો સામનો કરવા અસરકારક મીડિયા પ્રતિનિધિત્વ માટે કોર્પોરેટ વ્યૂહરચના અપનાવવા વિનંતી કરી છે. જમાત-એ-ઈસ્લામી હિંદના મુખ્યમથક ખાતે પ્રો. વાનીએ ઐતિહાસિક મસ્જિદો અને પૂજા સ્થાનો અધિનિયમ ૧૯૯૧ના નિર્ણાયક મુદ્દાની વિગતવાર ચર્ચા કરી હતી. તેમણે ભારતમાં મુસ્લિમોએ તેમની ધાર્મિક સંસ્થાઓની સુરક્ષા માટે વધુ વ્યૂહાત્મક અને બૌદ્ધિક રીતે મજબૂત અભિગમ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ભારતમાં ઈસ્લામિક ઉપાસના સ્થળોની વર્તમાન સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે ધ્યાન દોર્યું કે કેવી રીતે પૂજાના સ્થળોના કાયદા હેઠળ કાયદાકીય સુરક્ષાનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. આ અધિનિયમ બાબરી મસ્જિદના શહીદી પહેલાં ઘડવામાં આવ્યો હતો, તે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં રહેલા પૂજા સ્થાનોના ધાર્મિક પાત્રને જાળવવા અને આ સ્થાનોના વિવિધ ધાર્મિક સંપ્રદાયોમાં રૂપાંતર અટકાવવા માટે બનાવવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે, જો એક જ ધર્મમાં મસ્જિદને એક સંપ્રદાયમાંથી બીજા સંપ્રદાયમાં ફેરવવાની મંજૂરી નથી, તો આ કાયદા અનુસાર મસ્જિદને મંદિરમાં ફેરવવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. એ વિચારવું ભૂલભરેલું છે કે, હવે જ્યારે કાયદો અસ્તિત્વમાં છે, તો મસ્જિદો સંપૂર્ણપણે સુરક્ષિત છે. મુસ્લિમ સમુદાયે આ કાયદાના અસરકારક અમલીકરણ માટે પૂરતી તૈયારી કરી નથી તેવી ચિંતા વ્યક્ત કરતાં પ્રો. વાનીએ મુસ્લિમોને આ અંગે ગંભીર વિચાર અને તૈયારી માટે સમય ફાળવવા વિનંતી કરતા કહ્યું કે, આ કાયદો માન્યતા પ્રદાન કરે છે, પરંતુ તે માત્ર એક પ્રતીક છે. તે એક સૂચક છે. પરંતુ માન્યતા પછી જો તમારી પાસે જમીનનો પ્લોટ હોય અને તમે તેની સાથે કંઈ કરતા નથી તો પડોશી તેના પર કચરો ફેંકશે, કાયદો અસ્તિત્વમાં છે, પરંતુ જો તમારી પાસે તેને જાળવી રાખવાની ક્ષમતા નથી તો તેનો કોઈ ઉપયોગ નથી. ૧૯૯૧ના અધિનિયમ દ્વારા સુરક્ષાઓ હોવા છતાં તાજેતરના વર્ષોમાં અગ્રણી મસ્જિદોની સ્થિતિને પડકારતા કેટલાક ઉચ્ચ-પ્રોફાઈલ કાનૂની કેસો સામે આવ્યા છે:

- વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદને પૂર્વ-અસ્તિત્વમાં રહેલા હિન્દુ મંદિરના કથિત પુરાવા માટે સ્થળનું સર્વેક્ષણ થયું છે.
- હિંદુ જૂથોએ મથુરામાં શાહી ઈદગાહ મસ્જિદ અંગે અરજી દાખલ કરી છે અને દાવો કર્યો છે કે, તે હિન્દુ દેવતા કૃષ્ણના જન્મસ્થળ પર બનાવવામાં આવી હતી.
- મધ્યપ્રદેશમાં ભોજશાળા સંકુલ, જેમાં મસ્જિદ અને હિંદુ મંદિર બંને છે, તેના ઉપયોગના અધિકારોને લઈને વિવાદો જોવા મળે છે. મસ્જિદો અથવા મુસ્લિમ ધાર્મિક સ્થળોએ કથિત પુરાવા મળ્યા છે તેના આધારે દાવો દાખલ કરવામાં આવે છે. તે પુરાવા ઊભા કરવાનો પ્રયાસ છે. આવી યુક્તિઓનો ઉપયોગ એક્ટ દ્વારા આપવામાં આવેલ સંરક્ષણને નબળો પાડવા માટે કરવામાં આવે છે. બાબરી મસ્જિદ વિશે તેમણે કહ્યું કે, સુપ્રીમ કોર્ટના ચુકાદાએ નિશ્ચિતપણે જાહેર કર્યું છે કે, મંદિર તોડીને મસ્જિદ બનાવવામાં આવી નથી. તેમણે મુસ્લિમોને વિનંતી કરી કે, તેઓ આ હકીકતને લોકો સમક્ષ ઉજાગર કરે કે બાબરી મસ્જિદ મંદિરની જગ્યા પર બાંધવામાં આવી નથી. જો કે, વાનીએ શોક વ્યક્ત કર્યો કે, તેમણે હજી સુધી આ મુદ્દાને વિશિષ્ટ રીતે સંબોધિત કરતું કોઈ કાર્ય જોયું નથી. સુપ્રીમ કોર્ટના નવેમ્બર ૨૦૧૯ના ચુકાદા અંગે જેમાં તોડી પાડવામાં આવેલી બાબરી મસ્જિદની જગ્યાના વળતર તરીકે મુસ્લિમોને મસ્જિદ બનાવવા માટે પાંચ એકર જમીન ફાળવવામાં આવી હતી. તેમણે દલીલ કરી હતી કે, જ્યારે




ન્યાયશાસ્ત્રીઓએ જમીનની ફાળવણી અંગે ચર્ચા કરી છે, ત્યારે કોઈએ મસ્જિદને તેના મૂળ સ્થાને પુનઃ સ્થાપિત કરવાને બદલે વૈકલ્પિક પ્લોટ કેમ આપવામાં આવ્યો તે અંગે પ્રશ્ન ઊઠાવ્યો હતો. તેમણે દલીલ કરી હતી કે, બંધુત્વના બંધારણીય આદર્શની વિરુદ્ધ છે. બંધારણ આપણને બંધુત્વ શીખવે છે. વિશ્વને બતાવવામાં આવ્યું છે કે, ભારતમાં મંદિરો, ચર્ચો અને ગુરૂદ્વારા સહઅસ્તિત્વ સાથે પણ ભાઈચારો છે. પરંતુ બાબરી મસ્જિદ કેસમાં તમે અલગતા કેમ બનાવી રહ્યા છો ? તેમની મસ્જિદો અને ધાર્મિક સ્થાનો પર ચાલી રહેલા પડકારોને પહોંચી વળવા માટે મુસ્લિમ સમુદાયના મજબૂત પ્રતિસાદની જરૂરિયાત પર ભાર મૂકતા, પ્રો. વાનીએ મસ્જિદો અને અન્ય ઈસ્લામિક સ્થળોના ઐતિહાસિક પુરાવાઓનું દસ્તાવેજીકરણ કરવા માટે એક ટાસ્ક ફોર્સની રચનાની દરખાસ્ત કરી અને વ્યાપક રેકોર્ડ્સ દ્વારા તેમની સ્થિતિને મજબૂત બનાવવા કહ્યું છે. આ મસ્જિદો ક્યારે બનાવવામાં આવી હતી, કેવી રીતે અને શા માટે, તેના ઐતિહાસિક પુરાવા, આવકના રેકોર્ડ્સ અને અન્ય પ્રકારના રેકોર્ડ્સનો ઉપયોગ કરીને દસ્તાવેજ કરવાની જરૂર છે. મસ્જિદો અને અન્ય ધાર્મિક સ્થળોને લગતા કેસોમાં દસ્તાવેજીકરણ અને મીડિયાની રજૂઆતને અસરકારક રીતે હેન્ડલ કરવા માટે કંપનીઓ, ફર્મ્સ, સ્ટાર્ટઅપ્સ અને સામાજિક સંસ્થાઓની રચના કરવાનું સૂચન કર્યું હતું. જો તમારી પાસે દસ્તાવેજો, સંભવિતતા અને મીડિયા અને સોશિયલ મીડિયાની શક્તિ હોય તો ખોટા કેસો ખૂબ નબળા બની જાય છે. ભૂતકાળમાં અનુકૂળ સરકાર અને કાયદાકીય માળખું હોવા છતાં મસ્જિદો અને અન્ય ધાર્મિક સ્થળોની સુરક્ષા માટે સક્રિય પગલાંનો અભાવ હતો. તેમણે નિષ્ક્રિય અભિગમની ટીકા કરી અને મુસ્લિમોને તેમના અધિકારોને જાળવી રાખવા માટે કાનૂની હિમાયત અને જાહેર પ્રવચનમાં સક્રિયપણે જોડાવા વિનંતી કરી હતી. વકફ સુધારા બિલ અંગે પ્રો. વાનીએ અસંમતિ વ્યક્ત કરી હતી. તેમણે દલીલ કરી હતી કે, વકફ સંસ્થાઓ સંપૂર્ણ રીતે ધાર્મિક હોવાથી તેમનો વહીવટ મુસ્લિમોના હાથમાં રહેવો જોઈએ, જેમ અન્ય ધાર્મિક ટ્રસ્ટો તેમના સંબંધિત ધર્મના સભ્યો દ્વારા સંચાલિત થાય છે. તેમણે દલીલ કરી હતી કે, મુસ્લિમ સમુદાયે વૈશ્વિક ન્યાયશાસ્ત્રમાં ઈસ્લામિક વિચારોના યોગદાનને દર્શાવવા માટે વધુ સક્રિય બનવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, મસ્જિદ માત્ર પ્રાર્થનાનું સ્થળ નથી પરંતુ સમુદાય માટે વિશ્વાસ અને જ્ઞાન અને સંભવિતતાના સ્ત્રોતને પ્રગટ કરવા માટેની શ્રેષ્ઠ સંસ્થા છે. નેતૃત્વના મુદ્દા પર પ્રો. વાનીએ કેટલાક મુસ્લિમ નેતાઓની ટીકા કરી કે, તેઓ ઈસ્લામિક વિચારો અને વિચારોને પૂરતા પ્રમાણમાં પ્રોત્સાહન આપ્યા વિના ફક્ત મુસ્લિમોની સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રો. વાનીએ મુસ્લિમ સમુદાયને આ સંવેદનશીલ મુદ્દાઓને સમજવા અને તાત્કાલિક કાર્યવાહી કરવા વિનંતી કરતા કહ્યું કે, જો સમયસર યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો અન્ય લોકો લાભ લેશે. તેમણે મસ્જિદોને લગતા વર્તમાન કાયદાઓ અને નિયમોની શક્તિ અને નબળાઈઓ તેમજ વર્તમાન વ્યવસ્થાની શક્તિઓ અને નબળાઈઓની વ્યાપક સમજણ માટે આહ્વાન કર્યું હતું.

ખાનગી શાળાની બસ ૨૦થી વધુ વિદ્યાર્થીઓને લઈ શાળાએ આવતી હતી

# બાબરાના થોરખાણ ગામે સ્કૂલ બસમાં આગ લાગતા અફરાતફરી : વિદ્યાર્થીઓનો આબાદ બચાવ

## ડ્રાઈવરની સમયસૂચકતાના કારણે તમામ વિદ્યાર્થીઓને બહાર કાઢી લેવાતા મોટી જાનહાનિ ટળી ગઈ



(તસવીર : મજીદખાન પઠાણ, અમરેલી)

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લાના બાબરાના થોરખાણ ગામમાં રાજકોટની ટીઆરપી ગેમ ઝોન જેવી ઘટના બનતા રહી ગઈ હતી. થોરખાણ ગામની ખાનગી શાળાની બસમાં આજે ૨૦ જેટલા વિદ્યાર્થીઓ જ્યારે શાળાએ આવી રહ્યા હતા. ત્યારે અચાનક બસમાં આગ લાગતા અફરાતફરી મચી હતી. જો કે ડ્રાઈવરની સમયસૂચકતાના કારણે આગ વિકરાળ સ્વરૂપ લે તે પહેલાજ તમામ વિદ્યાર્થીઓને બહાર કાઢી લેવાતા મોટી જાનહાનિ થતા અટકી હતી. અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના થોરખાણ ગામમાં આવેલી શ્રી જનતા વિદ્યાલયની સ્કૂલ બસ આજે વિદ્યાર્થીઓને લઈ શાળાએ આવી રહી હતી ત્યારે બસમાં અચાનક ધુમાડો નીકળ્યા બાદ આગ લાગતા બસમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો જો કે, ડ્રાઈવરે સમય સૂચકતા ૨૦ જેટલા બાળકોને બસમાંથી તુરંતજ બસનો દરવાજો ખોલી તમામ વિદ્યાર્થીઓને બહાર કાઢી લીધા હતા. જેથી રાજકોટની ટીઆરપી ગેમ ઝોનમાં થયેલ ઘટના જેવી બનતા રહી ગઈ હતી. ત્યારે આ ઘટનાને લઈને શાળાના આચાર્ય શિક્ષકો અને થોરખાણ ગામના લોકો દોડી આવ્યા હતા. શાળાના આચાર્યના કહેવા પ્રમાણે આ ઘટના બસના વાયરિંગમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવાય રહ્યું છે. બસમા આસપાસના ગામડા રાણપર, થોરખાણ, ગરણી સહિત ગામના વિદ્યાર્થીઓ સવાર હતા. શાળાના આચાર્ય એમ.બી.ઝાલાએ જણાવ્યું અમારી બસ થોરખાણ આવતી હતી ત્યારે રસ્તામાં સાયરન વાગતા ડ્રાઈવરએ બસ બંધ કરી ઉતારી વિદ્યાર્થીઓને ઉતારી દેતા ધુમાડો નીકળ્યો અને પછી વિદ્યાર્થીઓને દૂર ખસેડયા હતા અને બાદમાં આગ લાગી હતી અને પછી કંઈ કરી શક્યા ન હતા આ બસમાં ૨૦થી ૨૨ વિદ્યાર્થીઓ હતા. માત્ર અમારી બસ સળગી ગયેલ તેનો કોઈ અફસોસ નથી વિદ્યાર્થીઓ સલામત રહ્યા તેની અમને રાહતની લાગણી છે.

એસસી-એસટીમાં ક્રિમીલેયર લાગુ કરવા સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે

# અંકલેશ્વરમાં વિવિધ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શન : રાજપારડીમાં બજારો સજ્જડ બંધ

ઝઘડિયા તાલુકામાં મિશ્ર પ્રતિસાદ



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વરમાં ભારત બંધના એલાનના પગલે વિવિધ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું અને સુપ્રીમનાં અનામત અંગેનાં નિર્ણયનો વિરોધ કરાયો હતો અને દુકાનદારોને બંધના એલાનમાં સહકાર આપવા અપીલ કરી હતી. SC-ST અનામતમાં ક્રીમીલેયર લાગુ કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે આજે ૧૪ કલાકના ભારત બંધનું એલાન સતવામા આવ્યું છે. નેશનલ કોન્ફેડરેશન ઓફ દલિત એન્ડ ટ્રાઈબલ ઓર્ગેનાઈઝેશનના નેતૃત્વમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે ત્યારે અંકલેશ્વરમાં વિવિધ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું સંગઠનોના આગેવાનો દ્વારા રેલવે સ્ટેશન સ્થિત ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આગેવાનો અને કાર્યકરો અંકલેશ્વરના સ્ટેશન રોડ પર દુકાન બંધ કરાવવા નીકળ્યા હતા. આ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ કાફલો પણ ગોઠવી દેવામાં આવ્યો હતો. સંગઠનોના આક્ષેપ અનુસાર ભારત દેશમાં વસતા બહુજન સમાજની અંદર ભાગલા પાડી ષડયંત્ર કરી અનામત ખતમ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે જેને રોકવા માટે આજે બંધનું એલાન આપવામાં આવ્યું છે. જ્યારે ભારત બંધના એલાનને લઈ ઝઘડિયા તાલુકામાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો તેમજ રાજપારડીના બજારો સજ્જડ બંધ રહ્યા હતા.

# વડોદરા અને અમદાવાદ વચ્ચે દોડશે પહેલી વંદે ભારત મેટ્રો, ટૂંક સમયમાં ટ્રાયલ રન: પ્રતિ કલાક ૧૩૦ kmની સર્વોચ્ચ ગતિ

## પશ્ચિમ રેલવેના મુખ્ય મહિલા પ્રવક્તા જે. કે. જયંત દ્વારા સમાચારને સમર્થન, આગામી દિવસોમાં મેટ્રોની ટ્રાયલ શરૂ થશે



(એજન્સી) તા.૨૧

ભારતીય રેલવે ગુજરાતમાં વંદે ભારત મેટ્રો ટ્રેન શરૂ કરવાની તૈયારી કરી રહી છે. વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની લોકપ્રિયતા જોઈને હવે વંદે ભારત મેટ્રો સેવા શરૂ કરવાની રેલ્વે દ્વારા તૈયારી કરવામાં આવી છે આગામી દિવસોમાં દેશની આવી પ્રથમ વંદે ભારત મેટ્રો ટ્રેન સેવાની ટ્રાયલ ગુજરાતમાં શરૂ થઈ જશે વડોદરા અને અમદાવાદ વચ્ચે શરૂ થનારી વંદે ભારત મેટ્રો ટ્રેનની ટ્રાયલ આગામી દિવસોમાં શરૂ થવાની તૈયારીઓ થઈ ગઈ છે અને પશ્ચિમ રેલવેના પ્રવક્તાએ તેનું સમર્થન કર્યું છે. પશ્ચિમ રેલવેના મુખ્ય પ્રવક્તા જે કે જયંતે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં મેટ્રોની ટ્રાયલ શરૂ થઈ જશે મુસાફરીની અસરકારકતા અને કનેક્ટિવિટીમાં સુધારો લાવવાના હેતુથી અને અમદાવાદ તેમજ મુંબઈ રેલવે રૂટ પર થયેલા સુધારાને ધ્યાનમાં રાખીને મેટ્રોની ટ્રાયલ શરૂ કરવામાં આવી રહી છે જેથી કરીને મુસાફરોની વધતી જતી માંગણીને પણ સંતોષી શકાય વંદે ભારત મેટ્રો ઉતારૂં જનતાને ઝડપી અને આરામદાયક પરિવહનની સુવિધા પૂરી પાડશે એવું તેમણે જણાવ્યું હતું. મુસાફરોને બમણો લાભ મળે અને વધુ સારી સેવા મળે એ માટે જે કે જયંત તે જણાવ્યું હતું કે મેટ્રો રૂટ અંગેનો આખરી નિર્ણય પણ ટૂંક સમયમાં લેવાઈ જશે તાજેતરમાં કાલુપુર રેલવે સ્ટેશન પર વંદે ભારત ટ્રેનના ૨૦ ડબ્બાની સાથે ટ્રાયલ કરવામાં આવી હતી પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ટ્રેન પ્રતિ કલાક ૧૩૦ kmની ઝડપ સુધી પહોંચી હતી તેમણે જણાવ્યું હતું કે ટૂંક સમયમાં જ વંદે ભારત મેટ્રો સેવાનું ટ્રાયલ રન શરૂ કરવામાં આવશે રેલવેની પહેલનો હેતુ મુસાફરીની અસરકારકતા અને કનેક્ટિવિટી વધારવાનો છે નિયમિત મુસાફરી કરતા અને ટ્રેનમાં જ અવરજવર કરતા ઉતારવો માટે વલદેવ ભારત મેટ્રો પરિવહનનું ખૂબ જ અસરકારક અને આરામદાયક સાધન બની રહેશે ઉતારવા માટે સેવાનો બમણો લાભ મળે એ માટે રૂટ પણ ટૂંક સમયમાં નક્કી થઈ જશે

# જામનગરમાં જિમમાં કસરત કરતા MBBSનો વિદ્યાર્થી ઢળી પડ્યો, હાર્ટ એટેકથી મોત



જામનગર, તા.૨૧

રાજયમાં છેલ્લા કેટલાક સમયથી યુવાનોમાં હાર્ટ એટેક આવવાના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. નાની ઉમરમાં જ કેટલાય યુવાનો અને બાળકો હાર્ટ એટેકથી જીવ ગુમાવી રહ્યા છે, ત્યારે જામનગરમાં MBBSમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી જિમમાં કસરત કરતી વખતે ઢળી પડ્યો હતો. જેથી તેને હોસ્પિટલમાં ખસેડાતા તેનું મોત નિપજ્યું છે. જેને પગલે તેના પરિવારમાં શોકનો માહલો છવાયો છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.

આ અંગેની મળતી માહિતી મુજબ પીજીવીસીએલમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હેમંતભાઈ મગનલાલ માણેક નામના અધિકારીનો પુત્ર કિશન હેમંતભાઈ માણેક (ઉ.૧૯) જામનગરની મેડીકલ કોલેજમાં MBBSમાં અભ્યાસ કરી રહ્યો હતો. ગઈકાલે કશન જિમમાં ગયા બાદ પડી જતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજયાનું ફરજ પરના તબીબોએ જાહેર કર્યુ હતું.

યુવાન પુત્રના મોતથી PGVCL અધિકારીના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. જિમમાં કેટલાય યુવકો કસરત કરી રહ્યા હતા. ત્યારે આ વિદ્યાર્થી પણ ત્યા કસરત કરી રહ્યો હતો. જે દરમિયાન થોડી વારમાં જ યુવક કસરત કરતા-કરતા ત્યા જ ઢળી પડ્યો હતો. જેને પગલે તેની સાથે કસરત કરી રહેલા અન્ય યુવકોમાં દોડધામ મચી ગઈ હતી. કસરત કરી રહેલા તમામ યુવકો ત્યા આવી પહોંચ્યા હતા અને યુવકને તાત્કાલીક હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જોકે, હોસ્પિટલમાં યુવકનું મોત થયું હતું.

પીરામણ કબ્રસ્તાન ખાતે

# અહમદભાઈ પટેલની કબર પર કોંગી આગેવાનો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરાઈ



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૨૧

રાષ્ટ્રીય નેતા અને ગુજરાતના પનોતા પુત્ર તથા રાજ્યસભાના સાંસદ મર્હૂમ અહેમદભાઈ પટેલની ૭૫મી જન્મજયંતિ નિમિત્તે ભરૂચ કોંગ્રેસ ઓફિસ તથા અંકલેશ્વર સરદાર પટેલ હોસ્પિટલ ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જ્યાં અહેમદ ભાઈ પટેલ દ્વારા કરાયેલા કામોને યાદ કરી તેમને ખીરાજે અકીદત પેશ કરાઇ હતી જ્યારે મર્હૂમ અહમદ પટેલનાં જન્મદિન નિમિત્તે આજરોજ પીરામણ કબ્રસ્તાન ખાતે પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ યુનુસ પટેલ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા અને જિલ્લા કોંગ્રેસના પ્રવક્તા નાઝુ ફડવાલાએ કબ્રસ્તાનમાં પહોંચી પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. અહમદભાઈ પટેલના વિકાસના કાર્યો અને સેવાકીય કાર્યોની યાદ કરી એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# વડોદરામાં એસ.સી-એસ.ટી સમાજ દ્વારા નીકળેલી રેલી : દુકાનો બંધ કરાવવા બાબતે ઘર્ષણ




વડોદરામાં ST-SC સમાજે અનામતના વિરોધમાં રેલી કાઢી હતી તેમજ દુકાનો બંધ કરાવતા ઘર્ષણના દશ્યો સર્જાયા હતા. (તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

સુપ્રીમ કોર્ટ દ્વારા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પર સુપ્રિમકોર્ટ આપેલા ચૂકાદાના વિરોધમાં નેશનલ કોન્ફેડરેશન ઓફ દલિત એન્ડ ટ્રાઈબલ ઓર્ગેનાઈઝેશન દ્વારા ભારત બંધનું એલાન આપવામા આપવામાં આવ્યું છે.જેના સમર્થનમાં વડોદરા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમાજ દ્વારા આજે ગાંધીનગર ગૃહ ખાતે દેખાવો, સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તે બાદ વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી નીકળ્યા બાદ એમ. જી. રોડ ઉપર દુકાનો બંધ કરાવવા બાબતે ઘર્ષણ થયું હતું. જોકે, પોલીસે દરમિયાનગીરી કરીને ઘર્ષણને ટાળ્યું હતું. સુપ્રીમ કોર્ટ દ્વારા ST-SC ક્રિમિલિયર લાગુ કરવાના આપેલા ચૂકાદાના વિરોધમાં રાષ્ટ્રીય સંગઠન દ્વારા બુધવારે 'ભારત બંધ'નું એલાન આપવામાં આવ્યું હતું, જેના વિરોધમાં સમગ્ર દેશમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિવિધ ૨ સંગઠનો દ્વારા દેખાવો, વિરોધ પ્રદર્શન અને રેલીનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે વડોદરા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ મોરચા દ્વારા પણ વડોદરા મા દેખાવો, સૂત્રોચ્ચાર અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ગૃહ ખાતે સમાજના લોકો ધજાઓ તેમજ પોસ્ટરો સાથે મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને સુપ્રીમ કોર્ટના ચુકાદાનો પ્રચંડ વિરોધ કર્યો હતો, વિરોધ પ્રદર્શન બાદ સમાજના લોકો દ્વારા ગાંધીનગર ગૃહથી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. દુકાનો બંધ કરાવતા સમયે ઘર્ષણના દશ્યો સર્જાયા વડોદરાના ગાંધીનગર ગૃહ વિસ્તારથી નીકળેલી આ રેલી લહેરીપુરા દરવાજા થઈ એમ.જી. રોડ, માંડવી પરત એમ.જી.રોડ થઈ શહીદ ભગતસિંહ ચોક, પથ્થરગેટ બાબા સાહેબ આંબેડકર સ્ટેચ્યુ ખાતે જવા માટે નીકળી હતી. આ રેલીમાં સમાજના લોકો દ્વારા 'જય ભીમ'ના નારા લગાવવામાં આવ્યા હતા તેમજ ચૂકાદો પરત ખેંચવાના સૂત્રોચ્ચારો પણ કરવામાં આવ્યા હતા. આ રેલી એમ.જી. રોડ ઉપર પસાર થઈ રહી હતી, તે દરમિયાન રેલીમાં જોડાયેલા કેટલાક યુવાનો દ્વારા દુકાનદારોને દુકાનો બંધ કરી સમર્થન આપવા માટે વિનંતી કરતા ઘર્ષણ થયું હતું. જો કે પોલીસની દરમિયાનગીરીર્થી ઘર્ષણ ટળી ગયું હતું. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમાજના અગ્રણી ભરતભાઈએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટ દ્વારા ST-SC ક્રિમિલિયર લાગુ કરવાના આપેલા ચૂકાદાના વિરોધમાં આજે ભારત દેશ બંધનું એલાન આપવામાં આવ્યું છે. જેના સમર્થનમાં આજે વડોદરા અનુસૂચિત જાતિ અને અનુસુચિત જ જનજાતિ સમાજના લોકો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ આ ચૂકાદો ભારતીય બંધારણનું અપમાન છે. આ ચૂકાદો પરત ખેંચવામાં આવે તેવી માંગ કરી હતી. સાથે તેઓએ ઉમેર્યું હતું કે આ લડત માત્ર એક સમાજની નથી.પરંતુ સમગ્ર દેશવાસીઓની છે. સમાજના લોકો પણ સમર્થન આપે તેવી અપીલ કરી હતી.

# નવસારીમાં ગેરકાયદેસર ખનન બાબતે જાહેર હિતની અરજી કરનાર અરજદારને રૂા.૫૦ હજારનો દંડ ફટકારાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા. ૨૧

રાજયના દક્ષિણ ગુજરાતમાં આવેલા નવસારી જિલ્લાના તાવડી ગામની આસપાસના તળાવો અને ગૌચરની જમીનમાં કેટલાક માથાભારે તત્વો દ્વારા ગેરકાયદે ખનન મુદ્દે કરવામાં આવેલી જાહેરહિતની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. એટલું જ નહિ ચાર વર્ષનાં લાંબા સમયગાળા બાદ અરજી કરીને અદાલતનો સમયનો વ્યય કરવા બદલ અરજદારને રૂા.૫૦ હજારનો દંડ કર્યો હતો. નવસારી સ્થિત અરજદાર સાગર પટેલ તરફથી કરાયેલી જાહેરહિતની રિટ અરજીમાં જણાવાયું હતું કે, નવસારીના તાવડી ગામની આસપાસ આવેલા ચાર તળાવો અને ગૌચરની જમીનમાં કેટલાક લોકો દ્વારા ગેરકાયદે ખનનની પ્રવૃત્તિ ચાલી રહી છે. જેની સામે આખા ગામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને જોરદાર વાંધો લીધો હતો પરંતુ ગેરકાયદે ખનન કરતા તત્વોને સ્થાનિક સત્તાવાળાઓ જ છાવરી રહ્યા હોઈ કોઈ પરિણામ આવ્યું નથી. આથી આ બાબતે સત્તાવાળાઓને યોગ્ય આદેશો કરવા જોઈએ. પરંતુ હાઈકોર્ટે અરજદારની પિટિશન ફગાવી દીધી હતી અને તેની વર્તણુક બાબતે ગંભીર નોંધ લીધી હતી. અદાલતે સવાલ ઉઠાવ્યો હતો કે, ચાર વર્ષ જૂની સમસ્યામાં અરજદાર અત્યાર સુધી કેમ સુષુપ્ત અવસ્થામાં રહ્યા અને હાલ આ મામલામાં વર્તમાનમાં શું સ્થિતિ છે તેનું ચિત્ર પણ અદાલત સમક્ષ મૂકાયુ નથી. કોર્ટ કંઇ વ્યર્થ કાર્ય કે નિષ્ઠા વગરના લોકો માટે નથી. અદાલતે વધુમાં જણાવ્યું હતું કે, અરજદારે આ મામલે ૨૦૨૦માં આરટીઆઇ કરી હતી અને તેનો જવાબ તેમને ૨૦૨૧માં અપાયો હતો, તો અરજદારે કેમ આટલા વર્ષ સુધી કાર્યવાહી કરી નહિ. જો અરજદારને જાહેરહિતમાં રસ હોત તો આટલો સમય વિલંબ ના થાત. ચાર વર્ષ પહેલાં તમે જે પ્રશ્ન ઉઠાવ્યો હતો તેને લઇ હવે કોર્ટ કોઇ પગલાં ભરી શકે નહી. અદાલત એ ન્યાયિક સંસ્થા છે, આ કોઇ એનજીઓ નથી. હાઇકોર્ટ એ કંઇ વ્યર્થ કાર્ય કે નિષ્ઠા વગરના લોકો માટે નથી. હાઇકોર્ટે અરજદારપક્ષને કોઇપણ પ્રકારની રાહત આપવાનો સાફ ઇક્કાર કરી દીધો હતો અને કોર્ટ મશીનરીનો કિંમતી સમય બગાડવા બદલ રૂા.૫૦ હજારનો આકરો દંડ ફટકાર્યો હતો. હાઇકોર્ટે દંડની રકમ ચાર સપ્તાહમાં જમા કરાવી દેવા પણ અરજદારને કડક તાકીદ કરી હતી.

**અવસાન નોંધ**

**નરસંડા**

નડિયાદ તાલુકાના નરસંડામાં રહેતા સિકંદરમિયાં હુસેનમિયાં મલેક ગત રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે. તેમની ઝિયારત તારીખ ૨૨/૮/૨૦૨૪ના રોજ નરસંડા મોહમ્મદી મસ્જિદમાં સવારે ૮:૦૦ કલાકે રાખેલ છે.

લોકોને અસહ્ય ઉકળાટથી રાહત

# ખંભાતમાં એક કલાકમાં પોણા ત્રણ ઈંચ વરસાદથી જળબંબાકાર જેવી સ્થિતિ



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૧

આણંદ જિલ્લાનાં ખંભાત પંથકમાં લાંબા વિરામ બાદ આજે બપોરનાં સુમારે ધોધમાર વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી જયારે માત્ર એક કલાકમાં પોણા ત્રણ ઈંચ જેટલો વરસાદ થતા નિચાણવાળા વિસ્તારોમાં માર્ગો પર જાણે નદી વહેતી હોય તેવા દશ્યો સર્જાયા હતાદ. મળતી વિગતો અનુસાર આણંદ જિલ્લામાં વરસાદ ખેંચાતા જગતનો તાત ધરતીપુત્ર ચિંતામાં ગરકાવ થયો હતો, ત્યારે આણંદ જિલ્લામાં આજે વાતાવરણમાં પલ્ટા સાથે વરસાદનું આગમન થતા ખેડુતોમાં આનંદ પ્રસરી જવા પામ્યો હતો. આજે સાંજનાં સુમારે ખંભાત શહેરમાં ધોધમાર વરસાદ થતા ખેડુતો ખુશહાલ થઈ ઉઠ્યા હતા અને માત્ર એક કલાકમાં ૭૧ મીમી એટલેકે પોણા ત્રણ ઈંચ જેટલો ભારે વરસાદનાં કારણે નિચાણવાળા વિસ્તારોમાં માર્ગો પર નદીઓ વહેતી હોય તેવા દશ્યો સર્જાયા હતા, વરસાદનાં કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા અસહ્ય બાફ અને ઉકળાટથી ત્રાસેલાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

કોલસો ખાલી કરી પરત ફરતી ટ્રેનને નડ્યો અકસ્માત

# ગળતેશ્વરના થર્મલ પાવર સ્ટેશનમાં માલગાડીના ત્રણ ડબ્બા પાટા પરથી ઉતર્યા

## સદનસીબે કોઈ જાનહાનિ ન થતાં રાહત

નડિયાદ, તા.૨૧

ગળતેશ્વરના થર્મલ પાવર સ્ટેશન ખાતે આજે કોલસો ખાલી કરી પરત જતી ટ્રેનના ત્રણ વેગન પાટા પરથી ઉતરી જતા ભારે દોડધામ મચી હતી જોકે કોઈ જાનહાની થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ ગળતેશ્વરના થર્મલ ખાતે પાવર સ્ટેશનમાં કોલસા મારફતે વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે જે માટે પાવર સ્ટેશન ખાતે ટ્રેન મારફતે કોલસા લાવવા માટે અલાયદી લાઈન નાખવામાં આવી છે પાવર સ્ટેશન ખાતે આજે અન્ય રાજ્યમાંથી મોટી માત્રામાં કોલસો ભરેલ એક ટ્રેન આવી હતી. કોલસો ખાલી કરી ટ્રેન પરત જતી હતી આ સમયે થર્મલ પાવર સ્ટેશન ખાતે નાખવામાં આવેલ રેલ લાઈનના પાટાને કરાતી સેન્ટીંગની કામગીરી દરમિયાન ટેકનીકલ ખામીને લઈ ટ્રેનના ત્રણ વેગન પાટા પરથી ઉતરી ગયા હતા જેને લઇ ભારે અફડા તફડી મચી ગઈ હતી દરમિયાન રેલવેના અધિકારીઓ આ ઘટનાની જાણ ના પગલે થર્મલ પાવર સ્ટેશન ખાતે દોડી આવ્યા હતા અને તેઓ દ્વારા પાટા પરથી ઉતરી ગયેલ ટ્રેનના ત્રણ વેગનને પૂર્વ વત કરવાની કામગીરી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે સાથે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું પણ જાણવા મળ્યું છે.

# ગુજરાત હાઈકોર્ટમાં કેસોની સુનાવણી દરમ્યાન અંગ્રેજી ભાષાની સાથે-સાથે ગુજરાતી ભાષા રાખવાની અરજી હાઈકોર્ટે ફગાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

ગુજરાત હાઈકોર્ટમાં કેસોની સુનાવણી દરમ્યાન અંગ્રેજી ભાષાની સાથે સાથે ગુજરાતી ભાષા પણ અધિકૃત રીતે અમલી બનાવવા માટે એક અરજદાર દ્વારા સ્વય હાજર રહીને કરવામાં આવેલી જાહેર હિતની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. હાઈકોર્ટે ઠરાવ્યું હતી કે પ્રસ્તુત મુદ્દા ઉપર એક જાહેર હિતની અરજી થઈ હતી અને તેનો ચૂકાદો ગત વર્ષે આવેલો તેમાં આ બાબતમાં કોઈ રાહત આપવામાં આવી નહોતી. આથી એકના એક મુદ્દા ઉપર બીજીવાર અરજી થઈ શકે નહિ. હાઈકોર્ટે એમ પણ જણાવ્યું કે, અરજદાર દ્વારા ઉઠાવાયેલો મુદ્દો હાઈકોર્ટના ન્યાયિક ક્ષેત્રમાં આવતો નથી. એક વખત આ મામલે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાની સલાહ લેવાયેલી હોય અને ફુલ કોર્ટ દ્વારા નિર્ણય લેવાયો હોય પછી અરજદારપક્ષ પાસે માત્ર સુપ્રીમકોર્ટ સમક્ષ જ જવાનો વિકલ્પ બચે છે. અરજદારપક્ષની પીઆઈએલ ખોટી ધારણાથી યુકત છે, તેથી તે ફગાવી દેવામાં આવે છે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂધ્ધ માયીની ખંડપીઠે અરજદાર દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલ ખોટી ધારણાયુકત અને ટકવાપાત્ર નહી હોવાનું ઠરાવી જાહેરહિતની રિટ અરજી ફગાવી દીધી હતી. અરજદારે ભારતીય બંધારણની કલમ-૩૪૮(૨) હેઠળ જાહેરહિતની રિટ અરજી દાખલ કરી હતી તેની આજે સુનાવણી નીકળી હતી. તેમના તરફથી રજૂઆત કરાઈ હતી કે ગુજરાત હાઈકોર્ટમાં માતૃભાષા ગુજરાતી ભાષા સત્તાવાર રીતે લાગુ કરવી જોઈએ. ગુજરાત હાઈકોર્ટમાં આવતા પક્ષકારો અંગ્રેજી ભાષામાં નિષ્ણાત હતા નથી અને કેટલાક તો અભણ અને બહુ ઓછુ ભણેલા હોય છે ત્યારે વકીલો-પક્ષકારોને પણ ગુજરાતી ભાષાનો ઉપયોગ હાઈકોર્ટમાં નહી થતો હોઇ ભારે હાલાકી અને મુશ્કેલીનો ભોગ બની રહ્યા છે. રાજ્યના કાઉન્સીલ ઓફ મીનીસ્ટર્સના અભિપ્રાયના આધારે ગુજરાત વિધાનસભા દ્વારા અગાઉ આ અંગેનો નિર્ણય કરાયો હતો. જેને ખુદ રાજયપાલે ૨૦૧૨માં બંધારણની કલમ-૩૪૮(૨) હેઠળ મંજૂરી આપી હતી. જો કે, ઓકટોબર-૨૦૧૨માં સુપ્રીમકોર્ટે ગુજરાત હાઈકોર્ટમાં અંગ્રેજી ભાષાની સાથેસાથે ગુજરાતી ભાષાને સત્તાવાર રીતે લાગુ કરવા અગાઉ ઈક્કાર કરાયો હતો, તે નિર્ણયને પણ અરજદારે આ પીઆઈએલમાં પડકાર્યો હતો. વર્ષ ૧૯૬૫માં કેબિનેટ કમીટીએ સરકારી કચેરીઓમાં પ્રાદેશિક ભાષાનો ઉપયોગ કરવા અંગે નિર્ણય લેવા માટે સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસનો અભિપ્રાય મંગાયો હતો. અગાઉ સને ૧૯૭૭ અને ૧૯૯૧માં સરકાર દ્વારા રચાયેલી ગુજરાતી ભાષા સમીક્ષા સમિતિએ પણ રાજય સરકારને ગુજરાત હાઈકોર્ટમાં માતૃભાષા ગુજરાતી ભાષાનો ઉપયોગ તબક્કાવાર વધારવાની રાષ્ટ્રપતિ પાસેથી મંજૂરી મેળવવા અંગે સ્પષ્ટ ભલામણ કરી હતી. સમિતિની આ ભલામણ ૨૦૧૨માં રાજય સરકારે સ્વીકારી હતી. જો કે, ઓકટોબર-૨૦૧૨માં સુપ્રીમકોર્ટે હાઈકોર્ટમાં ગુજરાતી ભાષાને વધારાની ભાષા લાગુ કરવાનો સાફ ઈક્કાર કરી દીધો હતો. આ જ પ્રકારની દરખાસ્ત તમિલનાડુ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ અને કર્ણાટક રાજયોની પણ આવી હતી. અરજદાર તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું કે, ૨૦૧૪થી ૨૦૨૨ દરમ્યાન પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સુપ્રીમકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ એન.વી.રમન્ના, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રત સહિતના મહાનુભાવો દ્વારા પણ ગુજરાત હાઈકોર્ટની પ્રોસીડીંગ્સમાં ગુજરાતી ભાષા લાગુ કરવા અંગે વિવિધ પ્રસંગો દરમ્યાન ભલામણ કરાયેલી છે.જો કે, હાઈકોર્ટે આ દલીલોથી પણ પ્રભાવિત થઇ ન હતી અને તે ગ્રાહ્ય રાખી ન હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, જયારે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ વહીવટી બાજુએ નિર્ણય લીધો હોય તે હાઈકોર્ટ માટે પણ બંધનકર્તા હોય છે તેથી જો અરજદારપક્ષને ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાના વહીવટી નિર્ણયને લઇને કોઇ વિવાદ હોય તો તમે સુપ્રીમકોર્ટ જઇ શકો છો. અન્યથા હાઈકોર્ટ આ મામલે તમને કોઇ મદદ કરી શકે તેમ નથી. જયારે સુપ્રીમકોર્ટે એક વખત આ મુદ્દો વિચારણામાં લીધો હોય અને તેમાં મંજૂરી આપવાનો ઈક્કાર કરી દીધો હોય તો અમે કોઇ હુકમ જારી કરી શકીએ નહી. હાઈકોર્ટે એમ પણ જણાવ્યું કે, અરજદાર દ્વારા ઉઠાવાયેલો મુદ્દો હાઈકોર્ટના ન્યાયિક ક્ષેત્રમાં આવતો નથી. એક વખત આ મામલે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાની સલાહ લેવાયેલી હોય અને ફુલ કોર્ટ દ્વારા નિર્ણય લેવાયો હોય પછી અરજદારપક્ષ પાસે માત્ર સુપ્રીમકોર્ટ સમક્ષ જ જવાનો વિકલ્પ બચે છે. અરજદારપક્ષની પીઆઈએલ ખોટી ધારણાથી યુકત છે, તેથી તે ફગાવી દેવામાં આવે છે.

### એસ.સી.-એસ.ટી. અનામતમાં પેટા વર્ગીકરણ કરવાના સુપ્રીમકોર્ટના ચુકાદાના વિરોધમાં

# દલિત સંગઠનો દ્વારા આપવામાં આવેલ બંધના એલાનને રાજ્યમાં મિશ્ર પ્રતિસાદ

### શામળાજીમાં બસોને અટકાવાઈ, પાટણમાં દલિત સમાજ દ્વારા રસ્તા પર બેસી સૂત્રોચ્ચાર કરાતા ચક્કાજામ






સુરેન્દ્રનગરમાં રેલવે પાટા પર સૂઈ દલિત બહેનોએ ટ્રેન અટકાવી




અમદાવાદ,તા.૨૧

તાજેતરમાં સુપ્રીમકોર્ટ દ્વારા એસ.સી.એસ.ટી. અનામતમાં ક્રિમિનીયર લાગુ કરતા આપેલા ચુકાદાનો અનુ.જાતિ જનજાતિ સમાજ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ સંદર્ભે નેશનલ કોન્ફેડેરેશન ઓફ દલિત એન્ડ ટ્રાઈબલ ઓર્ગેનાઈઝેશન દ્વારા આજરોજ ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું જેને કયાંક જડબેસલાક તો કયાંક મોળો પ્રતિસાદ સાંપડયો હતો. NACDAORના આજના બંધના એલાનના પગલે અનુજાતિ, અનુજનજાતિ સમાજના લોકો રાજયભરમાં રોડ પર ઉતરી આવ્યા હતા અને ઠેર-ઠેર વિરોધ પ્રદર્શનો કર્યા હતા કયાંક રેલી કાઢી વિરોધ કરાયો હતો. અને મામલતદાર, કલેકટર સહિતનાઓને આવેદનપત્રો પાઠવવામાં આવ્યા હતા. આજના બંધના એલાનમાં અમદાવાદ અને પાટણમાં દલિત સમાજ દ્વારા રસ્તાઓ રોકવામાં આવ્યા હતા. તો સુરેન્દ્રનગરના ગણપતિ ફાટસર વિસ્તારમાં ટ્રેન રોકાતા રેલવે અધિકારીઓ તથા પોલીસ અધિકારીઓ દોડી ગયા હતા. જયારે શામળાજીમાં બસોને રોકવામાં આવતા મુસાફરો રખડી પડયા હતા. જયારે શામળાજી સજ્જડ બંધ રહ્યું હતું, વેપારીઓએ ધંધા રોજગાર બંધ રાખી બંધમાં જોડાયા હતા. રાજસ્થાન જતી ૨૫થી વધુ બસોને બસ સ્ટેન્ડમાં ઉભી કરી દેવાઈ હતી. જયારે ભિલોડાના બજારો પણ સજ્જડ બંધ રાખી વેપારીઓએ સમર્થન આપ્યું હતું. જયારે મોડાસાના વેપારીઓ પણ ધંધા રોજગાર બંધ રાખી બંધના એલાનને સમર્થન આપ્યું હતું. જયારે ડીસામાં દલિત સમાજ દ્વારા બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે એકત્ર થઈ વિરોધ પ્રદર્શન કરાયું હતું અને સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરાયા હતા. રસ્તામાં ટાયરો સળગાવી રસ્તો રોકવાનો પ્રયાસ કરાયો હતો. જયારે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના દડાદ અને મંડાલીના બજારો સજ્જડ બંધ રહ્યા હતા જયારે ધોળકામાં ભારત બંધના એલાન સંદર્ભે મેઈન બજાર કલિકુંડ સહિત તમામ બજારો સજ્જડ બંધ રહ્યા હતા. જયારે ડભોઈમાં મોટા ભાગના બજારો બંધ રહ્યા હતા. વેપારીઓએ બંધનું સમર્થન આપ્યું હતું. જયારે બોડેલીના બજારો સંપૂર્ણ બંધ રહ્યા હતા જયારે સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં દલિત સમાજ દ્વારા રેલી કાઢી આવેદન પાઠવવામાં આવ્યું હતું. ઈડર, ખેડબ્રહ્મા, વડાલીમાં સજ્જડ બંધ પાળવામાં આવ્યો હતો. જયારે વડોદરામાં અનુજાતિ, અનુજનજાતિ સમાજ દ્વારા રેલી કાઢી, સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરાયું હતું. દરમ્યાન એમ.જી. રોડ પર દુકાનો બંધ કરવા બાબતે ઘર્ષણ સર્જાયું હતું જયારે પાટણના બગવાડા દરવાજા ખાતે દલિત સમાજના લોકોએ રોડ પર બેસી સૂત્રોચ્ચાર કરી ચક્કાજામ કરતા ઉત્તેજના વ્યાપી ગઈ હતી. જેથી પોલીસે કેટલાક લોકોની અટકાયત કરી હતી. જયારે ધાનેરામાં બજારો સ્વૈચ્છિક બંધ રહ્યા હતા. નડિયાદમાં સમસ્ત અનુ.સમાજ દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પાઠવવામાં આવ્યું હતું. અંકલેશ્વરમાં વિવિધ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું હતું. ઝઘડિયા તાલુકામાં બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો. જયારે રાજપારડીના બજારો સજ્જડ બંધ રહ્યા હતા. પાલીતાણામાં અનુ.જાતિ સમાજ દ્વારા મૌન રેલી કાઢવામાં આવી છે. જયારે ફતેપુરા તાલુકાના વેપારીઓએ પોતાના ધંધા રોજગાર બંધ રાખીને બંધને સમર્થન આપ્યું હતું. જયારે ઉના, ગીરગઢડા દલિત સમાજના લોકોએ રેલી કાઢી નાયબ કલેકટર કચેરીઓ પહોંચી આવેદન પાઠવ્યું હતું. મોરબીમાં દલિત સમાજે રેલી કાઢી આવેદન પાઠવ્યું હતું. પ્રાંતિજમાં એસસી-એસટી સમાજ દ્વારા વેપારીઓને ગુલાબનું ફુલ આપી બજાર બંધ કરવા અપીલ કરી હતી. નગરના ભાખરિયા બસ સ્ટેન્ડ પાસે ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર પહેરાવી અનુજાતિ-જનજાતિ સમાજના લોકો દુકાનો બંધ કરાવવા નીકળ્યા હતા. વડોદરામાં દલિત સમાજના અગ્રણીઓએ વહીવટી તંત્રને આવેદન પાઠવ્યું હતું. વલસાડના કપરાડા તાલુકામાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. વલસાડ શહેર, પારડી, વાપી અને ઉમરગામમાં મોટા ભાગની દુકાનો ખુલ્લી રહી હતી. દાહોદના લીમડીના વેપારીઓએ બંધને સમર્થન આપ્યું હતું. દાહોદના બજારો બંધ રહ્યા હતા. થરાદમાં એચસી-એસટી સમુદાયે નાયબ કલેકટરને આવેદન આપ્યું હતું. ભાવનગરના જશોનાની ચોક ખાતે આવેલ આંબેડકરની પ્રતિમા પાસે દલિત સમાજના લોકોએ ભેગા થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. સુરતના ઉમરપાડામાં બંધને સંપૂર્ણ પ્રતિસાદ સાંપડયો હતો. સુરત ગ્રામ્યના માંગરોળના નરસાડી અને કોસંબામાં બંધને મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો. નર્મદા જિલ્લાના સાગબારા, દેડિયાપાડા તાલુકો સંપુર્ણ બંધ રહ્યો હતો. વ્યારા-સોનગઢ તાલુકામાં સંપૂર્ણ પ્રતિસાદ સાંપડયો હતો. રાજુલામાં દલિત સમાજના લોકોએ આવેદન પાઠવ્યું હતું. નવસારી જિલ્લામાં બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો.

## અમદાવાદના ચાંદખેડા, નરોડા, અમરાઈવાડી જેવા દલિત બહુલ વિસ્તારો જડબેસલાક બંધ

### આગામી ૨૫મી ઓગસ્ટે દાણીલીમડા વિસ્તારમાં દલિતોનું મહાસંમેલન યોજાશે

અમદાવાદ,તા.૨૧

સુપ્રીમકોર્ટ દ્વારા એસ.સી.-એસ.ટી. અનામતમાં પેટા વર્ગીકરણ કરવાના ચુકાદા સામે દલિત સંગઠનો દ્વારા ભારત બંધનું એલાન આજરોજ આપવામાં આવ્યું હતું. જેમાં રાજયમાં બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો. જયારે અમદાવાદના ચાંદખેડા, નરોડા, અમરાઈવાડી જેવા દલિત બહુલ વિસ્તારો જડબેસલાક બંધ રહ્યા હતા. જયાં સુધી સંવિધાનની નવમી સૂચિમાં અનામત યાદીને મુકવામાં નહી આવે કે જેથી સર્વોચ્ચ અદાલત તેમાં હસ્તક્ષેપ કરીના શકે. જયાં સુધી લડત ચાલુ રહેશે. એવું જણાવતા સમિતિના અગ્રણી રાજુ સોલંકીએ જણાવ્યું હતું કે આગામી ૨૫મી ઓગસ્ટ રવિવારના રોજ શહેરના દાણીલીમડા વિસ્તારમાં મહાસંમેલન યોજવામાં આવશે.

### વિવિધ પ્રશ્નોના સૂત્રો સાથેના બેનર શરીરે પહેરી દેખાવો કરાયા

## વિધાનસભા સત્રના પ્રારંભ પહેલા પ્રાંગણમાં કોંગી ધારાસભ્યોનું વિશેષ વિરોધ પ્રદર્શન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત વિધાનસભા ચોમાસુ સત્રનો આજથી પ્રારંભ થયો છે, ત્યારે આજે ગૃહ શરૂ થાય તે પહેલા જ વિરોધ પક્ષ કોંગ્રેસ દ્વારા વિધાનસભાના પ્રાંગણમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અલગ-અલગ મુદ્દાઓને લઈ કોંગ્રેસના ધારાસભ્યોએ બેનર-સૂત્રોચ્ચાર સાથે વિરોધ કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યનું કહેવું છે કે, ગુજરાતમાં પ્રજાના વિવિધ સૂત્રો સાથેના બેનર શરીરે પહેરી દેખાવો કરાયા હતા. અલગ-અલગ મુદ્દાઓ છે તેની પર સરકારે ગંભીર રીતે અસર દાખવવી જોઈએ.

ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોએ આજે કોંગ્રેસ વિધાનસભાના પ્રાંગણમાં વિવિધ પ્રશ્નોને લઈને વિરોધ કર્યો હતો. સાથે રાજયમાંથી વિવિધ દુર્ઘટનાઓના પીડિત પરિવારોને ન્યાયની માંગ પણ કરી હતી, સ્થાનિક સ્વરાજયની ચૂંટણી તાત્કાલિક યોજવા કોંગ્રેસ માગ કરી છે,સાથે સાથે ગુજરાતમાંથી ડ્રગ્સ અને દારૂની હેરાફેરી અટકાવવા માગ કરાઈ છે, શિક્ષકોની જૂની પેન્શન યોજના લાગુ કરવાની માગ સરકાર અમલમાં મૂકે તેવો મુદ્દો પણ રજૂ કરાયો હતો. આજથી ગુજરાત વિધાનસભા સત્રનું શરૂ થઈ ગયું છે,તેની વચ્ચે કોંગ્રેસ નેતા અમિત ચાવડા તેમજ અન્ય ધારાસભ્યો દ્વારા અલગ-અલગ મુદ્દાઓ પર વિરોધ કરવામાં આવ્યો છે, અમિત ચાવડાનું કહેવું છે કે,સરકારી શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા ભરવામાં આવે છે,ગુજરાતની જનતા જે ટેકસ ભરે છે તેનો ઉપયોગ કરવામાં આવે સારી રીતે અને ચારે તરફ ભ્રષ્ટાચારીઓનું રાજ ચાલે છે તે દૂર કરવામાં આવે. આજથી ત્રણ દિવસીય વિધાનસભા સત્ર શરૂ થયેલ છે. આ સત્રમાં પ્રશ્નોતરીની બાદબાકી કરવામાં આવી છે. સરકારી વિધેયક પર ચર્ચા જ થશે. આ જોતાં ભાજપ-કોંગ્રેસની રાજકીય ભાષણબાજી સિવાય ગૃહની કામગીરી નિરસ બની રહે તેમ છે. જો કે, સરકારની પ્રતિષ્ઠા ખરડાય તેવા વિપક્ષના ટૂંકી મુદતના પ્રશ્નો મુદ્દે પણ ચર્ચા થાય તેવી શકયતા નહીવત્ છે. વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રારંભમાં કોંગ્રેસમાંથી ભાજપમાં જઈ ચૂંટાયેલા ધારાસભ્યોની એન્ટ્રી વિશેષ રહી હતી. અર્જૂન મોઢવાડિયાને અધ્યક્ષની સામેની હરોળમાં સ્થાન અપાયું છે. કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ધારાસભ્યોનું ભાજપના ધારાસભ્યોએ પાટલી થપથપાવી સ્વાગત કર્યું હતું.



કોંગ્રેસમાંથી ભાજપમાં જઈ ચૂંટાયેલા ધારાસભ્યોની ગૃહમાં "હટકે" એન્ટ્રી !!

### ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રમાં પ્રથમ દિવસે કોંગ્રેસે ઉઠાવ્યો ચાંદીપુરા વાયરસનો મુદ્દો

## રાજ્યમાં ચાંદીપુરા વાયરસથી ૧૦૧ બાળકોનાં મોત : સરકારનો સહાય આપવા માટે ઈન્કાર

### ગૃહના ફલોર પર મંત્રીના નિવેદન સામે સરકારી યાદીમાં ૭૩ના મૃત્યુ દર્શાવાયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના આજે પ્રથમ દિવસે રાજ્યભરમાં ચિંતા જગાવનાર ચાંદીપુરા વાયરસનો પ્રશ્ન વિપક્ષ કોંગ્રેસે ઉઠાવ્યો હતો. કોંગ્રેસના ચાંદીપુરા વાયરસના પ્રશ્નના જવાબમાં સરકાર તરફથી રોગચાળા દરમિયાન ૧૦૧ બાળકોનાં અત્યાર સુધીમાં મૃત્યુ થયાનું જણાવ્યું હતું. જ્યારે મૃતકો માટે સરકાર કોઈ સહાય આપવા માંગે છે કે નહીં તેના જવાબમાં સાફ ઈન્કાર કરી દેવાયો હતો. ગૃહમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ટૂંકી મુદતના કોંગી ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં ઓન રેકર્ડ સ્પષ્ટ રીતે ૧૦૧ બાળકોનાં મોત થયાનું જણાવ્યું હતું, તો સરકારના માહિતી વિભાગની અખબારી યાદીમાં ૭૩ મૃત્યુ થયાનું જણાવતા કયો આંક સાચો તેવા પ્રશ્નો ઊભા થયેલ છે. ગુજરાત વિધાનસભામાં ટૂંકી મુદતના પ્રશ્નમાં ચાંદીપુરા વાયરસ અને વાયરલ એક્કેફેલાઈટીસની સ્થિતિ અંગેના પ્રત્યુત્તરમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલએ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા ૬ દિવસમાં વાયરલ એક્કેફેલાઈટીસ કે ચાંદીપુરાનો એક પણ નવો કેસ નોંધાયો નથી તેમજ રાજ્યમાં ૧૨ દિવસમાં વાયરલ એક્કેફેલાઈટીસ કે ચાંદીપુરાથી સંક્રમિત એક પણ દર્દીનું મૃત્યુ નોંધાયું નથી. ઉપરાંત મૃત્યુ પામનારા પૈકી ૨૮ બાળકો ચાંદીપુરા વાયરસ કન્ફર્મવાળા હોવાની સ્પષ્ટા મંત્રએ કરી હતી. વધુ વિગતો આપતા તેમણે ઉમેર્યુ કે, રાજ્યમાં વર્ષ ૨૦૨૪માં રાજ્યના ૧૬૪ જેટલા દર્દીઓને વાયરલ એક્કેફેલાઈટીસનું સંક્રમણ જોવા મળ્યું. જે પૈકી ૬૧ જેટલા કેસ ચાંદીપુરા પોઝીટીવ હોવાનું જણાયું હતું. ચાંદીપુરા રોગના સંક્રમણને અટકાવવા માટે રાજ્ય સરકારે પ્રો-એક્ટિવલી કામગીરી કરી છે. રાજ્યમાં શંકાસ્પદ અને પોઝીટીવ જણાયેલ અસરગ્રસ્ત વિસ્તારો સહિતના આસપાસના વિસ્તારોમાં કુલ ૫૩,૯૯૯ ઘરોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરાઈ.કુલ ૭,૪૬,૯૨૭ કાચા ઘરોમાં મેલિથિયોન પાવડર થી ડસ્ટિંગની કામગીરી અને કુલ ૧,૫૭,૦૭૪ કાચા ઘરોમાં સ્પ્રેઈંગની કામગીરી કરવામાં આવી છે. અત્યાર સુધી નોંધાયેલ કુલ ૧૬૪ વાયરલ એક્કેફેલાઈટીસ સંક્રમિત દર્દીઓને સત્વરે અને સઘન સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જે પૈકી ૭૩ બાળકોના દુઃખદ મૃત્યુ નિપજ્યા જે પૈકી ચાંદીપુરા સંક્રમિત ૨૮ બાળકોના દુઃખદ મૃત્યુ નોધાયા છે. તમામ કેસ પૈકી ૮૮ બાળકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હોવાનું મંત્રીએ ઉમેર્યું હતું.

### વિધાનસભા ગૃહમાં PMના આભાર પ્રસ્તાવમાં સંબોધન કરતા વિપક્ષ નેતા ચાવડાના પ્રહારો

## દેશમાં ૧૦ વર્ષ શાસન બાદ ત્રીજીવાર વડાપ્રધાન બન્યા તો પણ ગુજરાતને શું મળ્યું ? અન્યાયનો સિલસિલો જારી

### નર્મદા યોજના, રાષ્ટ્રીય યોજના શા માટે જાહેર થતી નથી ? ખેડૂતો હજુ દેવાદાર : અમિત ચાવડા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૧

આજરોજ વિધાનસભા ખાતે આભાર પ્રસ્તાવમાં વિપક્ષ નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી સંકલ્પ લઈને આવ્યા છે ત્યારે હું વ્યક્તિગત રીતે નરેન્દ્ર મોદીને દેશના ત્રીજી વખત વડાપ્રધાન બનવા બદલ અભિનંદન આપું છું. સાથે છેલ્લા દસ વર્ષથી દેશના ગરીબો, વંચિતો, પીડિતો, દલિતો, પછાત, ખેડૂત, યુવાનો, મહિલાઓ હોય કે અગ્નિવીર હોય એવા સમાજના બધા વર્ગનો અવાજ સંસદમાં રજૂ થઈ શકતો નહોતો પણ આ અવાજને બુલંદીથી રજૂ કરવાવાળા વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી પણ મળ્યા છે એમને પણ આ તબક્કે હું અભિનંદન આપું છું. જે રીતે ૪૦૦ પારની વાત થઈ હતી એ વ્યક્તિની ગેરંટીની વાત થઈ હતી. દેશે જે જનાદેશ આપ્યો એ વ્યક્તિની ગેરંટીને નકારવાવાળો જનાદેશ આપ્યો છે. આજે ટેકાવાળી સરકાર છે અને એના જ કારણે એક પછી એક નિર્ણયો પાછા ખેંચવા પડે છે. નરેન્દ્રભાઈ પહેલી વખત વડાપ્રધાન બન્યા ત્યારે આજ ગૃહમાં કહેવાતું હતું કે, હવે તો આપણા વડાપ્રધાન છે મોસાળમાં મા પીરસવાવાળી એટલે ગુજરાતને કોઈ ચિંતા કરવાની નહીં રહે, ત્રીજી વખત વડાપ્રધાન બન્યા પછી પણ ગુજરાતને શું મળ્યું ? ગુજરાતમાં જ્યારે તેઓ મુખ્યમંત્રી હતા ત્યારે જે મુદ્દાઓ માટે આંદોલનો થતા. વિરોધ થતો. અન્યાયની વાતો-ભાષણો થતા અને પેલી થપ્પડની જાહેરાતો આવતી હતી એ થપ્પડની જાહેરાત આજે પણ એવી ને એવી ઊભી છે. એ મુદ્દાઓ આજે પણ એવા ને એવા ઊભા છે. વર્ષ ૨૦૦૪થી વર્ષ ૨૦૧૪ સુધી નર્મદા યોજના રાષ્ટ્રીય યોજના જાહેર કરવી જોઈએ એવી અનેકવાર માંગણીઓ કરી. અન્યાય થાય છે એવા ભાષણો પણ થયા. ભાજપનું દસ વર્ષ શાસન રહ્યું અને આ ત્રીજી વખત વડાપ્રધાન બન્યા તો નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના શા માટે જાહેર થતી નથી ?

ચાલુ વર્ષની જ વાત કરીએ તો જે બજેટ રજૂ થયું તો આંધ્રપ્રદેશ અને બિહારને મળ્યું એની સરખામણીમાં ગુજરાતને શું મળ્યું ? અને જો વધારે મળ્યું હોત અને આપણે અભિનંદન પ્રસ્તાવ લાવ્યા હોત તો અમે પણ સમર્થન કરતા. ત્રીજી વાર વડાપ્રધાન બનાવ છતાં ગુજરાતને પશ્ચિમ રેલવેનું વડુ મથક હજું મળ્યું નથી.

તેમણે ઉમેર્યું કે, ડબલ એન્જિનની સરકાર છે, તેમ છતાં આજે ત્રિપુરા અને ઝારખંડ જેવા પછાત રાજયો કરતાં પણ ગુજરાતમાં કુપોષણ વધારે છે. જે આપણા બધા માટે શરમનો વિષય છે. આ વર્ષના આંકડાની વાત કરીએ તો કુપોષણ વાળા બાળકો ૪૦ ટકા અને ઓછા વજનવાળા બાળકોની ૨૧ ટકા જેટલી સંખ્યા છે. આટલા લાંબા સમયથી કરોડો રૂપિયા ખર્ચ્યા પછી કુપોષણમાં મુક્તિ કેમ મળતી નથી ? એ પણ આપણો મોટો સવાલ છે. આજે ડબલ એન્જિનની સરકાર થઈ ત્રણ વખત વડાપ્રધાન થયા પણ ગુજરાતનો ખેડૂતો દેવાદાર છે શુ કામ એના દેવા માફ કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ માફીની યોજના આવતી નથી.

આખા દેશમાં શિક્ષણ ક્ષેત્રે આજે ગુજરાત ૧૮મા ક્રમે ધકેલાઈ ગયું છે. જે એસ.ડી.જી. ઈન્ડિયા ઈન્ડેક્ષ ૨૦૨૩-૨૪ મુજબ જોઈએ તો વર્ષ ૨૦૧૮માં ગુજરાત ફ્રન્ટ રનર એટલે કે, શિક્ષણમાં હાઈ પરફોરમર કેટેગરીમાં હતું આજે પાછું ધકેલાઈને પરફોરમરની કેટેગરીમાં આવી ગયું છે.

Dr. Jaykumar Dixit
Acupuncture & Diabetic Center
Raipur, Ahmedabad
Mob: 93711 14555

અશ્લીલતાથી દૂર, સંસ્કારોથી ભરપૂર
ગુજરાત ટુડે
૨૭ ઓગસ્ટ-૨૦૨૪ મંગળવારે
અંક ચાલુ રહેશે
નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક
સામાજિક-શૈક્ષણિક સેવાઓમાં સક્રિય લોકહિત મૂવમેન્ટનું વાહક અને સૌ કોઈએ ખાસ વાંચવા જેવું અખબાર
• તા.૨૬ ઓગસ્ટ-૨૦૨૪ને સોમવારે જન્માષ્ટમી પર્વ નિમિત્તે અન્ય દૈનિકોમાં રજા રહેશે માટે તા. ૨૭ ઓગસ્ટ-૨૦૨૪ મંગળવારનો આપનો દિવસ અખબાર વિના કેવી રીતે પસાર કરશો ? ના, મૂંઝાવાની જરૂર નથી.
'ગુજરાત ટુડે' દૈનિક તા.૨૭ ઓગસ્ટ ૨૦૨૪ને મંગળવારે સવારે આપ સમક્ષ જરૂર હાજર થઈ જશે.
• ફક્ત આપ આપના વિતરકને આજે જ કહી દો કે, તા.૨૭ ઓગસ્ટ-૨૦૨૪ મંગળવારનું 'ગુજરાત ટુડે' દૈનિક લઈને જ આવે.
• આપના મિત્રો-સગા-સંબંધીઓ સુધી પણ 'ગુજરાત ટુડે' પહોંચાડો.
વિજ્ઞાપનદાતાઓ અને વિજ્ઞાપન એજન્સીઓ તેમની જાહેર ખબર મોકલી બહોળી નકલોમાં પ્રસિધ્ધિનો લાભ લઈ શકશે.
ગુજરાત ટુડે દૈનિક, 33/૧, શાહઆલમ, અમદાવાદ.૩૮૦૦૨૮
સંપર્ક : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧
E-mail : gujarattodaydaily@gmail.com જાહેરખબર વિભાગ : gtadvt@yahoo.co.in

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY
● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - 33/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS